છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* *લેખક પાના નં.*

તંત્રી લેખ :
- વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ ........ અશોક મહેતા ........ ૭
- અલગ અલગ વિષય પરના સેમિનાર ........ અશોક મહેતા ........ ૮
- આગામી કાર્યક્રમો ........ ૧૦

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- વિશેષ અહેવાલ : સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો મુંબઈ ખાતેના સંમેલનની ફળશ્રુતિ ........ દિનેશ આર. મહેતા ...... ૧૧
- સુવર્ણ જયંતી મહોત્સવ – કોર કમિટીની રચના ........ ૧૭
- સુવર્ણ જયંતી મહોત્સવ – ઋણ સ્વીકાર ........ ૧૮
- સિનિયર સિટીઝન હોમ – "મંજુલ હરખ ધામ" મુંબઈથી પણ હવે એડમિશન મળી શકશે ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૯
- સુવર્ણ જયંતી મહોત્સવ – કચ્છી યલો પેજીસ ........ ૨૦
- 'મંગલ મંદિર' શ્રેષ્ઠ લેખ, શ્રેષ્ઠ આંજો કાગર વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની નિર્ણાયક સમિતિનો અહેવાલ ..... નિર્ણાયક સમિતિ : વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ...... ૨૩
- મંગલ મંદિર – વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે નિર્ણાયક સમિતિની રચના ........ ૨૭
- કચ્છના વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓનો પરિચય ........ દિનેશ આર. મહેતા ૨૮-૪૬

*લેખ વિભાગ :*

## કચ્છ

- અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ ........ દિનેશ આર. મહેતા ...... ૪૭
- ભૂકંપ પછીનું કચ્છ ........ કીર્તિ ખત્રી ...... ૪૮
- કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ ........ હરેશ ધોળકિયા ...... ૫૧
- કચ્છ શાખા નહેર અંગે નોંધ ........ મૂકેશ ઝવેરી ...... ૫૪
- કચ્છ શાખા નહેર માટે જમીન સંપાદનની છેલ્લી સ્થિતિ ........ મૂકેશ ઝવેરી ...... ૫૭
- ગુજરાત વિધાનસભાના દ્વારેથી કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી બાબતે ........ અશોક મહેતા ...... ૬૦

## વિચાર મંથન

- સત્યની શોધ અને સ્વીકાર ........ મુરજી ગડા ...... ૬૨
- પુષ્પનગર ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૬૪
- બીક ........ નવીન જેઠાભાઈ લાલકા ...... ૬૫

## માહિતી

- યુવા રોજગારી ક્ષેત્રે ગુજરાતની પહેલ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૬૭
- કચ્છની ન્યાય અદાલતોની ગઈકાલ અને આજ ........ મુકુંદ કે. મહેતા ...... ૬૮

## શિક્ષણ અને ટેકનોલોજી

- શિક્ષણનું મૂલ્ય અને મહત્ત્વ ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૦

## સમાજની ક્ષિતિજો

- સાચા ધર્મને પિછાણીએ અને તેનો અમલ કરીએ ........ શાંતિલાલ સંઘવી ...... ૭૧
- દીકરી – દાંપત્યનો દીવડો ........ દિનેશ પાંચાલ ...... ૭૨
- સામાજિક જવાબદારી અને મહિલા ........ નૂતન મહેતા ...... ૭૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ (પ્રકરણ-૬) ............ પ્રતાપ નારાણજી દંડ ...... ૭૫

## વાર્તા

● હૂંડી ........................ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૭૮

## પ્રવાસ

● યાત્રા ધ્યાનસ્થ માનવીને ચેતનાથી ભરી દે છે ........................ પ્રા. પૃથ્વી શાહ ...... ૮૩

## તંદુરસ્તી

● મનના અવયવોના ન્યુરોટ્રાન્સમિટર્સ – ૨ ............ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૮૪

## હળવાશની ક્ષણોમાં

● બાલુડે જ્યું ગાલિયું ........................ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૭
● પુસ્તકની એક સમીક્ષા ........................ નટવર હેડાઉ ...... ૮૮

## ફ્લેશ ચેનલ

● ફ્લેશ ચેનલ ........................ સંકલન : દિનેશ આર. મહેતા
★ મિસાઈલ વુમન ★ ગુજરાતમાં વ્યવસાયિક અસ્થમાના પ્રમાણમાં નોંધનીય વધારો ........................ ૮૯
★ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ ........................ ૮૯
★ ડસ્ટબિનની જગ્યા રાખવી જરૂરી ★ એન.આર.આઈ. ઑનલાઈન આર.ટી.આઈ. કરી શકશે ....... ૯૦
★ આઈ.એ.એસ., આઈ.પી.એસ.ની પરીક્ષાઓમાં ગુજરાતના ૯ વિદ્યાર્થીઓ ઝળક્યા ........................ ૯૦
★ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના વિદેશ પ્રવાસ અને તેનો ખર્ચ ........................ ૯૦
★ ભારતીય સિનેમા ઉદ્યોગ – એકસો વર્ષ ★ સંસદ - સંકલ્પ ........................ ૯૧

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........................ ૯૨
● અન્ય સંસ્થાઓના સમાચાર ........................ ૯૬
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........................ ૯૭
● જૂન-૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........................ ૯૮
● સાર સમાચાર ........................ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૯૯
● શબ્દ રમત-૭૧ ........................ સંકલન : સૂરજલાલ મહેતા .... ૧૦૧
● જાણવા જેવું ........................ સંકલન : સૂરજલાલ મહેતા .... ૧૦૩
● સુડોકુ – ૧૦૨૭ ........................ રજનીકાંત ધરમશી પારેખ .... ૧૦૫
● વલોવતન ........................ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા .... ૧૦૭
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........................ ૧૦૯
● સમાજ દર્પણ ........................ ૧૧૧
● સંસ્થા સમાચાર ........................ ૧૧૨
● ઉડતી નજરે ........................ ૧૨૦
● છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની
વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લેનાર વ્યક્તિઓ ........................ ૧૨૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........................ ૧૨૨
● વસતિ પત્રક - વિમોચન ........................ ૧૨૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
વર્ષ ૨૦૧૨માં વિવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક (ફોર્મ) ........................ ૧૨૭

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ

*રજૂઆત : – અશોક મહેતા*

જે રીતે એક કલાકાર, સંગીતકાર, નૃત્યકાર, ચિત્રકાર કે એન્કર બનવું અઘરું છે, એ જ રીતે એક સફળ ઉદ્યોગકાર બનવું તેનાથી પણ વિશેષ અઘરું છે. કલાકારે કે ચિત્રકારે તો માત્ર પોતાની જાતને જ કેળવીને આગળ વધવાનું હોય છે, જ્યારે ઉદ્યોગકારે તો માત્ર પોતાની જાતને નહીં પરંતુ પોતાના વિવિધ વિભાગોના માનવ સમુદાયને પણ સાથે સાથે કેળવવાનો હોય છે. ઉદ્યોગ ધંધાની ટોચ પર પહોંચવું, ત્યાં પોતાનું સ્થાન સફળતાપૂર્વક ટકાવી રાખવું, અન્ય લોકોની દૃષ્ટિએ પણ સફળ ઉદ્યોગપતિ બનવું એ અસંભવ તો નહીં પણ અત્યંત દુષ્કર તો છે જ. ઉપરોક્ત દરેક પ્રકારની સફળ હસ્તીઓને જે-તે ઊંચાઇએ પહોંચવા અને તે ઊંચાઇએ ટકી રહેવા કુદરતે કંઇક સવિશેષ કૌશલ્ય તો બક્ષેલ હોય જ છે પરંતુ સાથે સાથે તેઓની સતતપણે ઊર્ધ્વ દિશા તરફની કેડીએ રચ્યાપચ્યા રહેવાની મહેનત, દીર્ઘદૃષ્ટિ, હૈયાસૂઝ અને બુદ્ધિપૂર્વક કામ કરવાની પદ્ધતિ વગર સફળ ઉદ્યોગકાર બની શકાતું નથી. આ અત્યંત દુષ્કર કામ લબ્ધ ઉદ્યોગપતિશ્રીઓએ જ સિદ્ધ કરી બતાવેલ છે. જે રીતે કલાકાર, ચિત્રકાર કે સંગીતકારને આપણે તેમની કલા માટે બિરદાવીએ છીએ, એજ રીતે ટોચ પર પહોંચેલ સફળ ઉદ્યોગકારને પણ તેની કલા માટે આપણે બિરદાવવા જોઇએ. તેમને નત મસ્તકે વંદન કરવાં જોઇએ. તેમની સિદ્ધિની ગાથા ગાવી જોઇએ.

અને તેથી જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે સુવર્ણ જયંતી વર્ષના દ્વિતીય મુખ્ય કાર્યક્રમમાં સફળતાની ટોચે પહોંચેલ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓને "વિશિષ્ટ કચ્છી વ્યક્તિ" તરીકે બિરદાવી તેઓનું અભિવાદન કરવામાં આવેલ. તેઓનું સન્માન કરવામાં આવેલ.

યુનાઇટેડ ફોસ્ફરસ લિમિટેડ તથા તેની જોડિયા બહેનો જેવી અન્ય કેટલીક કંપનીઓના ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રજ્જુભાઇ શ્રોફ વર્ષોથી કાર્યરત છે. તેઓ કૃષિ ક્ષેત્રનાં તથા અન્ય ક્ષેત્રનાં રસાયણો બનાવે છે. તેઓ કચ્છી ભાટિયા છે અને કચ્છ માંડવીના વતની છે.

આરતી ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ તથા તેઓના ગ્રૂપની અન્ય કંપનીઓના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઇ વલ્લભજીભાઇ ગોગરી છે. તેમના લઘુ બંધુ શ્રી રાજેન્દ્રભાઇ ગોગરી પણ પૂરતી જવાબદારી સાથે કાર્યરત છે. તેમની કંપની ફાર્માસ્યુટિકલ તથા ડાયસ્ટફ અને અન્ય પ્રકારનાં કેમિકલ્સ બનાવે છે. તેઓ કચ્છી જૈન છે અને માંડવી તાલુકાના નાના ભાડિયા ગામના વતની છે.

ગોદાવરી બાયોરીફાઇનરીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સમીર શાંતિલાલ કરમશી સોમૈયા એક યુવાન અને તરવરિયા ઉદ્યોગપતિશ્રી છે. તેઓની અન્ય ભગિની કંપનીઓ પણ છે કે જે સોમૈયા ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રિઝના નામે જાણીતી છે. તેઓ સુગર, એથનોલ, કેમિકલ્સ, બાયોગેસ પ્રકારનાં કૃષિ ઉત્પાદનો માટે વિખ્યાત છે. આ ક્ષેત્રે કાર્યરત એવા શ્રી સમીરભાઇની આ ત્રીજી પેઢી છે. તેઓ કચ્છી લોહાણા છે અને કચ્છમાં અબડાસા તાલુકાના તેરા ગામના વતની છે.

એન્કર ઇલેક્ટ્રિકલ કંપનીના અગ્રિમ શ્રી દામજીભાઇ લાલજીભાઇ મામણિયા તથા શ્રી જાદવજીભાઇ લાલજીભાઇ મામણિયા છે. હવે તેઓ મામણિયાના બદલે શાહ નામની અટકથી જાણીતા છે. તેઓ અનેક પ્રકારની ઇલેક્ટ્રિક સ્વીચો બનાવે છે. તેઓએ એંકર હેલ્થ એન્ડ બ્યુટી કેર પ્રાઇવેટ લિમિટેડ કંપની સ્થાપી કોસ્મેટિક લાઇનમાં પણ ઝંપલાવેલ છે. તેઓ કચ્છી જૈન છે અને કચ્છમાં મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામના વતની છે.

નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિમિટેડના અગ્રણી ગાલા બંધુઓ એવા શ્રી અમરચંદભાઇ રામજી ગાલા તથા શ્રી ડુંગરશીભાઇ, શ્રી હરખચંદભાઇ (છોટુભાઇ) અને શ્રી શાંતિલાલભાઇ ગાલા સંયુક્તપણે પોતાની જવાબદારી અદા કરી રહ્યા છે. પુસ્તક (ગાઇડ) પ્રકાશન ક્ષેત્રે તથા અન્ય પુસ્તકોના પ્રકાશન ક્ષેત્રે તેઓ ભારતભરમાં જાણીતા છે. તેઓનાં પબ્લિકેશન્સ અનેક ભાષાઓમાં પ્રકાશિત થયેલ છે. હવે તેઓ આ ક્ષેત્રની સ્ટેશનરી પણ બનાવે છે. તેઓ કચ્છી જૈન છે અને કચ્છમાં માંડવી તાલુકાના રાયણ ગામના વતની છે.

સિમ્પ્લેક્ષ એન્જિનિયરિંગ એન્ડ ફાઉન્ડ્રી વર્ક્સ લિમિટેડનું હેડ ક્વાર્ટર ભીલાઇ, છત્તીસગઢમાં આવેલ છે. તેઓ સ્ટીલ, પાવર, એલ્યુમીનિયમ, માઇનિંગ, સિમેન્ટ જેવા ઉદ્યોગોને કામમાં આવતાં ઇક્વીપમેન્ટ બનાવે છે. કંપનીના અધ્યક્ષ શ્રી હીરાલાલ ભાણજી

*રાષ્ટ્રનું રક્ષણ કરવું તે આપણું પરમ કર્તવ્ય છે.*

શાહ કચ્છી જૈન છે અને કચ્છના માંડવી તાલુકાના મેરાઉ ગામના વતની છે.

ખીમજી રામદાસ ગ્રૂપ ઑમાન, મસ્કત ખાતે કાર્યરત છે અને અલગ અલગ પ્રકારના ૩૬ જેટલા વ્યવસાયો સંભાળે છે. આ ગ્રૂપના અધ્યક્ષ શ્રી કનકસિંહ ગોકલદાસ ખીમજી રામદાસ કચ્છી ભાટિયા છે અને તેઓશ્રી કચ્છ માંડવીના વતની છે.

એક્સેલ ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ કૃષિ રસાયણો બનાવે છે. તેના અધ્યક્ષશ્રી કાંતિસેન શ્રોફ છે. હાલે આ કંપનીનો કારોબાર શ્રી કાંતિસેનભાઈ શ્રોફના ભત્રીજા શ્રી અશ્વિનભાઇ શ્રોફ સંભાળે છે. તેઓ કચ્છી ભાટિયા છે અને કચ્છમાં માંડવીના વતની છે.

પ્રિન્સ પાઇપ એન્ડ ફિટિંગ્સ પ્રા. લિમિટેડ કંપની એગ્રીકલ્ચરલ તથા સેનેટરી માટેના પીવીસી તથા અન્ય પાઇપો અને પાઇપ ફિટિંગ્સ બનાવે છે. કંપનીના અધ્યક્ષ શ્રી જયંત શામજી છેડા કચ્છી જૈન છે અને તેઓ કચ્છમાં માંડવી તાલુકાના ડોણ ગામના વતની છે.

શેમારૂ એન્ટરટેઇનમેન્ટ લિમિટેડ ડીવીડી કેસેટસ બનાવે છે. આ કંપની મનોરંજન ક્ષેત્રે અનેક વિભાગોમાં કાર્યરત છે. તેના અધ્યક્ષ શ્રી બુદ્ધિચંદ હીરજી મારૂ કચ્છી જૈન છે અને તેઓ માંડવી તાલુકાના હાલાપર ગામના વતની છે.

આ બધાજ ઉદ્યોગપતિશ્રીઓએ વ્યાપારના સીમાડા ક્યારનાયે પાર કરી દીધેલ છે. તેઓની કંપની ભારતભરના લોકોમાં ગૂંજતી રહે છે. જેમ સંગીતમાં રિયાઝ કરીને તનતોડ મહેનત કરવી પડે છે તેમ તેઓએ તેમના ક્ષેત્રમાં એટલો બધો રિયાઝ કરેલ છે કે આજે તેઓ ભારત કે જગ વિખ્યાત બની ચૂકેલ છે. છતાં આજે પણ પોતાની ઉંમર કે વય તરફ લક્ષ આપ્યા વગર જો તેઓ રિયાઝ કરવાનું ચાલુ ન રાખે તો ગમે ત્યારે ઉતરતા ક્રમાંકે આવી જવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

ઉદ્યોગ જગતના આ કચ્છી વિરલાઓને સ્થાપિત કરવા, તેઓને સારાયે સમાજ સમક્ષ ઉપસ્થિત રાખવા અને તેઓને સન્માનવા માટે જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રયાસ કરેલ હતો.

સેમિનારમાં ઉપસ્થિત સન્માનલાયક ઉદ્યોગપતિશ્રીઓ સિવાય ઉદ્યોગક્ષેત્રે અને વ્યાપાર ક્ષેત્રે પણ આજે અનેક કચ્છી વિરલાઓ પોતાની સફળતાની ટોચે બિરાજમાન છે. તેઓ પોતાના સ્થાને રહી આજે પણ કચ્છીયતને ઝળહળતી રાખે છે. તેમાંના દરેકને રૂબરૂમાં બિરદાવી શકવાનું શક્ય ન હોવાથી ટોચના અમુક ઉદ્યોગપતિશ્રીઓને જ આપણે બિરદાવી શકેલ છીએ. ન બિરદાવાયેલ ઉદ્યોગપતિશ્રીઓ, વ્યાપાર ક્ષેત્રે ટોચ પર પહોંચનાર અને હાલે એક નવું ક્ષેત્ર શરૂ થયેલ છે કે જેને 'લેન્ડ ડેવલપર્સ' કહેવામાં આવે છે, એ વિરલાઓ પણ તેટલા જ સન્માનને લાયક છે. તેઓએ પણ તેટલી જ લગનથી કચ્છીયતને ઉજાગર કરેલ છે.

કચ્છીઓની સંખ્યા જે શહેરમાં સવિશેષ છે તે શહેર મુંબઇમાં કાર્યક્રમો તો અનેક યોજાય છે. અનેક લોકોની ઉપસ્થિતિથી કાર્યક્રમનો હોલ હકડેઠઠ રહેવા પામે છે. એક જ દિવસના કાર્યક્રમના ખર્ચના રૂ. પાંચથી પંદર લાખના એક જ દાનવીર પણ મળી રહે છે. પરંતુ જ્યારે આ હેતુલક્ષી કાર્યક્રમ મુંબઇ ખાતે યોજવામાં આવ્યો ત્યારે મુંબઇના કચ્છી ભાંડરૂઓની માનસિકતા ત્યાં ઉપસ્થિત જનસંખ્યા પરથી જ દૃષ્ટિગોચર થતી દેખાઇ આવી. પૂરતા પ્રયાસો કર્યા પછી પણ કચ્છી ભાયાતોનો અભિગમ આપણે યોગ્ય દિશા તરફ વાળી ના શકીએ તો તેની જવાબદારી આપણી જ રહે છે. સમાજના મોભીઓની જ રહે છે. આપણામાં જ ક્યાંક કચાશ રહી ગયેલ છે તે સ્વીકારવું જ રહ્યું. ■

# અલગ અલગ વિષય પરના સેમિનાર

- ★ *માતૃભૂમિ કચ્છમાં પરત ફરવા ત્યાંની હાલે ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો.*
- ★ *કર્મભૂમિમાં રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ?*
- ★ *કર્મભૂમિમાં રહીને આપણે કરવાનાં સામાજિક કાર્યો.*
- ★ *બાળકોને પારંગત કરીએ ઉચ્ચ કક્ષાના શિક્ષણથી.*

સુવર્ણ જયંતી મહોત્સવના દ્વિતીય કાર્યક્રમનો મુંબઇ ખાતેનો સેમિનાર ઉપરોક્ત ચાર વિષય પર આધારિત હતો. જેમ જેમ ઉપરોક્ત વિષયના ઊંડાણમાં વિચાર કરતા જઇશું, તેમ તેમ તેની પાછળના ભાવાર્થોને વધુને વધુ સારી રીતે સમજી શકશું.

આજથી ૩૦૦-૪૦૦ વર્ષ અગાઉ આપણા વડીલોએ આજીવિકા માટે કચ્છ છોડેલ હતું. ત્યારથી આપણે કચ્છ સિવાય અન્યત્ર વસવાટ કરતા થયા છીએ. એ સમયે કચ્છમાં રહીને રોજી રળવી એ લોખંડના ચણા ચાવવા સમાન વાત હતી. **પરંતુ ૨૦૦૧ના ધરતીકંપ પછી કોઇ એક કચ્છી વિરલાનો દિમાગ ચકરાવે ચડ્યો.** વિચાર વલોણું ચાલતું રહ્યું. ધરતીકંપથી તહસ-

*આપણે આપણી જાત સાથે પ્રામાણિક રહી શકીએ તો આપણું જીવન સુખમય બની શકે.*

નહસ થઇ ગયેલ પ્રજા માટે અનેક યોજનાઓ વિચારી. તે વખતના રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ આ યોજનાઓ રજૂ કરી અને તેનો અમલ પણ કરાવડાવ્યો. તેનાં પરિણામો એ આવ્યાં કે હવે પછી આવતા દિવસોમાં રોજી-રોટી કમાવા કચ્છમાંથી અન્ય પ્રદેશ તરફની હિજરત તો બંધ થઇ ગઇ પરંતુ અન્ય પ્રદેશમાંથી કચ્છ તરફ હિજરત શરૂ થઇ. જે કચ્છી પરિવારો વર્ષો અગાઉ કચ્છ છોડીને અન્યત્ર વસવાટ કરતા થયા છે તેઓ કચ્છમાં પરત ફરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કચ્છમાં થવા પામેલ છે. આ બદલાવની નોંધ લેવા અને તેની વિગતો સમજાવવા સેમિનારમાં આ વિષયને પ્રથમ પસંદગી આપવામાં આવેલ હતી. 'માતૃભૂમિ કચ્છમાં પરત ફરવા ત્યાંની હાલે ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો'ના વિષયના વક્તાઓએ પોતાની ફરજ અતિ ઉત્તમ કક્ષાએ બજાવી. જે રીતે ઉદ્યોગ, ખનિજ ઉદ્યોગ, ટુરિઝમ અને હસ્તકલાની વિગતોના ઊંડાણમાં ઊતર્યા એ જ રીતે ખેતી, બાગાયતી પાકો અને પશુપાલનના વિષયમાં પણ ઊંડે ઊતરી શકાય. સેમિનારમાં કરવામાં આવેલ રજૂઆતના ફળસ્વરૂપે અગર કોઇ કચ્છી કુટુંબની હિજરત કચ્છ તરફ થવા પામશે તો સેમિનારનો આ હેતુ બર આવ્યો તેમ ગણી શકાશે.

કચ્છમાં વસવાટ કરતા કચ્છીઓને મા ભોમ પ્રત્યે જેટલી લાગણી હોય, તેનાથી વિશેષ લાગણી કચ્છ બહાર વસવાટ કરતા કચ્છીઓને પોતાની ધરતી પ્રત્યે રહેવા પામે છે. આજે અમદાવાદ કે મુંબઇમાં કોઇ ઓળખીતાને આપણે કદાચ ગળે ના લગાડીએ પણ જ્યારે તે જ વ્યક્તિ આપણને લોસ એંજલ્સ, લંડન કે જહોનિસબર્ગમાં મળી જાય ત્યારે તેના પ્રત્યે આપણને જે વિશેષ લાગણી ઉત્પન્ન થાય છે, તેવી જ કચ્છ બહાર વસવાટ કરતા કચ્છીઓને માભોમ કચ્છ પ્રત્યે લાગણી ઉત્પન્ન થતી હોય છે. આ લાગણીને કાર્યમાં પલટવા સેમિનારનો દ્વિતીય વિષય રાખવામાં આવ્યો કે "કર્મભૂમિમાં રહીને આપણે માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ?" જે-તે વિષયના નિષ્ણાત વક્તાઓએ તેમને સોંપવામાં આવેલ વિષયની સચોટ રજૂઆત કરી. કચ્છના ૯૦૦ એ ૯૦૦ ગામના કેટલાક કચ્છીઓ કચ્છ બહાર વસવાટ કરે છે. તેઓને પોતાના ગામ પ્રત્યે અનહદ લાગણી રહે જ છે. અગર બહાર વસવાટ કરતા દરેક ગામના કચ્છી પોતાના ગામ માત્રનો વિકાસ સાધી શકે તો તેના પરિણામે સમગ્ર કચ્છના વિકાસ પર અસર પડી શકે. શ્રી શશીકાંતભાઇ ઠક્કરની રજૂઆત મુજબ એક મધ્યવર્તી સંસ્થા સ્થાપી, કચ્છ બહાર વસવાટ કરતા કચ્છીઓ-કેટલાક જરૂરી પ્રશ્નો કે જેની અસર સમગ્ર સમાજ પર પડી શકે, તેના સર્વગ્રાહી પ્રયાસથી ઉકેલી શકે. જો આ દિશામાં આપણે કોઇ નક્કર કાર્યવાહી કરી શકશું તો સેમિનારના આ વિષયની કાર્યવાહી બર આવી ગણાશે.

એજ રીતે આપણે જે કર્મભૂમિ પર રહીએ છીએ ત્યાં પણ આપણે જરૂરી સામાજિક કે ઉત્થાન તરફ દોરી જતાં કાર્યો તો કરવાં જ રહ્યાં. કોઇ પોતાની જ્ઞાતિના, કોઇ પોતાના વિસ્તારના કે કોઇ પોતાના શહેરમાં દરકને સ્પર્શે તેવા કાર્યક્રમો હાથ પર લઇ શકે તો તેનાથી વિકાસ તો સમગ્રતયા ભારતમાતાનો જ થવાનો છે. આ સેશનના વક્તાશ્રીઓએ પોતાની સંસ્થા દ્વારા કરવામાં આવતાં કાર્યોની રજૂઆત કરી કે જે રજૂઆત તો કાબિલેદાદ હતી પરંતુ તેઓ જે કાર્યો કરી રહ્યા છે તે કાર્યો પણ કાબિલેદાદ ગણી શકાય. રજૂ કરવામાં આવેલ અનેક કાર્યોની શરૂઆત આપણે, આપણે ત્યાંની સંસ્થા દ્વારા જરૂરથી કરી શકીયે.

છેલ્લે વિષય હતો શિક્ષણનો. ગ્રેજ્યુએટસ, ટેકનોક્રેટસ કે તબીબી ક્ષેત્રો એ બધા એક પ્રકારના વિષયો છે જ્યારે સિવિલ સર્વિસીસ અન્ય પ્રકારના વિષયો છે કે જેના પર આપણું અને આપણાં બાળકોનું લક્ષ ઓછું રહેલ છે. આ એવો વિષય છે કે જેમાં પારંગત થયેલ વ્યક્તિનો પ્રભાવ સમગ્ર દેશના વ્યવસ્થાપન ક્ષેત્રે વિશેષ રહેવા પામે છે. મહાજન કોમ કે જે સામાન્ય રીતે નીતિ-નિયમોમાં રહીને ચાલવાવાળી કોમ છે, તેનાં બાળકો અગર રાજ્યમાં ઉચ્ચ કક્ષાએ બિરાજે તો આજે રાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશની જે અધોગતિ થઇ રહેલ છે, તેમાં આપણે જરૂરથી સુધાર લાવી શકીએ. મહાજન કદાચ આજે પોતાની પરંપરા ચૂકી ગયેલ છે, તેણે આ પ્રથા સ્થાપિત કરવી જ રહી અને તો જ આ દેશ માટે હજુ પણ વધુ સોનેરી દિવસો આવી શકે. આજે ૨૦ ટકા જનતા સુખી અને ૮૦ ટકા જનતા દુઃખી — ના જે સમીકરણો દેખાય છે તેમાં આ મહાજન કોમ જ બદલાવ લાવી શકશે. મહાજન કોમને આ પ્રશ્ને આપણે વિચાર કરતી કરી શકીએ તો સેમિનારનો આ વિષય પણ બર આવી શકે.

શ્રી કચ્છી જૈન સેવાજ - અમદાવાદે જે દિશા સૂચન કરેલ છે તે સૂચન તરફ અગર અન્ય સંસ્થાઓનો પણ સહકાર સાંપડી રહેશે તો આપણે ઉચ્ચ ધ્યેય તરફ-ભલે ધીમી ગતિએ પણ - મક્કમતાપૂર્વક આગળ વધી શકશું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવના દરેક કાર્યક્રમ આ દીર્ઘદૃષ્ટિને નજર સમક્ષ રાખીને ઘડવામાં આવેલ છે. તેથી સહુ કોઇને, પોતાનાથી બનતો, શક્ય સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્‌ગુણોને વિકસિત કરી પ્રગટ કરવાની પ્રક્રિયા.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | મંગળવાર, તા. ૫-૬-૨૦૧૨<br>સવારે ૮.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>ભવનથી ઉપડશે. | બાલ કલ્યાણ સમિતિ દ્વારા કાંકરીયા કિડ્ઝ સિટી મુલાકાત<br>(૧૨ વર્ષથી નીચેના બાળકો માટે) |
| • | શનિવાર, તા. ૯-૬-૨૦૧૨<br>સવારથી સાંજ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી રવાના | મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા –<br>મહિલાઓ માટે એક દિવસની પિકનિક. |
| • | રવિવાર, તા. ૧૭-૬-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | તબીબી સેવા સમિતિ દ્વારા (૧) સ્કીન - સૌંદર્યલક્ષી,<br>(૨) હોમિયોપેથિક, (૩) બાળકોના સ્વાસ્થ્ય સંબંધી<br>નિ:શુલ્ક નિદાન કેમ્પ. |
| • | ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨<br>રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦ | ટાઉન હોલ, અમદાવાદ | સમાજની સુવર્ણ જયંતી નિમિત્તે મધ્યસ્થ સમિતિ દ્વારા<br>કચ્છી ડાયરો (રજૂઆત : શ્રી લાલ રાંભિયા) |
| • | રવિવાર, તા. ૮-૭-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા<br>“કિંમત અને મૂલ્ય”ના વિષયે (શ્રી નંદક પંડ્યા દ્વારા)<br>પરિસંવાદ. (૧૧ વર્ષ સુધીની ઉંમરના બાળકોના વાલીઓ માટે) |
| • | રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મેડિકલ સેવા સમિતિ દ્વારા વિટામિન બી-૧૨ તથા વિટામિન-ડી<br>માટે ફ્રી નિદાન કેમ્પ.<br>(૨૫ વર્ષથી ૭૦ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ માટે.) |
| • | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨<br>રાત્રે ૯.૦૦થી | ટાગોર હોલ, અમદાવાદ. | સુવર્ણ જયંતી નિમિત્તે મધ્યસ્થ કાર્યાલય આયોજિત<br>‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમ<br>(રજૂઆત : રાજકોટની જાણીતી સંસ્થા ‘જાથા’ દ્વારા) |
| • | બુધવાર, તા. ૮-૮-૨૦૧૨થી<br>ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૨<br>વહેલી સવારે | કેવડિયા કોલોની | વયસ્ક સમિતિ દ્વારા<br>કેવડિયા કોલોની ખાતે નર્મદા ડૅમની મુલાકાત. |
| • | રવિવાર, તા. ૧૨-૮-૨૦૧૨<br>સવારે ૮.૦૦થી ૧૧.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.<br>(ફ્રી નિદાન કેમ્પ : સ્કીમ-૧ મુજબ) | તબીબી સેવા સમિતિ દ્વારા<br>પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે હેલ્થ ચેક-અપ |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મધ્યસ્થ કાર્યાલય દ્વારા<br>સ્વાતંત્ર્ય દિન - ધ્વજ વંદન કાર્યક્રમ. |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૩૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ.<br>ધોરણ-૮ અને તેની ઉપર. (નિષ્ણાત વક્તાના વક્તવ્ય સાથે.) |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કન્સેશનલ દરે<br>માત્ર મહિલાઓ માટે સંપૂર્ણ બોડી ચેક-અપ કાર્યક્રમની નોંધણી. |
| • | રવિવાર, તા. ૧૯-૮-૨૦૧૨<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત<br>“હું અને મારું પ્રદાન” વિષય પર ૪૫ વર્ષથી ઉપરની ઉંમરની<br>વ્યક્તિઓ માટે પરિસંવાદ (નંદક પંડ્યા દ્વારા) |

*માણસની પ્રશંસા કર્યા કરીને એને વહેલો અને વધારે બગાડી શકાય છે.*

# વિશેષ અહેવાલ
# મુંબઇ ખાતેના સંમેલનની ફળશ્રુતિ

• દિનેશ આર. મહેતા •

## વિવિધ સ્થળે સ્થિત કચ્છી જૈનોની એક સંસ્થા સ્થાપવા - કોર સમિતિની રચના
## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો

મુંબઈ ખાતે તાજેતરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત સુવર્ણ જયંતી સમારોહ કંઈક અનેરો, અને વિશિષ્ટતા ધરાવતો હતો.

સમાજે તેના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપલક્ષ્યમાં આ કાર્યક્રમ શ્રી સુમતિ ગુર્જર ભવન - ચેમ્બુરમાં તા. ૧૩/૧૪-૫-૨૦૧૨ — એમ બે દિવસ ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખૂબજ દબદબાભેર ઉજવ્યો હતો.

અતિ ઉત્કર્ષ હેતુલક્ષી આ કાર્યક્રમ કચ્છના વિકાસને પૂર્વ ભૂમિકામાં રાખીને બે હિસ્સામાં હતો.

(અ) વિવિધ ક્ષેત્રના કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓને એક મંચ પર એકત્રિત કરીને તેમનું બહુમાન કરવું.

(બ) આપણે આપણી કર્મભૂમિમાં રહી આપણી જન્મભૂમિ તેમજ કર્મભૂમિ માટે શું કરવું જોઈએ અથવા શું કરી શકીએ તે માટે નીચે દર્શાવેલા વિષયો નક્કી થયા હતા.

- (૧) માતૃભૂમિમાં પરત ફરવા માટે હાલમાં કચ્છની ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તક. જેમાં ઉદ્યોગ, ખેતી અને ટૂરિઝમ જેવા મુદ્દા સામેલ હતા.
- (૨) હાલના કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ.
- (૩) કર્મભૂમિના સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો.
- (૪) ઉચ્ચ કક્ષાના શિક્ષણથી સમાજનાં બાળકોને ઉત્તેજન આપવા અંગે.

આ અવનવા પ્રસંગના પ્રથમ હિસ્સામાં સન્માનીય કચ્છી ઉદ્યોગપતિશ્રીઓશ્રી પૈકી શ્રી રજ્જુભાઈ સોમૈયા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી જાદવજીભાઈ શાહ અને શાંતિલાલભાઈ ગાલાએ પ્રસંગોચિત ટૂંક પ્રવચનમાં કચ્છની ગ્રામ્ય સ્થિતિ સુધારવા, ત્યાંનો વિકાસ કરવા, કૃષિ અને શિક્ષણ જેવા અગત્યના મુદ્દે જરૂરી કામગીરી કરવા તરફ ખાસ ધ્યાન દોર્યું હતું. કચ્છમાં ઔદ્યોગિક સ્થિતિ અને તેની તક, પાયાની જરૂરિયાતવાળા વિવિધ ક્ષેત્રે રિસર્ચનો ઉલ્લેખ કરતાં તેઓનો સામાન્ય મત એવો હતો કે આ બધા અગત્યના મુદ્દે સૌએ પરસ્પર મળીને પોતાના વિચારોનું અવારનવાર આદાનપ્રદાન કરતા રહેવું જોઈએ. આ પ્રકારની પ્રતિક્રિયા બાબતે ઉપસ્થિત રહેલા અન્ય ઉદ્યોગપતિશ્રીઓ પણ મહદ્ અંશે સહમત થયા હતા. પોતાની જન્મભૂમિ અર્થે કંઈક નક્કર કામગીરી થાય તેવો ભાવાર્થ તેમાં પ્રતિબિંબિત થતો હતો. જે કાર્યક્રમની સફળતાસૂચક એક ઉપલબ્ધિ હતી.

આ પૂર્વે કાર્યક્રમની શરૂઆત નવકારમંત્ર - સ્તુતિ અને ‘અય માલિક તેરે બંદે હમ...’ જેવા ભાવપૂર્ણ ગીત સાથે ઓડિયો વિઝ્યુઅલથી થઈ હતી. સમારંભનું અધ્યક્ષ સ્થાન શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈના પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ મારુએ ગ્રહણ કર્યું હતું.

સ્વાગત પ્રવચન કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવ્યું કે, દેશભરની કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓને એક મંચ પર લાવવાનો આ એક પ્રયાસ કર્યો છે. ઉપલબ્ધ માહિતીના આધારે કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓની નામાવલિ તૈયાર કરી છે. શક્ય છે કે કોઈ વ્યક્તિના નામનો તેમાં સમાવેશ થયો ના હોય. સંમેલનના મુખ્ય વિષય પરત્વેની ચર્ચા કરવાનો ઉદ્દેશ જણાવીને તેમણે કહ્યું હતું કે, કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓ આ પ્રકારના મંચ પર એકત્રિત થઈને પોતાની કર્મભૂમિમાં રહીને માતૃભૂમિ માટે કંઈક કામગીરી કરવાનો સૂર પ્રગટ કરે તો વિશેષ સારું પરિણામ આવી શકે.

### • કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓ :

સમારંભમાં કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ જેમાં યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ - મુંબઈના શ્રી રજ્જુભાઈ શ્રોફ, આરતી ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી અને શ્રી રાજુભાઈ ગોગરી, સોમૈયા ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈના શ્રીમતી લીલાબહેન કોટક, એન્કર ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈના શ્રી જાદવજીભાઈ શાહ, નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિ. - મુંબઈ / અમદાવાદના શ્રી બિપિનભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તેમજ શ્રી શાંતિલાલભાઈ ગાલા, સિમ્પ્લેક્સ એન્જિનિયરિંગ એન્ડ ફાઉન્ડ્રી વર્કસ લિમિટેડ - ભીલાઈના શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ, ગોકલદાસ ખીમજી રામદાસ ગ્રૂપ - મસ્કતના શ્રી કનકસિંહભાઈ ગોકલદાસ, પ્રિન્સ પાઈપ એન્ડ

*વખત આવ્યે આપણા હિતમાં કડવાં વેણ બોલીને આપણને રડાવવાની ક્ષમતા ધરાવતો હોય તે ખરો મિત્ર.*

ફિટિંગ્સ પ્રા.લિ. - મુંબઈના શ્રી જયંતભાઈ છેડા, એક્સલ ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈ / કચ્છના શ્રી દીપેશભાઈ શ્રોફ તેમજ શેમારુ ઈન્ટરટેઈનમેન્ટ લિમિટેડ - મુંબઈના શ્રી રમણભાઈ મારુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે કચ્છનું ગૌરવ વધારવા બદલ સમાજ વતી ઉપરોક્ત સર્વે વિશિષ્ટ વ્યક્તિઓનું પ્રતીક રૂપે સન્માનપત્ર અને મોમેન્ટો સાથે બહુમાન કરવામાં આવ્યું હતું. દરેક સન્માનપત્રનું વાંચન શ્રીમતી ફાલ્ગુનીબહેન શાહે ખૂબજ સરસ રીતે કર્યું હતું.

- કચ્છ જિલ્લાની ઔદ્યોગિક સ્થિતિ અને તેની તક, કચ્છમાં ગ્રામ્ય સ્થિતિ સુધારવા, ત્યાંનો વિકાસ કરવા, કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે જરૂરી કામગીરી કરવા તરફ ધ્યાન આકર્ષિત કરીને બધા કચ્છીઓએ આ બાબતે પોતાના વિચાર અને માહિતીઓનું આદાનપ્રદાન કરવા તરફ ભાર મૂક્યો.
- કચ્છના પ્રશ્નો બાબત વિવિધ ક્ષેત્રે રિસર્ચ કર્યા બાદ વ્યવસ્થિત રીતે કામગીરી કરવા માટે એક સૂર.
- સામાજિક સંસ્થાઓએ માત્ર ચેરિટી કામગીરી નહીં કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કામગીરીનું અને પ્રવૃત્તિઓનું અનુકરણ કરવું જરૂરી.

અમદાવાદ ખાતે સમાજના પ્રથમ કાર્યક્રમના સમયે સંજોગોવશાત્ હાજર ન હતા તેવા ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રના યુવાન દિગ્દર્શક શ્રી વિપુલભાઈ શાહનું કચ્છી વિશિષ્ટ વ્યક્તિ તરીકેનું સન્માન ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષશ્રીઓ પૈકી શ્રી અતુલભાઈ ભેદા, શ્રી અરવિંદભાઈ શાહ અને ડૉ. ઈલાબહેન દેઢિયાએ પોતાના ટૂંક પ્રવચનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કામગીરી અને પ્રગતિને બિરદાવતાં જણાવ્યું હતું કે, કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું અત્રે સન્માન કરવામાં આવ્યું છે તે વ્યક્તિગત કે ઉદ્યોગગૃહનું માત્ર સન્માન નથી પરંતુ સમગ્ર કચ્છ અને કચ્છી પ્રજાનું તે સન્માન થયું છે, જે લાગણીને સૌએ પ્રશંસા સાથે વધાવી હતી.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કલ, આજ ઔર કલ સંબંધી માહિતી અને પ્રાપ્ત થયેલી પ્રગતિની રૂપરેખા ઓડિયો - વિઝ્યુઅલના માધ્યમથી દર્શાવવામાં આવી હતી. જે સૌએ ખૂબજ એકાગ્રતાપૂર્વક નિહાળીને સમગ્ર રજૂઆતની પ્રશંસા કરી હતી.

## ● સમારોહ અતિથિ વિશેષશ્રીઓ :

ઉપરોક્ત સમારંભમાં શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન - મુંબઈના શ્રી જગશીભાઈ છેડા, શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈના શ્રી અતુલભાઈ ભેદા, શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ - મુંબઈના ડૉ. ઈલાબહેન દેઢિયા, શ્રી કચ્છી વીસા શ્રીમાળી ઓસવાળ ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજ - મુંબઈના શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી કચ્છી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - મુંબઈના શ્રી રસિકલાલભાઈ પૂજ, મુંબઈના સામાજિક કાર્યકર શ્રી રમેશચંદ્ર મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન - મુંબઈ, વિદિશા - નગરપાલિકાના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબહેન શાહ, શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ - પૂનાના શ્રી હસમુખભાઈ ગાલા, ચેન્નાઈના સામાજિક કાર્યકર શ્રી કલ્યાણજીભાઈ સૈયા અને એસપીએમ ગ્રૂપ - મુંબઈના શ્રી પ્રવીણભાઈ છેડા સમારોહ અતિથિ વિશેષશ્રીઓના સ્થાને હતા.

## ● અધ્યક્ષશ્રી તથા અતિથિ વિશેષશ્રીઓનું ઉદ્બોધનઃ

અધ્યક્ષ સ્થાનેથી ટૂંક ઉદબોધન કરતાં શ્રી શાંતિલાલભાઈ મારુએ જણાવ્યું હતું કે કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓને એક મંચ પર લાવવાનું કામ આસાન નથી. આ પ્રકારનું કાર્ય માત્ર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જ કરી શકે. આ અવસરને એક મોટી સિદ્ધિ સમાન ગણાવીને સમાજની અન્ય કામગીરીઓ અને ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ બદલ સમાજ અને સૌ કાર્યકર્તાઓને અભિનંદન આપ્યાં હતાં.

★ ★ ★

પ્રથમ દિવસના દ્વિતીય સેશનમાં નીચે મુજબના વિષયો બાબત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

- માતૃભૂમિ કચ્છમાં પરત ફરવા ત્યાંની હાલની ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તક.
- હાલના કર્મભૂમિના સ્થાને રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ?
- બાળકોને પારંગત કરીએ ઉચ્ચ કક્ષાના શિક્ષણથી.
- કર્મભૂમિના સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો.

ક્રમાંક-૧ વિષયે સેમિનારનું કન્વીનરપદ ફોકીઆના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકેએ ગ્રહણ કર્યું હતું.

## ● ઉદ્યોગ ક્ષેત્રે રહેલી તકો :

વ્યાખ્યાનમાળાના પ્રથમ વક્તા હતા સોફ્ટેલના શ્રી અનિલકુમાર જૈન. તેમણે કચ્છમાં ઔદ્યોગિક સ્થિતિ અંગે બોલતાં જણાવ્યું હતું કે, કચ્છનો ભૂતકાળ ભૂલી જશો. છેલ્લા દસ વર્ષમાં ઉદ્યોગ ધંધા ક્ષેત્રે કચ્છમાં વ્યાપક પરિવર્તન થયું છે. કાચા માલ સામાનની ઉપલબ્ધિ ન હોય છતાં પણ ત્યાં ૧૦,૦૦૦ મેગાવોટનાં પાવર સ્ટેશનો, ઓઈલ મિલ્સ, સ્ટીલ પ્લાન્ટ્સ તેમજ રોલિંગ મિલ જેવા વિશાળ એકમો ઊભા થઈ ગયા છે. કચ્છમાં કંડલા અને મુંદ્રા બંદરના વિકાસના પરિણામે આ બધું શક્ય બન્યું છે અને ઔદ્યોગિક વિકાસના પરિણામે ગાંધીધામ, મુંદ્રા અને ભચાઉ જેવાં શહેરોનો વિકાસ પણ જરૂર થયેલ છે. કચ્છમાં રહીને બહારથી જરૂરી કાચા માલ-સામાનની આયાત વડે ઉદ્યોગ ધંધાનું નિર્માણ કરવાનું શક્ય છે. એટલું જ નહીં, પરંતુ સારી તક પણ છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

*સામા પક્ષને ન્યાય કરવાથી આપણને ન્યાય વહેલો મળે છે.*

## • ખનિજ ઉદ્યોગ ક્ષેત્રે રહેલી તકો :

કચ્છમાં માઈન્સ ક્ષેત્રે લિગ્નાઈટ, બેન્ટોનાઈટ, ચાઈના ક્લે અને લાઈમ સ્ટોન જેવાં ખનિજોની પ્રથમ ઓડિયો વિઝ્યુઅલના માધ્યમથી જાણકારી આપ્યા બાદ વક્તા શ્રી તુષારભાઈ દેઢિયાએ જણાવ્યું હતું કે, કચ્છમાં આ બધા મિનરલ્સ ખૂબ જ ઊંચી કક્ષાના છે અને તેની નિકાસ કરીને સારો લાભ પ્રાપ્ત કરવાની શક્યતાઓ છે. આમ છતાં કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ ના હોવાના કારણે ઔદ્યોગિક ક્ષેત્રે પૂરતી સાવધાની રાખવાની હિમાયત તેમણે કરી હતી. પ્રાપ્ત ખનિજોના આધારે એલ્યુમિનિયમના - ઉદ્યોગો વિકસાવી શકાય છે, તે તરફ તેમણે સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

“કચ્છ મધ્યે ખનિજ ક્ષેત્રના ઉદ્યોગો અને તેની વિતરણ વ્યવસ્થામાં ધંધાકીય તક” અંગે બોલતાં જણાવ્યું હતું કે ભૂસ્તરશાસ્ત્રીઓની દૃષ્ટિએ કચ્છનું ભૂસ્તરશાસ્ત્ર હંમેશાં ખૂબ રસપ્રદ રહ્યું છે. તે કારણે વિશ્વમાંથી ભૂસ્તરશાસ્ત્રીઓ કચ્છની મુલાકાતે આવીને ખનિજ ક્ષેત્રના વિસ્તારોનો અભ્યાસ કરતા હોય છે.

શ્રી દેઢિયાએ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે પ્રકૃતિને એક ખનિજ બનાવતાં અનેક વર્ષો લાગતાં હોય છે. કચ્છમાં મુખ્યત્વે લિગ્નાઈટ, બોક્સાઈટ, લાઈમ સ્ટોન, બેન્ટોનાઈટ અને ચાઈના ક્લે જેવા ખનિજો પ્રાપ્ત થાય છે.

- ✦ **લિગ્નાઈટ :** આ એક પ્રકારનો કોલસો છે. જેની ખાણો ખનિજ વિકાસ નિગમ માટે અલાયદી રાખવામાં આવી છે. લખપત તાલુકાના પાનન્ધ્રો અને માતાના મઢ ખાતે આ ખાણો છે. દરરોજ લગભગ ૨૦૦૦ ટ્રકોમાં અંદાજે ૩૫,૦૦૦ ટન જેવા માલની રવાનગી થતી હોય છે.
- ✦ **બોક્સાઈટ :** તેવી રીતે આ ખનિજ પણ જી.એમ.ડી.સી. હસ્તક છે. બોક્સાઈનટનો ઉપયોગ ગ્રે સિમેન્ટના ઉત્પાદનમાં તેમજ આયર્ન અને સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ વગેરેમાં થાય છે.
- ✦ **લાઈમ સ્ટોન - ચુનાના પથ્થર :** લાઈમ સ્ટોનની ઉત્તમ કક્ષા કચ્છના અબડાસા તાલુકામાં પથરાયેલ છે. આ લાઈમ સ્ટોન આધારિત ચાર સિમેન્ટ પ્લાન્ટ અબડાસા તાલુકામાં હાલે કાર્યરત છે. તે ઉપરાંત એક મહાકાય પ્લાન્ટ પાઈપ લાઈનમાં છે.
- ✦ **બેન્ટોનાઈટ :** ઉત્તમ કક્ષાનો બેન્ટોનાઈટ માંડવી, અબડાસા, લખપત અને થોડા પ્રમાણમાં મુંદ્રા તાલુકામાં ઉપલબ્ધ છે. તેનો વપરાશ ઘણી ઈન્ડસ્ટ્રીઝમાં થાય છે.
- ✦ **ચાઈના ક્લે - સફેદ માટી :** આ પ્રકારનું ખનિજ ભુજ, અંજાર, ભચાઉ - રાપર તાલુકામાંથી મળી આવે છે. બેન્ટોનાઈટ માફક ચાઈના ક્લે પણ રીઝર્વ રખાયેલું ખનિજ નથી. તેનો વપરાશ પણ ઘણી ઈન્ડસ્ટ્રીઝમાં થાય છે.

આ સિવાય બિલ્ડિંગ મટીરિયલ્સનો સમાવેશ થાય છે.

આ પ્રકારનાં ખનિજોમાં, ખાણમાંથી માલ બહાર કાઢવા, માલના પરિવહન, માર્કેટિંગ, ખોદકામ વગેરે ક્ષેત્રે ધંધાકીય તક વ્યાપક પ્રમાણમાં છે. આ બધા ખનિજ આધારિત વિવિધ પ્રકારની ઈન્ડસ્ટ્રી સ્થાપિત કરી શકાય પરંતુ તે માટે સૌપ્રથમ સંપૂર્ણ અભ્યાસ જરૂરી છે, તેમ શ્રી દેઢિયાએ પોતાના વ્યાખ્યાનની સમાપ્તિમાં જણાવ્યું હતું.

## • ઈકો ટૂરિઝમના ક્ષેત્રે રહેલી તકો :

અન્ય વક્તા શ્રી લાલ રાંભિયાએ કચ્છમાં પ્રવાસન ક્ષેત્રની તક સંબંધી ઓડિયો વિઝ્યુઅલથી માહિતી આપીને કહ્યું હતું કે, પ્રવાસથી વ્યક્તિને શારીરિક, માનસિક અને બૌદ્ધિક આનંદ પ્રાપ્ત થાય છે. કુદરતે કચ્છને ઘણી રીતે વિવિધતા અર્પણ કરી છે. જેમાં નમકની સફેદી સભર રણ, લાંબો દરિયા કિનારો, પશુ પક્ષીઓ માટે ઉત્તમ જગ્યા, ડુંગર વગેરેનો સમાવેશ થાય છે. દેશ-વિદેશથી અનેક અભ્યાસીઓ માહિતી એકત્ર કરવા કચ્છ આવતા હોય છે. તે ઉપરાંત કચ્છમાં હસ્તકલા, એમ્બ્રોયડરી, બાટિક, રોગાનકામ, લાકડા પર કારીગરી, ધાતુકલા, પૉટરી, બેનમૂન સ્થાપત્ય, આકર્ષક ભૂંગાઓ, લોકોની જીવનશૈલી વગેરે કારણે કચ્છમાં ટૂરિઝમ ક્ષેત્રે વિકાસની પૂરી શક્યતાઓ તેમણે જણાવેલ હતી. કચ્છની આ બધી વિવિધતા આજની નહિં, બલકે આદિકાળથી મોજૂદ છે. આ સંદર્ભમાં તેમણે ‘નરા તુરંગાની’ ઉક્તિ ટાંકી હતી.

## • હુન્નર ઉદ્યોગના ક્ષેત્રે રહેલી તકો :

સેમિનારના ચોથા વક્તા શ્રી એલ.પી. શાહે કચ્છની હસ્તકલા વિશે જણાવ્યું હતું કે, છેલ્લાં ત્રીસ વર્ષથી આ ક્ષેત્રે વ્યાપક પરિવર્તન આવ્યું છે. વર્ષ ૨૦૧૨ આ માટે સુવર્ણકાળ જેવો રહ્યો છે. આ કારણે કચ્છમાં હાલે ઘણી સંસ્થાઓ આ ક્ષેત્રે કાર્યરત થઈ છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે માટીકામ, હસ્તકળા, ચિત્રકળા વગેરેના કામ માટે મોટાપાયે મૂડી રોકાણની આવશ્યક્તા નથી. કોઈપણ વ્યક્તિ તે કામમાં મુક્તપણે કામ કરીને પ્રગતિ સાધી શકે છે. કોપરબેલ, ક્રાફ્ટ વગેરેના બિનપરંપરાગત ઉદ્યોગ તથા બાંધણી, બાટિક, એમ્બ્રોયડરી કામ વગેરે પરંપરાગત કામ અને વસ્તુઓ સંબંધી તેમણે રસપ્રદ રજૂઆત કરી હતી. આ ક્ષેત્રનાં છેલ્લાં ત્રીસ વર્ષોની પ્રગતિનો ચિતાર આપીને જણાવ્યું હતું કે, કોઈપણ અભ્યાસના બાધ વિના નાના પાયે ઓછી મૂડીના રોકાણથી પણ સારી તક આ ક્ષેત્રે પ્રાપ્ત છે. આ પ્રકારની કામગીરીમાં પ્રવેશ ઈચ્છનાર કોઈપણ વ્યક્તિને સંપૂર્ણ સાથ - સહકાર આપવાનું ઈજન પણ તેમણે આપ્યું હતું.

સેમિનારના કન્વીનર શ્રી નિમેષભાઈ ફડકેએ પોતાની રજૂઆતમાં કહ્યું હતું કે ભૂકંપ બાદ કચ્છમાં ઉદ્યોગ ધંધા ક્ષેત્રે મોટા પાયે નવું મૂડી રોકાણ થયું છે. કચ્છમાં ઔદ્યોગિક, કૃષિ, પ્રવાસન અને હુન્નર ઉદ્યોગના વિકાસ માટે સારી તક રહેલી છે. આ બધા ક્ષેત્રે વધુ વિકાસ અર્થે તેમણે નીચે મુજબ કેટલાંક સૂચન કર્યાં હતાં.

- કંડલા અને મુંદ્રા જેવા પોર્ટને માલ-સામાનના પરિવહનમાં રાહત આપવાના હેતુથી અમુક વિભાગમાં રેલવે ટ્રેક બદલાવવા, નવી ટ્રેકલાઈન નાખવાની જરૂરત પર તેમણે ભાર મૂક્યો હતો.
- પાડોશી દેશ સાથેની બોર્ડર ખુલ્લી કરવાની હિમાયત તેમણે કરી હતી.
- ઈઝરાયેલ પદ્ધતિ મુજબ વોટર મેનેજમેન્ટ, સંગ્રહ અને તેનો યોગ્ય રીતે ઉપયોગ.

કચ્છમાં પ્રવાસન ક્ષેત્રની આવકમાં ૬૦૦ કરોડ રૂપિયાનો ગ્રોથ

*પ્રેમનું પ્રત્યક્ષ સ્વરૂપ તે કર્મ.*

થયો છે અને હજુ વધવાની શક્યતા તેમણે દર્શાવી હતી.

એક મહત્ત્વની વાત તરફ ધ્યાન દોરતાં શ્રી ફડકેએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લા માટે તાત્કાલિક વિઝન-૨૦૨૦ તૈયાર કરવું જોઈએ. ઉદ્યોગ ધંધા, ગ્રામ્ય અને શહેરી પ્રશ્નો, તેનાં ઉકેલ અને વિકાસને અનુલક્ષીને તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવા તરફ પણ તેમણે વિશેષ ધ્યાન દોર્યું હતું.

પ્રશ્નોત્તરી સમય દરમ્યાન શ્રોતાઓ દ્વારા વિવિધ ક્ષેત્રના પ્રશ્નો પૂછવામાં આવતાં, તેના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

★ ★ ★

### સેમિનારના દ્વિતીય દિવસનો વિષય હતો....

## કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ?

શ્રી તુષારભાઈ દેઢિયા આ સેમિનારના કન્વીનરપદે હતા.

### • કચ્છ માટે કેન્દ્રીય સંસ્થા સ્થાપવી જરૂરી :

પ્રથમ વક્તા શ્રી શશીકાંતભાઈ ઠક્કરે ‘કચ્છ માટે કેન્દ્રીય સંસ્થા સ્થાપવી જરૂરી’ એ વિષયે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ કચ્છી વિશ્વના ગમે તે ખૂણે વસતો હોય, તેમ છતાં પોતાના વતન તરફની લાગણી તે ક્યારેય ભૂલી શકતો નથી.

કચ્છમાં સ્થાયી પ્રોપર્ટી માટે હાલે જે અસલામતી જણાય છે અને આ કાયદાકીય સ્થિતિનું જે રીતે ઉલ્લંઘન થઈ રહ્યું છે તે સમગ્ર બાબત કચ્છના હિતાર્થે એક મધ્યવર્તી - કેન્દ્રીય સંસ્થા સ્થાપવી હવે જરૂરી છે. આ પ્રકારનું કંઈક વિચારાશે અને તેનો અમલ થશે તો જ કચ્છના અનેક જટિલ પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાશે અને પ્રજાકીય ઉપયોગી બાબતોની યોગ્ય સત્તાવાળાઓ સમક્ષ વ્યવસ્થિત રજૂઆત કરીને જિલ્લાનાં વિકાસ કામોને આગળ ધપાવી શકાશે. તે સિવાય, જિલ્લામાં આપણા જ ઉચ્ચ અધિકારીઓ આવે તો જિલ્લાનાં વિકાસમાં ગુણાત્મક સારાં પરિણામો લાવી શકીએ, તે તરફ પણ તેમણે ધ્યાન દોર્યું હતું. આ માટે પ્રત્યેક વર્ષે માત્ર બે જ તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરી, તેમને પૂરતા પ્રમાણમાં દરેક મદદ ઉપલબ્ધ કરાવવાનું સૂચન તેમણે કર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલે કચ્છ જિલ્લાનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કર્યા બાદ, તે અંગે સંશોધનો કરીને જરૂરી હકીકતો વહીવટી તંત્રમાં વારંવાર રજૂ કરતી રહે તેવી સંસ્થાઓનો કચ્છમાં અભાવ વર્તાય છે. આ બાબતે સ્વૈચ્છિક સંસ્થાઓ અસરકારક કામ કરી શકે તેમ છે.

પોતાની રજૂઆતના અંતે શ્રી ઠક્કરે, કચ્છના સંદર્ભમાં જિલ્લાને ઉપયોગી થાય તેવાં સંશોધન પેપરો તૈયાર કરવા અને અન્ય તરફથી રજૂ થતી કચ્છ જિલ્લાને નુકસાનકર્તા વિપરીત વિગતોનો પર્દાફાશ કરવા જેવાં કાર્યો કરવા અર્થે એક કેન્દ્રીય સંસ્થા ઊભી કરવાનો વિચાર દરેક સ્તરે થાય, તે તરફ ખાસ ભાર મૂક્યો હતો.

### • જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કરવાનાં કાર્યો :

બીજા વક્તા હતા - શ્રી જયંતભાઈ ગોરસિયા. તેમણે ‘જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કરવાનાં કાર્યો’ વિષયે ખૂબજ સુંદર રજૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગામના તળાવોમાં પૂરતા પ્રમાણમાં પાણી આવે તે પ્રકારના જૂના સંસાધનોને પુનઃ ઉપયોગમાં લેવાં જોઈએ. કચ્છમાં હાલે ૨૯,૦૦૦ કૂવાઓ બિનઉપયોગી છે, તેમાંથી લગભગ ૧૦,૦૦૦ કૂવાઓને જીવંત કરીને તેમાં પાણીની આવ ચાલુ રહે, તેવા સક્રિય પ્રયાસો કરીને કંઈક અંશે સારું કામ થયું છે પરંતુ હજુ ૧૯,૦૦૦ કૂવાઓ માટે કાર્યવાહી કરવાની બાકી છે. તેવી રીતે, ભૂગર્ભના પાણી અને જમીન ઉપરના પાણીની વ્યવસ્થા સંબંધી શ્રી ગોરસિયાએ ખૂબજ માહિતીપૂર્ણ રજૂઆત કરી હતી. તે સાથે, વિવિધ નદીઓ પર ચેક ડેમ તૈયાર કરવાની વિગત પણ તેમણે આપી હતી.

તે સિવાય, આજે પણ કેટલાક સ્થળે મળી આવતું પાણી વધારે માત્રામાં ખારાશ ધરાવે છે. આ સમસ્યાનો સારો ઉકેલ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનો છે. એટલે દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તન કરવાનો. પરંતુ હજુ સુધી આ બાબતે યોગ્ય નિર્ણયના અભાવે કચ્છનાં ભૂગર્ભજળ ઊંડાં ઊતરતાં જાય છે અને તેના પરિણામે કચ્છના ખેડૂત વર્ગને અને કચ્છની પ્રજાને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કચ્છ વિસ્તારમાં ભૂસ્તરની પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ ગુણવત્તાવાળાં પાણી મળી આવે છે. કચ્છમાં પર્યાવરણના સંદર્ભમાં વરસાદની માત્રા ઘણી ઓછી છે. વરસાદના પાણીનો શક્ય એટલો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ આ વિસ્તારમાં ચાલુ છે. વિસ્તારની વિવિધતા પ્રમાણે પાણી મેળવવાની અને સંગ્રહ કરવાની પદ્ધતિ પણ અલગ અલગ રીતે વિકસાવવામાં આવી છે. દરેક વ્યક્તિએ પોતાની રીતે જળસ્રોતોની જાળવણી કરવી આવશ્યક છે.

### • અન્ય વિવિધ વિષયે કરવાનાં કાર્યો :

સેમિનારમાં ભાગ લેતાં શ્રી અશોકભાઈ મહેતાએ કહ્યું હતું કે, કચ્છ ભુજમાં ભૂકંપ બાદ જી.કે. જનરલ હોસ્પિટલને વડાપ્રધાનશ્રીના ફંડમાંથી રૂા. ૧૩૫ કરોડના ખર્ચે ફરી ઊભી કરવામાં આવી પરંતુ તે સર્વાંગી રીતે કાર્યરત થઈ શકી નથી. તબીબી સારવાર અર્થેનો મોટાભાગનાં મશીનો ગમે તે કારણસર વપરાશ વગરનાં રહ્યાં છે. આ રીતે હોસ્પિટલનો મૂળ હેતુ બર આવેલ નથી. આ માટે દરેક સ્થળના કચ્છી લોકોએ રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરીને તે હોસ્પિટલને સમગ્ર રીતે કાર્યરત કરવા જરૂરી પ્રયાસો કરવા જોઈએ, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

તે સિવાય, કચ્છની એક સંસ્થા કે.લીંક દ્વારા કચ્છના દરેક ગામનો વિગતવાર સર્વે કરીને તેનો રેકોર્ડ રાખે છે. અન્યત્ર સ્થિત કચ્છીઓએ તે સંસ્થામાંથી પોતાના ગામની વિગતો મેળવીને ગામના વિકાસ કાર્યો કરવાં જોઈએ. આ વાતનું દરેક ગામના લોકો અનુકરણ કરે તો સમગ્ર કચ્છની સ્થિતિમાં સારો બદલાવ લાવી શકે.

સેમિનારના સમાપ્તિના સમયે સેશન કન્વીનરશ્રી તુષારભાઈ દેઢિયાએ ઉપરોક્ત વ્યાખ્યાનોના મહત્ત્વના મુદ્દાઓનો ઉલ્લેખ કરીને

*જે આજ્ઞાંકિત છે તેને જ આજ્ઞા કરવાનો અધિકાર છે.*

કચ્છ જિલ્લામાં પ્રવર્તમાન ઔદ્યોગિક સ્થિતિ વિશે માહિતી રજૂ કરી હતી.

★ ★ ★

ત્યારબાદ પ્રથમ સેશન (સેમિનાર સેશન-૩)ની શરૂઆત થઈ હતી. જેનો વિષય હતો....

***"બાળકોને પારંગત કરીએ ઉચ્ચ કક્ષાના શિક્ષણથી"***

આ સેશનના કન્વીનર હતા શ્રી દિનેશભાઈ ગાલા.

- **બિનપરંપરાગત કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો :**

સેશનની શરૂઆતના વક્તા શ્રી લેક્ષ જૈને 'બિનપરંપરાગત કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો'ની રજૂઆતમાં જણાવ્યું હતું કે, આપણા રાજયમાં સિવિલ સર્વિસની કેડરવાળાં સ્થાનો પર અન્ય રાજયોની વ્યક્તિઓ હોય છે. તે તરફ ધ્યાન આકર્ષિત કરતાં કહ્યું હતું કે જિલ્લામાં ઉચ્ચ સ્થાનો પર આપણી વ્યક્તિઓ આવે તેવા સક્રિય પ્રયાસો કરવા જરૂરી છે. સાયન્સ પ્રવાહમાં ઉચ્ચ કેળવણીની પણ તેમણે હિમાયત કરી હતી. આ પ્રકારના ઉચ્ચ અભ્યાસક્રમોથી પોતાના માટે, સમાજ અને દેશના હિતમાં ઘણું થઈ શકે, તેવી તેમની રજૂઆત હતી.

➢ વિભિન્ન સ્થળે વસતા કચ્છી જૈનોની એક સંસ્થા સ્થાપવા - કોર સમિતિની રચના.
➢ કચ્છ જિલ્લા માટે એક કેન્દ્રીય સંસ્થા સ્થાપવાની રજૂઆત.
➢ કચ્છમાં ભૂકંપ બાદ ઔદ્યોગિક ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં નવું મૂડી રોકાણ.
➢ કચ્છમાં ઉદ્યોગ-ધંધા, કૃષિ, પ્રવાસન, હુન્નર ઉદ્યોગ વગેરે ક્ષેત્રે મૂડી-રોકાણની ઉત્તમ તક.
➢ કચ્છમાં હસ્તકળા ક્ષેત્રે વર્ષ ૨૦૧૨ સુવર્ણકાળ જેવું.
➢ કચ્છના હુન્નર ઉદ્યોગ, હસ્તકળા, એમ્બ્રોયડરી, બાટિક, બાંધણી વગેરે ક્ષેત્રની સ્થિતિ અને ઉપલબ્ધ તકો.
➢ કચ્છમાં ઉદ્યોગ-ધંધા વગેરે માટે વિઝન-૨૦૨૦ અને બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાની આવશ્યક્તા.
➢ ઇઝરાયેલ પદ્ધતિવાળા વોટર મેનેજમેન્ટનું સૂચન.
➢ કચ્છમાં ગ્રામ્ય વિકાસ માટે સ્થાનિક લોકોને સાથે લઈને કામગીરી થવી જરૂરી.
➢ મુખ્ય બે પોર્ટ પરનું પરિવહન ભારણ ઘટાડવા કેટલીક રેલવે ટ્રેક લાઇનમાં ગેજ ફેરફાર જરૂરી.
➢ કાચા માલ-સામાનની ઉપલબ્ધિ નથી, છતાં પણ કચ્છમાં ૧૦,૦૦૦ મેગાવોટનાં પાવર સ્ટેશનો, ઓઈલ મિલ્સ, સ્ટીલ પ્લાન્ટ્સ, રોલિંગ મિલ વગેરેનું નિર્માણ થયું છે.
➢ સિવિલ સર્વિસીસ, આઇ.એ.એસ. જેવા ઉચ્ચ કેડરના સ્થાને આપણાં બાળકો આવે તે માટે પ્રયાસ જરૂરી.
➢ ઉચ્ચ અભ્યાસમાં વ્યક્તિના અંગત અભિગમ, વ્યક્તિત્વ અને યોગ્યતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા. તે સાથે પોતાનો અતૂટ વિશ્વાસ જરૂરી.
➢ ઉપલબ્ધ ખનિજોના આધારિત વિવિધ ઉદ્યોગોની શક્યતા.
➢ ટૂરિઝમના વિકાસ ક્ષેત્રે કચ્છમાં અદ્ભુત આકર્ષણો.
➢ કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ ક્ષેત્રે રૂા. ૬૦૦ કરોડનો ગ્રોથ.
➢ ગ્રામ્ય વિસ્તારાનાં તળાવોમાં પાણી આવે તે માટે જૂના સંસાધનોને જીવંત કરવાની આવશ્યક્તા.
➢ કચ્છમાં કુલ ૨૯૦૦૦ કૂવાઓ નિર્જીવ થઈ ગયા છે. યોગ્ય પ્રયાસ બાદ તે પૈકી ૧૦,૦૦૦ કૂવા જીવંત કરી શકાયા છે. હજુ આ ક્ષેત્રે કામગીરીની જરૂરત.
➢ જમીન ઉપરના પાણી અને ભૂગર્ભના પાણી બાબત યોગ્ય મેનેજમેન્ટ જરૂરી.
➢ કચ્છમાં અનેક નદીઓ પર ચેક ડેમો બનાવવા માટે ભારપૂર્વક રજૂઆત.
➢ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલની કામગીરીનું સ્તર સુધારવા સર્વત્ર કચ્છીઓએ સાથે મળીને સરકાર પાસે વારંવાર રજૂઆત કરવાની જરૂરત.

**(કૌટુંબિક) ધંધાને સ્વરૂપ અભ્યાસક્રમો:**

સેશનના અન્ય વક્તા શ્રી મૂકેશ દેઢિયાએ વ્યક્તિએ પોતાના પરંપરાગત પરિવારના કામધંધાની અને તેમાં પણ જુદા જુદા ક્ષેત્રે પારંગત થવા સંબંધિત નાના-મોટા અભ્યાસક્રમો પર ભાર મૂક્યો હતો.

**ઉચ્ચ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો :**

ત્યારબાદના વક્તા શ્રી નંદક પંડ્યાએ ઓડિયો વિઝ્યુઅલના માધ્યમથી વિભિન્ન શૈલીવાળાં દૃષ્ટાંતો રજૂ કરીને ઉચ્ચ કેળવણીનું અસલ ધોરણ શું હોવું જોઈએ તે પ્રતિ અસરકારક રજૂઆત કરી હતી. આ માટે વ્યક્તિના અંગત અભિગમ રસ, વ્યક્તિત્વ અને યોગ્યતા ખૂબ મહત્ત્વના મુદ્દા છે તેથી તે તરફ ધ્યાન આપવું જરૂરી છે. તે સાથે પોતાનો વિશ્વાસ પણ મહત્ત્વપૂર્ણ રીતે ભૂમિકા ભજવે છે, તે સંબંધી તેમની અદ્ભુત રજૂઆતના પરિણામે સૌ પ્રભાવિત થયા હતા.

સેશનના કન્વીનર શ્રી દિનેશભાઈ ગાલાએ દરેક નિષ્ણાત વક્તાઓની રજૂઆતને બિરદાવેલ હતી અને આ પ્રકારના આયોજનની પ્રશંસા કરી હતી.

★ ★ ★

*હોશિયાર પુરુષોને નિયંત્રણમાં રાખવા મૂર્ખ સ્ત્રી ચાલે, પણ મૂર્ખ પુરુષને નિયંત્રણમાં રાખવા હોશિયાર સ્ત્રી જ જોઇએ.*

ત્યારબાદ તરત જ દ્વિતીય સેશન (સેમિનાર સેશન-૪)ની શરૂઆત થઈ હતી જેનો વિષય હતો....

## "કર્મભૂમિના સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો"

આ સેશનનું કન્વીનરપદ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ ગ્રહણ કર્યું હતું. આરંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવ અને તેના કાર્યક્રમોની વિગત તેમણે જણાવેલ હતી.

- **ઉપસ્થિત સંસ્થાઓ દ્વારા રજૂઆત :**

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન્સ - મુંબઈના શ્રી નવીનભાઈ શાહ, શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ - મુંબઈના ડૉ. ઈલાબહેન દેઢિયા અને શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજની સંસ્થા વતી શ્રી લાલ રાંભિયાએ પોતાની સંસ્થાઓની રચના, પ્રવૃત્તિઓ અને કામગીરી બાબત રજૂઆત કરીને અન્ય શ્રોતાજનોને તેનાથી માહિતગાર કર્યા હતા.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન્સ - મુંબઈનાં કાર્યોમાં આવાસ યોજના હેઠળ ૧૧૦૦ ફ્લેટની જરૂરતમંદ લોકોને ફાળવણી, અલ્પ માસિક આવક વાળાઓને આર્થિક સહાય, માનવ રાહત યોજનાની કામગીરી વગેરેની રજૂઆત થઈ હતી. તેવી રીતે શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ - મુંબઈ દ્વારા શિક્ષણ, સ્ત્રી ઉત્કર્ષ, આવાસ, મેડિકલ લોન, બુક બેંક, રમતગમત તેમજ સારી એવી માત્રામાં અપાતી સ્કોલરશીપ સહાય જેવાં કાર્યોની રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - ભુજનાં કાર્યોમાં અતિથિ ગૃહ, મેડિકલ, ભોજનાલય જેવી બાબતોની વિગત આપવામાં આવી હતી. તે ઉપરાંત, કોઈપણ નાત-જાતના ભેદભાવ વિના ચાલતી "મહાજનનું મામેરું" અને "માવિત્ર આશીર્વાદ" યોજનાઓની સૌએ પ્રશંસા કરી હતી.

અન્ય ઉપસ્થિત સંસ્થાઓ પૈકી મધ્યપ્રદેશ અને ચેન્નાઈથી આવેલા અનુક્રમે શ્રી જિતેનભાઈ તથા શ્રી કલ્યાણજીભાઈએ પોતાના સ્થળની સંસ્થાઓ વિશે તેમજ અન્ય વિષય ક્ષેત્રે કામગીરીની અસરકારક વિગતો આપી હતી. રાપર તાલુકાના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ આ પ્રસંગે ઉપસ્થિત હતા અને તેમણે પણ જુદા જુદા વિષય ક્ષેત્રે ટૂંકું પ્રવચન કર્યું હતું.

સેશન કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ ઉપરોક્ત સંસ્થાઓની કામગીરી અને પ્રવૃત્તિઓને ખાસ બિરદાવેલ હતી. જેમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજની "મહાજનનું મામેરું" અને "માવિત્ર આશીર્વાદ" યોજનાનો ખાસ ઉલ્લેખ કરીને દરેક વક્તાશ્રીઓને અભિનંદન આપીને આભાર માન્યો હતો.

ઉપરોક્ત પ્રવૃત્તિઓની છણાવટ કરતાં કન્વીનરપદેથી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ જણાવેલ કે, અગાઉ રજૂઆત થયા પ્રમાણે વિવિધ સ્થળે સ્થિત કચ્છી જૈનોની સંલગ્ન એક સંસ્થા સ્થાપવા આપણે વિચારણા કરવી જોઈએ અને તે વિચારબીજનું મનોમંથન કરવા એક કોર સમિતિની રચના કરવી જોઈએ. તે રીતે કોર સમિતિમાં (૧) શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી - મુંબઈ, (૨) શ્રી પ્રવીણભાઈ છેડા - મુંબઈ, (૩) શ્રી વિનોદભાઈ ચીમનલાલ શાહ - મુંબઈ, (૪) શ્રી તિલકચંદ લોડાયા - ચેન્નાઈ, (૫) શ્રી પ્રફુલભાઈ ભેદા - ચેન્નાઈ, (૬) ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા - અમદાવાદ, (૭) શ્રી અશોકભાઈ મહેતા - અમદાવાદની વરણી કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત સૌ લોકોએ વધાવી લીધી હતી.

શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ પોતાના ખાસ વક્તવ્યમાં બે બાબતો તરફ સમાજ પરિવારજનોનું ધ્યાન ખેંચ્યું હતું. જેમાં અત્યારની સામાજિક સ્થિતિમાં જૈન સમાજનો યુવાવર્ગ અન્ય જ્ઞાતિમાં પોતાના જીવનસાથીની પસંદગી કરે છે, તે કેટલા અંશે યોગ્ય છે અને આજના સામાજિક અને ધાર્મિક માહોલમાં જૈન ધર્મને ટકાવીને તેને મજબૂત કરવા અર્થે પરિવારજનમાં નવા સભ્યના આગમનને સીમિત ન રાખતા, સમાજનું ફલક વિસ્તારવા તરફ સૌનું ધ્યાન દોર્યું હતું.

ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને શ્રી લીલાધરભાઈ ગડાએ બે દિવસના સેમિનાર કાર્યક્રમનો સાર રજૂ કર્યો હતો. તેમની સમીક્ષાના તારણો ખૂબ જ અભ્યાસપૂર્ણ અને માહિતીસભર હતાં.

સમારોહ કાર્યક્રમના અંતે આભારવિધિ સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કરી હતી.

સેમિનાર સમારોહના પ્રથમ દિવસે કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓ તેમજ અતિથિ વિશેષશ્રીઓ સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો અને અગ્રણીઓ સર્વશ્રી અશોકભાઈ મહેતા, કાંતિભાઈ સાવલા, મનુભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, પ્રતાપભાઈ દંડ, હીરજીભાઈ શાહે મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. તે સિવાય, સમાજના ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ પૈકી સર્વશ્રી હસમુખભાઈ ખાંડવાલા, મણિલાલભાઈ ગોસર, શાંતિલાલભાઈ સાવલા, મૂળજીભાઈ લોડાયા, નરેન્દ્રભાઈ શાહ, હસમુખભાઈ ગઢેચા તેમજ સમાજના સક્રિય કાર્યકર્તા શ્રી બંસીલાલભાઈ ગડા સંમેલનના કાર્યક્રમના સમયે ઉપસ્થિત હતા. સમાજની કારોબારી સમિતિના સર્વશ્રી રજનીભાઈ પારેખ, દિનેશ આર. મહેતા, પ્રદીપભાઈ મહેતા, પંકજભાઈ ગોગરી અને જમણવાર સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ મહેતા પણ હાજર હતા. સમાજ કાર્યાલયના સ્ટાફ સભ્યો સર્વશ્રી પરાશરભાઈ વ્યાસ, કિશોર ઠક્કર, પરાગ સોની, દીપ દંડ વગેરેએ આ પ્રસંગે પોતાની કામગીરી સારી રીતે બજાવેલ હતી.

ઉપરોક્ત સમારોહ કાર્યક્રમમાં કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બંગાળ, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક વગેરે રાજ્યોમાંથી કચ્છી જૈન સંસ્થાઓના હોદ્દેદારોશ્રી, પ્રતિનિધિશ્રી અને અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

દરેક સેશનના અંતે સેશન કન્વીનરશ્રીઓ તેમજ તેના વક્તાશ્રીઓનું સન્માન કરીને આભાર માનવામાં આવ્યો હતો. બંને દિવસોએ સમગ્ર કાર્યક્રમોનું સફળતાપૂર્વક સંચાલન કરવા બદલ ઍન્કર શ્રીમતી ફાલ્ગુનીબહેન શાહ અને શ્રી ગુલાબભાઈ દેઢિયાનું સમાજના પ્રમુખશ્રીએ બહુમાન કર્યું હતું.

આ પ્રકારના કાર્યક્રમની, ઉપસ્થિત સર્વે જણે ખૂબ પ્રશંસા કરી હતી. ■

*જીદ અને અભિમાનથી માણસ જીવનમાં દુઃખી થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવનો દ્વિતીય મુખ્ય કાર્યક્રમ – મુંબઈ ખાતે સંમેલન

### કોર કમિટીની રચના

બે દિવસના સંમેલનના અંતે એક કોર કમિટીની રચના કરવામાં આવેલ કે જેઓ ભારતભરના કચ્છી જૈનોને સાંકળતી કોઈ એક સંસ્થાને સ્થાપવા અંગેની શક્યતાની ચર્ચાઓ કરી, તે અંગે જરૂરી કાર્યવાહી હાથ પર લઈ શકે.

આ કમિટીમાં હાલ પૂરતા નીચેના સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

| | | | |
|---|---|---|---|
| ★ | શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી | - આરતી ગ્રૂપ - મુંબઈ | ૦૯૯૬૭૦ ૮૫૦૦૦ |
| ★ | શ્રી પ્રવીણભાઈ છેડા | - એસ.પી.એમ. ગ્રૂપ - મુંબઈ | ૦૯૮૨૦૩ ૦૦૦૭૮ |
| ★ | શ્રી વિનોદભાઈ ચીમનલાલ શાહ | - શ્રી ક.વી.શ્રી.ઓ. ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજ - મુંબઈ | ૦૯૮૬૭૨ ૩૪૪૪૦ |
| ★ | શ્રી તિલકચંદભાઈ લોડાયા | - રિટાયર્ડ ઈન્કમટેક્ષ કમિશનર - ચેન્નાઈ | ૦૯૯૪૦૬ ૩૬૬૪૬ |
| ★ | શ્રી પ્રફુલ્લભાઈ ભેદા | - કચ્છી મિલન મંડળ - ચેન્નાઈ | ૦૯૩૮૪૬ ૫૬૬૬૨ |
| ★ | ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા | - શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૦૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ★ | શ્રી અશોક મહેતા | - શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૦૯૪૨૮૦ ૪૦૨૬૧ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવનો દ્વિતીય મુખ્ય કાર્યક્રમ – મુંબઈ ખાતે સંમેલન

### ઋણ સ્વીકાર

- અમે આભારી છીએ એ વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓના કે જેઓએ અમારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અમારા સન્માનનો સ્વીકાર કર્યો (શ્રી રાજુભાઈ શ્રોફ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી રાજુભાઈ ગોગરી, શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રી દામજીભાઈ શાહ, શ્રી જાદવજીભાઈ શાહ, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી હીરાલાલભાઈ બી. શાહ, શ્રી કનકસિંહભાઈ ગોકલદાસ, શ્રી જયંતભાઈ છેડા, શ્રી કાંતિસેનભાઈ શ્રોફ તથા શ્રી બુદ્ધિચંદભાઈ મારૂ)
- અમે આભારી છીએ સમારંભ અધ્યક્ષશ્રીના (શ્રી શાંતિલાલભાઈ મારૂ)
- અમે આભારી છીએ એ મહાનુભાવોના કે જેઓએ અમારા કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી અમારા કાર્યક્રમની શોભા વધારી (શ્રી જગશીભાઈ છેડા, શ્રી અતુલભાઈ ભેદા, ડૉ. ઈલાબહેન દેઢિયા, શ્રી અરવિંદભાઈ ચીમનલાલ શાહ, શ્રી રસિકલાલભાઈ પૂજ, શ્રી રમેશચંદ્ર મહેતા, શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન, શ્રીમતી જ્યોતિબહેન શાહ, શ્રી હસમુખભાઈ તેજશી ગાલા, શ્રી કલ્યાણજીભાઈ સૈયા, શ્રી પ્રવીણભાઈ છેડા)
- અમે આભારી છીએ એ મહાનુભાવોના કે જેઓએ અમારા આમંત્રણને માન આપી છેક મસ્કત, ચેન્નાઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ, કલકત્તા, ગુલબર્ગ, દુર્ગ, જબલપુર, વિદિશા, સતારા, સોલાપુર, કોલ્હાપુર, સાંગલી, પૂના, મુંબઈ, વલસાડ, સુરત, વડોદરા, રાજકોટ, ભુજ, માધાપર, ગાંધીધામ, અમદાવાદ વગેરે શહેરોમાંથી મુંબઈ ખાતે ઉપસ્થિત રહી અમારા પ્રયાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો.
- અમે આભારી છીએ સેમિનારના ચારે વિષયના કન્વીનરશ્રીઓના (શ્રી નિમેષભાઈ ફડકે, શ્રી તુષાર દેઢિયા, શ્રી દિનેશભાઈ ગાલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા)
- અમે આભારી છીએ વિવિધ વિષયના નિષ્ણાત વક્તાશ્રીઓના કે જેઓએ પોતાનો અમૂલ્ય સમય ફાળવી, દૂરના સ્થળેથી મુંબઈ સુધી પધારી, અમારા પ્રયાસોના સહભાગી બન્યા. (શ્રી લાલ રાંભિયા, શ્રી અનિલકુમાર જૈન, શ્રી તુષાર દેઢિયા, શ્રી એલ.પી. શાહ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી જયંતીભાઈ ગોરસિયા, શ્રી લૈક્ષ જૈન, શ્રી મૂકેશ દેઢિયા, શ્રી નંદક પંડ્યા, શ્રી નવીનભાઈ શાહ, ડૉ. ઈલાબહેન દેઢિયા, શ્રી જીતેન લાલન તથા શ્રી કલ્યાણજીભાઈ સૈયા.)
- અમે આભારી છીએ સુમતિ ગુર્જર ભવનના ટ્રસ્ટીશ્રીઓના તથા કમિટી સભ્યોના.
- અમે આભારી છીએ વર્તમાનપત્રો તથા મેગેઝીનોના ખબરપત્રીઓના તથા તંત્રીશ્રીઓના કે જેઓએ અમારા કાર્યક્રમોને બહોળી પ્રસિદ્ધિ આપી.
- અમે આભારી છીએ ચેમ્બુર જૈન દેરાસર તથા લાપસીયા જૈન ભવનના ટ્રસ્ટીશ્રીઓના તથા કમિટી સભ્યોના કે જેઓએ અમારા મુંબઈના નિવાસ સ્થાન દરમ્યાન પૂરી સગવડ કરી આપી.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

# સિનિયર સિટીઝન હોમ

## "મંજુલ-હરખ ધામ"

## શ્રી ક.વી.ઓ. સમાજ - મુંબઈથી પણ હવે એડમિશન મળી શકશે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત સિનિયર સિટીઝન હોમ - "મંજુલ હરખ ધામ" - ગાંધીનગરના એડમિશન માટે હવે મુંબઈમાં પણ સગવડતા કરવામાં આવેલ છે.

"મંજુલ-હરખ ધામ"ને ગત તા. ૧૪-૪-૨૦૧૨થી જાહેર જનતા માટે ખૂલ્લું મૂકાયા બાદ તેમાં દાખલ થવા મુંબઈથી ફોન પર અથવા પત્રો દ્વારા વારંવાર ઈન્કવાયરી આવતી હતી. પરંતુ મુંબઈ સ્થિત વડીલ વર્ગને રૂબરૂ તપાસ કરવા અને ચર્ચા કરવા અમદાવાદ દૂર પડતું હોવાથી, હવે આ સગવડતા માટે મુંબઈમાં જ એક કેન્દ્ર ખોલવામાં આવેલ છે અને સિનિયર સિટીઝન હોમમાં દાખલ થનાર વ્યક્તિ બધા જ પ્રકારની ચર્ચા આ કેન્દ્રમાં જઈને કરી શકશે.

આ કાર્ય માટે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈએ પોતાનો સંપૂર્ણ સહકાર આપવાની તૈયારી દાખવેલ છે, તે બદલ અમે તેઓના આભારી છીએ.

"મંજુલ હરખ ધામ"માં દાખલ થવા ઈચ્છનાર મુંબઈ સ્થિત કોઈપણ કચ્છી જૈન, નીચે મુજબના સરનામે રૂબરૂ જઈ, સંપૂર્ણ તપાસ કરી શકશે, પોતાનું ફોર્મ ભરીને આપી શકશે અને આ હોમમાં દાખલ થવા સંપૂર્ણ પ્રક્રિયા ત્યાંજ પૂરી કરી શકાશે.

★ **સંપર્ક વ્યક્તિ : શીલાબહેન ગાલા**

★ **સંપર્ક સરનામું : શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ**
દેરાવાસી મહાજનવાડી, ત્રીજો માળ, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૩૭૧૪૬૭૪

*અન્યત્ર વસવાટ કરનાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સંપર્ક નીચે મુજબના સરનામે સાધી શકશે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ**
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૯, ૨૬૫૮૧૫૦૧

*સિનિયર સિટીઝન હોમ "મંજુલ હરખ ધામ"નું સરનામું નીચે મુજબ છે.*

**"મંજુલ હરખ ધામ",**
પ્લોટ નં.-૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૧૯.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### તકલીફ માટે તૈયાર રહો

આ જગત આપણી ધારણા પ્રમાણે ચાલવાનું નથી. કપરા સંયોગોનો સામનો કરવો જ પડશે. ક્યારેક કશું તો તમારી ધારણા બહાર થવાનું જ છે. ચીવટપૂર્વક આયોજન કર્યું હશે છતાં કોઈકની લબાડીને કારણે પણ તમારું કામ બગડશે. પરંતુ તે માટે નિરાશ થવાની જરૂર નથી. તમારે હકીકત સમજી લેવી જોઈએ કે કશું જ સમુંસૂતર ઊતરતું નથી અને ઊતરે તો ભગવાનનો પાડ. તકલીફો ન આવે તેમ ઈચ્છવાને બદલે તકલીફો આવશે તો મક્કમતાથી મુકાબલો કરવાની તૈયારી રાખવી ઘટે.

*સાચી રીતે સંઘર્ષ કરો સર્વાંગી વિકાસ થશે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના સુવર્ણ જયંતી મહોત્સવ દરમ્યાન

# "કચ્છી યલો પેજીસ"

એક અંદાજ પ્રમાણે હાલે અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં અંદાજિત ૫,૦૦૦ કચ્છી કુટુંબો વસવાટ કરી રહેલ છે. અહીં વસવાટ કરતા કચ્છીઓ રેડીમેઈડ ગારમેન્ટ, કટલરી શોપ, અનાજ - કરિયાણાની દુકાન, મોબાઈલ શોપ, લેન્ડ ડેવલપર, બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર, લાકડાની લાટી, કલર લેબ, ટ્રાવેલ્સ કંપની, ટ્રાન્સપોર્ટ કંપની, પેટ્રોલ પંપ, પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ, મશીનરી મેન્યુફેક્ચરીંગ, ફર્નીચર મેન્યુફેક્ચરીંગ, પેઈન્ટ્સ, કલર કેમિકલ્સ, કન્ફેક્શનરી મેન્યુફેક્ચરીંગ વગેરે પ્રકારના અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. કેટલાક કચ્છીઓ સરકાર, મ્યુનિસિપાલિટી અથવા તો કોર્પોરેટ ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર પણ બિરાજમાન છે.

ઉપરોક્ત દરેક વસ્તુની ક્યારેક ને ક્યારેક આપણને જરૂરિયાત પડતી હોય છે પરંતુ તે માટે સામેની વ્યક્તિ ઓળખાણવાળી અને વિશ્વાસુ હોય તો આપણને છેતરાવાનો ડર રહેતો નથી અને ઉચ્ચ ક્વોલિટીનો માલસામાન આપણને સાંપડી રહે છે. પરિણામ સ્વરૂપે દરેક કચ્છીના ધંધાની માહિતી અને પ્રકાર આપણા સહુ પાસે હોવી જરૂરી છે.

આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી મહોત્સવ દરમ્યાન અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓની "કચ્છી યલો પેજીસ" બનાવવાનું બીડું ઝડપેલ છે.

અમે એ વાતથી અજાણ નથી કે ભૂતકાળમાં આપણા દ્વારા આ બાબતે પૂરતા પ્રયાસ કરવામાં આવેલ હતા પરંતુ આ કાર્યમાં અનેક કઠિનાઈઓ આવતા "કચ્છી યલો પેજીસ" બનાવવાનું મોકૂફ રાખવામાં આવેલ હતું. અન્ય તરફ સમગ્ર કચ્છી સમાજ માટે આ એક ખૂબ જ મહત્ત્વની જરૂરિયાત હોઈ, સમાજની સેવા કરવાના નાતે અમે તે કાર્ય પરિપૂર્ણ કરવા બીડું ઝડપેલ છે.

તે માટે જરૂરી ફોર્મ અને વિગતો તૈયાર થઈ રહેલ છે.

એક તરફ અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજનો આ હેતુથી સંપર્ક સાધવામાં આવશે. જ્યારે અન્ય તરફ કદાચ દરેકને ત્યાં અમારા પ્રતિનિધિ મુલાકાત લે તેવી વ્યવસ્થા કરવાનું પણ વિચારાઈ રહેલ છે. અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજ દરેક કચ્છી કુટુંબને આ બાબતે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

"કચ્છી યલો પેજીસ" આવતા દિવસોમાં દરેકને ત્યાં પહોંચે તે રીતે તેનું વિતરણ કરવામાં આવશે. કોઈને વધુ કોપીઓ જોઈતી હોય તો તે માટે અમારો સંપર્ક સાધી શકાશે. આ યલો પેજીસમાં આપેલી જાહેરાત ધંધાકીય રીતે પૂરેપૂરું વળતર ચૂકવશે તે નિર્વિવાદ હકીકત છે. જાહેરાત માટે પણ આપ સહુનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯**

**મનુભાઈ શાહ**
**કન્વીનર, કચ્છી યલો પેજીસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮**

### પરિપક્વ બનો

**આપણે ખૂબ પુરુષાર્થ કરીએ ત્યારે પણ ઘણી વખત કંઈ મળતું નથી. કોઈને ખૂબ પ્રેમ કરીએ છતાં સામી વ્યક્તિ પીગળતી નથી. પરંતુ આ બાબતમાં અધીરાઈ ન ચાલે. ધીરજપૂર્વક આપણે આપણી ફરજ બજાવતા રહેવું જોઈએ. સહન કરવામાં સુખ માનવું જોઈએ. સહનશીલતા આપણને પરિપક્વ બનાવે છે. માણસ પાકટ બને ત્યારે જ તેના જીવનનો અંત આવે છે અને નવ મહિને જ બાળક જન્મે છે. દરેક વસ્તુનો સમય હોય છે. પ્રેમ કરીને પ્રેમના પરિણામની રાહ જોયા ન કરો. પરિપક્વતા એ જ મોટી ચીજ છે. તમારી સાધના પરિપક્વ બનશે એટલે ફળ તમારા ખોળામાં પડ્યું જ સમજો.**

*બાળકોને સમય આપો, એમની સાથે ગોષ્ઠિ કરો.*

# 'મંગલ મંદિર' – શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર

*<u>નોંધ</u> : "મંગલ મંદિર"ની વર્તમાન પ્રથા અનુસાર 'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રકાશિત થયેલ સમગ્ર સામગ્રીમાંથી શ્રેષ્ઠ લેખ અને શ્રેષ્ઠ આંજો કાગર તેની સર્વાંગી યોગ્યતા તપાસીને પસંદગી કરવા એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં શ્રી ધીરજલાલભાઈ પી. સોમપુરા, શ્રી પ્રફુલ્લભાઈ ઠક્કર અને ડૉ. મોહનભાઈ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી. ઉપરોક્ત સમિતિનો અહેવાલ અને નિર્ણય અત્રે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.*

*'મંગલ મંદિર'નો આ વિકટ કાર્ય નિર્ણાયક સમિતિએ ખૂબજ પરિશ્રમ લઈને આસાન કરી આપેલ છે. તે માટે સમિતિના કન્વીનરશ્રી તેમજ તેનાં અન્ય બંને સદસ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.*

*– મુખ્ય તંત્રી*

## નિર્ણાયક સમિતિ – ૨૦૧૧-૧૨ – મંગલ મંદિર

વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન સામયિક 'મંગલ મંદિર'માં પ્રકાશિત લેખો પૈકી 'શ્રેષ્ઠ લેખ' તથા 'આંજો કાગર'ની શ્રેષ્ઠતાની પસંદગીની પ્રક્રિયા

લેખો / આંજો કાગરના રસદર્શન તથા નિર્ણાયકતા પૂર્વે વિચારણા

**૧. પ્રારંભિક :**

વર્ગીકરણની દૃષ્ટિએ લેખ જેવા કે 'વિચાર વિમર્શ', 'વિચાર મંથન', 'માહિતી', 'વાર્તા', 'કથા', 'જીવન ચરિત્ર', 'ઐતિહાસિક' અને અન્ય જે લેખની 'આંજો કાગર' સહિત 'મંગલ મંદિર' સામયિકમાં એપ્રિલ ૨૦૧૧થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન પ્રકાશિત થયેલ હોય તે સમગ્રતયા અથવા આંશિક પ્રમાણમાં અથવા તેમાંથી નિષ્પન્ન થતા સૂર, વિષયવસ્તુ, સંદેશ કે અવતરણ સમાજમાં પૂર્વગ્રહિત હોય અને વિવાદિત બનતો લાગે તેને પસંદગીની પ્રક્રિયાના પ્રથમ સોપાનમાં સમિતિના અવલોકન હેઠળ બાજુએ મૂકવાનો સમિતિએ નિર્ણય કરેલ છે.

**૨. નિષ્કર્ષ ('પ્રારંભિક' નિર્ણયના સંદર્ભમાં) :**

સમિતિને અવલોકન કરતાં જણાયું કે 'મંગલ મંદિર'ના તંત્રીશ્રી તથા બોર્ડને ઉપરોક્ત બાબતમાં અભિનંદન આપવાં ઘટે કારણકે લેખોને સામયિકમાં સમાવિષ્ટ કરતાં પૂર્વે એવી પરિપક્વત દૃષ્ટિ તંત્રીમંડળે કેળવી છે કે **તેથી ઉપરોક્ત બાબતનો વિવાદિત લેખ પ્રકાશિત થયેલ ન હોઈ કોઈપણ લેખને પસંદગીની ગણનામાં નકારવામાં આવેલ નથી.**

**૩. લેખ / આંજો કાગરની શ્રેષ્ઠતાની પસંદગીનાં મુખ્ય ધોરણો :**

(અ) લેખન અને તેમાં વ્યક્ત થયેલી વાત / વિચાર વાચકના મનને આસક્ત બનાવે જેથી વાચક તેવા લેખથી મુગ્ધ થયેલ હોય.

(બ) લેખની શૈલી (Stlye) સરળ (Lucid) અને વાંચનપ્રિય તેમજ સામાન્ય વાંચક માટે સમજવામાં સહેલી હોય.

(ક) લેખમાં વ્યક્ત થયેલ વાત / વિચાર / બાબત / Conceptની મૌલિકતાનું પ્રમાણ.

(ડ) આવરી લેવામાં આવેલ વિષયનો સમાજલક્ષી વ્યાપ.

(ઈ) કોઈ પણ સલાહ, સૂચન, વિચાર કે જે નર / નારી / સંતાનને સ્વૈચ્છિક અનુસરણ કરવાથી કલ્યાણકારક નીવડે.

(ફ) કોઈ એવો પ્રસંગ / વાર્તા / કથા કે જેની (Timeless Value) સમયોપરાંત મૂલ્ય હોય.

(ગ) માણસની તંદુરસ્તીને દુરસ્ત કરવામાં સહાયરૂપ થાય તેવો લેખ કે જેમાં નિર્દિષ્ટ નિદાનથી ઉપાયનું પ્રદાન થતું હોય.

**૪. "આંજો કાગર"ની શ્રેષ્ઠતા નક્કી કરવા કેટલાક ખાસ મુદ્દાઓ :**

(અ) વિચાર પ્રેરક પત્ર.

(બ) સમાજલક્ષી હોવો જરૂરી છે જેમાં માનવ જીવનનાં વિવિધ પાસાંઓ આવરી લેવામાં આવેલ હોય.

(ક) 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખના અનુસંધાનમાં અવિવાદિત બાબતની બહોળા વર્ગને સ્વીકાર્ય બને તેવી રજૂઆત.

(ડ) એવો પત્ર કે જેમાંથી નવા વિચારો પ્રગટ થઈ શકે.

(ઈ) મંગલ મંદિરના સમગ્ર અંક અથવા તેના વિભાગ અથવા કોઈ એક લેખ અંગે સરસ ભાષામાં પ્રેરક પ્રતિભાવ.

(ફ) 'જોયેલું અને જાણેલું' જેવો કોઈ પ્રસંગ અંગે પત્ર હોય કે જેમાંથી માનવ જીવનનું કોઈ નૈતિક ધોરણ નિષ્પન્ન થતું હોય.

(ગ) કોઈ પણ વિષય પર કોઈ નવીન વાત / વિચાર કે જે સામાન્યતઃ વાંચકની જાણમાં ન હોય.

*માનવી જે ઈચ્છે તે કરે છે પણ થાય છે ભગવાનનું ધાર્યું.*

# "મંગલ મંદિર" (વર્ષ ૨૦૧૧-૧૨)
# શ્રેષ્ઠ લેખ અને આંજો કાગર – નિર્ણાયક સમિતિનો અહેવાલ

જેમાં મંદિરની મંગલતા છે અને જે મંગલતાનું મંદિર છે એવા 'મંગલ મંદિર' મુખપત્રના સ્થાપક, સંરક્ષક, સંવર્ધક, સંચાલક અને અન્ય સૌ સહાયકોને અમારા હાર્દિક અભિનંદન અને હૃદયના વંદન! છેલ્લાં ૩૬ કરતાં વધુ વર્ષોથી અને ૪૦૦ કરતાં વધુ, સુયોગ્ય અને સંસ્કારી લેખોથી સભર અંકો દ્વારા સમાજને સંસ્કાર અને સુવિચારોનું સિંચન કરનારા સૌ વિદ્વાન લેખકો અને પ્રથમ તંત્રીથી માંડી આજના મુખ્યતંત્રી મુરબ્બી શ્રી અશોક મહેતાને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. સમગ્ર તંત્રી મંડળની પરિપક્વ દૃષ્ટિ અને નિઃસ્વાર્થ પરિશ્રમનાં દર્શન પ્રત્યેક અંકમાં થયાં છે અને થાય છે, એ અભિનંદનને પાત્ર છે.

**'મંગલ મંદિર' એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર જ નથી પણ એ તો સમગ્ર વૈશ્વિક ગુજરાતી સમાજનું માર્ગદર્શક 'મુખપત્ર' છે.**

આ એક મહામૂલો રત્નજડિત મુકુટ છે જેમાં કંઈ કેટલાં સાહિત્યરત્નો જડેલાં છે. માનવ જીવનના અનેક પાસાઓને પ્રભાવિત અને પ્રકાશિત કરતા કેટલાય વિદ્વાન લેખકોના લેખોથી મહામૂલ્યવાન બનતા 'મંગલ મંદિર'ના મુખપત્રમાંથી શ્રેષ્ઠ લેખ અને શ્રેષ્ઠ પત્ર શોધવાનું એક કપરું અને અઘરું કામ અમને સોંપાયું હતું.

'મંગલ મંદિર'ના રસથાળમાં દર માસે લેખો, ચિંતન, વિચાર મંથન વગેરે રૂપે રજૂ થતી સામગ્રી પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ છે. વળી તેમના લખનારા પણ સિદ્ધહસ્ત લેખકો, સમાજસેવકો, પ્રતિષ્ઠિત નાગરિકો, જ્ઞાનના જ્યોતિર્ધરો અને વિદ્વાનો છે. આવા અલગ અલગ આયામ ધરાવતા વિભાગોની પરસ્પરની તુલના કરવી અને તેમાંથી અમુક એક શ્રેષ્ઠ છે તેવું કહેવું કઠિન કે દુષ્કર નહીં પણ લગભગ અશક્ય છે. આવા ઉત્કૃષ્ટ, ઉજાગર કરનાર અને ઉપકારક (અમારા માટે) કાર્ય માટે અમોને યોગ્ય સમજી પસંદ કર્યા એનું અમને ગૌરવ છે અને તે માટે વિનમ્રભાવે સંચાલકો અને તંત્રી મંડળના ઋણનો સ્વીકાર કરીએ છીએ.

આ જવાબદારી અમારે અમારી શક્તિ અને સમજણની મર્યાદામાં રહીને જ નિભાવવાની હતી. એટલું જ નહીં, આ તમામ પ્રક્રિયામાં કોઈને અન્યાય ન થઈ જાય તેની સભાનતા પણ રાખવાની હતી.

અત્રે એક વાત સ્પષ્ટ કરવી ઉચિત રહેશે. કોઈ એક વિભાગમાં કોઈ લેખને જ્યારે શ્રેષ્ઠ કહીએ છીએ ત્યારે તે વિભાગમાં અન્ય અંકોમાં પ્રસિદ્ધ થયેલા બીજા કેટલાય વિદ્વત્તાપૂર્ણ લેખો તેનાથી ઓછી ગુણવત્તા ધરાવે છે એવું નથી. જેમ ઉચ્ચ ન્યાયાલયમાં સૌ ન્યાયમૂર્તિઓ સમકક્ષ છે અને મુખ્ય ન્યાયમૂર્તિ, એ આ સમાન ન્યાયમૂર્તિઓમાંના 'એક' છે, પહેલા છે અને તેથી જ આ સૌ ન્યાયમૂર્તિમાંથી **કોઈ પણ ન્યાયમૂર્તિએ આપેલ નિર્ણય એ 'ઉચ્ચ ન્યાયાલય'નો જ નિર્ણય ગણાય છે તેમ અહીં પણ દરેક વિભાગના લેખો ઉત્કૃષ્ટ છે અને ઓછેવત્તે અંશે લગભગ સમાન ગુણવત્તા ધરાવે છે.**

ઉચ્ચ ન્યાયાલય જેવા વહીવટી માળખામાં સૌ સમાન કક્ષા ધરાવતા લોકોમાંથી જેમ એકને 'વડો' બનાવીએ છીએ તેમ અહીં આનુષંગિક વિભાગના સમકક્ષ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા લેખોમાંથી એકને પસંદ કરેલ છે. અતિ વિનમ્રભાવે એ કહી દઈએ કે તેથી અન્ય કોઈ ઓછા છે કે ઓછી ગુણવત્તા ધરાવે છે તેવું નથી. અમો તો અમારી મર્યાદિત ક્ષમતાથી કોઈ એકને શ્રેષ્ઠ પસંદ કરી તેના દ્વારા **તે વિભાગના સર્વ લેખો અને લેખકોની શ્રેષ્ઠતાનું પૂજન કરીએ છીએ. આવો વિનમ્રભાવ રાખી આ કાર્ય કરેલ છે.**

અગાઉ કહ્યું તેમ વિવિધ ક્ષેત્રોની પરસ્પર તુલના કરવી કઠિન અને અશક્ય છે. તેથી બારમાસના અંકોમાંથી કોઈ એક માસના કોઈ એક લેખ કે કાગળને ઉત્કૃષ્ટ કહેવો એ ઉચિત જણાતું ન હતું. અને તેથી જ બારમાસ દરમ્યાન જે લેખો પ્રસિદ્ધ થયા તેને જુદા જુદા વિભાગોમાં વહેંચી (જો કે તંત્રીમંડળે આ રીતે વિભાગવાર જ મૂકેલ છે) તે દરેક વિભાગના ઉત્તમ લેખ / લેખકને 'સૌમાં શ્રેષ્ઠ' તરીકે નહીં પણ 'સૌ ઉત્કૃષ્ટોમાંના એક' ગણી પસંદ કરેલ છે. અને તેથી દરેક વિભાગના શ્રેષ્ઠને અન્ય સાથે સમાન ગણી, નંબર આપવાનું ઉચિત ગણેલ નથી.

આ અંગેના નીચેનાં અવલોકનોને સૌપ્રથમ આપ સમક્ષ રજૂ કરીએ છીએ.

૧. એપ્રિલ ૨૦૧૧થી માર્ચ ૨૦૧૨ સુધીના 'મંગલ મંદિર'ના પ્રસિદ્ધ થયેલા લેખો અને 'આંજો કાગર'માંથી આ પસંદગી કરવાની હતી.

૨. કુલ ૧૨ અંકો નીકળ્યા હતા. તેમાંથી ઓગસ્ટનો અંક 'કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ' એમ સમગ્ર કચ્છના વિવિધ પાસાઓને પ્રકાશિત કરતો અંક હતો. જ્યારે ઓક્ટોબર-નવેમ્બર અંક-૧ અને અંક-૨ એ સંભારણાં વિશેષાંક હતો.

૩. આ સંભારણા વિશેષાંકોમાં અગાઉના સુંદર લેખોને સંભારણા રૂપે યાદ કરી છાપ્યા હતા. તેમાંના લેખો લગભગ ૧૯૭૫થી માંડી ૨૦૦૪ દરમ્યાનના ગાળામાં 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખો હતા. આ અંકમાંના લેખો ૨૦૧૧-૨૦૧૨ પૈકીના લેખો ન હોઈ તે લેખોને અમારા કાર્યક્ષેત્રમાં (તંત્રી મંડળની અનુમતિથી) આવરી લીધા નથી.

૪. અન્ય દસ અંકોમાં જે લેખન સામગ્રી રજૂ થઈ છે તે સાહિત્યના વિવિધ ક્ષેત્ર અને વિસ્તારની છે તેથી તે ક્ષેત્રોને નીચે મુજબ વિભાજિત કર્યા છે.

*ખુશ રહી જિંદગીના જોખમોનો સામનો કરો, જીવન સુંદર બનશે.*

(૧) સંશોધન, ઇતિહાસ વગેરે

(૨) ધર્મ, સમાજ, ચિંતન, વિચાર મંથન વગેરે.

(૩) આરોગ્ય અને તંદુરસ્તી.

(૪) વાર્તા

(૫) કચ્છના વિવિધ પાસા.

(ભવિષ્યમાં આ વિભાગોને વધુ વિકસાવી શકાય.)

'મંગલ મંદિર'નો વિશાળ મહેલ આ ઉપર દર્શાવેલ તથા નિયમિત વિભાગોના ખંડોમાં વહેંચાયેલ છે. આ તમામ ખંડોની સજાવટ બારેમાસ કુશળ, સિદ્ધહસ્ત અને વિદ્વાન કલાકારોએ કરી છે. તે સૌ સજાવટને ધ્યાનમાં રાખી ઉપરના પાંચ વિભાગમાંના બધા જ ઉત્કૃષ્ટ સર્જનોમાંથી નીચેના સર્જનને તે પૈકીનું પહેલું - એક દર્શાવીએ છીએ.

૧. સંશોધન, ઇતિહાસ, પુરાતત્ત્વ વગેરે.
કચ્છનું ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટનો ઉત્કૃષ્ટ નમૂનો
ચૌલા કુરુવા (ઓગસ્ટ-૨૦૧૧)

૨. ધર્મ, સમાજ, ચિંતન, વિચારમંથન વગેરે
પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિક્તા
મુરજી ગડા (અંક : એપ્રિલ/મે - ૨૦૧૧)

૩. આરોગ્ય અને તંદુરસ્તી
એન્ઝાઈટી ડીસઓર્ડર - ૧ / ૨ / ૩
ડૉ. મણિલાલ ગડા અને ડૉ. દીપ્તિ શાહ
(એપ્રિલ - મે - જૂન / ૨૦૧૧)

૪. વાર્તા
જિંદગી ગુજરે તે ઘર
ચંદ્રહાસ ત્રિવેદી (ડિસેમ્બર-૨૦૧૧)

૫. કચ્છનાં વિવિધ પાસાં
કચ્છની લોકકળાઓ અને કારીગરી
ખોડીદાસ પરમાર (ઓગસ્ટ-૨૦૧૧)

**'આંજો કાગર' એ 'મંગલ મંદિર'નો એવો સ્તુત્ય અને પ્રશંસાપાત્ર પ્રયાસ છે** જે તમામ વાંચકોને 'મંગલ મંદિર'ની સાહિત્ય યાત્રામાં જોડે છે. આમાં સૌ કોઈ પોતાના પ્રતિભાવો નિ:સંકોચ રજૂ કરે છે. આ બધા જ પ્રતિભાવો પોતાનું આગવું ધોરણ ધરાવે છે.

અમે મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો કસોટી પથ્થર અપનાવેલ છે.

૧. પત્ર વિચાર પ્રેરક છે?

૨. માનવ જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લેતો સમાજલક્ષી પત્ર છે?

૩. 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખના અનુસંધાનમાં બહોળા વર્ગને ઉપયોગી અને જ્ઞાનસભર પ્રતિભાવ પત્રમાં છે?

૪. સામાન્યતઃ વાચકની જાણમાં ન હોય એવો વિષય, વાત કે વિચાર પત્રમાં રજૂ કરેલ છે?

૫. કચ્છ કે કચ્છી સમાજના કોઈ વિશેષ પાસાની પત્રમાં રજૂઆત કરી છે?

***નોંધ :*** ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૧ના સંભારણા વિશેષાંક ભાગ-૧ અને ભાગ-૨ના ઉપર તે પછીના અંકોમાં આવેલ પ્રતિભાવોને અહીં આવરી લીધા છે.

અહીં પણ 'આંજો કાગર'માંથી ઉત્કૃષ્ટ પત્રો પસંદ કરવા એ એક અઘરું કાર્ય હતું. 'મંગલ મંદિર'ના ૨૦૧૧-૧૨ દરમ્યાન પ્રતિભાવો આપતા પત્રોની ગુણવત્તા પણ ઘણી ઉચ્ચ કક્ષાની હતી. કેટલા સુજ્ઞ વાચકો 'મંગલ મંદિર'ના તમામ લેખો અને વિભાગો કેટલા રસપૂર્વક અને ચોક્સાઈથી વાંચે છે તેની પ્રતીતિ સતત થતી રહી હતી.

ઉપર દર્શાવેલ મુદ્દાઓને લક્ષમાં રાખી કુલ ૫ પત્ર લખનાર મહાનુભાવોને અભિનંદનને પાત્ર ગણ્યા છે. **મુરબ્બીશ્રી શાંતિલાલ સંઘવીએ** ખૂબ જ પ્રેરક, સર્જનાત્મક અને ચિંતનસભર પ્રતિભાવ આપેલ છે. તેમના પાંચ પત્રોના એક ઝુમખાને એક ગણી બાકીના ચાર સુજ્ઞ લેખકોના એક એક કાગળને ગણતરીમાં લઈ આ નિર્ણય લીધો છે.

૧. નવરાત્રિની નવ દેવીઓ
દેવજી સાલિયા (એપ્રિલ-૨૦૧૧)

૨. 'મંગલ મંદિર' ૪૦૦મો અંક
ડૉ. કાંતિ ગોર (ડિસેમ્બર-૨૦૧૧)

૩. વિચાર વિમર્શના સુંદર લેખો અંગે
શાંતિલાલ શાહ (એપ્રિલ-૨૦૧૧)

૪. બેન્કિંગ ક્ષેત્રે કચ્છીઓની કોઠાસૂઝ
ચીમનભાઈ ગાલા (ફેબ્રુઆરી-૨૦૧૨)

૫. (અ) મહારાજ અને મહારાજા (મે-૨૦૧૧, પાના-૫૫)
(બ) વેદમાં અમારું - આપણું (જૂન-૧૧, પાના ૪૯-૫૦)
(ક) જૈન તીર્થંકરો (જુલાઈ-૧૧, પાના ૭૫-૭૬)
(ડ) સંભારણાં વિશેષાંક (ડિસેમ્બર-૧૧, પાના-૪૭)
(ઈ) તંત્રી લેખને સમર્થન (માર્ચ-૨૦૧૨, પાના-૫૯)
(ફ) ઉંમરલાયક કન્યાઓએ અથવા વહુઓએ આ પુસ્તક વાંચી જવાં જરૂરી છે.

ઉપરના છ પત્રોના લેખક શ્રી શાંતિલાલ સંઘવી.

સૌ લેખક મિત્રો, વ્યવસ્થાપકો, સંચાલકો, તંત્રી મંડળના સભ્યો સૌ પાસે અમારી એટલી નમ્ર રજૂઆત છે કે આ નિર્ણયો અમારી ક્ષમતા, સમજણ અને મર્યાદાને અનુલક્ષીને દર્શાવ્યા છે. **અન્ય સૌ લેખો અને પત્રો પણ ઉત્કૃષ્ટ કક્ષાના છે. કોઈને જાણે અજાણે અન્યાય કરવાનો આશય નથી.**

*અત્યાચાર કરવો સહેલો છે, પણ ક્ષમા આપવી અઘરી છે.*

*ઉપરોક્ત પાંચ લેખ અને 'આંજો કાગર' વિભાગના પાંચ પત્રોમાંથી જ્યારે અમને પ્રથમ ૩ ક્રમાંક આપવાનું કહેવામાં આવ્યું ત્યારે અમે નીચે મુજબ ક્રમાંક આપેલ છે.*

## શ્રેષ્ઠ લેખક

| | | | |
|---|---|---|---|
| ● પ્રથમ ક્રમાંક | પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિક્તા | **શ્રી મૂરજી ગડા** | એપ્રિલ-મે ૨૦૧૧ |
| ● દ્વિતીય ક્રમાંક | આરોગ્ય અને તંદુરસ્તી<br>એન્જાઈટી ડિસઓર્ડર – ૧ / ૨ / ૩ | **ડૉ. મણિલાલ ગડા<br>અને ડૉ. દિપ્તી શાહ** | એપ્રિલ - મે - જૂન ૨૦૧૧ |
| ● તૃતીય ક્રમાંક | જિંદગી ગુજરે તે ઘર – વાર્તા | **શ્રી ચંદ્રહાસ ત્રિવેદી** | ડિસેમ્બર-૨૦૧૧ |

## "આંજો કાગર" વિભાગ

| | | | |
|---|---|---|---|
| ● પ્રથમ ક્રમાંક | મહારાજ અને મહારાજા | **શ્રી શાંતિલાલ સંઘવી** | મે-૨૦૧૧ |
| ● દ્વિતીય ક્રમાંક | નવરાત્રિની નવ દેવીઓ | **શ્રી દેવજી સાલિયા** | એપ્રિલ-૨૦૧૧ |
| ● તૃતીય ક્રમાંક | બેન્કિંગ ક્ષેત્રે કચ્છીઓની કોઠાસૂઝ | **શ્રી ચીમનભાઈ ગાલા** | ફેબ્રુઆરી-૨૦૧૨ |

*ફરીથી આપ સૌનો, અમોને આ જ્ઞાનયાત્રામાં જોડવા બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ!!!*

| ધીરજભાઈ સોમપુરા | પ્રફુલ્લભાઈ ઠક્કર | ડૉ. મોહનભાઈ પંચાલ |
|---|---|---|
| M.A., Alumini, IIM - A'bad | I.A.S. (Retd.)<br>Ex Secretary - Govt. of Gujarat | M.Ed., Ph.D. |
| **સંયોજક** | **સભ્ય** | **સભ્ય** |

# "મંગલ મંદિર" વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે

## નિર્ણાયક સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''મંગલ મંદિર''ની વર્ષોથી એ પ્રણાલી રહેવા પામેલ છે કે વર્ષ દરમ્યાન મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ મૌલિક શ્રેષ્ઠ લેખ અને આંજો કાગર વિભાગમાંના શ્રેષ્ઠ આંજો કાગરને બિરદાવવામાં આવે છે. સ્વામીવાત્સલ્યના દિવસે જાહેર સમારંભમાં ઉપસ્થિત સહુની વચ્ચે તેઓશ્રીનું સન્માન કરવામાં આવે છે.

મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ અનેક લેખોમાંથી 'શ્રેષ્ઠ લેખ' અને 'આંજો કાગર' વિભાગમાં પ્રસારિત કરવામાં આવેલ અનેક પત્રોમાંથી 'શ્રેષ્ઠ પત્ર'ની પસંદગી કરવા માટે દર વર્ષે એક નિષ્પક્ષ નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવે છે અને એ સમિતિએ આપેલ નિર્ણયને શિરોમાન્ય ગણવામાં આવે છે.

અમને એ જણાવતાં હર્ષ થાય છે કે વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન એટલે કે એપ્રિલ-૨૦૧૨થી માર્ચ-૨૦૧૩ દરમ્યાનના પ્રસારિત કરવામાં આવેલ લેખોમાંથી શ્રેષ્ઠ લેખ અને આંજો કાગર વિભાગમાંથી શ્રેષ્ઠ પત્રની પસંદગી કરવા માટે નીચે મુજબના મહાનુભાવોએ આ નિર્ણાયક સમિતિમાં રહેવા સહમતિ આપેલ છે અને એ પ્રમાણે નીચે મુજબની નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવેલ છે.

★ **C.A. શાંતિલાલભાઈ રાંભિયા (તંત્રીશ્રી, પગદંડી - મુંબઈ) કન્વીનર**

★ **C.A. ચંદ્રકાંતભાઈ નંદુ (તંત્રીશ્રી, પગદંડી - મુંબઈ) સભ્ય**

★ **C.A. અશ્વિનભાઈ માલદે (તંત્રીશ્રી, પગદંડી - મુંબઈ) સભ્ય**

શ્રી શાંતિલાલભાઈ રાંભિયા કચ્છમાં મુંદ્રા તાલુકાના સમાઘોઘા ગામના વતની છે. તેઓશ્રી હાલે ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના મુખપત્ર ''પગદંડી''ના તંત્રી મંડળમાં પોતાની સેવા આપી રહેલ છે. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૩ દરમ્યાન શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખપદે, ૧૯૯૭થી ૧૯૯૯ દરમ્યાન જૈન સોશિયલ ગ્રૂપ - મુલુંડના પ્રમુખપદે, વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭ દરમ્યાન શ્રી પ્રગતિ ફાઉન્ડેશન (હીરા મોંઘી નવનીત હોસ્પિટલ - મુલુંડ)ના પ્રમુખપદે, ફાઉન્ડર સભ્ય તથા વર્ષ ૧૯૮૮-૮૯ દરમ્યાન શ્રી ક.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટના પ્રમુખપદે રહી સેવા આપી ચૂકેલ છે.

શ્રી ચંદ્રકાંતભાઈ નંદુ કચ્છમાં માંડવી તાલુકાના બાડા ગામના વતની છે. તેઓશ્રી હાલે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના મુખપત્ર ''પગદંડી''ના તંત્રી મંડળમાં પોતાની સેવા આપી રહેલ છે. તેઓશ્રી વર્ષ ૧૯૯૩-૯૪ દરમ્યાન શ્રી ક.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટના પ્રમુખપદે રહી સેવા આપી ચૂકેલ છે. વર્ષ ૧૯૬૦માં એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થનાર બોર્ડના કચ્છી વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાને રહેવા પામેલ હતા. એસ.એસ.સી.ના ગુજરાતી પેપરમાં ગોલ્ડ મેડાલિસ્ટ હતા.

શ્રી અશ્વિનભાઈ માલદે કચ્છમાં મુંદ્રા તાલુકાના ભુજપુર ગામના વતની છે. તેઓશ્રી હાલે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના મુખપત્ર 'પગદંડી'ના તંત્રી મંડળમાં પોતાની સેવા આપી રહેલ છે. વર્ષ ૧૯૯૫થી ૧૯૯૯ દરમ્યાન તેઓશ્રી શ્રી ક.વી.ઓ. સેવા સમાજના પ્રમુખપદે સેવા આપી ચૂકેલ છે. હાલે તેઓ શ્રી પ્રગતિ ફાઉન્ડેશન (હીરા મોંઘી નવનીત હોસ્પિટલ - મુલુંડ)ના પ્રમુખપદે સેવા આપી રહેલ છે.

ઉપરોક્ત ત્રણે મહાનુભાવો હજુ પણ અન્ય અનેક સ્થળે અને વિવિધ ક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર ''મંગલ મંદિર''ના એ સદનસીબ રહેવા પામેલ છે કે તેને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે 'શ્રેષ્ઠ લેખ' અને 'શ્રેષ્ઠ આંજો કાગર' બાબતે નિર્ણય કરવા ઉપરોક્ત નિર્ણાયક સમિતિ સાંપડેલ છે.

મંગલ મંદિર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મુંબઈ સ્થિત ત્રણેય મહાનુભાવોને આવકારે છે અને તેમના સહકાર બદલ તેમને અભિનંદન પાઠવે છે.

***— મુખ્યતંત્રી : 'મંગલ મંદિર'***

# કચ્છની વિશિષ્ટ ઉદ્યોગ પ્રતિભાઓનો પરિચય

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, તેના સુવર્ણ જયંતી વર્ષના સુમતિ ગુર્જર ભવન - મુંબઈ ખાતેના દ્વિતીય કાર્યક્રમ દરમ્યાન તા. ૧૩-૫-૨૦૧૨ના રોજ કેટલીક કચ્છી ઉદ્યોગ પ્રતિભાઓનું સન્માન કર્યું હતું.*

*તેઓશ્રીઓના ટૂંક પરિચય અત્રે પ્રકાશિત કર્યા છે.*

***– રજૂઆત : દિનેશ આર. મહેતા***

## શ્રી રજજુભાઈ ડી. શ્રોફ



શ્રી રજનીકાંતભાઈ – શ્રી રજજુભાઈ ડી. શ્રોફ જેઓ બી.એસસી. સ્નાતક થયેલા છે અને સોફટવેર કૌશલ્યની જરૂરવાળી કામગીરી, તેમનો ખાસ શોખ છે.

તેઓશ્રીની વ્યવસાયિક અને સામાજિક કારકિર્દી નીચે મુજબ છે :


- યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ અને યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ કંપનીમાં વહીવટી ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર.
- સર્ચ કેમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના ચેરમેનપદે અને મેનેજિંગ ડાયરેક્ટર.
- યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડમાં ટેકનિકલ સાધન ક્ષેત્રની કુશળતા બદલ સરકાર દ્વારા તેમને ગોલ્ડ શિલ્ડ - ઍવોર્ડ એનાયત થયેલો છે.
- માસ ઓક્ટોબર ૧૯૯૨થી તેઓશ્રી યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડના ડાયરેક્ટરપદે હતા.
- તેઓશ્રી યુનિફોસ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એનવિરો ટેકનોલોજી લિમિટેડ, નિવિ ટ્રેડિંગ લિમિટેડ, શ્રોફ યુનાઈટેડ કેમિકલ્સ લિમિટેડ, પ્રદીપ મેટલ્સ લિમિટેડ, યુનિફૉસ એન્ટરપ્રાઈઝ લિમિટેડ, ભરૂચ એનવિરો એન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, એગ્રોનેટ સોલ્યુશન્સ લિમિટેડ, સર્ચ એનવિરો લિમિટેડ, યુનિફોસ એનવિરો લિમિટેડ અને જે.આર.એફ. બાયોજીનોમિક્સ લિમિટેડ જેવી વિભિન્ન જાહેર લિમિટેડ કંપનીઓના બોર્ડમાં ડાયરેક્ટર પદે કાર્યરત છે.
- તેઓશ્રી વાપી મધ્યે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. ■

### વિચારનું મૂલ્ય મોટું છે

**માનવી કઈ વસ્તુને કિંમતી ગણે છે તે મહત્ત્વનું છે. માત્ર પૈસાને મહત્ત્વનો માનનારો માણસ ધનવાન નથી. ઘણા લોકોને માનવ હૃદયની કિંમત જ હોતી નથી. પૈસાની જ ગણતરી કર્યા કરે છે. જો આપણને આપણા ઝૂંપડાનું ખૂબ મૂલ્ય હોય અને એ ઝૂંપડાનું જતન કરીને અને તેને મહત્ત્વનું ગણીને ચાલીએ તો તે ઝૂંપડું પણ મહેલ બની જાય છે. આખરે તો આપણા વિચારો જ આપણને ગરીબ કે સમૃદ્ધ બનાવે છે. એક સુંદર વિચારનો ઝબકારો લાખ્ખો રૂપિયા જેટલું મૂલ્ય ધરાવે છે. માણસે પોતાના વતી વિચારવાનું કામ બીજાને સોંપવું ન જોઈએ. જે બીજાના વિચારો પ્રમાણે ચાલે છે તે ગુલામ છે. તે પોતાની જાતનો દ્રોહી છે. હંમેશાં પોતાના વિચારો પ્રમાણે જ જીવવું જોઈએ. પોતાના વિચારો પ્રમાણે જ દરેક ચીજનું મૂલ્ય આંકવું જોઈએ. જો આપણે આપણા મૂલ્યો સ્થાપિત કરીશું તો પૈસા નહીં હોય તો પણ આપણે ધનિક હોઈશું.**

*જેમ ઊકળતા પાણીમાં પ્રતિબિંબ દેખાતું નથી તેમ ગુસ્સામાં માણસ પોતાનું હિત જોઈ શકતો નથી.*

# શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી (નાના ભાડિયા - કચ્છ)



યુડીસીટી માંથી વર્ષ ૧૯૬૯માં કેમિકલ્સ એન્જિનિયરિંગમાં સ્નાતક થયેલા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી એક પ્રવર્તક, સાહસિક અને સામાજિક કાર્યકર છે. પોતાની ઉચ્ચ કક્ષાની બુદ્ધિમત્તા અને તલસ્પર્શી ઊંડાણયુક્ત કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ વિષયક જ્ઞાનને પરિણામે ભારતમાં અને દરિયા પારના દેશોમાં માન અને આદર પામ્યા છે. તેઓશ્રી કેમિકલ્સ એન્જિનિયરિંગ વ્યવસાયમાં અગ્રિમ સ્તરે રહેવાથી તેની માતૃસંસ્થા યુડીસીટી પણ કીર્તિવંત થઈ છે.

તેમની સાહસિક ધંધાકીય સૂઝ અને દૃષ્ટિ, વિવિધ અનુભવો, પ્રોજેક્ટ ઓપરેશન પ્રક્રિયા, વિકાસ તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર વિશે વ્યાપક માહિતી અને જ્ઞાનને કારણે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ "આરતી ગ્રૂપ"ને નાના એકમથી પથ પ્રવર્તક અને પથદર્શક બનાવેલ છે. આજે "આરતી ગ્રૂપ"ના ભારતમાં ૪૦ પ્લાન્ટ કાર્યરત છે. ૭૫૦૦ કરતાં વધારે લોકોને મોટા પાયા પર નોકરી આજીવિકા પૂરી પાડે છે અને વિશ્વ સ્તરીય ઉપયોગી ઉત્પાદનો પૂરાં પાડે છે. ફાર્માસ્યુટિકલ અને ડાય ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદક માલ ચીન, જાપાન, યુરોપ અને યુ.એસ.એ. જેવા દેશોમાં નિકાસ કરે છે. આ ગ્રૂપનું ટર્નઓવર રૂા. ૩૦૦૦ કરોડનું છે. જે પૈકી ૬૦ ટકાથી વધારે રકમની ઉત્પાદક માલની તેઓ નિકાસ કરે છે.

પોતાના કેમિકલ એન્જિનિયરિંગના વ્યવસાયમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને પૂર્ણ શ્રદ્ધા છે. આજે ૫૦થી વધારે એન્જિનિયર્સ તેમાં જોડાયેલા છે. જે પૈકી મોટો સમુદાય યુડીસીટીનો છે. "આરતી ગ્રૂપ"ના વૃદ્ધિ વિકાસમાં તેમનું મોટું અને મહત્ત્વનું યોગદાન છે. તેનાં પરિણામે સમૃદ્ધિ અને ઉન્નતિના ભાગીદાર રહી ઉચ્ચ કક્ષાએ અને વહીવટી સંચાલકપદે અથવા તો ભાગીદારી અને ડાયરેક્ટર્સ પદ જેવી શ્રેણીમાં પણ પહોંચ્યા છે.

શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી માત્ર સાહસિક ઉદ્યોગપતિ કે પ્રાથમિક પ્રયોગવીર જ નથી પણ સામાજિક કલ્યાણ પ્રવૃત્તિ, જળયોજના, કૃષિ જેવાં ક્ષેત્રોમાં પણ કાર્યરત રહ્યા છે. તેઓશ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સંસ્થાનાં ટ્રસ્ટીપદે પણ છે. તેઓશ્રી હંમેશાં સાદાઈપૂર્વક લગ્ન વ્યવસ્થા અને કુટુંબ નિયોજનના હિમાયતી રહ્યા છે અને તેને પ્રોત્સાહિત કરતા હોય છે.

વર્ષ ૨૦૦૧ના કચ્છ ભૂકંપ પછી પુનર્વસવાટ કાર્ય દ્વારા તેમણે અંદાજિત ૧૦૦૦ રહેઠાણો ત્યાં બંધાવ્યાં છે. કુદરતી હોનારતો કે આપત્તિઓમાં, સુનામી, આંધ્રા, ઈન્ડોનેશિયા, સિલોન, બિહાર અને ઓરિસ્સાના જળ સંકટ કે આપત્તિના સમયે પણ તેઓશ્રી સેવા માટે અગ્રિમ સ્તરે રહ્યા છે અને તેવા સેવાકીય કાર્યમાં મહત્ત્વનું યોગદાન આપેલું છે. ગોગરી બંધુઓના માર્ગદર્શન અને સાથ-સહકાર હેઠળ વાત્રક જેવા સ્થળે 'તુલસી વિદ્યા મંદિર શાળા' અને 'મહાવીર નર્સિંગ કોલેજ'નું નિર્માણ થયું છે.

જાત કે જ્ઞાતિ કરતાં તેમણે રાષ્ટ્રને હંમેશાં અગ્રતા આપી છે. જેમાં તેમની ઉચ્ચ ભાવનાના દર્શન થાય છે.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈના તેઓ સ્થાપક ટ્રસ્ટી છે. તેની આવાસ યોજના હેઠળ ૧૧૦૦થી વધારે મકાન ખૂબ નજીવી કિંમતે લાભાર્થીઓને અપાઈ ચૂક્યાં છે. તેઓ શ્રી કચ્છી જૈન મહાજન - મુંબઈના ટ્રસ્ટી છે. ત્યાં તેઓ ૫૦થી વધારે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે.

ફળની અપેક્ષા વિના તમે તમારું કાર્ય કરતા રહો, તેવા ભગવાન શ્રીકૃષ્ણના આદેશને તેઓ કાયમ અનુસરી રહ્યા છે. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સમસ્યાના નિરાકરણ અર્થે સન્નિષ્ઠ પ્રયાસો કરે છે અને તે માટે યોગ્ય લોકોનાં સલાહ-સૂચન લેવામાં ક્યારેય સંકોચ અનુભવતા નથી. ■

*ધર્મ એ ભાગ્યનો વિષય નથી, પણ પુરુષાર્થનો વિષય છે.*

# શ્રી રાજુભાઈ ગોગરી

## (આરતી ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ)

આરતી ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ કેમિકલ્સ એન્જિનિયરિંગ વ્યવસાયના અગ્રિમ સ્તરે હોવા છતાં, તે માટે લેશમાત્ર અભિમાન હોય નહીં – આ પ્રકારનો સ્વભાવ કેળવવા જુદી જ વિચારસરણી જોઈએ. આવી મનોવૃત્તિવાળા શ્રી રાજુભાઈ ગોગરી એક છે. તેઓશ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના ભાઈ છે. બંને ભાઈઓએ વેપારમાં પોતાના નિયમ સર્જ્યા. એ સમયે કચ્છીઓ વેપારમાં ભાગીદારી કરતાં પહેલાં અનેક વખત વિચારતા. તેવા સમયમાં તેઓશ્રીએ કચ્છી, બિનકચ્છી, મરાઠી મિત્રો સાથે સંગાથમાં એક પછી એક કંપનીઓ ઊભી કરવા માંડી. ત્યારે ભાગ્યે જ કોઈ જાણતું હતું કે એક દિવસ આરતી ગ્રૂપ કેમિકલ ક્ષેત્રમાં ખૂબ મોટું નામ બની જશે.

કચ્છ માંડવી તાલુકાના ગામ નાના ભાડિયાના તેઓ વતની. માતુશ્રી ધનવંતીબહેન પાસેથી તેઓશ્રી ધર્મ સિવાયની પણ ઘણી વાતો શીખ્યા. માતુશ્રીએ ગણતર, વહેવારની સાથે વેપારકળાના પાઠો પણ શીખવ્યાં. તેને દિલમાં ઉતારીને પોતાના વ્યવસાયિક ગૃહોની સ્થાપના કરી અને તેનો વિકાસ કર્યો.

શ્રી રાજુભાઈ ગોગરીએ રસાયણ ઉત્પાદન ક્ષેત્રમાં દેશની મોખરાની કંપનીના સર્જનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, પરંતુ સમયને અનુરૂપ પરિવર્તન અને સંશોધનો સાથે પોતાની કુનેહ અને અનુભવથી 'આરતી ગ્રૂપ'ને સફળતાના શિખરો પર પહોંચાડેલ છે.

વ્યવસાયિક સફળતાની સાથે સાથે સમાજ સેવા કરી, ખરા અર્થમાં માનવતાની સુવાસ તેઓશ્રીએ ફેલાવેલ છે. માતૃભૂમિ કચ્છમાં જ્યારે પણ આપત્તિઓ આવી છે ત્યારે દરેક ક્ષેત્રે મદદ કરવામાં તેઓશ્રીઓનું યોગદાન અને સેવાકીય કાર્યો હંમેશાં અગ્ર સ્તરે રહ્યાં છે. આ રીતે કચ્છીયતને ઉજાગર કરી છે. ધર્મને આચરણમાં રાખીને માનવતા જ સાચો ધર્મ છે અને અહિંસા પરમ ધર્મ છે, તેવો તેમનો મંત્ર છે.

શ્રી રાજુભાઈ ગોગરી, મુલુંડ ખાતેની શેઠ મોટી પચાણ રાષ્ટ્રીય શાળાના પ્રમુખ તેમજ ક.વી.ઓ. સેવા સમાજ - મુલુંડ અને તુલસી વિદ્યા મંદિર - નાના ભાડિયાના ટ્રસ્ટીપદે છે. ■

---

### જીવનની સફળતા - સાર્થકતા માટે : તમારી જાતને નિર્બળ ન માનો, બહાનાં ન કાઢો

**તમે આગળ વધવા માંગતા હો, તો તમારામાં આત્મવિશ્વાસ ઊભરાતો હોવો જોઈએ. કોઈ બહાનાં ન હોવાં જોઈએ. ભાવનગરના પૂર્વ મેયર નરેન્દ્ર ચાવડા સાવ સામાન્ય પરિસ્થિતિમાંથી આગળ આવ્યા છે. પોતે ભણતા ત્યારે શિક્ષણના ખર્ચને પહોંચી વળવા કંકુ અને વેસેલિનની ડબ્બીઓ ભરતા. ભણ્યા પછી ભાવનગર મ્યુનિસિપાલિટીમાં સામાન્ય હંગામી નોકરી મળી પણ તેમાં લાંબું ચાલ્યું નહીં. એક ખાનગી બાંધકામ કંપનીમાં નોકરી મળી, ત્યાં બિલ્ડરની કામગીરીનું ઝીણવટથી અવલોકન કરવા લાગ્યા. બિલ્ડર જે પ્રકારનાં પ્લાન - એસ્ટીમેટ બનાવતા હતા તેવાં પ્લાન - એસ્ટીમેટ તો પોતેય બનાવી શકે તેવો આત્મવિશ્વાસ જાગ્યો. નોકરી છોડી દીધી, બિલ્ડર થયા. સમાજને ઉપયોગી થવા રાજકારણમાં આવ્યા અને ભાવનગરના પ્રથમ નાગરિક બન્યા.**

**કોઈ કહે છે : 'શિક્ષણ નથી.' મનુભાઈ પંચોળી 'દર્શક' નવ ધોરણ સુધી ભણેલા અને છતાં ૫૦થી વધુ મહાગ્રંથો લખીને શબ્દસ્વામી બન્યા. ભારતીય જ્ઞાનપીઠથી માંડીને અનેક સંસ્થાઓના ઍવોર્ડ મળ્યા. હાર્વર્ડ અને યેલ યુનિવર્સિટીમાં જઈને અંગ્રેજીમાં ફાંકડાં ભાષણો આપ્યાં. મનુભાઈ આમ કરી શક્યા તેનું કારણ તેમની ધ્યેયનિષ્ઠા હતી. તેઓ ખૂબ વાંચતા. દેશ - પરદેશના ગ્રંથો મંગાવતા. માત્ર સાહિત્યના નહીં, રાજકારણ, અર્થકારણ, ઈતિહાસ, ખેતી અને પશુપાલનના ગ્રંથો પણ વાંચતા. વાંચીને તજજ્ઞો સાથે ચર્ચા કરતા અને ચોક્કસ તારણ ઉપર પહોંચતા. શુમાકરનું 'સ્મોલ ઈઝ બ્યુટીફુલ' વાંચ્યા પછી ભારતમાં નાના ઉદ્યોગોની પ્રસ્તુતતા સમજવા તેમની સાથે ચર્ચા કરવા લંડન જઈ આવ્યા. જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહ્યું છે કે જે પોતાના ધ્યેય પ્રમાણે સંજોગો ઊભા કરી શકે છે તે જ સફળ થાય છે. 'સંજોગોના આપણે સ્વામી છીએ, ગુલામ નહિ.' આ સૂત્ર ધ્યાનમાં રાખવું પડશે.**

★

*જીવન એક સંગ્રામ છે, રણમેદાન છે. વારંવાર પરાજ્ય પામવા છતાં પણ જે વિજયની આશા સાથે ફરી લડવા ઊભો થાય છે એ જરૂર એક દિવસ વિજય પ્રાપ્ત કરે જ છે. પણ જે આ રણમેદાનથી ડરીને ઊભો છે એ તો સદા પરાજિત જ છે.*

---

*જ્યાં સત્ય છે ત્યાં જ સર્વ ગુણો વસે છે.*

# શ્રી સમીરભાઈ શાંતિલાલ સોમૈયા



**અભ્યાસ** : શ્રી સમીરભાઈએ વર્ષ ૨૦૦૫માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઑફ એડમિનિસ્ટ્રેશનની પદવી પ્રાપ્ત કરેલી છે. તે સિવાય, નીચે પ્રમાણેની અન્ય પદવીઓ તેઓશ્રી ધરાવે છે.

એમ.બી.એ. - કોર્નલ યુનિવર્સિટી, માસ્ટર ઑફ કેમિકલ એન્જિનિયરિંગ અને કેમિકલ એન્જિનિયરિંગમાં સાયન્સ સ્નાતક.

**શોખ** : વાંચન અને પ્રવાસ.

**કારકિર્દી** :

- ★ ગોદાવરી બાયોરીફાઈનરીઝ લિમિટેડ : ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર
- ★ સોમૈયા ટ્રસ્ટ અને કે.જે. સોમૈયા ટ્રસ્ટ : ચેરમેન
- ★ સોમૈયા વિદ્યાવિહાર : ઉપપ્રમુખ
- ★ ઈન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરની શૈક્ષણિક સમિતિ : ચેરમેન
- ★ કોર્નલ યુનિવર્સિટીમાં કાઉન્સિલની ટેકનોલોજી ટ્રાન્સફર સમિતિ : કો-ચેરમેન

**વિવિધ ક્ષેત્રે કામગીરી અને હોદ્દા :**

- ★ ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન : પ્રમુખ (વર્ષ ૨૦૦૯)
- ★ ઈન્ડિયન કેમિકલ કાઉન્સિલ (વેસ્ટર્ન રીજિયન) : ચેરમેન (વર્ષ ૨૦૦૬-૨૦૦૯)
- ★ કોર્નલ યુનિવર્સિટી કાઉન્સિલ : સમિતિ સભ્ય
- ★ એફ.આઈ.સી.સી.આઈ., એસોસિએશન મેમ્બર્સ : સમિતિ સભ્ય
- ★ બોમ્બે ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની એગ્રીકલ્ચર એન્ડ ફુડ પ્રોસેસીંગ કમિટી : સમિતિ સભ્ય


**• ગોદાવરી બાયોરીફાઈનરીઝ લિમિટેડ વિશે :**

રૂા. ૧૦૦૦ કરોડથી વધારેનું ટર્નઓવર ધરાવતી ગોદાવરી બાયોરીફાઈનરીઝ સુગર, એથનોલ, કમિકલ્સ, બાયોગેસ વગેરે કૃષિ વિષયક ઉત્પાદન ક્ષેત્રમાં કાર્યરત છે. કંપનીની ૭૦ ટકા જેવી ઉત્પાદન ક્ષમતા તેની જ પુનઃ વપરાશમાં લઈ શકાય તેવી સામગ્રીમાંથી પ્રાપ્ત થતી હોય છે. વધુમાં, આ કંપની ઘનિષ્ઠ રીતે આશરે ૨૦૦ ગામોના ૧૫,૦૦૦ જેટલા નાના પાયાના કિસાન વર્ગને તેમની કૃષિ ઉત્પાદન ક્ષમતા વધારવા તેમજ તેઓનું જીવન ધોરણ ઊંચું લાવવાના કાર્યમાં કાર્યરત રહી છે. આ કંપનીએ ટેકનોલોજી સંશોધન કામગીરીવાળી ભારત સરકારની મિલેનિયમ ટેકનોલોજીનું સભ્યપદ પણ હાંસલ કરેલું છે. ગોદાવરી બાયોરીફાઈનરીઝ રિસર્ચ લેબોરેટરીઝ સાથે સંલગ્ન છે અને પાયાની ટેકનોલોજી ક્ષેત્રે નોંધનીય રિસર્ચ પ્રવૃત્તિઓ કરેલી છે, જે આ કંપનીની વિશિષ્ટતા છે.

**• સોમૈયા ટ્રસ્ટ અને સોમૈયા વિદ્યાવિહાર વિશે :**

આ ટ્રસ્ટ ગ્રામ્ય વિકાસ, આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતવાળી કામગીરીમાં સતત કાર્યરત છે. પ્રાથમિક સ્તરથી પીએચ.ડી. સુધીના અભ્યાસ કોર્સ ઑફર કરતી ત્રીસથી પણ વધારે શૈક્ષણિક સંસ્થાઓનું ટ્રસ્ટ દ્વારા સંચાલન થાય છે. જુદા જુદા વિસ્તારની આ બધી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મેડિસીન, એન્જિનિયરીંગ, આર્ટ્સ અને સાયન્સ, રીલિજિયન, વોકેશનલ સ્ટડીઝ, અલગ અલગ ભાષાઓના અભ્યાસક્રમોની લગભગ ૧૫૦૦ જેટલી ફેકલ્ટીમાં ૩૦,૦૦૦થી પણ વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે. વધુમાં, ૫૦૦ અને ૪૦ બૅડની સગવડ સાથે અનુક્રમે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મેડિસીન શિક્ષણ માટે હોસ્પિટલો પણ તેની સાથે સંલગ્ન છે. સોમૈયા ટ્રસ્ટ કુલ સાત સ્કૂલો ચલાવે છે. તે પૈકી છ સ્કૂલો કર્ણાટક અને મહારાષ્ટ્ર રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં છે. આ રીતે અન્ય પ્રવૃત્તિઓ સાથે શિક્ષણ ક્ષેત્રે આ ટ્રસ્ટનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. ■

# શ્રી દામજીભાઈ એન્કરવાલા



**પહેલા વેપારી સાહસમાં ધારી સફળતા નહીં મળી તો હતોત્સાહ થયા વિના તેમણે બીજો પ્રયત્ન કર્યો. પછી એવી સફળતા મેળવી કે વેપારનું નામ જ એમની પિછાણ થઇ ગઇ. સેવા કરવાના મામલે પણ તેમની પિછાણ અને તેમનું યોગદાન નામ જેટલું જ ઊંચું રહ્યું છે.**

શ્રી દામજીભાઇ લાલજીભાઇ મામણિયા. ગામ કચ્છ-કુંદરોડી. આ છ શબ્દો સાથે એક શબ્દ હજી જોડી દો : એન્કરવાલા. બસ, હવે પછી કહેવાની જરૂર રહેતી નથી કે વાત એ વિચક્ષણ ઉદ્યોગપતિની થઇ રહી છે જેણે વિશ્વમાં સૌથી વધુ સ્વિચ બનાવતી કંપની એન્કર ઇલેક્ટ્રિકલ્સ કંપની સ્થાપી. શ્રી દામજીભાઇનું અને સંગીતકાર કલ્યાણજી-આણંદજીનું ગામ એક જ છે. બીજી સામ્યતા એ છે કે ગામની એક બંધુબેલડીએ સંગીતના ક્ષેત્રમાં ઇતિહાસ સર્જ્યો તો શ્રી દામજીભાઇએ બંધુ શ્રી જાદવજીભાઇ સાથે વેપારમાં અને સેવામાં સપ્તરંગી જાદુ સર્જ્યો છે. બેઉ ભાઇઓએ જીવનમાં ડગલે ને પગલે એકબીજાનો પડછાયો બનીને એવી સિદ્ધિઓ મેળવી છે જે કોઇનેય વેપાર અને સદાચારના મોરચે આગળ વધવા પ્રેરી શકે છે.

આઝાદીનાં દસ વરસ પહેલાં શ્રી દામજીભાઇનો જન્મ વર્ષ ૧૯૩૭માં તેમના વતનમાં થયો. તેમના પિતા પણ સ્વભાવે સેવાભાવી હતા, જેમની આંગળી ઝાલીને શ્રી દામજીભાઇ છ વરસની ઉંમરે પહેલીવાર મુંબઇ આવ્યા હતા, “ત્યારે પપ્પાની ભાયખલામાં ખટાઉ મિલ નજીક દુકાન હતી. અમારું ઘર એની પાછળ જ, જેને ઘર કહેવાય કે નહીં તે નક્કી ના કરી શકાય તેવું સાધારણ હતું.” આ દુકાન ઉપરાંત વરલીની કટલરીની એક દુકાનમાં પણ તેમના પિતાની ભાગીદારી હતી. એકાદ વરસ શ્રી દામજીભાઇ મુંબઇમાં રહ્યા પછી પાછા ગામ ગયા અને પિતાએ સમગ્ર પરિવારને મુંબઇ લાવવાનો નિર્ણય લીધો ત્યારે માતા ઉંમરબહેન અને ભાઇ-બહેન સાથે પાછા આવ્યા.

શ્રી દામજીભાઇ અને શ્રી જાદવજીભાઇ બેઉ મુંબઇમાં કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિની સ્કૂલમાં સાથે ભણવા જતા અને બેઉ ભાઇઓ જિજ્ઞાસાવશ પિતાની કટલરીની દુકાનમાં સાથે બેસતા. ભાઇઓને ઘરાકીના સમયમાં દુકાનની વ્યસ્તતા જોઇને અકથ્ય આનંદ મળતો. કદાચ ભવિષ્યમાં કરોડો લોકો સુધી પહોંચતાં કેવી ખુશી મળશે તેની એ સુષુપ્ત લાગણીઓ હશે? શ્રી દામજીભાઇએ સ્કૂલનો અભ્યાસ કર્યા પછી ખાલસા કોલેજમાં વિજ્ઞાન શાખામાં પ્રવેશ મેળવ્યો, “ઇચ્છા હતી કે ડોક્ટર થવું છે પણ કોલેજમાં ભણતાં એકવાર માંદો પડ્યો. મને સારવાર માટે હૈદરાબાદ લઇ ગયા. ત્યાં પ્રાકૃતિક ચિકિત્સાલયમાં સારવાર લેતાં મારી મહત્ત્વાકાંક્ષાએ રૂખ પલટી. એ સાથે જ મને થયું કે ડોક્ટર બનવાને બદલે વેપારી થઇએ.”

વર્ષ ૧૯૬૦માં તેમનાં લગ્ન શાંતાબહેન સાથે થયાં અને જીવનમાં નવું પ્રકરણ શરૂ થયું. સેવાભાવી શાંતાબહેને ઘરમાં એવી જ રીતે ઉજાસ પાથર્યો જેવી રીતે આગળ જતાં એન્કર સ્વિચે દેશના કરોડો ઘરમાં ઉજાસ પાથર્યો. જો કે એન્કરના જન્મને હજી થોડી વાર હતી. એની પહેલાં વેપાર કરવાનો તેમનો પ્રથમ પ્રયાસ નિષ્ફળતામાં પરિણમ્યો હતો. પિતાની સંગાથે શ્રી દામજીભાઇએ બબ્બે વરસ સુધી પાર્ટનર કાકા શ્રી વશનજીભાઇ વેલજી અને એક બંગાળી ભાગીદાર સાથે ફેક્ટરીને પાટે ચડાવવાના તમામ પ્રયાસ કર્યા પછી હાર માની લીધી. એ પણ કદાચ સારા ભવિષ્ય માટે જ.

*જ્યાં સુધી તમે લોકોની અપેક્ષા પૂરી કરો ત્યાં સુધી તેમના માટે તમે સારા છો.*

તેની નુકસાનમાં ગયેલી કંપની સ્વિચ મેન્યુફેક્ચરિંગ નહીં પણ ટૂલિંગ અને ડાઇ મેકિંગના કામકાજમાં હતી. ૧૯૬૨નું વરસ આવ્યું ત્યારની વાત છે, "એ જમાનામાં આપણે ત્યાં ઇટાલીથી આવતી ઇલેક્ટ્રિક સ્વિચ ખૂબ વેચાતી હતી. મને થયું કે આવી સ્વિચ બનાવવામાં બહુ તકલીફ ના પડવી જોઇએ. પાછું ત્યારે ચલણ ટોગલ સ્વિચનું હતું, જે કાળા રંગની ગોળ સ્વિચ હતી. મેં નક્કી કર્યું કે ઇટાલી જેવી ચપટી અને આકર્ષક સ્વિચ બનાવીને આ ક્ષેત્રમાં કંઇક નવું કરવાનો પ્રયાસ કરવા જેવો ખરો." દામજીભાઇએ ત્યારે ફેન્સી લાગતી સ્વિચ બનાવવાની શરૂઆત કરી તેની પહેલાં દેશમાં તેનું ઉત્પાદન કરનાર એક-બે જણ હતા ખરા. ઇમ્પોર્ટ કરનાર પણ જૂજ લોકો હતા છતાં દામજીભાઇની અલગ પદ્ધતિએ તેમને સફળતાનો રાજમાર્ગ બનાવી આપ્યો, "બીજા જે લોકો સ્વિચ બનાવતા હતા તેમની ગુણવત્તા શ્રેષ્ઠ નહોતી. મારો વિચાર એવો હતો કે અમારી કંપનીએ ગુણવત્તા પર તો ધ્યાન આપવાનું જ, સાથે સ્વિચનાં રંગ-રૂપ અને ઘાટ એવાં દેખાવડાં રાખવાં કે ગ્રાહકને કાયમ અમારી કંપનીની સ્વિચ ખરીદવાની ઇચ્છા થાય. મને પોતાને આર્ટનો શોખ. તેથી મેં વિચાર્યું કે આર્ટિસ્ટિક સ્વિચ બનાવવી અને તેનું એકદમ સારી રીતે માર્કેટિંગ થાય તે વાત પર પણ ભાર આપવો." શ્રી દામજીભાઇએ આવી નીતિ અને ધારા-ધોરણ સ્થાપ્યાં ત્યારે એ વાત પણ યાદ રાખવી રહે કે તેઓ આજના પ્રોફેશનલ્સની જેમ મેનેજમેન્ટ કે માર્કેટિંગ જેવા વિષય શીખ્યા નહોતા. તેમની પાસે હતી કોઠાસૂઝ અને અગ્રેસર રહેવાના નિર્ધારવાળી વિચાસરણી.

તેમણે જૂની ફેક્ટરીની જગ્યાએ સ્વિચ બનાવવાની ફેક્ટરી નાખી. સ્વિચના વેચાણ માટે તેમને શ્રી રસિકભાઇ ધારિયા નામના રિટેલ વેપારીનો સાથ મળ્યો અને સ્વિચનું વેચાણ જામવા માંડ્યું. ભલે શ્રી દામજીભાઇ સ્વિચ મેન્યુફેક્ચરર થયા પણ હજી એન્કરવાલા થવાનું બાકી હતું. એ થવાનું હતું સાવ અનાયાસે, "અમારી પહેલી બ્રાન્ડનું નામ ઝગમગ હતું. આખા દેશમાં સ્વિચ વેચવા માટે તે નામ યોગ્ય લાગતું નહોતું. અમે નામ બદલાવીને વિક્ટર રાખ્યું પણ એનું રજિસ્ટ્રેશન મળ્યું નહીં. મેં સ્વિચનું ત્રીજીવાર નામકરણ કરતી વખતે ડિક્શનરી જોઇ. તેમાં એન્કર શબ્દ વાંચ્યો તો થયું કે આ નામ રાખવા જેવું છે. સાંભળવામાં એનો રણકો મને ગમ્યો એટલે એન્કર નામ પર પસંદગી ઢોળી દીધી."

થોડા સમયમાં જ એન્કર નામ એટલું જાણીતું નામ થઇ ગયું કે શ્રી દામજીભાઇ શાહમાંથી એન્કરવાલા થઇ ગયા. એન્કરની સ્વિચે બજારમાં કેવો તરખાટ મચાવ્યો એ જાણવા એક જ વાત જાણવી બસ થઇ રહેશે. "ત્યારે સ્વિચની માર્કેટમાં સૌ તલપાપડ થઇને રાહ જોયા કરતા કે એન્કર ક્યારે કોઇક નવી ડિઝાઇન બહાર પાડે છે, જેવી અમે એક ડિઝાઇનની સ્વિચ બહાર પાડીએ કે બીજા ઉત્પાદકો તરત એની નકલ કરીને અમારા જેવી સ્વિચ બનાવવા માંડતા." વેપાર આગળ વધતો ગયો તેમ તેમણે કંપનીના શ્રેષ્ઠ સંચાલન માટે પણ કાળજી લેવા માંડી અને એન્કર સતત પ્રગતિ કરતું ગયું.

શ્રી દામજીભાઇએ વેપાર સાથે સેવાના ક્ષેત્રમાંય પહેલેથી રસ લીધો. તેમાંનું એક ખૂબ જ મહત્ત્વનું કામ તેમણે કચ્છમાં વર્ષ ૧૯૮૬થી ૧૯૮૮ વચ્ચે પડેલા કારમા દુકાળ વખતે કર્યું હતું, "માતાએ અમને કહ્યું કે દીકરાઓ, દુકાળમાં સેવા કરવામાં પાછા વળીને જોવાનું નથી. આપણી માભોમ માટે આપણાથી થાય તે બધું કરવાનું છે." નાજુક પરિસ્થિતિ વચ્ચે શ્રી દામજીભાઇએ અવારનવાર કચ્છ આવવા-જવાનું શરૂ કર્યું. સાથે તેઓ પોતે અને ભાઇ, બેઉ કંપનીનું ધ્યાન પણ રાખે. તેમણે દુકાળ પીડિતોની અને મૂંગાં જીવોની બનતી બધી સેવા કરવામાં કોઇ બાંધછોડ રહેવા દીધી નહીં. સર્વ સેવા સંઘના સેવાભાવી શ્રી તારાચંદભાઇ છેડા સાથે મળીને તેમણે સેવાકાર્ય કરવા માંડ્યું. સેવાનો વ્યાપ એટલો વિસ્તૃત હતો કે તેઓ રોજની સો ટ્રક ભરીને ત્યાં ઘાસચારો મોકલતા. બે ડઝનથી વધુ સ્થળે પશુઓ માટે ઘાસચારાનાં કેન્દ્ર શરૂ કર્યાં જેમાં સિત્તેર હજાર મૂંગાં જીવ સચવાયાં!

એ કામગીરી એટલી અસાધારણ હતી કે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી સુધી એના સમાચાર પહોંચ્યા અને તેમણે જાતે શ્રી દામજીભાઇ અને સાથીઓની સેવાનો અંગત કયાસ મેળવવા કચ્છની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારે પણ તેમને એવૉર્ડથી નવાજ્યા હતા. "અમને એ ભગીરથ કાર્યમાં સમાજનો અને અસંખ્ય સ્વયંસેવકોનો પણ સાથ મળ્યો હતો." એમ શ્રી દામજીભાઇ નિખાલસપણે કહે છે.

શ્રી દામજીભાઇએ વર્ષ ૧૯૯૯ના સાયક્લોન અને વર્ષ ૨૦૦૧ના ભૂકંપ વખતે પણ કચ્છની ખૂબ સેવા કરી હતી. એકલું કચ્છ શા માટે, જૈનોની અને માનવમાત્રની વાત આવે ત્યારે શ્રી દામજીભાઇ સેવા કરવાને કાયમ તત્પર રહે છે. બિહારના સુનામી વખતે પણ તેમણે સાધ્વી ચંદનાજી સાથે અપાર સેવા કરી હતી. તેઓ જન્મભૂમિ સહિતનાં જાણીતાં પ્રકાશનોના સંચાલક સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી છે. સાથે કચ્છી જૈન ફાઉન્ડેશન, અભિવાદન ટ્રસ્ટ, જીવદયા મંડળી, વર્લ્ડ જૈન કોન્ફેડરેશન, જૈન મહાસંઘ, નવચેતન અંધજન મંડળ ભુજ, પિતાના નામે ચાલતા લાલજી વેલજી એન્કરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ જેવી કેટલીયે સંસ્થાના ટ્રસ્ટી પણ છે. ઉપરાંત ભુજ રામરોટી કેન્દ્ર, શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન, લાલજી વેલજી એન્કરવાલા ગૌશાળા જેવી સંસ્થાઓ તો ખરી જ.

શાહ એન્ડ એન્કરના છત્ર હેઠળ ચાલતી એન્જિનિયરિંગ, પોલિટેકિનક, મેનેજમેન્ટ કોલેજ, ભુજનું એન્કરવાલા છાત્રાલય રુદ્રાણી જાગીર, મહારાષ્ટ્રમાં ચાલતી વિકલાંગો માટેની ગ્રામીણ વિકાસ સમિતિની શાળા, વિરાયતન, નવી મુંબઇની નવસ્થાપિત એન્કરવાલા ઉંમરબહેન લાલજી વિદ્યાલય, મહાવીર જૈન વિદ્યાલય, ચિંચપોકલીની કેનિયા એન્ડ એન્કરવાલા હાઇસ્કૂલ... તેઓ સંલગ્ન છે તેવી સંસ્થાઓની યાદી ખૂબ

*બીજા પર આધાર રાખવાને બદલે સ્વાવલંબી બનો.*

લાંબી છે. ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, મેડિકલ સેવાથી, પશુસેવા, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાં અનેક સારાં કામ સાથે શ્રી દામજીભાઇ સંકળાયેલા છે.

સેવાભાવના વિશે તેઓ કહે છે, "આપબળે ઉદ્યોગ ઊભો કરતાં અને જીવનના રંગોને નિકટથી જોતાં મેં તકલીફ અને સંઘર્ષ કોને કહેવાય તેનો ખૂબ અનુભવ કર્યો છે. મને કાયમ થતું કે ઇશ્વરનું દીધેલું ધન હોય એ સારી વાત, પણ ઇશ્વરનું દીધેલું મન છે તો કોઇને મદદરૂપ થયા તો એ શ્રેષ્ઠ વાત કહેવાય." તેમને લોકો માટે જાત અને ધન ખર્ચવાનો સ્વભાવ પિતા પાસેથી મળ્યો છે, "મેં પિતાને સૌને મદદરૂપ થતા જોયા હતા. મારો વખત આવ્યો ત્યારે મેં પણ પિતાની જેમ મદદનો યજ્ઞ પ્રજ્વલિત રાખવાનું ઠરાવ્યું."

તેમનાં ધર્મપત્ની શાંતાબહેન પણ કન્યાવિકાસ માટે કાર્યશીલ છે. શ્રી દામજીભાઇએ ઇલેક્ટ્રોનિક્સનો તેમનો વેપાર પેનાસોનિકને વેચી દીધો છે. તેમના સુપુત્રો શ્રી અતુલ અને શ્રી સંજય એન્કર હેલ્થ એન્ડ બ્યુટી કેર પ્રાઇવેટ લિમિટેડનું સફળ સંચાલન કરે છે. શ્રી દામજીભાઇ ખોટો દેખાડો કરવાથી દૂર રહે છે. એટલી હદે કે તેમણે પોતાના લગ્નની સુવર્ણજયંતી પણ ઉજવી નહોતી. હવે ભલે એન્કર વિદેશી કંપનીને વેચી દેવાઇ છે પણ એન્કરવાલા જેવી અનન્ય ઓળખ શ્રી દામજીભાઇ સાથે કાયમ રહેશે.

તેઓ ગુરુદેવ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબ વિશે કહે છે, "શિક્ષણ હશે તો નિર્વાહ થશે અને ધર્મ પણ થશે તે ગુરુદેવે તેમની દિવ્યદૃષ્ટિથી ખૂબ સારી રીતે જાણ્યું છે. તેઓ જે કામ કરે છે તે અસાધારણ છે." વાચનના શોખીન, સરળતાના આગ્રહી, મોટેભાગે શ્વેત વસ્ત્રોમાં સજ્જ દામજીભાઇ આજે ૭૫ વરસે પણ રોજ અડધો કલાક સ્વિમિંગ કરે છે, વૉક લે છે અને યોગાસન પણ કરે છે. સેવા સાથે કામકાજમાં રસ લેતા શ્રી દામજીભાઇ પ્રવૃત્તિને પરમેશ્વર માને છે, "શરીર ચાલે ત્યાં સુધી કામ કરતા રહેવાનું અને સેવા કરતા રહેવાનું. જીવનનો સાચો આનંદ આ બે બાબતોમાં છે."

- **ધર્મ :**

આપણને મનુષ્ય જીવન મળ્યું અને તેમાં પણ જૈન ધર્મ મળ્યો છે તો એના સાચા આચરણ સાથે જીવન પસાર કરવું તે આપણે ધર્મના સાચા અનુયાયી થયા બરાબર ગણાય.

- **યુવાપેઢી :**

ટેકનોલોજીએ યુવાનોને ખૂબ પ્રતિભાશાળી બનવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. વ્યસનથી દૂર રહીને યુવાનોએ વિજ્ઞાન અને ધર્મનો સરખો સંગાથ લઇને જીવનને સર્વોત્તમ બનાવવું રહ્યું.

- **સન્મતિ :**

માણસ પાસે જેમ જેમ પૈસો વધતો જાય તેમ તેમ તેનો પુણ્યભાવ વધે, સેવા કરવાની ઇચ્છા વધે ત્યારે તે વિકસવા સાથે વંદનીય વ્યક્તિત્વ પણ મેળવી શકે છે. તેના માટે બીજા કોઇના સાથની જરૂર નથી, સિવાય કે આપણા અંતરાત્માના. ■

---

## જીવનની સફળતા - સાર્થકતા માટે : ધ્યેય અને સંકલ્પને વારંવાર યાદ રાખો


**સંકલ્પ નક્કી કર્યા બાદ તે સિદ્ધ કરવા, સમજપૂર્વકની સખત મહેનત કરવી પડશે. નહેરુજી અંગ્રેજ કવિ રોબર્ટ ફ્રોસ્ટની જે પંક્તિઓ પોતાના શયનખંડમાં સતત નજર સમક્ષ રાખતા તે યાદ રાખવા જેવી છે : "જંગલો કેટલા સુંદર, પ્રગાઢ અને રળિયામણા છે! આ જંગલોમાં ફરવાનું તો ખૂબ જ ગમે છે, પણ મારે મારા જીવનનાં વચનો પાળવાના છે. હું જંપી જાઉં તે પહેલાં મારે માઈલોના માઈલોની મુસાફરી કરવાની છે.'**

**દરેક વ્યક્તિ સમક્ષ અનેક પ્રલોભનો હોય છે, લાલચ હોય છે. અપ્રામાણિકતા કે ખોટા, ટૂંકા રસ્તાઓ અપનાવીને આગળ વધી શકાય છે પણ આપણે તો તેને વશ થયા વિના નિશ્ચિત ધ્યેય માટે પ્રલંબ યાત્રા કરવાની છે અને તે માટે જરૂર છે ભરપૂર આત્મવિશ્વાસની. ધ્યેયમાં નિષ્ફળતા આવે તો હારવું કે થાકવું નહિ. એક વખત ધ્યેય નક્કી કર્યા બાદ શંકા - કુશંકા ન કરવી. ગીતામાં કહ્યું છે તેમ 'સંશયાત્મા વિનશ્યતિ.' મન જો મક્કમ હશે, તો ગમે તેવા ઝંઝાવાતોમાંથી પાર ઊતરીને સફળતાના કિનારે પહોંચી શકાશે. 'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ' આપણા બંધન કે મોક્ષ - મુક્તિનું કારણ મન જ છે. સંકલ્પ શક્તિ તે મનનો નેપોલિયન છે. સંકલ્પને તમારું વ્રત બનાવશો એટલે તે મિશનમાં ફેરવાઈ જશે. સંકલ્પસિદ્ધિ માટે એકાગ્રતા જરૂરી છે. એકાગ્રતા અભ્યાસથી આવે છે. મનને એક જ દિશામાં નિયમિત પ્રવૃત્ત કરવું એટલે અભ્યાસ. વિદ્યાર્થી પુનરાવર્તન કરીને વાંચે, સંગીતકાર રિયાજ કરે કે ક્રિકેટર દરરોજ પ્રેક્ટિસ કરે તે અભ્યાસ. અસ્થિર અને ચંચળ મનને વિષય સુખોમાંથી હટાવી, ધ્યેય માટે ધૈર્યથી પ્રવૃત્ત કરવું તે જ અભ્યાસ.**

*ભવિષ્યને સુંદર બનાવવાની યુક્તિ છે, વર્તમાનને સારો બનાવો.*

# શ્રી જાદવજીભાઈ લાલજી શાહ (એન્કરવાલા)

## (એન્કર ગ્રૂપ)



વૈશ્વિક સ્તરે ઈલેક્ટ્રિકલ્સ સ્વિચ અને તેને સંલગ્ન માલ-સામાન બનાવતા મોટા ઉત્પાદકોની કંપનીઓ પૈકી એક એવી એન્કર ઈલેક્ટ્રિકલ પ્રાઈવેટ લિમિટેડના શ્રી જાદવજીભાઈ સ્થાપક છે.

ઉચ્ચ કક્ષાનું ઉત્પાદન કરવાના લક્ષ્ય સાથે ૪૯ વર્ષ અગાઉ એન્કરની સ્થાપના થઈ હતી. એન્કરે પોતાની પાયાની ઉત્પાદન ક્ષમતા વ્યાપક કરીને ઘરવપરાશની જરૂરિયાતવાળી લગભગ તમામ ઈલેક્ટ્રિકલ્સ અને ઈલેક્ટ્રોનિક્સની ૩૦૦૦ જેટલા માલ-સામાનનું ઉત્પાદન કરતી જબરદસ્ત કંપની થઈ ગઈ. તેઓશ્રીની કંપની ૮૦૦૦ જેટલા કર્મચારીઓના નેટવર્ક સાથે પોતાના ગ્રાહકોને ત્વરિત ધોરણે અને વાજબી સ્પર્ધાત્મક ભાવથી માલ-સામાનની ઉપલબ્ધતા કરાવવા ૧૦,૦૦૦ જેટલા વેપારીઓ અને ૩,૦૦,૦૦૦ જેટલા આઉટલેટ્સથી કંપની મોટા પાયા પર કાર્યરત થઈ હતી. ત્યારબાદ ઈલેક્ટ્રોનિક્સનો તેમનો વેપાર પૅનાસોનિક કંપનીને વેચી દીધો. તેઓશ્રીના પરિવારની ત્યાર પછીની પેઢી ઍન્કર હેલ્થ એન્ડ બ્યુટી કેર પ્રાઈવેટ લિમિટેડનું સફળ સંચાલન કરે છે. ડાયના સાબુ, ડિટરજન્ટ્સ, ટુથપેસ્ટ અને ટુથ પાઉડર જેવા ઉત્પાદનોમાં તે કંપની પણ કાર્યરત થઈ. આ પ્રકારની પોતાના ટ્રેડમાર્કની ૧૦ વિશિષ્ટ માલની જાત માર્કેટમાં મૂકનાર અન્ય કંપનીઓ પૈકી તે એક છે. પેઈન્ટ્સ અને અન્ય બનાવટનું ઉત્પાદન કરવાનું આયોજન પણ તેઓએ કર્યું છે. તે સિવાય, 'ગ્રેટ વાઈટ'ના ટ્રેડમાર્ક હેઠળ ફરીથી ઈલેક્ટ્રિક સ્વિચો તૈયાર કરવાનું વિચારી રહ્યા છે. તે સિવાય, કોચી આઈ.પી.એલ. ટીમમાં આર્થિક હિસ્સો પણ ધરાવે છે.

શ્રી જાદવજીભાઈનો જન્મ કચ્છમાં વર્ષ ૧૯૩૯માં થયો હતો. તેઓશ્રીનું મૂળ વતન કચ્છ કુંદરોડી છે. તેમના પિતાશ્રીનું નામ લાલજીભાઈ વેલજી અને માતુશ્રીનું નામ ઉમરબહેન છે. શ્રી દામજીભાઈ અને શ્રી જાદવજીભાઈ – આ બંધુ બેલડીએ વિશ્વમાં સૌથી વધુ સ્વિચ બનાવતી કંપની એન્કર ઈલેક્ટ્રિકલ્સ કંપની સ્થાપી હતી. **બંને ભાઈઓએ વ્યવસાયિક અને સેવાકીય ક્ષેત્રે રંગબેરંગી જાદુ સર્જ્યો છે. બંને ભાઈઓએ જીવનમાં એકબીજાનો પડછાયો બનીને એવી સિદ્ધિઓ હાંસલ કરી છે જે કોઈના પણ માટે પ્રેરણાસ્રોત સમાન છે.**

શરૂમાં વેપારી સાહસમાં ધારી સફળતા મળી નહીં, તો પણ હતોત્સાહ થયા વિના તેમણે પોતાના પ્રયત્નો જારી રાખ્યા. ત્યારબાદ એવી સફળતા મળી કે વેપારનું નામ જ તેમની પિછાણ થઈ ગઈ. વિવિધ ક્ષેત્રે સેવાકીય કાર્યોમાં પણ તેમનું યોગદાન ઊંચું રહ્યું છે.

જ્યારે તેઓએ સ્વિચો બનાવવાનું શરૂ કર્યું ત્યારે એક વસ્તુ ખ્યાલમાં રાખી હતી કે માલની ગુણવત્તા પર પ્રથમ ધ્યાન આપવું. તે સાથે સ્વિચના રંગ - રૂપ અને ઘાટ એવા દેખાવડા રાખવા કે ગ્રાહકને કાયમ માટે તેમની કંપનીની સ્વિચ ખરીદવાની ઈચ્છા થાય.

તેઓશ્રીએ આવી નીતિ અને ધારાધોરણ સ્થાપ્યા ત્યારે એ વાત પણ યાદ રાખવી રહી કે **તેઓ આજના પ્રોફેશનલ્સની જેમ મેનેજમેન્ટ કે માર્કેટિંગ જેવા વિષય શીખ્યા નહોતા. તેમની પાસે હતી કોઠાસૂઝ અને અગેર્સર રહેવાના નિર્ણયવાળી વિચારસરણી.**

વ્યવસાયિક ક્ષેત્રે સફળતા હાંસલ કરવાની સાથે સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ તેઓ ક્યારેય પાછળ રહ્યા નથી. કચ્છમાં વર્ષ ૧૯૮૬થી ૧૯૮૮ વચ્ચે પડેલા કારમા દુકાળના સમયે દુકાળ પીડિતો અને મૂંગા જીવોની તમામ પ્રકારે સેવા કરવાની કામગીરીમાં કોઈ બાંધછોડ કરી નહીં. દરરોજની એકસો ટ્રક ભરીને ઘાસચારો મોકલતા રહ્યા. બે ડઝનથી વધુ સ્થળોએ પશુઓ માટે ઘાસચારાના મોટા પાયે કેન્દ્રો શરૂ કર્યા, જેમાં સિત્તેર હજારથી વધારે મૂંગા જીવો સચવાયાં. પરિવારે વર્ષ ૧૯૯૯ના સાયક્લોન અને વર્ષ ૨૦૦૧ના ભૂકંપના સમયે પણ કચ્છની ખૂબ જ સેવા કરી છે. ફક્ત કચ્છ નહીં પરંતુ જૈનોની અને માનવમાત્રની વાત આવે ત્યારે આ પરિવાર સેવા કરવાને કાયમ તત્પર રહે છે.

શાહ એન્ડ એન્કરના છત્ર હેઠળ ચાલતી એન્જિનિયરિંગ, પોલિટેકનિક, મેનેજમેન્ટ કૉલેજ, ભુજની એન્કરવાલા છાત્રાલય, રુદ્રાણી જાગીર, મહારાષ્ટ્રમાં ચાલતી વિકલાંગો માટેની ગ્રામીણ વિકાસ સમિતિની શાળા, વિરાયતન, નવી મુંબઈની નવસ્થાપિત એન્કરવાલા ઉંમરબહેન લાલજી વિદ્યાલય, મહાવીર જૈન વિદ્યાલય, ચીંચપોકલીની કેનિયા એન્ડ એન્કરવાલા હાઈસ્કૂલ વગેરે સાથે આ પરિવાર સંલગ્ન છે. તેઓશ્રીની સેવાકીય પ્રવૃત્તિઓની યાદી ખૂબ લાંબી છે. ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, તબીબી સેવાઓ, પશુસેવા, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા અનેક સારાં કામો સાથે પરિવાર સંકળાયેલો છે. કચ્છમાં 'એન્કરવાલા ધામ' પણ ઉચ્ચ સેવાકીય પ્રવૃત્તિઓ પૈકી એક છે. ■

# શ્રી અમરચંદભાઈ ગાલા



વિખ્યાત અને લબ્ધપ્રતિષ્ઠ એવા નવનીત પબ્લિકેશન્સ લિમિટેડના શ્રી અમરચંદભાઇ નિયામક છે અને નવનીત ગ્રૂપની કંપનીઓના ભાગીદારો પૈકી તેઓશ્રી એક છે. પુસ્તક વ્યવસાયમાં તેઓશ્રી ખૂબ નાની વયે જોડાઇને પોતાના પરિવાર પ્રત્યેની જવાબદારીથી પ્રતિબધ્ધ થયા હતા. સખ્ત પરિશ્રમ, ખંત, સાહસપ્રિયતા, વ્યવસાયિક સૂઝ અને કૌશલ્યના પરિણામે તેઓશ્રી શ્રેષ્ઠ પ્રકાશક અને ઉદ્યોગસાહસી નીવડ્યા છે.

વર્ષ ૧૯૬૦માં નવનીતે તેના પ્રથમ પુસ્તકનું પ્રકાશન કર્યું હતું. ત્યારથી નવનીત ગ્રૂપે અવિરત પ્રગતિ સાધી છે, જેને એક વિશિષ્ટ દ્યોતક તરીકે વર્ણવી શકાય. આજ પર્યંત અંગ્રેજી, ફ્રેન્ચ, ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દૂ, બેંગાલી, તેલુગુ, તામિલ અને મલયાલમ જેવી વિવિધ ભાષાઓમાં નવનીત ગ્રૂપે શૈક્ષણિક અને ઇતર ક્ષેત્રિય ૩૫૦૦થી વધારે સંખ્યામાં પુસ્તકો પ્રગટ કર્યા છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યમાં શૈક્ષણિક પુસ્તકોના પ્રકાશક તરીકે નવનીત ગ્રૂપનું સ્થાન મોખરે રહ્યું છે. નિઃશંક કહી શકાય કે આ પ્રકારની અજોડ અને અપૂર્વ પ્રગતિ પાછળ નવનીત ગ્રૂપનો અવિશ્રાંત પરિશ્રમ અને ઉત્કૃષ્ટ વ્યાવસાયિક અભિગમ કારણરૂપ છે. જેનું શ્રેય ગાલા બ્રધર્સ અને તેમના પરિવાર સભ્યોને જાય છે. તેમાં પણ શ્રી અમરચંદભાઇનું પ્રદાન નેત્રદીપક અને ધ્યાનાર્હ રહ્યું છે.

શિક્ષણ અને ઇતર વિભાગનાં પુસ્તકો ક્ષેત્રે નવનીતે એક ક્રાન્તિનું સર્જન કર્યું છે. ઉત્તમ પ્રકારની ગુણવત્તાના કારણે માત્ર વિદ્યાર્થીઓની જ નહીં પરંતુ તેમના વાલીઓ, શિક્ષકો અને શિક્ષણ શાસ્ત્રીઓની પ્રશંસા તેણે મેળવી છે. ભારતના મોટા ભાગના રાજ્યોમાં નવનીત દ્વારા પ્રકાશિત વિપુલ પ્રમાણમાં પુસ્તકોએ શૈક્ષણિક અભ્યાસક્રમોમાં તેનાં પાઠ્યપુસ્તકો તરીકે માન્યતા પ્રાપ્ત કરી છે. આ તેની અનન્ય સિધ્ધિ છે.

શ્રી અમરચંદભાઇ આવા સુખ્યાત પ્રકાશક ગૃહના સન્નિષ્ઠ ટ્રસ્ટી છે. તેઓશ્રી વહેલી સવારથી મોડીરાત્રિ વિભિન્ન પ્રવૃત્તિઓમાં કાર્યરત રહે છે. પોતાના અત્યંત વ્યસ્ત દૈનિક કાર્ય વચ્ચે પણ ધર્મ અને સમાજ અભિમુખ ક્ષેત્રમાં તેઓશ્રી હંમેશાં પ્રવૃત્તિમય રહે છે, જે તેમની ખાસ વિશિષ્ઠતા છે.

શ્રી અમરચંદભાઇ કડક શિસ્તપાલન પર ભાર મૂકતા હોય છે. આમ છતાં તેમનું હૃદય ઘણું કોમળ અને સંવેદનશીલ છે. કોઇનાં દર્દ-પીડા અને વ્યથા જોતાં જ તેમનું હૃદય મીણની જેમ પીગળવા લાગે છે. હકીકતમાં તેમણે જાતે જીવનની હાડમારીઓ-સંઘર્ષો જોયા છે, અનુભવ્યા છે. તેના કારણે અન્ય પ્રતિ પુષ્કળ સહાનુભૂતિ અને કરુણા તેમના હૃદયમાંથી ઉપજતી હોય છે. તેઓશ્રી વિવિધ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓ સાથે કાર્યરત રહે છે. માનવજાતને જરૂરત અનુસાર આર્થિક સહાય કરતા હોય છે.

કચ્છ અને ગુજરાતમાં અનેક પ્રકારના પ્રકોપના સમયે રાહત કાર્યોમાં અગ્ર સ્થાને રહીને સક્રિય સાથ-સહકાર આપેલ છે. તેમણે ઘણી ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ હોસ્પિટલોને સહાય કરેલી છે અને તેવા કામમાં ક્યારેય પાછળ રહેતા નથી. તેઓશ્રી વિવિધ પ્રસંગોએ પોતાનાં સ્વજનો, જ્ઞાતિ-સમાજ અને નવનીત પરિવારના સભ્યોના પ્રશ્નોમાં વ્યક્તિગત સક્રિય રસ લેતા રહ્યા છે. માનવતા, પ્રેમ, સેવાનો સદગુણ અને ઉદારતા શ્રી અમરચંદભાઇના હૃદયમાં હંમેશાં જાગૃત રહ્યાં છે. ■

*પ્રત્યેક દિવસનો આરંભ આશાઓથી થાય છે અને અનુભવથી સમાપ્ત થાય છે.*

# શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા



શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા, સુવિખ્યાત નવનીત પબ્લિકેશન્સ (આઇ) લિમિટેડના ડાયરેક્ટર અને નવનીત ગ્રૂપ કંપનીઓમાં ભાગીદાર છે. તેઓશ્રી નાની વયમાં પુસ્તકો પ્રકાશિત કરવાના વ્યવસાયમાં જોડાયા હતા. ઔપચારિક શિક્ષણની પોતીકી મર્યાદા છતાં, ઉચ્ચ કક્ષાના પ્રકાશક તરીકે પોતાની દીર્ઘદૃષ્ટિ અને સંસાધનોને કારણે સફળ થયા છે.

વર્ષ ૧૯૬૦માં શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રકાશન તરીકે શરૂઆત કરીને, નવનીત ગ્રૂપે પ્રગતિની એવી હરણફાળ ભરી કે સફળતાની કોઇપણ કક્ષાએ જોતાં તેને એક ઉત્કૃષ્ટ કંપની કહેવી પડે. તેના ઉજ્જવળ નામે ૩૫૦૦થી વધારે અંગ્રજી, ફ્રેન્ચ, ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દૂ, બંગાલી, તેલુગુ, તામિલ અને મલયાલમ ભાષામાં શૈક્ષણિક અને ઇતર વિષયનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. આ ઉપલબ્ધિના પરિણામે નવનીત ગ્રૂપે અગ્રગણ્ય પ્રકાશન ગૃહ તરીકેની સિધ્ધિ હાંસલ કરી છે. ખૂબ ટૂંકા સમયમાં આટલી અદ્ભુત પ્રગતિ તેના અવિરત પ્રયાસો, ખંત અને સવિશેષ ગાલા બંધુઓના અને પરિવારના તર્પણને આભારી છે. તેમાં પણ શ્રી ડુંગરશીભાઇનું યોગદાન સર્વોચ્ચ સ્થાને છે. વ્યક્તિને સમગ્ર રીતે ઓળખી, સમજીને તેની પાસેથી કામ લેવાની કુનેહ, કંપનીનું ઉત્કૃષ્ટ રીતે સંચાલન, વહીવટી શક્તિ, નિષ્ઠા વગેરેથી શ્રી ડુંગરશીભાઇએ નવનીતને ભારતભરમાં અગ્રિમ કક્ષાનું પ્રકાશન ગૃહ બનાવ્યું છે.

શ્રી ડુંગરશીભાઇના મતે પુસ્તક પ્રકાશન માત્ર વ્યવસાયિક ધોરણે નથી, તે તેમનું પવિત્ર સેવાકાર્ય છે. એટલે આ સેવાકાર્યનું ફલક વધારીને તેમાં સફળતા હાંસલ કરવા પાછળ પોતાનો પ્રાણ તેમાં રેડ્યો છે. તેમના કરકમળમાં પ્રકાશન કાર્ય એક કળા બની ગઇ છે. તે કાર્યની ગુણવત્તા સુધારવા તેઓ સતત પ્રયાસો કરતા રહે છે અને શિક્ષણ જગતમાં તેનાં પ્રકાશનો વધુમાં વધુ ઉપયોગી નીવડે તેવા તેમના પ્રયત્નો હોય છે. આ કારણે ભારતનાં ઘણાં રાજ્યોમાં નવનીત પ્રકાશિત પાઠ્યપુસ્તકોને શિક્ષણ વિભાગ દ્વારા માન્યતા પ્રદાન થયેલી છે.


શ્રી ડુંગરશીભાઇ અને તેમનો પરિવાર સંખ્યાબંધ સામાજિક ધાર્મિક, શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓ સાથે સંકળાયેલ છે અને માનવતાવાદી કાર્યો અને પ્રવૃત્તિઓ માટે ઉદાર દિલથી દાન પણ આપતા હોય છે. ખાસ કરીને ગુજરાત અને કચ્છમાં જ્યારે પણ ભૂકંપ, અતિવૃષ્ટિ જેવી આપત્તિઓ આવી છે ત્યારે કલ્યાણ પ્રવૃત્તિઓમાં હંમેશાં મદદ કરતા રહે છે. ટૂંકમાં જણાવીએ તો, માનવતા અને સેવાભાવના તેમનાં અંગભૂત છે, તેમ કહી શકાય. ■

## જીવનની સફળતા - સાર્થકતા માટે : ધ્યેય પૂરું કરવા માટે સમયમર્યાદા બાંધો

**જે કોઈ ધ્યેય નક્કી કર્યું હોય તે પૂરું કરવાની સમયરેખા બાંધો. નહિંતર ધ્યેય સફળ કરવા માટેની તીવ્રતા આવશે નહીં. કોઈ જાહેર પરીક્ષા પાસ કરવી હોય કે સારી સંસ્થામાં કામ મેળવવું હોય તો તે માટે સમય નક્કી કરીને આયોજનબદ્ધ તૈયારી કરવા માંડો. તમારે તમારી દિનચર્યાનું સમયપત્રક બનાવીને તેને વળગી રહેવું પડશે. દરિયાની ભરતીની જેમ સમય કોઈની રાહ નહીં જુએ. આ.શ્રી નાનાભાઈને ૧૯૦૬માં લાગ્યું કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે છાત્રાલય જીવન અનિવાર્ય છે. એટલે તુરંત એમણે ભાવનગરમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની શરૂઆત કરી અને સમય જતાં તે કામ પૂરું સમયનું જણાતાં કૉલેજની ઉચ્ચ પગારની નોકરી તુરંત છોડી દીધી. નાનાભાઈના સમયસરના ભારે સંકલ્પબળના કારણે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ જેવી સંસ્થાઓ રાષ્ટ્રને મળી.**

*પોતાનો નાનામાં નાનો દોષ દેખાય, એનું નામ જાગૃતિ.*

# શ્રી હરખચંદભાઈ ગાલા



જન્મ સ્થળ : રાયણ, કચ્છ. ● જન્મ તારીખ : ૪-૬-૧૯૩૮

ડાયરેક્ટર : ક્રિએટીવ રિસર્ચ એન્ડ પબ્લિકેશન્સ, નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ

શ્રી હરખચંદભાઈ ગાલા આ સંસ્થાના પાયાની ઈંટ સમાન છે. આજથી લગભગ બાવન વર્ષ પહેલાં આ સંસ્થા શરૂ થઈ ત્યારથી અતિ સખત પરિશ્રમ કરીને શ્રી હરખચંદભાઈએ જૂની પ્રિન્ટોલૉજીમાંથી અદ્યતન કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રિન્ટોલૉજી પર સંસ્થાને સ્થિર કરી છે. આજે આ સંસ્થા અસંખ્ય શૈક્ષણિક પ્રકાશનો કરતી તથા ૬૨૫ કરોડનું ટર્નઓવર ધરાવતી વિશાળ અને વિરાટ વટવૃક્ષ સમી બની છે. એનાં મૂળમાં શ્રી હરખચંદભાઈનો પ્રસ્વેદ સિંચાયો છે.

આગવી કલાત્મક સૂઝ, કામ પ્રત્યે અંગત કાળજી તથા ચીવટાઈ, બાહોશ મુત્સદ્દીપણું, કર્મચારીઓ પ્રત્યે આત્મીય વ્યવહાર, લેખકો સાથે મૈત્રીપૂર્ણ તથા ન્યાયી વર્તાવ, ધૈર્ય વગેરે સદ્‌ગુણો થકી સંસ્થાનાં પ્રકાશનો શ્રેષ્ઠ બન્યાં છે તથા સંસ્થાનો વહીવટ પણ સુચારુ રહ્યો છે.

'મિશન સ્ટેટમેન્ટ - વાજબી કિંમતે વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય આપીને તેમને જે-તે પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે તૈયાર કરવા એ સંસ્થાનો બિઝનેસ મંત્ર છે.' ■

## જીવનની સફળતા - સાર્થકતા માટે : આહારવિહારનું નિયમન કરો

**તમારે જો સફળ અને સાર્થક વ્યક્તિ બનવું હશે, તો આહારવિહારનું સમયપત્રક બનાવીને તેનું ચુસ્તપણે પાલન કરવું પડશે. ઈશ્વરે શરીરમાં ટુ ટાયર સિસ્ટમ ગોઠવી છે. એક આંખ, ફેફસું કે કિડની બગડે તો બીજું અંગ હાજર. પણ આપણી કંટ્રોલ સિસ્ટમ ઉધરસ, તાવ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ દ્વારા લાલબત્તી ધરે તે પહેલાં જાગ્રત થઈ જવું જોઈએ. પ્રસન્નતાપૂર્વક સમતોલ આહાર ચાવીને અંદરથી ખાશો તો શરીર - મનને સ્ફૂર્તિ મળશે. રોગપ્રતિકારક શક્તિ વધશે. અઠવાડિયે એક ટંક કે એક દિવસ પેટને આરામ આપો. બહારનાં તૈયાર ખોરાક કે ઠંડાં પીણાં લેવાનું ટાળો. વધારે પડતા ઉજાગરા ન કરો. પૂરતી ઊંઘ લો. સ્વસ્થ, શાંત, ગાઢ ઊંઘ નવી ચેતના લાવે છે.**

**સવારે પ્રાર્થના, પ્રાણાયામ, ધ્યાન, યોગ, આસન, કસરત કે કરાટે માટે થોડો સમય આપો. ધ્યાન જેવા કાર્યક્રમોથી આંતરચેતના જાગૃત થાય છે. આઘાતોમાં સ્વસ્થ રહેવાની શક્તિ મળે છે. સર્જકતા ખીલે છે. તમે થાકેલા હો ત્યારે લાંબા થઈને ચત્તાપાટ સૂઈ જાઓ. શરીર ઢીલું છોડીને હાથ ગોઠણ તરફ રાખી શવાસન કરો. પ્રાર્થના એ 'થૉટ મેનેજમેન્ટ' છે. તે જો વિચારપૂર્વક કરવામાં આવે, તો શ્રદ્ધા, શક્તિ અને ઉત્સાહ આપે છે. દરિયામાં વહાણને સ્થિર રાખવા લોખંડનું ભારે લંગર નાખવું પડે છે. આપણું મન ઝોલાં ખાતા વહાણ જેવું છે. તેને સ્થિર રાખવા પ્રાર્થનારૂપી લંગર નાખવું જોઈએ. સવાર અને સાંજ ૩-૪ કિલોમીટર નિયમિત ચાલો. આવી બધી ટેવોથી પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થા અકારી કે પીડાદાયક રહેશે નહીં. પાછલી ઉંમરે તંદુરસ્તી જળવાઈ રહેવાથી કુટુંબના સભ્યોને બોજ લાગશે નહીં.**

★

***પરહિત કાજે ખર્ચેલી એક પાઈની કિંમત, અંગત સ્વાર્થ અને વિલાસ માટે ખર્ચેલા લાખ્ખો રૂપિયા કરતાં વધુ છે. કારણકે એકનો હિસાબ સ્વર્ગના ચોપડે જમા થાય છે ત્યારે બીજાનો તો સીધો જ ધુમાડો થઈ જાય છે. લાખ રૂપિયાના વ્યાજ કરતાં પણ આવી રીતે ખર્ચેલી પાઈનું વ્યાજ વધુ આવે છે!***

***તમે જે વસ્તુ આંતરશો, તે વસ્તુ તમને પ્રાપ્ત નહિં થાય.***

# શ્રી શાંતિલાલભાઈ ગાલા



જન્મ સ્થળ : રાયણ, કચ્છ • જન્મ તારીખ : ૨૯-૦૬-૧૯૪૨

ડાયરેક્ટર : ક્રિએટીવ રિસર્ચ એન્ડ પબ્લિકેશન્સ, નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ.

શ્રી શાંતિલાલભાઈ ગાલા આ સંસ્થાના પાયાની ઈંટ સમાન છે. આજથી લગભગ બાવન વર્ષ પહેલાં આ સંસ્થા શરૂ થઈ ત્યારથી અતિ સખ્ત પરિશ્રમ કરીને શ્રી શાંતિલાલભાઈએ જૂની પ્રિન્ટોલૉજીમાંથી અદ્યતન કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રિન્ટોલૉજી પર સંસ્થાને સ્થિર કરી છે. આજે આ સંસ્થા અસંખ્ય શૈક્ષણિક પ્રકાશનો કરતી તથા ૬૨૫ કરોડનું ટર્નઓવર ધરાવતી વિશાળ અને વિરાટ વટવૃક્ષ સમી બની છે. એનાં મૂળમાં શ્રી શાંતિલાલભાઈનો પ્રસ્વેદ સિંચાયો છે.

કલાત્મક સૂઝ, બાહોશ મુત્સદ્દીપણું, આત્મીય વ્યવહાર, લેખકો સાથે મૈત્રીપૂર્ણ તથા ન્યાયી વર્તાવ, ધૈર્ય વગેરે સદ્‌ગુણો થકી સંસ્થાનાં પ્રકાશનો શ્રેષ્ઠ બન્યાં છે તથા સંસ્થાનો વહીવટ સુચારુ રહ્યો છે.

'મિશન સ્ટેટમેન્ટ - વાજબી કિંમતે વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય આપીને તેમને જે-તે પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે તૈયાર કરવા એ સંસ્થાનો બિઝનેસ મંત્ર છે.' ■

## જીવનની સફળતા - સાર્થકતા માટે : વિકારો કાબૂમાં રાખો


તમારા કામમાં જ્યારે અડચણો આવે ત્યારે તમે સમતુલા ગુમાવો છો, ગુસ્સે થાઓ છો. પરિણામે જે પ્રાપ્ત કર્યું છે તે ગુમાવી બેસો છો. દુર્ગુણોના સમ્રાટ એવા ક્રોધથી ધિક્કાર ભાવ ઊભો થતાં તમે એકલા પડી જાઓ છો. તમારા કોઈ મિત્રો રહેતા નથી. રાગ, દ્વેષ, ક્રોધથી ટેન્શન રહે છે. જેના પરિણામે બ્લડપ્રેશર કે ડાયાબિટીસ જેવા રોગોના કાયમી ભોગ બનવું પડે છે. શરીર અને મન વ્યથાગ્રસ્ત રહેવાથી કાર્યક્ષમતાને અસર થાય છે. જ્યારે માણસ ક્રોધ કરે છે ત્યારે શરીરમાં એડ્રિનાલીન હોર્મોનનો સ્રાવ વધે છે, લોહીના ભ્રમણમાં ફેરફાર થાય છે. લોહીનું દબાણ વધતાં શ્વાસની ગતિ, હૃદયના ધબકારા વધે છે, આંખોની કીકી પહોળી થાય છે, ભૂખ મરી જાય છે, એસિડીટી અને આંતરડાના રોગો થાય છે, રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. આ રીતે ગુસ્સાથી શારીરિક, માનસિક નુકસાન થાય છે, જે વ્યક્તિને પોતાના લક્ષ્ય તરફ આગળ વધવા માટે ભારે અવરોધક સાબિત થાય છે. વ્યક્તિએ ક્રોધનાં તારણો તપાસવા જોઈએ. ભૂખ, થાક, ખરાબ આદત, લઘુતાગ્રંથિ, નિષ્ફળતા, ભૂલોનો અસ્વીકાર, અહંકાર, રોગ, શારીરિક મર્યાદા કે નિષ્ફળ લગ્નજીવન જેવાં કારણોથી ક્રોધ ઉત્પન્ન થાય છે. દ્રઢ સંકલ્પ સેવીને જે મર્યાદા હોય તે દૂર કરી શકાય છે. અંગ્રેજો સામે મહાત્મા ગાંધીજીને ભારે રોષ હતો. પણ તેને ક્રોધના સ્વરૂપમાં વ્યક્ત કરવાને બદલે એમણે 'અસહકાર'નું શસ્ત્ર ઉગામ્યું. પરિણામે અંગ્રેજોએ ગાંધીજી કે કોંગ્રેસને દુશ્મન માન્યા વિના આ દેશમાંથી વિદાય લીધી. અર્જુનને યુદ્ધમાં વિજયી બનવા માટે ભગવાન કૃષ્ણ શસ્ત્રોની સજ્જતાની વાત નથી કરતા પણ મનને સ્થિર રાખવાની સલાહ આપે છે.

માણસ જ્યારે ક્રોધ કરે છે, બીજાનું અપમાન કરે છે, તિરસ્કાર કરે છે, પછી તેને પશ્ચાતાપ થાય છે ત્યારે માફી માંગે છે. 'સોરી' કહે છે. પણ જે મન ઘવાયું છે, તે જલદી રૂઝાતું નથી. એટલે માણસે પોતાના વિકારોનું સતત નિરસન કરવું જોઈએ.

*જે પારકા માટે જીવે છે તેને કિંચિતમાત્ર દુઃખ નથી અને જે પોતાને માટે જીવે છે તેને બધાં જ દુઃખો છે.*

# શ્રી કનકસિંહ ગોકુલદાસ ખીમજી

## (ગોકુલદાસ ખીમજી રામદાસ ગ્રૂપ - મસ્કત)



ઓમાન દેશમાં શ્રી ખીમજીભાઈનું નામ માનાર્થી - પૂજ્યભાવનું રહ્યું છે. તેવી રીતે શ્રી કનકસિંહભાઈ અને શ્રી ખીમજીભાઈનું સંયુક્ત નામ સમાનાર્થી રૂપે જાણીતું છે. તેઓશ્રીએ પોતાની જીવદયા પ્રત્યેની લાગણી અને તેવા સ્વભાવના કારણે અનેકના જીવનમાં સારી રીતે પરિવર્તન કર્યું છે. આ રીતે જોઈએ તો શ્રી કનકસિંહભાઈએ ઓમાન જેવા દેશમાં પોતાના કુનેહ, કૌશલ્ય અને પરિશ્રમથી એક આગવી ભાત ઊભી કરી છે. આ માટે સમગ્ર કચ્છને ગૌરવ થાય તે સ્વાભાવિક છે.

તેઓશ્રી ખીમજી રામદાસ ગ્રૂપના સિનિયર ડાયરેક્ટર છે. માત્ર વ્યવસાય ક્ષેત્રની ઉચ્ચ કક્ષાના કારણે જ નહીં પરંતુ સામાજિક ક્ષેત્રે પણ વ્યાપક પ્રમાણમાં તેઓશ્રીના યોગદાનથી પોતાની એક આગવી પ્રતિભા ઊભી કરી છે.

શ્રી કનકસિંહભાઈનો જન્મ વર્ષ ૧૯૩૬માં મસ્કત - ઓમાન ખાતે થયો હતો. પોતાનો અભ્યાસ પૂરો કરીને વર્ષ ૧૯૫૪માં ખીમજી રામદાસ ગ્રૂપ સંલગ્ન કંપનીઓની લગામ પોતાના હાથમાં લીધી. ઓમાન દેશમાં કન્ઝ્યુમર, લક્ઝરી અને લાઈફ સ્ટાઈલ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોજેક્ટ્સ અને લોજિસ્ટીક વગેરે ક્ષેત્ર જેવી લગભગ ૩૬ વિવિધ ઉત્પાદનવાળા જૂથમાં મે. ખીમજી રામદાસ (કે.આર.) એક અગ્રિમ હરોળમાં છે. ઓમાનને મુખ્ય મથક બનાવીને આજે તેઓશ્રીના ગ્રૂપે ઈન્ડિયા, યુ.એ.ઈ. અને આફ્રિકા જેવા દેશોમાં પોતાના વ્યવસાયિક ક્ષેત્રને વિકસાવ્યું છે. 'વર્લ્ડ ઇકોનોમિક' જેવા મહત્ત્વના ફોરમમાં તેઓશ્રી એક કોર્પોરેટ મેમ્બર છે. મસ્કત ખાતે વર્ષ ૧૯૭૫માં ઇંગ્લિશ માધ્યમવાળી પ્રથમ સ્કૂલની સ્થાપનામાં તેઓશ્રીનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. ભારતીય સમાજ માટે શૈક્ષણિક ક્ષેત્રની તે એક ઐતિહાસિક ઘટના હતી. તેઓશ્રીના જ ફ્લેટમાં ૧૩૫ વિદ્યાર્થીઓ સાથે તે સ્કૂલ શરૂ થઈ હતી. આજે ૩૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા સાથે ૧૯ જેટલી સ્કૂલો કાર્યરત છે. તે સિવાય, ઓમાનમાં ઈન્ડિયન સોશિયલ ક્લબની સ્થાપના અને ત્યારબાદ તેના વિકાસ અર્થે પણ તેમનો મહત્ત્વનો ફાળો છે.

ઓમાનમાં જ્ઞાતિ - સમાજના ઉત્કર્ષ, ખાસ કરીને સામાજિક ક્ષેત્રે તેમનું મહત્ત્વનું યોગદાન છે. આ બધા કારણે શ્રી કનકસિંહભાઈને ઓમાન દેશના નાગરિકનો દરજ્જો પ્રાપ્ત થયો.

**સમગ્ર કચ્છને ગૌરવ છે કે વર્ષ ૧૯૮૫માં ઓમાનના સુલતાનશ્રી દ્વારા અત્યંત કીર્તિવંત એવું 'શેખ'નું બિરૂત આપશ્રીને પ્રાપ્ત કરવામાં આવ્યું. આ પ્રકારનું સન્માન પ્રાપ્ત કરનાર આપ સમગ્ર અખાતી દેશોમાં પ્રથમ અને એકમાત્ર છો.**

આપશ્રી ક્રિકેટ રમતના ચાહક રહ્યા છો અને તે કારણે 'ઓમાન ક્રિકેટ ક્લબ'ની સ્થાપનામાં આપશ્રી સ્થાપક સભ્યપદે રહ્યા છો. ક્લબના કારણે ઓમાન દેશના રમતવીરોને પ્રોત્સાહન મળ્યું છે. ગલ્ફ દેશોમાં વારંવાર ક્રિકેટ મેચોનું આયોજન થાય છે. ઓમાન ક્રિકેટ ક્લબના આપશ્રી ચેરમેનપદે છો અને ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવા આપશ્રી હંમેશાં સક્રિય રહ્યા છો.

ઓમાન દેશમાં ક્રિકેટની રમતના વિકાસ અર્થે આઈ.સી.સી.નો ખૂબ જ ગૌરવવંત 'પેપ્સી આઈ.સી.સી. લાઈફ ટાઈમ સર્વિસ એવોર્ડ - ૨૦૧૧' તાજેતરમાં આપશ્રીને પ્રદાન થયેલ છે.

શ્રી કનકસિંહભાઈની સામાજિક પ્રવૃત્તિઓ માત્ર ઓમાન દેશ પૂરતી મર્યાદિત ન રહેતાં માતૃભૂમિ કચ્છ માંડવીમાં શિક્ષણ ક્ષેત્રે સ્થાપેલ સંસ્થાઓ દ્વારા કન્યાઓના સર્વાંગી વિકાસ અર્થે બહુમૂલ્ય યોગદાન આપીને માતૃભૂમિને ગૌરવ અપાવ્યું છે. સમાજના ખૂબજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે વંચિત ના રહે, તે માટે આપના પ્રયત્નો અને ઉદ્દેશ હંમેશાં રહ્યા છે.

સામાજિક પ્રવૃત્તિઓ ઉપરાંત ભારતીય વ્યવસાયિક ક્ષેત્રને ઉત્તેજન આપવા અને તેના વિકાસ ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં **'પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ'** મેળવનાર આપશ્રી ગલ્ફ વિભાગના પ્રથમ વ્યક્તિ છો. સ્થાનિક કૌશલ્યમય વ્યક્તિઓને પ્રોત્સાહન આપનાર આપ પ્રથમ વ્યક્તિ છો અને ગલ્ફ દેશમાં આપના વિવિધ વ્યવસાય ગૃહો ૩૮૦૦થી વધારે માનવ સંસાધનો ધરાવે છે. **શ્રી કનકસિંહભાઈ કામકાજમાં ખૂબજ વ્યસ્ત હોવા છતાં, જાતિભેદ વિના સમાજના કોઈપણ જરૂરતમંદ વ્યક્તિને સમગ્ર રીતે મદદરૂપ થવા ગમે તે રીતે સમય ફાળવતા હોય છે.**

**તેઓશ્રી હંમેશાં કહેતા હોય છે.... કોઈને હાનિ પહોંચાડવાનું ઘણું આસાન છે પરંતુ કોઈના દિલને જીતવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલીભર્યું છે.** ■

# શ્રી હીરાલાલભાઈ ભાણજી શાહ

હાલના છત્તીસગઢ પ્રાંતના ભીલાઈમાં આવેલ પ્રખ્યાત સિમ્પ્લેક્સ ઉદ્યોગ ગ્રૂપનાં તેઓ ચેરમેન છે. મૂળ કચ્છ મેરાઉ (તા. માંડવી)ના વતની. તેમના વડીલો વર્ષોથી જબલપુર (મધ્ય પ્રદેશ) વસતા હતા. વર્ષ ૧૯૩૫માં જન્મેલા હીરાલાલભાઈને વર્ષ ૧૯૫૩માં જ જ્યારે ભીલાઈના વિરાટ સ્ટીલ પ્લાન્ટનો પાયો પડી રહ્યો હતો ત્યારે જ ભીલાઈ, કે જ્યાં જંગલ સિવાય કંઈ જ નજર આવતું ન હતું, ત્યાં મોકલવામાં આવ્યા. આવી જગ્યાએ એન્જિનિયરિંગ ઉદ્યોગ સ્થાપવાનું કઠિન સાહસ તેમણે કર્યું અને નાના પાયે શરૂઆત કરી.

ભીલાઈ સ્ટીલ પ્લાન્ટના વિકાસ સાથે સિમ્પ્લેક્સનો પણ વિકાસ થતો ગયો અને આજે એ વિશાળ ઔદ્યોગિક સંકુલ બની ગયું છે અને લગભગ ૩૦૦૦ પરિવારોને રોજગારી આપી રહ્યું છે.

તેઓના સિમ્પ્લેક્સ કારખાનાએ દેશના વિવિધ સ્ટીલ પ્લાન્ટ જેવા કે સેલમ, દુર્ગાપુર, બોકારો, બર્નપુર તથા વિશાખાપટ્ટનમ વગેરેમાં પ્લાન્ટ અને મશીનરીનાં કામો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં છે. આ ઉપરાંત પોતાના ઔદ્યોગિક ઉત્પાદનો અમેરિકા, જાપાન, ચીન, ઈટાલી, સ્પેન, ઓસ્ટ્રિયા, જર્મની, ઓસ્ટ્રેલિયા વગેરે વિક્સિત દેશોમાં નિકાસ કરનારી ભારતની ખાનગી ક્ષેત્રની પહેલી કંપની છે.

ભારતમાં પહેલીવાર તેઓએ ચીન સાથે ટેકનિકલ સહયોગ કરી નાની બ્લાસ્ટ ફરનેસ દ્વારા પીગ આયર્નનું ઉત્પાદન સફળતાપૂર્વક કર્યું.

તેઓ ભીલાઈ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સ્થાપક છે અને ૨૦ વર્ષો સુધી તેના સંયુક્ત સચિવ તરીકે સેવા આપી છે. તેઓ ઈન્ડો રશિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં મહાસચિવ પદે રહી ચૂક્યા છે અને આ સંસ્થાનું પ્રતિનિધિત્વ તેઓએ ભારતીય ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળમાં રશિયા ખાતે કર્યું હતું.

ઉદ્યોગ ક્ષેત્રમાં આપેલ ગણનાપાત્ર યોગદાન માટે તેઓને સૌપ્રથમ વર્ષ ૨૦૦૫માં "ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન ફાઉન્ડ્રિમેન" રાંચી (ઝારખંડ) ખાતેના સેમિનારમાં, ત્યારબાદ વર્ષ ૨૦૦૭માં "ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સ"ના ભીલાઈ વિભાગ દ્વારા એમ બે વખત "લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવૉર્ડ" દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

હાલે આ ઉદ્યોગગૃહમાં શાહ પરિવારની ત્રીજી પેઢી સફળતાપૂર્વક કાર્ય સંભાળી રહી છે.

તેમનું ઉદ્યોગ ગૃહ એટલે....

સ્ટીલ પ્લાન્ટનાં સાધનો રશિયા સુધી નિકાસ કરનાર પ્રથમ ભારતીય ખાનગી ક્ષેત્રની કંપની. તેવી રીતે રશિયાની કંપની સાથે ટાઈ-અપ કરવામાં પણ આ ગ્રૂપ સર્વપ્રથમ છે. જે તેની અન્ય સિદ્ધિઓમાં મહત્ત્વની ઉપલબ્ધિ છે.

ઉદ્યોગક્ષેત્ર ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ યોગદાન આપવામાં તેઓ પાછળ નથી રહ્યા. વર્ષ ૧૯૮૫માં તેઓએ બી.એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અને તેની અંતર્ગત બી.એમ. શાહ હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી. છેલ્લામાં છેલ્લા સંસાધનોથી સજ્જ આ હોસ્પિટલનો લાભ સંસ્થાના કર્મચારીઓ ઉપરાંત સામાન્ય જનતા બહોળા પ્રમાણમાં લઈ રહી છે.


તે સિવાય આ ટ્રસ્ટ દ્વારા યોગ્ય વ્યક્તિઓને દવાઓ, કેળવણી વગેરે માટે સહાય અપાય છે અને ટેડસેરા નામના ગામમાં પ્રાથમિકથી હાયર સેકન્ડરી સુધીની શાળા ચલાવવામાં પણ સતત યોગદાન અપાય છે. ■

## જીવનની સફળતા - સાર્થકતા માટે : નિષ્ફળતાથી નિરાશ ન થાઓ

**તમે પુરુષાર્થ કરતા હો ત્યારે પ્રતિકૂળ સંજોગો કે પરિસ્થિતિના કારણે ક્યારેક પીછેહઠ કરવી પડે છે. તે સમયે મનમાં નિરાશા આવે છે. પણ તમારી જાતની નબળાઈ વિરુદ્ધ ફરિયાદ કરો નહિ. જીવનમાં મુશ્કેલીઓ તો આવવાની જ. સંકટ સમયે તમારી બધી શક્તિઓ એકાગ્ર કરીને કામે લગાડો, શક્તિઓને વિકસિત કરો. આપત્તિના સમયે તમારાં બુદ્ધિ, વિવેક અને અનુભવ વધશે. સોનું ભયંકર આગમા તપીને જ શુદ્ધ બને છે. ૧૮૩૧માં અબ્રાહમ લિંકને પોતાની કારકિર્દી શરૂ કરી. પ્રારંભે ધંધામાં નિષ્ફળ ગયા. કોંગ્રેસ માટે ટિકિટ માંગી પણ મળી નહીં. સેનેટ માટે બે વાર ચૂંટણી લડ્યા, જીત્યા નહીં. પરંતુ તે ૨૯ વર્ષ હિંમત હાર્યા કે થાક્યા નહીં. ૧૮૬૦માં રાષ્ટ્રપતિની ચૂંટણી લડ્યા, વિજયી બન્યા અને ગુલામોનાં મુક્તિદાતા બન્યા. બાઈબલમાં કહ્યું છે કે, 'તમારામાં શ્રદ્ધા રાખો. કોઈ વસ્તુ અશક્ય નથી. દરેક સ્થિતિમાં સંતોષ પ્રાપ્ત કરો.' યાદ રાખો કે દરેકનાં ધ્યેય સંપૂર્ણપણે પરિપૂર્ણ થતાં નથી. પણ તમે અધીર બન્યા વિના દૃષ્ટિપૂર્વકની મહેનત, મથામણ કરતા રહો. ધ્યેયમાં થોડી પ્રગતિ થાય તોયે સંતોષનો અનુભવ મેળવતાં શીખો.**

*મન-વચન-કાયાથી ધનની ચોરી નથી કરવી, તેવી પ્રાર્થના કરો તો ઘેર બેઠાં ધનના ઢગલા થાય.*

# શ્રી જયંત શામજી છેડા



શ્રી જયંતભાઈ શામજી છેડા, પ્રિન્સ પાઈપ્સ એન્ડ ફિટીંગ પ્રા. લિમિટેડના સ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર છે. પ્લાસ્ટિક, કૃષિ વિષયક, ફિટીંગ્સ, વાલ્વ વગેરે ઉત્પાદન સાધનોની પોતાની બ્રાન્ડ ધરાવતી દેશની આ ક્ષેત્રે પ્રમુખ અને અગ્રિમ ઉત્પાદક અને વેચાણ ધરાવતી કંપનીઓ પૈકી તે એક છે.

આ કંપનીનું હાલે વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂપિયા ૫૭૫ કરોડ જેટલું છે. જે આવતાં ત્રણ વર્ષોમાં રૂા. ૧૦૦૦ કરોડ સુધી પહોંચવા ધારણા છે.

પ્રિન્સ પાઈપ ફિટીંગ્સ પોતાના ક્ષેત્રમાં બિનવિવાદાસ્પદ નેતૃત્વ ધરાવે છે અને તેની ૧૫૦૦થી વધારે મહત્ત્વની શ્રેણીઓ માર્કેટમાં છે. આ રીતે તે કંપનીએ દેશમાં પ્રથમ શ્રેણીનું સ્થાન હાંસલ કરેલું છે.

ગેલ્વેનાઈઝ્ડ લોખંડ પાઈપ અને ફિટીંગ સામગ્રીઓમાંથી પી.વી.સી. પોલી વિનાઈલ ક્લોરાઈડમાં રૂપાંતર કરવાના કાર્યમાં તે પ્રથમ સ્થાપિત કંપની છે. તે સાથે પોલી પ્રોપીલીન રેન્ડમ (પી.આર.આર.) પાઈપનું ઉત્પાદન શરૂ કરનાર છે. જે ઉત્પાદન ઉષ્ણ અને શીત પાણી ટ્રાન્સમિશન ધારક છે. આ પ્રકારના વાલ્વની ડિઝાઈન માટે પ્રિન્સને ‘બેસ્ટ ડિઝાઈન’ એવોર્ડ મળેલ છે.

પ્રિન્સના પાંચ ઉત્પાદક યુનિટો છે. જે પૈકી ત્રણ સિલ્વાસા, એક હરદ્વાર (ઉત્તરાખંડ) અને એક કચ્છ - ભુજમાં છે. એની કુલ માનવ શક્તિ ક્ષમતા ૨૪૦૦ જેટલી છે.

શ્રી જયંતભાઈ એસ. છેડા એટલે પી.વી.સી. પાઈપ્સ એન્ડ ફિટીંગ્સનું અગ્રિમ પ્રતિક અને તે સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. પાંચ ભાઈઓના પરિવારવાળા શ્રી જયંતભાઈ કચ્છી જૈન પરિવારના સદસ્ય છે. પોતાના યુવાકાળથી જ તેમણે વ્યવસાયનો આરંભ કરી દીધો હતો. તેમના પિતાશ્રી વડાલા - મુંબઈમાં કરિયાણાની દુકાન ચલાવતા હતા. તેમના પિતાશ્રીની મહેચ્છા હતી કે, તેમના બધા પુત્રો વ્યવસાયને સુપેરે ચલાવે અને તે ક્ષેત્રમાં મોટું નામ કમાય. તે વાત શ્રી જયંતભાઈએ નાનપણથી જ ધ્યાનમાં રાખી હતી.

ભાઈઓએ વર્ષ ૧૯૬૫થી ધંધામાં સાહસિક રીતે ઝંપલાવી પદાર્પણ કરવાનો પાકો નિશ્ચય કરી લીધો હતો. તે દિવસોમાં ઉદ્યોગમાં ઝંપલાવવાનો ખ્યાલ કચ્છી સમાજમાં સાંભળવો અસંભવિત હતું. પોતાના ભાઈઓ સાથે શ્રી જયંતભાઈએ ઈલેક્ટ્રોપ્લેટિંગ વ્યવસાયમાં જોડાવવાનું પસંદ કર્યું. જેમાં તેમના ભાઈઓ સાથે રહીને સહાયભૂત થવા તત્પર હતા. પરંતુ શ્રી જયંતભાઈએ તે વ્યવસાય બાદમાં પોતાના હસ્તક લઈ લીધો. તે સમયે તેમના ભાઈઓએ પ્લાસ્ટિકની ઘરવપરાશની ચીજવસ્તુઓ બનાવવાનો આરંભ કર્યો. જેમાં ‘પ્રિન્સ’ નામ હેઠળ બાલદીઓ વગેરે બનાવવાનું વર્ષ ૧૯૭૦માં શરૂ કર્યું. પરિસ્થિતિ અનુસાર શ્રી જયંતભાઈ વર્ષ ૧૯૭૩માં ભાઈઓના વ્યવસાયમાં જોડાયા અને સંપૂર્ણ રીતે કાર્યરત થયા. એટલે પોતાનો ઈલેક્ટ્રોપ્લેટિંગનો કામ સમેટી લીધો.

થોડાં વર્ષો બાદ શ્રી જયંતભાઈમાં રહેલી સૂઝ અને કૌશલ્ય ઝળકી ઊઠ્યા અને તદવિષયક નવા નવા ઉત્પાદનો, સાધનોની શક્યતા તપાસીને સાહસ અભિમુખ થયા. એ રીતે ઉત્પાદનો કરવાની દિશામાં પગરણ માંડ્યા. વર્ષ ૧૯૮૦માં ‘પી.વી.સી. ઉત્પાદન’માં ઝંપલાવવાનો તેમણે નિર્ણય કર્યો. તે સમયે તેમના બે સ્પર્ધકો સુપ્રીમ અને ફિનોલેક્ષ મેદાનમાં હતા. આ પ્રકારના વિરાટકાય સ્પર્ધકો સામે ‘પ્રિન્સે’ કામ કરવાનું હતું. આમ છતાં, આરંભના પ્રથમ વર્ષે જ ૨૫૦ જેટલી ઉત્પાદનોની શ્રેણીનું સર્જન કર્યું અને પી.વી.સી. વ્યવસાયમાં અગ્રિમ

*મન-વચન-કાયાથી સત્ય બોલો તો વચનસિદ્ધિ પ્રાપ્ત થાય.*

હરોળમાં પહેલ કરી. ત્યારબાદ આ વ્યવસાય ખૂબ વિકસ્યો હતો તેવા સમયે વર્ષ ૧૯૯૭માં તેમના ભાઈઓએ અલગ થઈને પોતાના સ્વતંત્ર વ્યવસાયનું નિર્માણ કર્યું. જ્યારે શ્રી જયંતભાઈએ પી.વી.સી. પાઈપ્સ એન્ડ ફિટીંગ્સ ક્ષેત્રમાં ઉત્પાદન કરવાનું પસંદ કર્યું. ભાઈઓ સ્વતંત્ર થવાના કારણે વ્યવસાય વ્યવસ્થા, નાણાંકીય બાબતો જેવા પ્રશ્નો સામે આવ્યા. શ્રી જયંતભાઈ માટે આ એક નવો અનુભવ હતો. પરંતુ તેવી સ્થિતિમાં પણ શ્રી જયંતભાઈને જ્વલંત સફળતા મળી. 'વ્યવસાયમાંથી નિરંતર નવું શીખતા રહેવું' — વ્યવસાય ક્ષેત્રે સફળતા હાંસલ કરવા માટે તેઓશ્રીનું તે સૂત્ર હતું. આજે તેમની ૬૫ વર્ષની વયે પણ નવું શીખવા એટલા જ તત્પર હોય છે. નવા વિચારોના પ્રયોગ અથવા તેનાં અમલીકરણ માટે તેઓશ્રી સક્રિય છે. તેમની ૪૨ વર્ષની વયે બાયપાસ સર્જરી બાદ તેઓ આઈ.આઈ.એમ.-એ માં વ્યવસાયલક્ષી એક ટૂંક કોર્સમાં જોડાયા.

તેમનાં વરિષ્ઠ પુત્ર શ્રી પરાગ છેડા, યુ.એસ.એ.માં બિઝનેસ વહીવટનો કોર્સ કરીને પિતાશ્રી સાથે વ્યવસાયમાં જોડાયેલા રહ્યા છે. શ્રી પરાગ છેડા વ્યવસાયલક્ષી વિસ્તરણ કામગીરીમાં તેમના પિતાશ્રીને સહાયભૂત થાય છે. જ્યારે તેઓશ્રીના નાના પુત્ર શ્રી વિપુલ છેડા વર્ષ ૧૯૯૯માં પિતાશ્રીના વ્યવસાયમાં જોડાઈને માર્કેટિંગ વગેરે બાબતો સંભાળે છે.

**તેમના પુત્રોએ પુરવાર કર્યું છે કે તેઓ કોઈપણ કઠિન શ્રમથી વિચલિત નહીં થાય અને ખરેખર, તેમના પ્રયાસોએ 'પ્રિન્સ'ને નવી ઊંચાઈઓ બક્ષી છે.**

માનવ સંસાધનો શ્રી જયંતભાઈની અસ્ક્યામત જેવા છે. બધા જ કર્મચારીઓને પોતાના પરિવારના સભ્યો ગણે છે. તેવી રીતે બધા જ કર્મચારીઓ શ્રી જયંતભાઈનું આદર સન્માન કરી પોતાના વડા લેખે છે. તેમાંના કેટલાક ત્રણ દાયકાથી આ કંપની સાથે સંકળાયેલા છે. અહીં ઉત્સાહી યુવાન જૂથ, વયસ્ક અને અનુભવી સભ્યોનો અનુભવ મેળવીને કામગીરી કરે છે.

શ્રી જયંતભાઈના પરિવારના સૌ સભ્ય કોઈપણ પર્વ કે પ્રસંગ બધા સાથે રહીને ઊજવતા હોય છે. શ્રી જયંતભાઈનો પ્રગતિશીલ સ્વભાવ પરિવારમાં સૌ સભ્યોને, ખાસ કરીને મહિલા સભ્યોને એકજૂટ રાખવામાં દેખીતી રીતે જ કારણભૂત છે. તેઓશ્રીના પત્ની તરલાબહેન પણ સામાજિક પ્રવૃત્તિઓમાં પૂરેપૂરા સંકળાયેલા રહે છે. તેઓ હાલમાં કચ્છી મહિલા ફેડરેશનના ચેરમેન છે.

શ્રી જયંતભાઈ, સ્વામી વિવેકાનંદના ઉપદેશમાંથી અખૂટ પ્રેરણા અને બળ મેળવે છે અને તેઓશ્રીને મહાપુરુષો તેમજ વિભૂતિઓના જીવન ચરિત્રો વાંચવા ખૂબ ગમે છે. ગમે તે સમયે આમ આદમી સાથે વાતચીત કરવા તેઓ તત્પર હોય છે અને દરેકને સુખ - સગવડો પ્રાપ્ત થાય તેવું વિચારતા હોય છે. આ જાતનો તેમનો વ્યવહાર તેમનાં વ્યવસાયમાં ચોક્કસપણે મદદરૂપ નીવડે છે.

મજબૂત મનોબળ, મક્કમ નિર્ધાર અને ઉચ્ચ નિર્ણયશક્તિ શ્રી જયંતભાઈની સફળતાની યશકલગીરૂપ છે. તેઓ હંમેશાં કહેતા હોય છે **"હું દરેક પાસેથી કંઈક શીખવા માગું છું." જગતમાં તો ઘણું છે પરંતુ આપણે તેમાંથી ગમતું જ ગ્રહણ કરવું જોઈએ. લોકોમાં જે સારું હોય તેને અવશ્ય ગ્રહણ કરો અને બાકીનું છોડી દેવું જોઈએ.** દરેક વ્યક્તિમાં સારા ગુણો હોય જ છે, તેમ તેઓશ્રી સ્પષ્ટપણે જણાવે છે. ■

## કર્યું કોઈનું જતું નથી


**નવી પેઢીના જુવાનોને કોઈ પણ કાર્ય કરે તેનું ફળ તરત જોઈએ છે. ઘણા લોકો તો નજર સામે ફળ ન દેખાય તો કંઈ કામ જ ન કરે. કેટલાક તો સફળતાની ગેરંટી ન હોય તો કામ હાથમાં ન લે. પણ આ લોકોએ નોંધી લેવું જોઈએ કે ઈશ્વરના દરબારમાં દરેક નાનામોટા કાર્યની નોંધ લેવાય જ છે. તમે વિચારો છો ત્યારે જ તમે એક મોટી જબ્બર જગ્યાને ભરી દો છો. તમે કરેલો વિચાર પણ વ્યર્થ જતો નથી તો પછી કરેલું કાર્ય કેમ વ્યર્થ જાય? વળી પુરૂષાર્થ કરવામાં ભૂલ થાય તો તેની પણ કિંમત છે. તમારા દરેક કર્તૃત્વની એક ઈમારત ચણાય છે. એટલે ફળ મળવાની આશા વગર જ કામ કરો. કશું જ નિષ્ફળ જતું નથી. કોઈ મિત્રને મદદ કરી હોય તો તેનો બદલો આપોઆપ મળી જ રહે છે. તમે જે કાંઈ સારૂં-નરસું કરો છો તેનાથી તમારાં પુણ્યકાર્યોનું મંદિર બંધાય છે. નરસા થયા પછી તમે વધુ સારા થાઓ છો એ ન ભૂલશો.**

## સાહસે શ્રી

**સંસ્કૃતમાં કહેવત છે કે સાહસ કરશો તો લક્ષ્મી મળશે. તમે જે સંઘર્ષ કરો કે સમસ્યા સામે મેદાને પડો તેમાં ખરેખરું જોખમ ન હોય તો પછી તે લડાઈમાં જીત થાય તેનો કોઈ સ્વાદ નથી. માટે જોખમથી ડરવું ન જોઈએ. જીવસટોસટના ખેલમાં જ મજા છે. સુંવાળે રસ્તે જીત મળે તેમાં કોઈ મજા નથી. એટલે જ્યાં જ્યાં જોખમ ખેડવાનું હોય ત્યાં જોખમ ખેડો. તે પછી જે જીત થશે તેનો સ્વાદ અનેરો આવશે. જાણીતા કવિ ટી.એલિયટે કહ્યું છે, 'આપણે તો કોશિશ કરવાની છે અને કમર કસીને કોશિશ કરવાની છે. ફળ તો મળશે જ. જેટલી કમર વધુ કસી હશે તેટલું ફળ વધું સ્વાદિષ્ટ હશે.'**

*અધિકારનો દુરૂપયોગ કરો તો સત્તા જતી રહે છે.*

# શ્રી કાંતિસેનભાઈ શ્રોફ



શ્રી કાંતિસેનભાઈ શ્રોફે ૧૯મી સદીના યુરોપિયન વૈજ્ઞાનિકોને પોતાના આદર્શ સમજીને ભારતને કૃષિ અને રસાયણોમાં સ્વાવલંબી બનાવવાનું એક અદ્‌ભુત સ્વપ્ન જોયેલ હતું. ત્યારબાદ પોતાના અવિરત પ્રયાસો, ખંત અને નિષ્ઠા દ્વારા તે ક્ષેત્રે કામગીરી આરંભી. તેના પરિણામ સ્વરૂપે પોતાના પરિવારના ભાઈઓ શ્રી સી.સી. શ્રોફ અને શ્રી જી.સી. શ્રોફની સાથે રહીને વર્ષ ૧૯૪૧માં રસાયણ બનાવતી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝનું નિર્માણ કર્યું.

માત્ર સેવાકીય ઉદ્દેશથી શરૂ કરાયેલ આ કંપનીએ હરણફાળ ભરીને તેના ઉત્પાદન ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધી અને તેનાં પરિણામે વર્ષ ૧૯૬૮ સુધીમાં તો કંપની લગભગ ૧૦૦ જેટલાં ખૂબજ ઉપયોગી રસાયણોનું ઉત્પાદન કરવા લાગી હતી.

ખેતીપ્રધાન ભારત દેશમાં તે સમયે જંતુઓ દ્વારા ખેત પેદાશોને નુકસાન પહોંચાડવામાં આવતું હતું. આ નુકસાનને અટકાવવા વર્ષ ૧૯૫૬માં ભારત સરકારને તાત્કાલિક ઉપાય કરવાની જરૂરત જણાઈ. તે માટે ખાસ પ્રકારનાં રસાયણોની આવશ્યક્તા તરફ ધ્યાન ગયું. એક્સેલ ગ્રૂપે આ પડકાર ઉપાડી લીધો. એક્સેલ ઈન્ડસ્ટ્રીઝે સૌપ્રથમ કૃષિ ઉપયોગી અનેક પ્રકારનાં રસાયણોનું ઉત્પાદન હાથ ધર્યું અને ટૂંક સમયમાં તે ક્ષેત્રે સારી સફળતા હાંસલ કરી. કૃષિ પેદાશોને જીવતદાન મળવા લાગ્યું. જંતુઓ દ્વારા થતી નુકસાની અટકી ગઈ. આ ક્ષેત્રે ભારતને સ્વાવલંબી બનાવવાનાં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝનો ફાળો નોંધનીય છે. અલબત્ત, સરકાર દ્વારા પણ તેમાં સહકાર મળતો રહ્યો.

આ પ્રકારે કૃષિ ક્ષેત્રની શ્રેષ્ઠ સંશોધાત્મક કામગીરી અને તે પ્રત્યેની નિષ્ઠાના પરિણામે વર્ષ ૧૯૬૪થી કંપનીને અગત્યના ઍવોર્ડસ મળતા ગયા. જે કંપનીની ઉત્પાદન ક્ષમતાનું મહત્ત્વ બતાવે છે.

કંપનીએ પોતાની ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત ફલક પર લઈ જવાના ઉદ્દેશથી વર્ષ ૧૯૬૯માં ભાવનગર ખાતે એક વિશાળ કક્ષાની અન્ય ફેક્ટરીનું નિર્માણ કર્યું. કૃષિ ક્ષેત્રે અને ખેડૂતો સાથે સતત સંપર્કના કારણે ગ્રામ્ય વિસ્તાર અને ત્યાંના લોકોના ઉત્કર્ષ માટે ઘણું કરી શકાય તેમ છે, તેવી શક્યતાઓ શ્રી કાંતિભાઈ શ્રોફે જોઈ.

આ હકીકત નજર સમક્ષ રાખીને વર્ષ ૧૯૭૪થી તેમણે કચ્છ જિલ્લામાં પોતાની કામગીરીની શરૂઆત કરી. આ ક્ષેત્રે પરિણામ લાવવા માટે ગ્રામ્ય વિસ્તાર જ મુખ્ય સ્રોત છે, તેવું તેમણે જોયું. આ કારણે લોક-સહકારથી વરસાદના પાણીનો સંગ્રહ કરવાનું કામ પ્રથમ હાથ પર લીધું. તેમના આ પ્રથમ પ્રોજેક્ટને અનન્ય સફળતા સાંપડી. એટલું જ નહીં, પરંતુ ભારત સરકારના ગ્રામ્ય વિકાસ ખાતાનું ધ્યાન પણ તે તરફ આકર્ષાયું.

આ પ્રકારની કામગીરીને વધારે અસરકર્તા બનાવવાના ઉદ્દેશથી તેમણે વર્ષ ૧૯૭૮માં કચ્છમાં માંડવી ખાતે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. તેના પરિણામે કચ્છના ખેડૂતોના અને માલ ધારકોના વિશિષ્ટ પ્રશ્નો સમજવાની તક પ્રાપ્ત થઈ. એક ઉદ્યોગ સાહસિકની નજરે ગ્રામ્ય વિસ્તારના અને ખેડૂત વર્ગના અનેક પ્રશ્નોના સરળ ઉપાયો શોધવાની નવી દિશા પણ તેમણે જોઈ. આની ફળશ્રુતિરૂપે અન્ય કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને કચ્છ જિલ્લામાં કામગીરી કરવા માટે આકર્ષણ થયું. આ રીતે પરસ્પર સાથ - સહકારથી વાવાઝોડા અને ભૂકંપ જેવી કુદરતી આફતોના સમયે અસરકારક રીતે રાહતની કામગીરી કરવા શક્તિમાન થયા.

તેઓએ વર્ષ ૧૯૯૬થી કચ્છને પોતાનો મુકામ બનાવ્યું છે. આ રીતે, કચ્છના ગ્રામ્ય જીવનને અને ત્યાંની સામાજિક સ્થિતિને સમજવાની

*'સિન્સિયારિટી' ને 'મોરાલિટી' ભગવાન પાસે જવાનો 'મેઈન રોડ' છે, બીજા બધાં જ 'બાય વે' છે.*

અને તે ક્ષેત્રે યોગ્ય કામગીરી કરવાની તક તેઓએ ઝડપી છે અને તેમાં સારી એવી સફળતા હાંસલ પણ કરી છે.

હાલે તેઓ કચ્છ - માંડવીમાં રૂકમાવતી નદીના પાણીના વહેણની આસપાસનાં ૪૬ ગામોને આવરી લેતી સામૂહિક વિકાસ યોજના હેઠળની કામગીરી કરી રહ્યા છે. જે ભવિષ્યમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ સર્જીને પ્રદૂષણમુક્ત ઔદ્યોગિક વિકાસ તરફ આગે કદમ માંડી શકશે. એટલું જ નહીં, પરંતુ તે કામગીરી સામાજિક વિકાસની એક દીવાદાંડી બની જશે.

શ્રી કાંતિસેનભાઈના અથાગ પરિશ્રમ અને પ્રયાસોના પરિણામથી આ ક્ષેત્રે સફળતાનાં સોપાનોને આંબી શકાયાં છે, તે હકીકત છે.

- **ઍવોર્ડ્સ અને પ્રશસ્તિ :**

શ્રી કાંતિસેનભાઈ શ્રોફ અને તેમની કંપનીની ઉત્કૃષ્ટ કામગીરીને પરિણામે પ્રાપ્ત થયેલા ઍવોર્ડ્સ અને સન્માનની વિગત નીચે મુજબ છે :

૧. ઈકોનોમિક ટાઈમ્સ - હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ ઍવોર્ડ

૨. બોમ્બે ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનો ‘બેસ્ટ કોર્પોરેટ સિટિઝન ઍવોર્ડ’

૩. ‘જમનાલાલ બજાજ ફેઅર બિઝનેસ પ્રેક્ટિસિસ ઍવોર્ડ’

૪. ભારતીય રસાયણ ઈન્ડસ્ટ્રીઝના વિકાસ અને વૃદ્ધિ માટે આપેલ પ્રદાન બદલ વર્ષ - ૨૦૧૧માં ‘લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ.’

૫. પર્યાવરણના પ્રશ્નો પરત્વે સંશોધક કામગીરી માટે કેમટેક ફાઉન્ડેશન દ્વારા ‘એનવાયરનમેન્ટાલિસ્ટ ઑફ ધ યર - ૧૯૮૩’

૬. મલયામ મનોરમા ગ્રૂપના “ધ વિક” મેગેઝીન દ્વારા ‘મેન ઑફ ધ યર ફોર ૧૯૯૫’ તરીકે શ્રી કાંતિસેનભાઈની પસંદગી થઈ હતી.

૭. શ્રી સૌરાષ્ટ્ર લોકમંચ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા વર્ષ ૧૯૯૫માં ‘રાષ્ટ્રીય જળસંચય અભિયાન’નો ખાસ ઍવોર્ડ મેળવનાર તેઓ સૌપ્રથમ હતા.

૮. ઈન્ડિયન એનવાયરનમેન્ટલ એસોસિએશન - મુંબઈ દ્વારા વર્ષ ૧૯૯૯-૨૦૦૦નો ‘ધ ઍવોર્ડ ઑફ એક્સેલન્સ’.

આ ઍવોર્ડ પર્યાવરણ અને તે ક્ષેત્રે સંશોધાત્મક કામગીરી, તેનો વિકાસ અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન તેમની ઉત્કૃષ્ટ સામાજિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને પ્રદાન થયો હતો.

૯. મહારાષ્ટ્ર રાજ્યમાં સ્કાઉટ ચળવળ ક્ષેત્રે મહત્ત્વના પ્રદાન બદલ ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા માસ નવેમ્બર-૧૯૯૧માં ‘સિલ્વર સ્ટાર ઍવોર્ડ’ શ્રી કાંતિસેનભાઈને મળ્યો હતો.

આ સિવાય, શ્રી કાંતિસેનભાઈ રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તે મિશન હસ્તક સુરત, આંધ્રપ્રદેશ, મોરબી, લાતૂર અને ઓરિસ્સા ખાતે ચાલતા “ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ”માં પણ સક્રિયપણે કામગીરી બજાવેલ છે. ■

---

## યહ દિન ભી ચલા જાયેગા


**તકલીફોના ડુંગર ખડકાઈ જાય અને તેમાંથી હવે પાર ઊતરાશે જ નહિ તેમ ચોખ્ખું દેખાય છતાં માણસ જો નિષ્ઠાવાન હોય અને સત્યમાં શ્રદ્ધા રાખતો હોય તો છેલ્લી ઘડીએ કંઈ ને કંઈ ઉકેલ આવી જાય છે. ખરાબ દિવસોથી મૂંઝાવું નહિ. ‘યહ દિન ભી ચલા જાયેગા.’ એ વાક્યને કંઠસ્થ કરીને હંમેશાં આશાવંત રહેવું જોઈએ, કારણકે અંત ઘડીએ ભગવાન આપણામાં એવું બળ આપી દે છે કે આપણે તમામ કપરા સંયોગોને પાર કરીને હેમખેમ બહાર આવીએ છીએ.**

## અસલાતીને પચાવતા શીખો

**ભારતનો યુવાન હજી ઊગીને ઊભો થાય છે ત્યાં જ તેને ગેરંટેડ નોકરી જોઈએ છે. એકદમ સલામતી આપે તેવી નોકરી અને ખૂબ વફાદાર રહે તેવી પત્ની જોઈએ છીએ. તેને અસલામતીનો ભય લાગે છે. આ એક બાળકપણું છે. જે માણસ અસલામતી અને અચોક્કસ સ્થિતિને પચાવી શકે છે તે જ પાકટ ગણાય છે. માનવીએ કુદરતનાં અપરિચિત બળો સામે ઝઝુમવાનું હોય છે. જીવનમાં અકસ્માતો આવે તેને મોભા સાથે અને મક્કમ મન સાથે પહોંચી વળવાનું એરિસ્ટોટલ નામના વિદ્વાન કહી ગયા છે. કોઈ પણ ખરાબ સંયોગ આવે તેને વળોટી જવાની તાકાતત્યારે જ આવે છે જ્યારે તમે અસલામતીથી ડગતા ન હો. સલામતી ઝંખ્યા કરવામાં જીવનની મોજ ઊડી જાય છે.**

*તિરસ્કાર અને નિંદા જ્યાં હશે ત્યાં લક્ષ્મી નહિ રહે*

# શ્રી બુદ્ધિચંદભાઈ હીરજીભાઈ મારુ



કચ્છી જ્ઞાતિનું સુપ્રસિદ્ધ વ્યક્તિત્વ ગણાતા શ્રી બુદ્ધિચંદભાઈ મારુ કચ્છ જિલ્લામાં હાલાપર ગામના છે. તેઓશ્રી શેમારુ ગ્રૂપની કંપનીઓના સ્થાપક છે. તેમણે પ્રાથમિક શિક્ષણ ધોરણ-૧થી ૪નું વર્ષ ૧૯૪૯ સુધીમાં શ્રી પાનબાઈ ઠાકરશી મારુના પ્રભાવ નીચે લીધું. જ્યારે ધોરણ-૭ સુધીનું શિક્ષણ તેમના વતન હાલાપરમાં લીધું હતું. માટુંગાની કેટલીક જૈન બોર્ડિંગમાં રહીને તેઓશ્રીએ વર્ષ ૧૯૫૫માં મેટ્રિક પાસ કરી. ત્યારબાદ પોદ્દાર કૉલેજ - મુંબઈમાં કૉમર્સનો અભ્યાસ કર્યો હતો.

વર્ષ ૧૯૫૭થી ૧૯૬૧ 'કમલ બુક લાઈબ્રેરી'માં કામ કર્યા બાદ વર્ષ ૧૯૬૨થી સ્વયં પ્રેરણાના બળે તેઓશ્રીએ 'શેમારુ બુક લાઈબ્રેરી' નામે એક લાઈબ્રેરી શરૂ કરી હતી. તે ક્ષેત્રે અથાગ, અવિરત પ્રયત્નોના પરિણામે આજે 'શેમારુ એન્ટરટેઈનમેન્ટ' એક સામ્રાજ્ય જેવું રૂપ ધારણ કરીને ઊભું છે. એટલું જ નહીં, તેની સીમાઓ વિસ્તારીને 'સોની ટેલિવિઝન' કંપનીના શેર પણ તેઓ ધરાવે છે. પોતાના ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અપનાવી, તેને વ્યાપક રીતે વિસ્તારી છે. આ વર્ષે 'શેમારુ' તેનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહ્યું છે.

સામાજિક હેતુ માટે પોતાનું જીવન સમર્પીને તેમણે માતૃભૂમિ પ્રત્યેની તેમની ચાહનાની પ્રતીતિ કરાવી છે. વતન પ્રેમની આ મિસાલરૂપ છે. શ્રી બુદ્ધિચંદભાઈએ પોતાના વતન હાલાપર, નાના કારોડિયા ગામોને દત્તક લઈ અપનાવ્યાં છે અને વર્ષ ૨૦૦૧ના ભૂકંપથી અસરગ્રસ્ત કેટલાંક આજુબાજુનાં ગામોને પુનર્વસવાટ યોગ્ય બનાવ્યાં છે. ભૂકંપનો ભોગ બનેલાં ગામોને બેઠાં કર્યાં છે. આ ગામોને પુનર્વસવાટ દ્વારા માત્ર પુનર્જિવિત જ નથી કર્યા પરંતુ તેમને પાયાની બધી જ સુવિધાઓ પણ પૂરી પાડી છે.

તેમનું એક સ્વપ્ન છે કે મુંબઈ - અમદાવાદ જેવી તબીબી સગવડ, સારવાર કચ્છના ગામડાંઓમાં પણ પ્રાપ્ત થાય. તેઓશ્રીએ પોતાની જાતને આરોગ્ય સેવાને સમર્પિત કરી છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી લીલાધરભાઈ ગડાને તબીબી સેવાકીય ક્ષેત્રે મજબૂત પીઠબળ પૂરું પાડી, માનવજાતની સેવામાં હંમેશાં રત રહ્યા છે.

**તેઓશ્રીની અન્ય સામાજિક પ્રવૃત્તિઓ :**

- હાલાપર જૈન મહાજનમાં છેલ્લાં પાંચ વર્ષોથી પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.
- છેલ્લાં પાંચ વર્ષથી પ્રમુખ તરીકે ગોધરા કન્યા છાત્રાલયને સેવા આપી રહ્યા છે.
- ભોજાય સર્વોદય ટ્રસ્ટ સંચાલિત ભોજાય હોસ્પિટલને વિવિધ પ્રકારની સક્રિય સેવાઓ આપી રહ્યા છે.
- કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના તેઓ સક્રિય સભ્ય છે.
- તેઓશ્રી આ સંદર્ભે કચ્છ જિલ્લાને હરિયાળો બનાવવાના અને પર્યાવરણ જાળવવાના કાર્યમાં કાર્યરત છે.
- મુંદ્રાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તેઓ સક્રિય સભ્ય છે અને ખેડૂતોની સુખાકારી, હિત અને વિકાસની પ્રવૃત્તિમાં સંલગ્ન છે.
- માનવ કલ્યાણ સોસાયટી અને જનકલ્યાણ માનવ સોસાયટી સાથે સંકળાયેલા રહીને બહેરા, મૂંગા અને શારીરિક રીતે વિકલાંગોને સહાયભૂત થવા તેઓશ્રી હંમેશાં કાર્યરત રહે છે.

આ ઉપરાંત અન્ય સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક, સુરક્ષા અને પર્યાવરણ, માનવ કલ્યાણનાં કાર્યોમાં તેઓશ્રી પ્રવૃત્ત રહે છે.

નિઃસ્વાર્થ સેવા અને સમર્પિત ભાવ તેઓશ્રીના વ્યક્તિત્વનાં લાક્ષણિક વિશિષ્ટ તત્ત્વો છે અને આ બધાના કારણે 'નેત્રદીપક' ઍવોર્ડ દ્વારા તેઓશ્રીનું બહુમાન થયેલું છે. ■

*ક્રોધનો બચાવ કરવો, એ જ ક્રોધનો ખોરાક છે.*

# અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ

• દિનેશ આર. મહેતા •

*આય વલો અસાંજો વતન,*
*મુંજી માતૃભૂમિ કે નમન...*

સૌને 'કચ્છી નયેં વરેજી વધાઇયું', કચ્છી નવા વર્ષ નિમિત્તે હાર્દિક અને ભીની ભીની શુભેચ્છાઓ.

કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતિગળ ભૂમિ. અષાઢી બીજ- કચ્છી માડુઓના નૂતન વર્ષનો એક અનોખો દિવસ. અષાઢી બીજના સમગ્ર કચ્છીજનોનું હૈયું હેલે ચડે. દેશ-વિદેશમાં કચ્છી માડુ એકબીજાને અષાઢી બીજના પ્રસંગે 'ભાવરેં કે નયેં વરેજા સાલ મુબારક' કહીને સર્વે શુભેચ્છા પાઠવતા હોય છે. આ રીતે, ચારે તરફ સૌ, આશાઓ અને નવી ચેતનાના પ્રેરક દિવસ તરીકે અષાઢી બીજને દિલના ઉમંગથી વધાવતા હોય છે.

બૃહદ કચ્છમાં આ પ્રસંગની જોશભેર ઉજવણી થતી હોય છે. તે સિવાય, અમદાવાદ, મુંબઇ, હૈદ્રાબાદ, ચેન્નઇ, મદુરાઇ, કોલકત્તા અને જ્યાં જ્યાં કચ્છવાસીઓ વસ્યા છે ત્યાં કચ્છનો માહોલ ઊભો કરીને આ દિવસે અચૂક ઉજવણી કરે છે. વતનથી સેંકડો માઇલ દૂર કચ્છીયતને ઉજાગર કરીને નવા વર્ષને પરસ્પર મિલન અને શુભેચ્છાઓની આપ-લેનું કચ્છીઓ એક નિમિત્ત બનાવે છે. કેટલાંક વર્ષથી કચ્છ-માંડવીમાં અષાઢી બીજનાં દિવસે દરિયાલાલનો ભવ્ય મેળો રંગ જમાવતો હોય છે ત્યાં દરિયા કિનારે પૂજા-અર્ચના દિલના ભાવથી કરવામાં આવે છે. કચ્છના ગામડાંઓમાં પણ આ દિવસે આનંદથી ઉજવણી કરવાની પ્રથા આજે પણ મોજૂદ છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સિમાડે હોતાં, તેનાં અમુક પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસતી જોવા મળે છે. ઘણાં વર્ષો અગાઉ કચ્છ વિસ્તારની મુલાકાત લઇ ચૂકેલાં સાધુ-સંતોએ જણાવ્યું હતું કે કચ્છ પ્રદેશના લોકો અને અશ્વો ઉત્તમ કક્ષાના છે અને ત્યાંના હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવના છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે, તેવી બીજે ક્યાંય જોવા મળશે નહીં. આ રીતે, કચ્છની ધીંગી ધરાના દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે, તેમ અન્યત્ર કહેવાઇ રહ્યું છે તેમાં કાંઇ અતિશયોક્તિ નથી.

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ...' વાળી પંક્તિ મુજબ, તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે. વરસાદના એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમિયાન, સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે આ અષાઢી બીજના દિવસે વ્યક્ત કરી લેતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ. આ દિવસે, હંસાપીરદાદા જેવા સ્થળોએ ઉમંગભેર રીતે આખી રાત્રિ ઉર્સ-મેળાનું આયોજન થતું હોય છે.

કચ્છમાં અષાઢી બીજથી શરૂ થતા નવા વર્ષની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઇ હશે, તે બાબતે જુદા જુદા અભિપ્રાયો અને માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં અનેક દંતકથાઓ પ્રચલિત છે.

કચ્છી નવા વર્ષનો સીધો સંબંધ કચ્છના દરિયાઇ, ખાસ કરીને વિદેશ વેપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણાં દેશો સાથે સદીઓ સુધી અગત્યનો હિસ્સો હતો. તે સિવાય, કચ્છના અન્ય નાના બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ખાસ કરીને, કચ્છનો દરિયાઇ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ પ્રમાણમાં રહેતો હતો. આ રીતે, વેપારના હેતુસર દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા-અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાના વહાણોને શણગારીને ઉત્સવને માણતા હતા. જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ મુજબ, જે-તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હોવાથી તે દિવસને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજ દરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઠાઠમાઠથી થતી હતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરવાનું આયોજન કરીને રાજા અને પ્રજાનું સ્નેહમિલન થતું હતું. શુકનરૂપે અષાઢી બીજનાં દિવસે સ્થાનિક ચલણ કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ બધી પરંપરા લુપ્ત થતી ગઇ છે. તેમ છતાં, નાળિયેર અને સાકર હાથમાં લઇને ચંદ્રદર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઇ રહી છે.

નોંધનીય છે કે, ભારતમાં અનેક સ્થળે નવા વર્ષની ઉજવણી કારતક અથવા ચૈત્ર માસમાં થતી હોય છે. માત્ર કચ્છ એક એવો પ્રદેશ છે કે જ્યાં નવા વર્ષની ઉજવણી ચોમાસાના અંતે નહીં પરંતુ શરૂઆતમાં એટલે કે અષાઢી બીજના રોજ થાય છે.

આજે પણ અષાઢી બીજના દિવસે મંદિરોમાં દર્શન કરવા જવાનું તેમજ વડીલો અને સ્નેહીઓને મળીને શુભેચ્છા પાઠવવાનો રિવાજ લોકોના અમુક વર્ગમાં ચાલુ છે. તે દિવસે પરિવારજનો મીઠાઇ ખાઇને અષાઢી બીજની માનભેર ઉજવણી આજે પણ કરે છે.

સમસ્ત કચ્છી પ્રજાને અષાઢી બીજની હાર્દિક વધાઇ. ■

*પુસ્તક વિનાનું ઘર બારી વિનાના મકાન જેવું છે.*

# ભૂકંપ પછીનું કચ્છ

• કીર્તિ ખત્રી •

કુદરતના અભિશાપને આશીર્વાદમાં પલટીને કચ્છમાં નવસર્જનનો ઇતિહાસ સર્જાયો છે એ અજોડ છે. ૨૦૦૧ પહેલાં કચ્છની મુલાકાત લેનાર વ્યક્તિ દાયકા પછી આજે એકાએક અહીં આવી ચડે છે તો આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય એટલી હદે કચ્છની કાયાપલટ થઇ ચૂકી છે. એક સમયે દુકાળિયા અને પછાત વિસ્તાર તરીકે જાણીતો મુલક આજે ગુજરાતના વિકાસનો માણેકથંભ બની ગયો છે. મહાવિનાશક ભૂકંપ પછી કચ્છને આર્થિક રીતે બેઠું કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે ટેક્સ હોલીડેની જાહેરાત કરી ત્યારે કોઇએ કલ્પના પણ નહીં કરી હોય કે ઔદ્યોગિક મૂડીરોકાણનો પ્રવાહ સરહદી જિલ્લા ભણી વળી જશે અને એક દાયકામાં તો એ દોઢ લાખ કરોડ રૂપિયાની આકાશી ઊંચાઇએ પહોંચી જશે. કોઇપણ માપદંડથી મૂડીરોકાણનો આ આંક ઔદ્યોગિક ક્રાંતિના પુરાવા સમાન છે. આઝાદી પછીનાં પચાસ વર્ષમાં જે નથી થઇ શક્યું એ માત્ર એક દાયકામાં ચમત્કાર સર્જાયો હોય એ રીતે થયું છે. આ ઉપરાંત ૬૦૦ કિ.મી. દૂરથી નર્મદાનાં પાણી પાઇપલાઇન મારફત પહોંચાડીને કચ્છી માડુની તરસ કાયમ માટે છિપાવાનું અભિયાન, સ્વતંત્ર કચ્છ યુનિવર્સિટીની રચના, ભારતના પ્રવાસન નકશામાં કચ્છના રણને સ્થાન અને માળખાકીય સુવિધાઓના ચોગરદમ પથારાને ધ્યાનમાં લઇએ છીએ ત્યારે એમ લાગે છે કે કચ્છનો ખરે જ સર્વાંગી વિકાસ ભૂકંપ પછી થયો છે.

ઐતિહાસિક નવસર્જન, અને બેનમૂન વિકાસ કૂચની યશગાથાના એકથી વધુ સહભાગી છે. પ્રથમ તો કચ્છી પ્રજા જે અનેક કુદરતી આપત્તિઓનો સામનો કરીને ફરી બેઠા થવાનું ખમીર ધરાવે છે. તે પછી રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વૈશ્વિક નાણાં સંસ્થાઓ. બહારથી જે પણ નાણું આવ્યું તે બરાબર વપરાય એની તકેદારી રાજ્ય-શાસને રાખી હતી. એ જ રીતે નવસર્જનની પ્રક્રિયામાં ઓનર ડ્રીવન પોલિસીના ઘડતર તેમજ અમલીકરણમાં બિનસરકારી સંસ્થાઓએ ચાવીરૂપ ભાગ ભજવ્યો હતો એનીયે નોંધ લેવા જેવી છે. કચ્છની ઔદ્યોગિક અને સર્વાંગી વિકાસકૂચ ગુજરાત સરકારે આદરેલા અભિયાનને અને ખાસ તો મુખ્યપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને આભારી છે. અલબત્ત, આ તબક્કે એ સમયના કચ્છી ઉદ્યોગ પ્રધાન સુરેશચંદ્ર મહેતાને પણ યાદ કરવા જોઇએ કારણ કે ટેક્સ હોલીડે સહિતનાં આકર્ષણોની નીતિના તેઓ પ્રણેતા હતા.

રોડ માર્ગે કચ્છમાં પ્રવેશ કરતાં જ ઔદ્યોગિક વિકાસનો અહેસાસ થઇ જાય છે. સૂરજબારી, સામખિયાળી અને ભચાઉ, ત્યાંથી એકતરફ ગાંધીધામ-અંજાર થઇને મુંદ્રા સુધી; તો બીજી તરફ ભુજ સુધી હાઇવે પર ઔદ્યોગિક વિકાસનો ધમધમાટ-ચહલપહલ નજરોનજર જોઇ શકાય છે. તો ક્યાંક વળી બેસુમાર ધુમાડો ઓકતી ચીમનીઓ અને પ્રદૂષિત વાતાવરણની ગૂંગળામણ પણ અનુભવાય છે. સુંદર ઇમારતોવાળા ઉદ્યોગોની પડખે ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ પણ નજરે પડે છે, તો કચ્છમાં પ્રવેશતાં જ કાંઠાળ વિસ્તાર નજીક સંખ્યાબંધ પવનચક્કીઓ દેખાય છે અને પછી તો કચ્છમાં જ્યાં જાવ ત્યાં આ પ્રકારે ઊર્જા પેદા કરવાના પ્રોજેક્ટ દૃશ્યમાન થાય છે. માળખાકીય સુવિધાઓ પણ ઊડીને આંખે વળગે છે. છેક ગાંધીધામ સુધી ફોરલેન રોડ, ત્યાંથી મુંદ્રા અને માંડવી થઇને અબડાસા તરફ જતો ધોરીમાર્ગ, બબ્બે વિમાની મથક કંડલા અને ભુજ. ઉપરાંત મુંદ્રામાં અદાણીનું ખાનગી વિમાની મથક. કચ્છમાં કંડલા મહાબંદર તો આમેય હતું, પણ દોઢ દાયકામાં ખાનગી અદાણી બંદરે સાધેલા વિકાસનો તો જોટો બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. વધુમાં કંડલા અને મુંદ્રામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન. એક જ જિલ્લામાં આટલી બધી માળખાકીય સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસ કલ્પનાતીત છે. તેથી જ તો ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પણ કચ્છને ગુજરાતના વિકાસનું એન્જિન ગણતાં કહે છે કે કચ્છ તો બીજું સીંગાપોર બનવાનું છે.

વાત સાચી છે. સિમેન્ટ, સૉ-પાઇપ, લોખંડના સળિયા, લાકડાની સૉ મિલ અને ખાદ્ય તેલના ઉત્પાદનનું તો કચ્છ મુખ્યમથક બની ગયું છે. તો વીજળી ઉત્પાદનમાં પણ કચ્છ શિરમોર બની રહ્યું છે. અત્યારે જિલ્લામાં ૧૦થી ૧૧ હજાર મેગાવોટ વીજ ઉત્પાદન થઇ રહ્યું છે. અદાણી અને ટાટા ગ્રૂપના મેગા પાવર પ્લાન્ટે ગુજરાતના સમગ્ર વીજ ઉત્પાદનનું ચિત્ર બદલાવી નાખ્યું છે. અદાણીએ ભદ્રેશ્વરમાં નવું વીજમથક ઊભું કરવાની જાહેરાત કરી છે. એને ધ્યાને લેતાં ત્રણેક વર્ષમાં કચ્છ ૧૫૦૦૦ મે.વોટ વીજ ઉત્પાદન કરતું થઇ જશે.

બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રેય કચ્છ પાછળ નથી. પૂર્વ કચ્છમાં જાવ કે પશ્ચિમ કચ્છમાં પણ પવનચક્કીથી વીજ પેદાશ એકમો સર્વત્ર જોવા મળે છે. આ પ્રકારે પવનમાંથી ૧૦૦૦ મે.વો. વીજ ઉત્પાદન કરતો હોય એવો દુનિયાનો એકમાત્ર જિલ્લો હોય તો તે કચ્છ છે.

આમ એક દાયકામાં કચ્છની કાયાપલટ થઇ ગઇ છે. અંદાજે એક લાખ લોકોને રોજગારીની તક મળી છે. તો બીજા દોઢથી બે લાખ લોકોને આનુષંગિક વ્યવસાયના લાભ મળ્યા છે. ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સંખ્યા દર વર્ષે કૂદકે-ભૂસકે વધી રહી છે. ૨૦૦૧ સુધી ૫૪૬૯૮ મોટર સાઇકલ કચ્છમાં

*હું અજ્ઞાની છું એ વાતના જ્ઞાન સિવાય મને બીજું કોઇ જ્ઞાન નથી.*

નોંધાયેલી હતી, આજે આ આંક પોણા બે લાખને આંબી ગયો છે — ત્રણ ગણો વધારો. તો મોટરકાર ૭૪૯૭ હતી તે આંક આજે ૨૫ હજાર પર પહોંચી ગયો છે. સરેરાશ જોઇએ તો દર સો વ્યક્તિએ એક જણ પાસે કચ્છમાં મોટરકાર છે. જમીનના ભાવ ગામડામાં પણ આસમાને ગયા છે. અમદાવાદ જેવા મહાનગરની હરીફાઇ કરે એવા ભાવ કચ્છમાં છે એ ઘણાને માટે નવાઇ છે. મુંદ્રા અને અન્ય તાલુકામાં જમીનોની લે-વેચને લીધે સ્થાનિક ખેડૂતોને સારો લાભ થયો છે. તેઓ બે પાંદડે થયા છે. એક અંદાજ અનુસાર ૨૦૦૬થી ૨૦૧૧ સુધીના પાંચ વર્ષના ગાળામાં જમીન લે-વેચનો કારોબાર ત્રણ હજાર કરોડનો થયો છે. હા, એ વાત સાચી છે કે આ લે-વેચની મલાઇ દલાલો અને લેન્ડ ડેવલપર્સ જેવા કે ઇન્વેસ્ટર્સને ફાળે ગઇ છે. આમ છતાં એ પણ એક હકીકત છે કે આજે કેટલાયે ખેડૂતો, પછાતવર્ગના કામદારો અને અન્ય ધંધાર્થીઓ વાહનમાલિક થઇ ગયા છે અને વિમાનમાં આવ-જાવ સુદ્ધાં કરે છે. એક નવો શ્રીમંતવર્ગ ઊભો થયો છે.

આ બધું ઔદ્યોગિકીકરણની હકારાત્મક અસરરૂપે છે એવા જ અન્ય પાસાંની વાત કરીએ તો વાહનવ્યવહાર, બેન્કિંગ, સંદેશાવ્યવહાર, વીમા જેવી સેવાઓમાં નોંધપાત્ર સુધારો છે. ઉદ્યોગોને આનુષંગિક ટ્રાન્સપોર્ટેશન, કેટરિંગ, પેકિંગ, છાપકામ જેવા ધંધાર્થીઓ માટે સારી તકો ઊભી થઇ છે. એક સમયે કચ્છના છેવાડાનાં ગામડાં સુધી જવું હોય તો દિવસમાં માંડ એકાદ બસ મળતી પણ આજે ખાનગી બસ, છકડાને લીધે લોકોની અવરજવર સરળ બની છે. મોબાઇલનો ધંધોયે ફૂલ્યોફાલ્યો છે. ઉદ્યોગોના નાણાંકીય વ્યવહારો સાથે જોડાયેલી કેટલીયે ખાનગી અને કોર્પોરેટ બેન્કોએ કચ્છમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું છે. માર્ચ ૨૦૧૧માં જિલ્લાસ્તરીય બેન્ક સમિતિની મળેલી બેઠકમાં અપાયેલી માહિતી અનુસાર માત્ર ૨૧ લાખની વસ્તી ધરાવતા જિલ્લામાં કો-ઓપરેટિવ સહિતની બેન્કોની શાખાઓની કુલ સંખ્યા ૨૮૬ જેટલી છે અને તેમાં ૧૪ હજાર કરોડ રૂપિયા જેટલી થાપણો છે. ગયા વર્ષે બેન્કોએ ૩૭૬૨ કરોડનું ધિરાણ કર્યું હતું.

કચ્છના કેટલાયે ગ્રામ્ય વિસ્તારો એવા છે જેની આસપાસ મોટા ઉદ્યોગો શરૂ થયા છે, તેનો સ્થાનિક લોકોને, અગાઉ લખ્યું છે એ મુજબના લાભોની સાથે સાથે ભાડાંની આવક પણ થઇ રહી છે. જે ગામોમાં બે-ત્રણ રૂમની સુવિધાવાળું રહેઠાણ માસિક ૫૦૦ કે ૧૦૦૦ના ભાડામાં મળી જતું હતું ત્યાં હવે ભાડું ૨થી ૩ હજાર જેટલું મળે છે. એથીયે વધુ ધ્યાન ખેંચે એવી બાબત ગ્રામ પંચાયતોની આવકનું છે. ઉદ્યોગો માટે અપાયેલી જમીન અને તેમનાં બાંધકામો બદલ મિલકતવેરા ઉપરાંત વ્યવસાયવેરાની આવકથી કેટલીક ગ્રામ પંચાયતો તો તરી ગઇ છે. વિકાસ માટે આવા ગામોને સરકારી ગ્રાન્ટનીયે જરૂર જણાતી નથી. વરસામેડી, ભીમાસર, ટુંડાવાંઢ, સિરાચા, પદ્ધર, કુકમા, કનૈયાબે સહિતનાં કમસે કમ ત્રીસેક ગામ તો એવાં છે જેની આવક થકી પ્રેક્ષણીય વિકાસ થઇ શક્યો છે. ભૂકંપ પહેલાં ટુંડા પંચાયતના સ્વભંડોળમાં છ હજાર રૂપિયા હતા. આજે એક કરોડથીયે વધુ સ્વભંડોળ છે.

ઐતિહાસિક નવસર્જનનાં ચોક્કસ ક્ષેત્રોનો વિકાસ પણ સીમાચિહ્ન સમાન છે. દા.ત. કચ્છમાં રાષ્ટ્રીય કે રાજ્ય ધોરીમાર્ગથી માંડીને છેવાડાનાં ગામો સુધી માર્ગ આધુનિકીકરણ ઊડીને આંખે વળગે છે. ભૂકંપ પછીના વિકાસમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ અગ્રક્રમે થવો જોઇએ એવી રજૂઆતને પગલે વિશ્વબેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક અને ભારત સરકારની નાણાંકીય સહાયથી છેલ્લાં દસ વર્ષમાં ૧૨ અબજ રૂપિયાનો ખર્ચ માર્ગ બાંધકામ પાછળ કરવામાં આવ્યો છે. ભુજ, અંજાર, ભચાઉ અને રાપરના સાંકડા રસ્તાઓને લીધે અનેક સમસ્યાઓ સર્જાતી હતી પરંતુ આફત પછી અવસરમાં પલટાયેલાં આ શહેરોમાં રિંગ રોડ બની જતાં જાણે નક્શો જ બદલાઇ ગયો છે. શહેરના આંતરિક રસ્તાઓની પહોળાઇ વધારીને ટાઉન પ્લાનિંગ કરી દેવાતાં જૂના ભુજમાં ચારચક્રી વાહનો આસાનીથી દોડતાં નજરે પડે છે.

કોઇપણ શહેર કે જિલ્લાની તંદુરસ્તી ત્યાંની સરકારી-ખાનગી હોસ્પિટલોની સંખ્યા અને સુવિધા પરથી નક્કી થાય છે. ભૂકંપે જિલ્લાની મુખ્ય સિવિલ હોસ્પિટલને પળવારમાં જમીનદોસ્ત કરી મૂકતાં આરોગ્ય સેવા પર હૃદયરોગના હુમલા જેવી અસર થઇ હતી. પણ વડાપ્રધાન રાહત ભંડોળમાંથી આ જ સ્થાને એશિયામાં બેનમૂન એવી ભૂકંપ પ્રતિરોધક ડિઝાઇન સાથેની નવી હોસ્પિટલ સવાસો કરોડના ખર્ચે બંધાઇ છે, જેમાં આજે મેડિકલ કોલેજ પણ ચાલે છે. એ જ રીતે માંડવી, અંજાર, ભચાઉ અને રાપરમાં નવી હોસ્પિટલો બંધાઇ છે. તો જિલ્લા પંચાયત દ્વારા ૩૧ જેટલા નવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સમયાંતરે નિર્માણ પામ્યાં છે. જિલ્લાની એકમાત્ર આયુર્વેદ હોસ્પિટલનું નવું મકાન પણ બની રહ્યું છે. આ સાથે ખાનગી આરોગ્ય સેવા ક્ષેત્રેય મોટી પ્રગતિ થઇ છે, જેથી કચ્છના લોકોને મોટેભાગે હવે તપાસ માટે બહાર જવું પડતું નથી. સીટીસ્કેન હવે કચ્છમાં થઇ શકે છે, ઇન્ટેન્સિવ કેર યુનિટો છે અને ઇકો ટેસ્ટ પણ થઇ શકે છે. મોટાં ઓપરેશનોયે સ્થાનિક થાય છે. લેવા પટેલ સમાજ, લાયન્સ ક્લબ જેવી સંસ્થાઓ દ્વારા રાહતભાવે ડાયાલિસીસ જેવી સુવિધા સેંકડો પીડિતો માટે આશીર્વાદ સમી છે. એ જ રીતે બિદડા સર્વોદય ટ્રસ્ટ, ભોજાય સર્વોદય ટ્રસ્ટ, વાગડ વેલફેર સોસાયટી, માંડવીની કેન્સર સોસાયટી, સર્વ સેવા સંઘ પણ આરોગ્ય ક્ષેત્રે સતત વિનામૂલ્યે કે રાહતભાવે સેવા પૂરી પાડે છે.

કચ્છની નવસર્જનની પ્રક્રિયામાં સ્વૈચ્છિક સંસ્થાઓનું સ્વરૂપ અને ફલક જરૂર અનુસાર બદલાયું એ બાબત નોંધનીય છે. ગ્રામ્ય વિસ્તારોમાં આઝાદી પહેલાં મહાજન સંસ્કૃતિ વિકસેલી હતી. સુખી સંપન્ન લોકો દ્વારા ગામમાં નિશાળ, ગાયો માટે નીરણ કેન્દ્ર અને ગરીબો માટે દવાખાનાં ચલાવાતાં. આઝાદી પછી દુકાળના સમયમાં જીવદયા પ્રવૃત્તિ મોટા પાયા પર થઇ તેમ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રેય સેવા વિસ્તાર થયો. પણ ૧૯૯૮ના કંડલાના વાવાઝોડા વખતે જિલ્લાની જુદી-જુદી સંસ્થાઓએ સાથે મળીને કચ્છ નવનિર્માણ અભિયાન નામનું મધ્યસ્થ સંગઠન રચ્યું એ ઐતિહાસિક ઘટના હતી. જુદાં-જુદાં ક્ષેત્રોમાં કામ કરતી સંસ્થાઓની સંકલિત કામગીરી

*અહિંસાનો અર્થ છે ઈશ્વર પર ભરોસો મૂકવો.*

કંડલાના વાવાઝોડા સમયે થઇ, એ પછીના પશ્ચિમ કચ્છના વાવાઝોડા વખતે થઇ અને ૨૦૦૧ના ભૂકંપ વખતે બંનેનો અનુભવ સીમાચિહ્નસમો બની રહ્યો. કચ્છના ગ્રામ્ય વિસ્તારોનું નવસર્જન માત્ર એક વર્ષમાં થઇ શક્યું તે આ અને બહારની અન્ય સંસ્થાઓને આભારી હતું. આ સંસ્થાઓના સધિયારાથી જ ઝડપી નવસર્જન થયું છે એટલું જ નહીં, સ્થાનિક સંસ્થાઓ હવે ખરા અર્થમાં બિનસરકારી સંસ્થાઓ - NGO બનીને કચ્છના સર્વાંગી વિકાસમાં પોતાનું યોગદાન આપવા મથી રહી છે. મહિલા ઉત્થાન, જળસંગ્રહ, હસ્તકલા - વિકાસ વગેરેનો આ બાબતે ઉલ્લેખ કરી શકાય.

૧૮ મે, ૨૦૦૩ના રોજ કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળી ખાતે પાઇપલાઇન દ્વારા કચ્છને નર્મદાનું પાણી આપવાની યોજનાના શ્રીગણેશ થયા એ એક વધુ સીમાચિહ્ન હતું. ૬૦૦ કિ.મી. દૂરથી નર્મદાનું પાણી કચ્છમાં પ્રવેશ્યું અને તે પછી એકતરફ છેક સરહદ પર ધર્મશાલા ચોકી અને બીજી તરફ રાપર, માંડવી કે અબડાસાના ગામડા સુધીનો પથારો ગુજરાત તો ઠીક ભારતના પણ કોઇ જિલ્લામાં ભાગ્યે જ જોવા મળે છે. હવે સરહદી જિલ્લાને સિંચાઇ માટે નહેર વાટે પાણી આપવાનું કામ પૂરજોશમાં ચાલુ છે. દરમ્યાન ધરતીકંપ પછીના દાયકામાં મેઘરાજાએ સતત કૃપા કરતાં ખેતીનું ચિત્ર પણ બદલાઇ ગયું છે. સતત વરસાદ પડતાં જળસંરક્ષણ અને સંચયનાં કામોને અગ્રતા આપીને ગુજરાત સરકારે નાની સિંચાઇના ડેમ, બંધારા, મોટી નદીઓ પર ચેકડેમ અને નાના ચેકડેમ સહિતની યોજનાઓ વ્યાપકપણે અમલમાં મૂકી છે. પરિણામે સિંચાઇ - શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા દાયકામાં ખેતી બમણી થઇ છે અને ઉત્પાદન ત્રણ ગણું વધ્યું છે. કચ્છની મગફળીની વિદેશોમાં માંગ છે તો ઘરઆંગણે બાગાયતી ખેતીમાં હવે તાઇવાનીઝ પપૈયા કે ચેરી પણ પુષ્કળ પ્રમાણમાં થાય છે. પશુપાલન ક્ષેત્રે પણ દાયકામાં એકધારી પ્રગતિ થઇ છે. દરરોજ ચારેક લાખ લિટર દૂધ કચ્છ બહારની ડેરીઓમાં નિકાસ થાય છે.

શિક્ષણ ક્ષેત્રે ખાસ તો કચ્છને સ્વતંત્ર યુનિવર્સિટી મળતાં અનેક ફરિયાદો હવે દૂર થઇ ગઇ છે. એન્જિનિયરિંગ, ડિપ્લોમા અને અન્ય ફેકલ્ટીમાં નવા નવા અભ્યાસક્રમો શરૂ થઇ રહ્યા છે. મેડિકલ કોલેજ પણ અનેક અવરોધો વચ્ચે શરૂ થઇ ગઇ છે. અલબત્ત, અમદાવાદ કે વડોદરા જેવાં શહેરોમાં ઉચ્ચ શિક્ષણની જે સવલતો છે એની તુલનાએ કચ્છમાં હજુ પૂરેપૂરો વિકાસ થયો નથી. પણ પોતીકી યુનિવર્સિટી મળી જતાં ભવિષ્ય ઉજળું છે એમાં શંકાને કોઇ સ્થાન નથી.

પણ વિકાસની હરણફાળ પછીય કચ્છ માટે કોઇ સમસ્યા નથી એવું નથી. સિક્કાની બીજી બાજુયે છે. ભૂકંપ પહેલાં વિકાસ સાધવાની સમસ્યા હતી આજે આડેધડ વિકાસે સર્જેલી સમસ્યાઓ કચ્છવાસીને સતાવી રહી છે. સાચું, કે લોકોના જીવનધોરણમાં ઔદ્યોગિક વિકાસને પગલે સુધારો થયો છે. મનોરંજનનાં સાધનોયે વધી ગયાં છે. પરંતુ મધ્યમ વર્ગ અને ગરીબો વચ્ચેનું અંતર વધતું ગયું છે. દસ વર્ષમાં કરમાફીના કારણે ૧૪૦૦૦ કરોડનો ફાયદો ઉદ્યોગોને મળ્યો છે પણ બદલામાં તેમણે સામાજિક જવાબદારી મહદઅંશે નિભાવી નથી. આ ઉપરાંત સ્થાનિક બેરોજગારી, ઘટતી જતી ગૌચર જમીન, ભૂગર્ભ પાણી ખેંચવાની નિરંકુશ પ્રક્રિયા, બહારના પ્રેક્ષકોની વધેલી સંખ્યાને પગલે ગુનાખોરીના આંકમાં ઉછાળો, કારખાનાંઓમાં ઔદ્યોગિક સલામતીનો અભાવ, પ્રદૂષણ અને ચેરનાં જંગલો તેમજ તળપદી વનસ્પતિનું નિકંદન સહિતના મુદ્દે સ્થાનિક પ્રજામાં અસંતોષ અને ફરિયાદનો સૂર અવારનવાર સંભળાતો રહે છે. એ જ રીતે શિક્ષણ, આરોગ્ય સહિતનાં ક્ષેત્રોમાં માળખાકીય સવલતો વધી છે પણ સ્ટાફના અભાવની સમસ્યા ચિંતાજનક છે. જનરલ હોસ્પિટલની સોંપણી અને ખાનગી મેડિકલ કોલેજનો પ્રશ્ન ઉકેલાયો હોવાની જાહેરાત થઇ હોવા છતાં સામાન્ય અને ગરીબ માણસને હજુ અગાઉ જેવી મેડિકલ સારવાર મળતી નથી.

સરવાળે બંને પાસાં પર દૃષ્ટિપાત કર્યા પછી એમ કહી શકાય કે દસ વર્ષમાં અકલ્પનીય વિકાસ કચ્છે હાંસલ કર્યો છે પણ સાથે સાથે નવા પ્રશ્નોયે ઊભા થયા છે. આ પ્રશ્નો પ્રજા, સરકાર અને ઉદ્યોગગૃહોના સહિયારા પ્રયાસોથી ઉકેલી શકાય એમ છે. જેમ ટાટા ઉદ્યોગગૃહે ટુન્ડાવાંઢમાં પોણા ત્રણ કરોડના ખર્ચે ગૌશાળા બનાવીને ગૌચર જમીનનો પ્રશ્ન ઉકેલી નાખ્યો તેમ અન્ય ઉદ્યોગો પણ સામાજિક જવાબદારી નિભાવવાની પહેલ કરી શકે છે. તો સ્ટાફની અછત માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જે તે કક્ષાએ રજૂઆત કરીને મુશ્કેલીઓનો અંત આણી શકે તેમ છે. ટૂંકમાં, હકારાત્મક પ્રયાસો થાય તો કચ્છનું ભવિષ્ય વધુને વધુ ઉજળું બની રહેશે.

*'કચ્છ મિત્ર' કાર્યાલય, ભુજ, કચ્છ.*

## કચ્છની રાજકીય સ્થિતિ

**(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)**

- **આવતી કાલ :**

આવતી કાલ રાજકીય નેતૃત્વની કેવી હશે?

આવતી કાલનું કચ્છ વિકસિત હશે તેની કલ્પના તો કરી જ શકાય છે. જો ઔદ્યોગિકીકરણ સતત રહ્યું, તો હવે નવી રાજકીય નેતાગીરી, સંભવ છે, ઉદ્યોગોમાંથી આવશે. સ્વાતંત્ર્યસંગ્રામમાં ભણેલ વર્ગમાંથી નેતૃત્વ આવ્યું. સ્વતંત્રતા પછી ખેડૂતો કે વેપારીઓમાંથી આવ્યું. હવે ઉદ્યોગો કે જ્ઞાનક્ષેત્રમાં કામ કરનારા લોકોમાંથી નેતૃત્વ આવે તેવો સંભવ છે.

અત્યારે તો પ્રજા કોમ - જ્ઞાતિ - ધર્મ વગેરેમાં વિભાજિત છે. પણ હવે ધીમે-ધીમે સમજવા લાગી છે કે સંકુચિત નેતાઓ ચૂંટવાથી કામો નથી થતાં. એટલે હવે સક્ષમ નેતૃત્વની શોધ ચાલશે. સદ્‌ભાગ્યે, અત્યારે રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વ સ્તરે સક્ષમ નેતાઓ જાહેર માધ્યમો દ્વારા જોવા મળે છે. તેનાં પરિણામો અને વિકાસ પણ પ્રજા જુએ છે. તે તેમને વિચારવા અને નેતાને ચકાસવા પ્રેરશે. તેમાં ભૂલો થશે, તે લોકશાહીમાં અનિવાર્ય છે, પણ તેમાંથી જ સબળ નેતૃત્વ આવવા સંભવ છે. લોકશાહી અનંત શક્યતાઓ ધરાવે છે. તેની બધી મર્યાદાઓ છતાં તેમાં પુષ્કળ સંભાવનાઓ છે. તે જ પ્રજાને શિક્ષિત કરે છે. એટલે, ઉજ્જવળ ભાવિની શ્રદ્ધાપૂર્વક રાહ જોવી રહી.

*ન્યુ મિન્ટ રોડ*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

*ઘણા માણસો તક ઝડપી લે છે, પરંતુ પછી તુરંત જતી કરે છે.*

# કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ

• હરેશ ધોળકિયા •

કોઇ પણ પ્રદેશનો વિકાસ, આખરે તો, તેના શાસકો પર આધારિત હોય છે. જે શાસકો દીર્ઘદ્રષ્ટા, સક્રિય અને લોક કલ્યાણ-માનસ ધરાવતા હોય છે, તેઓ પ્રજા કલ્યાણનાં કાર્યો કરતા હોય છે અને તેની પ્રજા સુખ સગવડો વચ્ચે જીવતી હોય છે. જ્યાં જ્યાં 'આવા' શાસકો થાય છે, ત્યાં પ્રજા સુખાકારીની માત્રા ઊંચી હોય છે.

ભારત ૧૯૪૭ સુધી એક સુગ્રથિત દેશ ન હતો. ચારસો-પાંચસો નાનાં-મોટાં રજવાડાંઓમાં વહેંચાયેલો વિસ્તાર હતો. ધર્મ અને સંસ્કૃતિથી અવશ્ય એક હતો, પણ રાજકીય રીતે તો તે ટુકડાઓમાં જ વહેંચાયેલો હતો. એટલે ત્યાં સુધી સમગ્ર દેશના વિકાસનો ખ્યાલ જ ન હતો, કારણ કે સમગ્ર દેશના કોઇ એક શાસક જ ન હતા. વર્તમાનમાં હવે આ સંકલ્પના વિકસિત થઇ છે, પણ ભૂતકાળમાં તે શક્ય ન હતી. પરિણામે દરેક રજવાડાનો વિકાસ તેના શાસકની મુનસફી પર આધારિત રહેતો. જ્યાં પણ ઉત્તમ શાસક હોય, તે રજવાડું વિકસિત બનતું. ગુજરાતમાં વડોદરા, ગોંડલ કે ભાવનગર જેવાં રજવાડાં ઠીક ઠીક વિકસિત હતાં.

કચ્છની સ્થિતિ શું હતી?

- **ગઇકાલ :**

૧૯૪૮ સુધી કચ્છ પણ દેશી રજવાડું જ હતું. સદીઓથી અહીં પણ રાજાઓ જ વહીવટ ચલાવતા હતા. સમગ્ર ભૂતકાળ તપાસવો તો લાંબી પ્રક્રિયા બને, કારણકે કચ્છનો ઘણો ઇતિહાસ વણનોંધાયેલ છે. એટલે કચ્છનો રાજકીય વિકાસ વ્યવસ્થિત રીતે તપાસવો હોય તો ખેંગારજી પહેલા (૧૫૧૦) દ્વારા જે 'જાડેજા વંશ' શરૂ થયો, તેને આધારે રાજકીય વહીવટ તપાસવો તુલનાત્મક સરળ પડે.

રાજકીય સ્થિતિ કે વહીવટનું મૂલ્યાંકન કેમ કરાય?

મૂલ્યાંકન, મહદ્ અંશે, રાજકર્તાઓનાં કાર્યો દ્વારા કરી શકાય. ત્રણ પ્રકારના શાસક હોય. પ્રજાવિરોધી, તટસ્થ અને પ્રજાહિતેચ્છુ. પ્રજાવિરોધી એટલે કોઇ પણ બહાનાં હેઠળ પ્રજાને સતત કનડનારા. તેના અમલ દરમિયાન પ્રજા દુ:ખી હોય, પછાત રહે. તટસ્થ એટલે 'માસ્તર મારે પણ નહીં અને ભણાવે પણ નહીં.' પ્રજાને હેરાન પણ ન કરે અને તેના વિકાસમાં બહુ રસ પણ ન લે. પરંપરાગત કામો ચાલુ રાખે... પણ પ્રજાહિતેચ્છુ રાજવી તો સામેથી પહેલ કરીને પ્રજાનાં વિવિધ વિકાસલક્ષી કામો કરે. પ્રજાની સ્થિતિ સુધારે. તે વિસ્તારનું આંતરમાળખું મજબૂત કરે. આર્થિક વિકાસ તરફ ધ્યાન આપે. ખોટા સામાજિક રિવાજોને નાબૂદ કરી પ્રજાને આગળ વિચારવા-વધવા પ્રેરણા આપે. આવા શાસકો વિકાસનું માધ્યમ બને છે.

કચ્છમાં જે છેલ્લા અઢાર રાજવીઓ થયા, તેમાં તેમનાં કાર્યોના આધારે, આ સ્તરોના આધારે, મૂલ્યાંકન કરવું જોઇએ.

પ્રથમ પ્રજાવિરોધી રાજવીઓ જોઇએ.

કચ્છ આવા રાજવીઓ બાબતે સદ્ભાગી રહ્યું છે. અઢારમાંથી કેવળ એક જ રાજવી રાયધણજી બીજા (૧૭૭૯)ને તેમાં મૂકી શકાય. તે રાજા અસ્થિર મનોદશાના હતા. સ્વભાવે આક્રમક અને ઝનૂની હતા. કમનસીબે તે પીર મહમદ પનાહના રવાડે ચડી ગયા અને તેના પ્રભાવમાં આવીને કચ્છમાં ઇસ્લામને પ્રસરાવવાનું ઝનૂન તેમનામાં પ્રવેશ્યું. તેમાં તેમને થોડા સીદી રક્ષકોનો સાથ મળ્યો. તેણે બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવાનો અને, એક વાર તો, ધર્મસ્થાન તોડવાનો પણ પ્રયાસ કર્યો. તેનાં આ કૃત્યોથી ખાસ કરીને, ભુજ અને માંડવીની પ્રજા ત્રસ્ત થઇ ગઇ. માંડવીમાં તો ધર્મસ્થાન તોડવા વખતે પ્રજાએ પોતાનો ગુસ્સો પણ પ્રગટ કરી દીધો. ભુજમાં પ્રજા ત્રસ્ત થઇ, છતાં કોઇ સામૂહિક બળવો ન થયો. પણ થોડા લોકોએ બળવો કર્યો. શરૂઆતમાં કેટલાક મૃત્યુ પામ્યા, પણ પછી મેઘજી શેઠની આગેવાની નીચે બળવો થયો અને તેણે અને જમાદાર ફતેહમામદે સાથે મળીને રાજાને કેદ કર્યા અને થોડો સમય 'બાર ભાયા'ની વ્યવસ્થા ઊભી કરી.

રાવ રાયધણજીના આક્રમક વર્તનને પરિણામે તેના દ્વારા કોઇ જ વિકાસકાર્યો ન થાય તે સ્વાભાવિક હતું. કેવળ પ્રજાને હેરાનગતિ થઇ. અલબત્ત, ધર્મપરિવર્તનની બળજબરીને બાદ કરતાં બીજી કોઇ હેરાનગતિ થઇ ન હતી અને તેની આસપાસના ગાદીભક્ત લોકોએ પરિસ્થિતિને જાળવી લીધી હતી. પણ કચ્છ માટે તે વિકાસહીન સમય રહ્યો.

તો તટસ્થ રાજવીઓમાં કોણ આવે?

બે-ચારને બાદ કરતાં લગભગ બધા જ.

તટસ્થ એટલે કેવા? આમ તો કચ્છના રાજવીઓ, સામાન્ય રીતે, સ્વસ્થ રહ્યા છે. પ્રજાને હેરાન કરવાનો ક્યારેય પણ પ્રયાસ નથી કર્યો. અંગત જીવનમાં કે અન્ય સંદર્ભોમાં જેવા રહ્યા હોય તેવા, પણ પ્રજાને મહદ્ અંશે સ્વસ્થ રાખી છે. ધર્મ બાબતે તટસ્થ રહ્યા છે. પરંપરાને તોડવાનો કે સમાજ વ્યવસ્થાને બદલાવવાનો પ્રયાસ તેમણે નથી કર્યો. થઇ શકે તેવાં કામો કરવાનો પણ તેમણે પ્રયાસ કર્યો છે. પરિણામે આ રાજાઓના સમયકાળ દરમિયાન પ્રજા દુ:ખી નથી રહી. શાંતિથી રહી છે.

પણ વિકાસકાર્યોને સંબંધ છે તે સંદર્ભે આ રાજવીઓ તટસ્થ રહ્યા છે. મોટા ભાગનામાં કોઇ દીર્ઘદૃષ્ટિનાં દર્શન નથી થતાં. ચીલાચાલુ જે કાર્યો કરવાં જોઇએ તે કર્યાં છે, પણ તે સમયના સંદર્ભમાં કોઇ આધુનિક દૃષ્ટિ કેળવી વિકાસનાં કાર્યો કર્યાં હોય તેવું જોવા

*તમે સતત બદલાઓ છો, માટે તમારી જાતને સતત જોયા કરો, શાંત મન જાતને બરાબર જોઇ શકે છે.*

નથી મળતું. અંગ્રેજોના આગમન પછી તો તેઓ કચ્છ બહાર કે ક્યારેક તો ઇંગ્લેંડ પણ ગયા છે. ત્યાંની આધુનિકતા પણ જોઇ છે, છતાં કચ્છમાં તેવું માળખું ઊભું કરવાનો વિચાર કર્યો નથી દેખાતો. છેલ્લે સુધી પુરાણું માળખું જ ચાલુ રાખ્યું છે. ખેંગારજી ત્રીજા તો આધુનિકતા વચ્ચે જ રહેતા હતા. ઇંગ્લેંડમાં તેમની પ્રશંસા થતી હતી. તે બુદ્ધિશાળી પણ હતા. છતાં કચ્છ તો ત્યાંને ત્યાં જ - પછાત જ - રહ્યું.

તેમનો બચાવ કરવા ખાતર કહેવું જ હોય, તો કહી શકાય કે કચ્છની રાજકીય વ્યવસ્થા વિચિત્ર હતી. રાજા સંપૂર્ણ કચ્છના માલિક ન હતા. અનેક વિસ્તારો 'ભાયાતો'ના હાથમાં હતા. સ્થાનિક બાબતોમાં ભાયાતો સ્વતંત્ર હતા. માત્ર લશ્કરી રીતે તે રાજા સાથે જોડાયેલા હતા. અને મહદ્ અંશે, હંમેશાં, ભાયાતો રાજાથી દબાયેલા ન હતા. તેમાં પણ અંગ્રેજોએ એવા નિર્ણયો લીધા હતા કે ભાયાતોની સત્તા વધતી ગઇ અને રાજા વધારે નબળા પડ્યા. પરિણામે છેલ્લા ચાર-પાંચ રાજવીઓનો સમય તો આ ગેરવ્યવસ્થા સામે લડવામાં અને પોતાની સત્તા પાછી મેળવવાના પ્રયાસમાં ગયો અને તેમાં પણ સફળ ન થયા.

ભાયાતો તદ્દન રૂઢિચુસ્ત અને દૃષ્ટિવિહીન હતા. તેમણે પોતાના તાબાના વિસ્તારોમાં કોઇ જ વિકાસ કાર્યો કર્યા હોય તેવું નથી દેખાતું. અને કચ્છના રાજવી તેમાં માથું મારી શકે તેમ ન હતા. આ ભાયાતી વિસ્તારની વસ્તી તુલનાત્મક રીતે પછાત અને અસ્વસ્થ રહી. તેમાં પણ પૂર્વ કચ્છમાં તો આ બાબતે લગભગ અંધાધૂંધી જ પ્રવર્તતી રહી. પરિણામે રાજાઓ, કદાચ ઇચ્છા હશે તો પણ, કશું કરી શક્યા ન હતા.

પણ આ બચાવ નબળો ત્યાં દેખાય છે કે રાજાઓ જ નબળા હશે, તેથી ભાયાતો સબળા થયા હશે ને!

રાજાઓનો વહીવટ પણ મોટા ભાગે નબળો દેખાય છે. તેનું ઉદાહરણ લગભગ રાજાઓના દીવાનો સતત બદલાતા રહ્યા છે. રાજાઓ અને દીવાનો અને દીવાનો-દીવાનો વચ્ચેની ખટપટ સતત ચાલતી દેખાય છે. કોઇ પ્રબળ દીવાન લાંબું ટક્યા હોય તેવું જોવા નથી મળતું. કદાચે ટક્યા, તો તેમને કાવતરાં કરી મારી નાખવામાં આવ્યા છે. વિવેકાનંદે ખેંગારજી ત્રીજાની પ્રશંસા કરી છે, પણ ગાંધીજી, મણિલાલ કોઠારી વગેરેએ તેમના વહીવટની ખુલ્લી ટીકા કરી છે. આ બે વિરોધાભાસ સૂચવે છે કે રાજા બુદ્ધિશાળી હતા, પણ વહીવટ પર તેમની પકડ ન હતી. જે હોય તે, પણ મોટા ભાગના કચ્છના રાજાઓનો વહીવટ નબળો જ દેખાય છે.

આનો જવાબ એક બીજા સંદર્ભમાં પણ જોવા મળે છે. કચ્છ જ્યારે સ્વતંત્ર થયું, ત્યારે કચ્છની સ્થિતિ તદ્દન પછાત હતી. રસ્તા, વાહનવ્યવહાર, આર્થિક વિકાસ, સામાજિક જાગૃતિ, શિક્ષણ - લગભગ બધાં જ ક્ષેત્રોમાં કચ્છ તદ્દન જૂનવાણી હતું. રેલવે નૅરોગેજ અને અતિ ધીમી હતી. એક જ વિમાન આવતું. બસ વ્યવસ્થા પણ પ્રાથમિક અવસ્થામાં અને ધીમી હતી. કચ્છ બહાર જવાના માર્ગો શૂન્ય. માત્ર દરિયાઇ માર્ગ. રણ પસાર કરવાનો કોઇ જ પાકો માર્ગ ન હતો. સંદેશાવ્યવહાર નહીંવત. કોઇ પણ ક્ષેત્રમાં જોઇએ તો ક્યાંય પ્રગતિ હતી જ નહીં. સ્વતંત્ર ભારતને વડોદરા જેવાં રાજ્યો સમૃદ્ધ મળ્યાં, પણ કચ્છ તદ્દન પછાત મળ્યું. તેનો વિકાસ 'એકડે એકથી' કરવાનો હતો. આ 'દર્શન' જ રાજવીઓની નિષ્ક્રિયતા બતાવે છે.

તો, પ્રજાની ચિંતા કરનારા રાજવીઓ કોણ હતા?

સામાન્ય સંદર્ભમાં દેશળજી બીજા મુખ્ય ગણાય છે. પ્રજાના હિતેચ્છુ હોવાથી તે 'દેશરા પરમેશરા' કહેવાયા. પ્રજાએ તેમને ભગવાનસ્વરૂપ માન્યા. સંત મેકણે પણ તેમને પ્રશંસેલા. એટલે પ્રજાના દૈનિક જીવનને સ્વસ્થ રાખનાર રાજવી હતા.

પણ વિકાસના સંદર્ભમાં ગણવા હોય તો પ્રથમ રાવ લખપતજીને ગણી શકાય. આમ તો તે મુખ્યત્વે 'કલાકાર' રાજવી હતા. સાહિત્ય, બાંધકામો વગેરેના શોખીન હતા. આર્થિક બાબતોમાં તેમને કેટલો રસ હતો તેનો ખ્યાલ નથી આવતો. પણ તે સદ્ભાગી હતા કે તેમને રામસિંહ માલમ જેવો સાથીદાર મળી ગયો. રાવની વિશિષ્ટતા એ હતી કે તે તેની પ્રતિભાને ઓળખી શક્યા અને તેને કામ કરવાની સ્વતંત્રતા આપી દીધી. પરિણામે રામસિંહે કચ્છમાં અનેક ઉદ્યોગો શરૂ કર્યા, જેણે કચ્છમાં આર્થિક ક્રાંતિ આણી એમ જ કહી શકાય. તેને પરિણામે માત્ર ખેતી અને પશુપાલન પર જ જીવતા કચ્છને અનેક નવા રોજગાર મળ્યા. તત્કાલીન આર્થિક પ્રગતિને વેગ મળ્યો જ હશે. એટલે વિકાસના સંદર્ભમાં રાવ લખપતજીએ કચ્છનો વિકાસ કર્યો એમ કહી શકાય.

ત્યાર પછી પ્રાગમલજી બીજા ધ્યાન ખેંચે છે. તેમણે કચ્છમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરી. શિક્ષણનો પ્રસાર ઝડપથી થવો શરૂ થયો. ખેંગારજી ત્રીજાએ તેને ચાલુ રાખ્યો. પરિણામે ૧૯૪૮માં અન્ય ક્ષેત્રો કરતાં શિક્ષણમાં કચ્છ ઠીક ઠીક આગળ હતું એમ દેખાય છે. પણ હા, કોલેજ શિક્ષણ ત્યાં સુધી શરૂ ન થયું. ભણનારને પ્રાગમલજી સ્કોલરશિપ અપાતી, પણ કોલેજ શિક્ષણ લેવા તો અમદાવાદ, ભાવનગર, મુંબઇ કે પૂના જ જવું પડતું. અહીં માત્ર મેટ્રિક સુધી જ સગવડ કરાઇ હતી.

પણ આ સમગ્ર ચાર સદી તરફ નજર કરાય, તો રાજકીય નેતૃત્વ નબળું રહ્યું દેખાય છે. વહીવટ નબળો, રાજા-ભાયાતો વચ્ચે વિખવાદો, દીવાનોની અસ્થિરતા, સ્થાનિકોની અવગણના, અંગ્રેજોની દખલગીરી, કુદરતી આફતો વગેરે પરિબળોએ તેમાં ભાગ ભજવ્યો. ખેતી, પશુપાલન સિવાય બીજી કોઇ જ આર્થિક વ્યવસ્થા ન વિકસી. પરિણામે સાહસિક લોકોને તો વિકાસ કરવા કચ્છ બહાર જવા સિવાય બીજો કોઇ ઉપાય જ ન હતો. પરિણામે કચ્છનું બુદ્ધિધન હંમેશ બહાર ઘસડાતું રહ્યું, જેણે પણ કચ્છના વિકાસને ધક્કો પહોંચાડ્યો. રામસિંહ માલમ સિવાય કોઇએ આર્થિક ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડ્યું નથી દેખાતું. સ્થાનિક ખટપટો અને નિષ્ક્રિયતાએ વિકાસનો ભોગ લીધો.

આમ સ્વતંત્રતા સુધી કચ્છ પછાત રહ્યું.

- **સ્વતંત્રતા બાદ :**

સ્વતંત્રતા પછી રાજકીય રીતે કચ્છમાં

*રાજા હોય કે મજૂર જેને પોતાના ઘરમાં શાંતિ પ્રાપ્ત થાય તે દુનિયાનો સુખી માણસ.*

ત્રણ વાર પલટા થયા. શરૂમાં તેને 'ક' રાજ્ય તરીકે કેન્દ્ર સાથે રાખ્યું. ૧૯૫૬માં ભાષાવાર રાજ્યો થતાં દ્વિભાષી મુંબઇ રાજ્યમાં જોડાયું. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં તે ગુજરાતનો જિલ્લો બન્યું. આજ સુધી તે એ સ્થિતિમાં છે. આમ તે રાજકીય રીતે સતત ફંગોળાતું રહ્યું.

સ્વતંત્રતા પછી કચ્છ પર બે રાજકીય શાસન રહ્યાં છે - કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર. એટલે સાંસદો અને ધારાસભ્યો દ્વારા રાજકીય નેતૃત્વ મળતું રહ્યું છે. સાથે સ્થાનિક નેતૃત્વ પણ રહ્યું છે.

આ ત્રણે સ્તરે કેવું નેતૃત્વ રહ્યું છે?

સંસદની લગભગ ચૌદ જેટલી ચૂંટણીઓ થઇ છે. તે દ્વારા લોકસભા અને રાજ્યસભામાં સાંસદો કચ્છમાંથી ગયા છે. લગભગ કોઇનો કેન્દ્ર સ્તરે પ્રભાવ નથી દેખાયો. રાષ્ટ્ર સ્તરે જે આયોજન થાય છે અને તેમાં કચ્છના ફાળે જે આવે છે, તેવો સર્વસાધારણ (general) વિકાસ કચ્છનો થતો રહ્યો છે. કોઇ સાંસદના પ્રભાવથી વિકાસની ગતિ ઝડપી બની હોય કે વિશિષ્ટ વિકાસ થયો હોય તેવું નથી દેખાતું.

મુંબઇ અને ગુજરાતમાં જે ધારાસભ્યો ગયા તેમાંથી ક્યારેક પ્રધાનપદું કે વિધાનસભાનું અધ્યક્ષપદ મળ્યું છે. એક વાર થોડો સમય ગુજરાતનું મુખ્ય પ્રધાનપદ પણ મળેલ છે, પણ તેનાથી કચ્છને કોઇ વિશિષ્ટ લાભ મળ્યો હોય તેવું પણ નથી દેખાતું. કચ્છનો વિકાસ થાય તે માટે પગ ખોડીને ઊભા રહે તેવા કોઇ ધારાસભ્ય કચ્છને નથી મળ્યા. પરિણામે કોઇ પણ ક્ષેત્રમાં ઉત્તમ વિકાસ, વિશિષ્ટ વિકાસ નથી થયો. વહીવટમાં તો કચ્છમાં બદલીને 'સજા' માનવામાં આવતું - આજે પણ - તેથી બહારથી આવનાર અધિકારીને કામ કરવામાં રસ ઓછો અને બદલી કરાવવામાં રસ વધારે રહ્યો છે. સારા અધિકારીઓ ઘણા આવ્યા હશે, પણ વિઝનરી અને કાર્યક્ષમ અધિકારીઓ ગણગાંઠ્યા જ આવ્યા છે. પરિણામે આજ સુધી વહીવટ ગતાનુગતિક અને આડખીલીઓથી ભરપૂર રહ્યો છે.

સ્થાનિક સ્તરે પણ રાજકીય નેતૃત્વ ખાસ નથી રહ્યું. થોડા જૂના નેતાઓ હતા ત્યાં સુધી લોકસંપર્ક હતો, થોડાં કામો પણ થયાં હશે, પણ છેલ્લા થોડા દાયકામાં તો પક્ષીય વ્યવસ્થા એટલી જડબેસલાક થઇ છે કે પ્રજા પાછળ ધકેલાઇ ગઇ છે. પંચાયત અને ગ્રામ્ય સ્તરે પણ આ તકલીફ રહી છે. તેનો પ્રભાવ વિકાસકાર્યો પર થતો રહ્યો છે. નેતાઓનો વ્યક્તિગત પ્રભાવ નહિવત્ રહ્યો છે.

આમ ત્રણે સ્તરે રાજકીય નેતૃત્વ નબળું રહ્યું છે. ક્યાંય અભ્યાસનિષ્ઠા, વિકાસની તમન્ના, પ્રભાવકતાનાં દર્શન નથી થતાં. વ્યક્તિગત સ્તરે ઉત્તમ લોકો હોવા છતાં પ્રભાવના અભાવે કચ્છને કશો જ ફાયદો નથી થયો. રાજ્ય કે રાષ્ટ્ર સ્તરે કોઇ નેતૃત્વ નથી સર્જી શકાયું. ઇ.સ. ૨૦૦૦ સુધી કચ્છનો સાધારણ જ વિકાસ થતો રહ્યો છે.

● **આજ :**

એકવીસમી સદીની શરૂઆતથી શરૂ થતા સમયને આપણે 'આજ' માનીએ, તો છેલ્લા દસકાની રાજકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવું જોઇએ.

૨૦૦૧ના વર્ષની શરૂઆત કચ્છમાં ભયાનક ધરતીકંપથી થઇ. અર્ધા કચ્છને વ્યાપક નુકસાન થયું. આ ઘટનાએ કચ્છના રાજકીય નેતૃત્વને કસોટીએ ચડાવ્યું. સદ્‌ભાગ્યે, ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ રાહત કામ ઉપાડી લીધું. વૈશ્વિક સંસ્થાઓએ પણ તેમાં સાથ પુરાવ્યો. કચ્છની સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પડકાર ઝીલી લીધો. આ બધાએ સાથે મળીને કચ્છને સ્વસ્થ કર્યું.

ત્યારે સ્થાનિક રાજકીય નેતૃત્વે કેવો ભાગ ભજવ્યો?

રાહત કામ સંદર્ભે તેમની કામગીરી સારી રહી. પણ કટોકટી સમયે જે નેતૃત્વ લેવું જોઇએ, તે લેવામાં સક્ષમ ન નીવડ્યું. કદાચ ક્યાંક તો આડખીલીરૂપ બન્યું. સક્ષમ અધિકારીઓ સરકારે મૂક્યા, તો તેમને ટકવા ન દીધા. અનેક બાબતોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો જે બાબતે તેણે આંખ બંધ રાખી. વહીવટ જ્યાં નબળો અને આડખીલીરૂપ થતો હતો, ત્યાં લોકોના પડખે રહેવામાં નાકામયાબ નીવડ્યું. સદ્‌ભાગ્યે, એક સક્ષમ કલેક્ટર આવ્યા, જેણે પરિસ્થિતિને કાબૂમાં લીધી અને વિકાસને ખૂબ ઝડપી બનાવ્યો.

ભૂકંપે એક આડકતરો ફાયદો કર્યો. કેન્દ્ર સરકારે કચ્છને આર્થિક રીતે પગભર કરવા 'ટેક્સ હોલીડે' જાહેર કર્યો. તેણે ઉદ્યોગોને કચ્છમાં આવવા આકર્ષ્યા. પરિણામે ઝડપથી આર્થિક ગતિશીલતા આવી. રોજગારી ઊભી થઇ. લોકોમાં નવી ચેતના આવી. સાહસિકતા આવી. તેને પરિણામે આંતરમાળખામાં વિકાસ શરૂ થયો. દસકામાં કચ્છ ઊભું થઇ ગયું. સાડા ચારસો વર્ષની પછાત સ્થિતિ અચાનક પલટાઇ ગઇ.

ત્રીજું પરિબળ બન્યા, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી મોદી. તેમને કોઇ અકળ કારણોસર કચ્છમાં રસ પડ્યો અને તેણે જુદા જુદા કાર્યક્રમો દ્વારા કચ્છ તરફ વિશ્વનું ધ્યાન ખેંચ્યું જેણે પણ આર્થિક પ્રવૃત્તિને વેગ આપ્યો.

આ બધાં પરિબળોના કારણે ખેતી અને પશુપાલન સાથે હવે ઉદ્યોગો, પ્રવાસન, મનોરંજન વગેરે નવાં ક્ષેત્રો વિકસ્યાં. કચ્છનો નવો જ ચહેરો ઊભો થવા લાગ્યો.

પણ આ બધામાં ગતિશીલતા લાવનાર પરિબળો ઉદ્યોગો અને મુખ્યમંત્રી જ રહ્યા છે. સ્થાનિક નેતાગીરી કે સાંસદ કે ધારાસભ્યો મુખ્યમંત્રીના પ્રચારકો જ રહ્યા છે. સમગ્ર રાજકીય વાતાવરણ મુખ્યમંત્રીના કાર્યક્રમોને આધારિત કે પક્ષના કાર્યક્રમો આધારિત બની ગયું છે. સમગ્ર કચ્છનો, સર્વપક્ષીય વિચાર નામશેષ થયો છે. કચ્છ રાજકીય રીતે ખંડિત થઇ ગયું છે. મુખ્યમંત્રીને બાદ કરતાં બધા જ પક્ષો નિઃસત્ત્વ બન્યા છે. કોઇ જ પ્રભાવક નથી રહ્યું. સમગ્ર કચ્છના કોઇ નેતા તો નથી જ, પણ નાના સ્થાનિક સ્તરે પણ નથી. સાંસદ કે ધારાસભ્યને જે માન મળે છે, તે પદના કારણે મળે છે, નહીં કે તેમના નેતૃત્વના પ્રભાવે. ક્યાંય વિઝન, સર્વગ્રાહી દૃષ્ટિ, સર્વોદયી વૃત્તિ, ગરીબોનો વિચાર નથી દેખાતાં. બહુ વિચિત્ર સ્થિતિ છે. ચિંતાજનક!

વર્તમાનમાં જે પણ થોડું ઘણું નેતૃત્વ છે, તે સ્વૈચ્છિક સંસ્થાગત છે. બાકી રાજકીય ક્ષેત્રે શૂન્યાવકાશ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)**

*જ્યાં આપણે ઓછામાં ઓછા એકલા હોઇએ છીએ તેને એકાંત કહે છે.*

# કચ્છ શાખા નહેર અંગે નોંધ

• મૂકેશ ઝવેરી, ડાયરેક્ટર - સરદાર સરોવર નર્મદા નિગમ લિ. •

**૧.૦ સામાન્ય :**

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઈ ૩૬૦ કિ.મી. છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઈ કચ્છના નાના રણને ઓળંગીને કચ્છ જિલ્લામાં સાંકળ ૯૪ કિ.મી.થી પ્રવેશ કરે છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઈમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૬૭ કિ.મી., ૪૦.૩૦ કિ.મી. અને ૮૨.૩૦ કિ.મી. પર અનુક્રમે ૧૧.૨૫ મી., ૮.૪૫૪ મી. અને ૮.૮૨૫ મી. ઊંચાઈના ફૉલ બાંધવાનું આયોજન કરેલ છે. કચ્છ જિલ્લામાં સાંકળ ૧૦૦.૭૯ કિ.મી., ૧૧૧.૭૫૦ કિ.મી. અને ૧૮૯.૯૭ કિ.મી. ઉપર પંપીંગ સ્ટેશન મૂકી અનુક્રમે ૧૮.૨૧ મી., ૧૮.૨૧ મી. અને ૧૮.૭૨ મી. ઊંચાઈમાં પાણી ઉદ્‌વહન કરવાનું આયોજન છે.

**૨.૦ કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :**

હાલના આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૧,૧૨,૭૭૮ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લાના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવા કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ૧૨૦ ઘ.મી. / સેકન્ડ રાખવામાં આવેલ. વધુમાં ચોમાસા દરમ્યાન ઉપલબ્ધ થનાર વધારાના ૧ મિલિયન ઘન ફૂટ પાણી વહેવડાવવા માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ઉદ્‌ગમ સ્થાને ૧૨૦ ઘ.મી./સેકન્ડથી વધારી ૨૨૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલ છે.

પિયત વિસ્તારની જિલ્લાવાર, તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગત નીચે મુજબ છે.

| અનુ.નં.<br>૧ | જિલ્લો<br>૨ | તાલુકો<br>૩ | લાભિત ગામોની સંખ્યા<br>૪ | પિયત વિસ્તાર હેક્ટરમાં<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | રાપર | ૪૭ | ૩૮૫૬૧ |
| | | ભચાઉ | ૩૩ | ૨૫૯૩૫ |
| | | ગાંધીધામ | ૮ | ૪૧૩૪ |
| | | અંજાર | ૨૪ | ૧૩૩૬૭ |
| | | મુંદ્રા | ૩૪ | ૧૮૨૪૦ |
| | | માંડવી | ૩૦ | ૧૧૧૯૮ |
| | | ભુજ | ૬ | ૧૩૪૩ |
| | | **કુલ** | **૧૮૨** | **૧,૧૨,૭૭૮** |

**૩.૦ બાંધકામની વર્તમાન સ્થિતિ તથા નવા બધા જ કામોનું આયોજન :**

શાખા નહેરની કુલ ૩૬૦ કિ.મી. લંબાઈના શરૂઆતની સાંકળ ૧૯૪ કિ.મી. સુધીમાં સ્થળ મોજણી, આયોજન, આલેખન અને અંદાજની કામગીરી ભારતીય રેલવેના ઉપક્રમ રાઈટ્સ ઈન્ડિયાને સોંપવામાં આવેલ હતી. શરૂઆતની ૧૯૪ કિ.મી. લંબાઈમાં સ્થળ મોજણી અને ભૂમિ અન્વેષણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સાંકળ ૧૯૪થી ૩૬૦ કિ.મી.ની લંબાઈમાં સ્થળ મોજણીની કામગીરી વાપકોસ (ભારત સરકારના ઉપક્રમ) દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે એપ્રિલ - ૨૦૧૨માં પૂર્ણ કરવાનું આયોજન છે.

*ઊંઘતા તમામ મનુષ્યો એટલા સમય પૂરતા તો સજ્જન હોય જ છે.*

કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી. (પે–કે–૧)નું કામ પૂર્ણ થયેલ છે. જ્યારે સાંકળ ૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પે–કે–૨, ખર્ચે અને જોખમે)નું કામ હાલ પ્રગતિમાં છે. સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી. (ઈપીસી-૧) અને ૧૩૩થી ૧૮૯.૯૭ કિ.મી. (ઈપીસી-૨)નાં કામો તથા ત્રણ પંપીંગ સ્ટેશનોનાં કામો ઈપીસી ધોરણે ઈજારદારોને આપવામાં આવેલ છે અને આ કામો પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭થી ૨૧૮ કિ.મી.નું ટેન્ડર તા. ૧૯-૩-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવેલ છે. કચ્છ શાખા નહેરની બાકી રહેતી કામગીરી માટે પણ ટૂંક સમયમાં ટેન્ડરો બહાર પાડી આગામી ત્રણ વર્ષમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

## કચ્છ શાખા નહેરના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ચાલુ કામોની વિગત

| અનુ. નં. | કામની વિગત | એજન્સીનું નામ | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) | વર્ક ઓર્ડરની તારીખ | સંભવિત પૂર્ણ થવાની તારીખ | પ્રગતિ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૮.૮૨ કિ.મી. | સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ | ૩૦.૭૦ | ૧-૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. | — |
| ૨. | કચ્છ શાખા નહેરની સાંકળ ૮.૮૨થી ૨૦.૦૮ કિ.મી. | સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ | ૩૦.૯૧ | ૧-૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. | — |
| ૩. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૦૮થી ૩૨.૯૭ કિ.મી. | બી. કે. પટેલ એન્ડ કું., અમદાવાદ | ૪૨.૭૭ | ૨-૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. | — |
| ૪. | કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭થી ૪૫.૦ કિ.મી. | વાલજી પુના એન્ડ કું., આદિપુર | ૨૨.૦૭ | ૨૧-૧૦-૨૦૧૦ | ૩૧-૧૨-૨૦૧૨ | ૮.૦ |
| ૫. | કચ્છ શાખા નહેરની સાંકળ ૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી. (ઈપીસી) | ગેગન ડંકર્લી, અમદાવાદ | ૨૫૧.૦૦ | ૦૭-૦૨-૨૦૧૧ | ૦૬-૦૨-૨૦૧૩ | ૨૩.૦ |
| ૬. | કચ્છ શાખા નહેરની સાંકળ ૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી. | ગેગન ડંકર્લી, અમદાવાદ | ૨૫.૫૪ | ૧૩-૧-૨૦૧૧ | ૧૨-૭-૨૦૧૨ | ૪.૦ |
| ૭. | કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫.૦૦થી ૮૨.૩ કિ.મી. (ઈપીસી) | એસ.ઈ.ડબલ્યુ. એન્ડ એમ.ઈ.આઈ.એલ. જે.વી. હૈદ્રાબાદ | ૨૨૪.૩ | ૦૭-૨-૨૦૧૧ | ૬-૨-૨૦૧૩ | ૯.૦ |

## કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં ચાલુ કામોની વિગત

| અનુ. નં. | કામની વિગત | એજન્સીનું નામ | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) | વર્ક ઓર્ડરની તારીખ | સંભવિત પૂર્ણ થવાની તારીખ | પ્રગતિ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી. | નાગાર્જુન કન્સ્ટ્રક્શન લિ. હૈદ્રાબાદ | ૪૦૨.૪૫ | ૨૭-૧-૨૦૧૧ | ૦૧/૨૦૧૩ | ૨૨.૦ |
| ૨. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫થી ૧૨૨.૩૧૯ કિ.મી. (પેકેજ કે.૧) | મોન્ટેકાર્લો કન્સ્ટ્રક્શન પ્રા.લિ., અમદાવાદ | ૩૨.૩૬ | ૧૧-૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. ૧૨/૨૦૧૧ | — |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૨૨.૩૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે.૨) | કિશાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., રાજકોટ | ૩૩.૫૦ | ૧૫-૭-૨૦૧૦ | ૧૨/૨૦૧૨ | ૧૧.૦ |
| ૪. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૩૩ થી ૧૮૯.૯ કિ.મી. | હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કું. લિ., મુંબઈ | ૩૪૫.૩૧ | ૨૭-૧-૨૦૧૧ | ૦૧/૨૦૧૩ | ૩૮ |
| ૫. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯ થી ૨૧૮ કિ.મી. | ટેન્ડર તા. ૧૯-૩-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવેલ છે. | | | | |
| ૬. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૧ | આઈ.વી.આર.સી.એલ.-ડબલ્યુ.યુ.એક્ષ.આઈ.-જેવી, હૈદ્રાબાદ | ૧૮૩.૪૭ | ૭-૩-૨૦૧૧ | ૦૩/૨૦૧૩ | ૧૪.૨૧ |
| ૭. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૨ | એમ.આઈ.આઈ.એલ.-આઈ.ટી.ટી.-જે.વી. હૈદ્રાબાદ | ૧૮૩.૦૦ | ૭-૩-૨૦૧૧ | ૦૩/૨૦૧૩ | ૧૪.૬૫ |
| ૮. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૩ | એમ.આઈ.આઈ.એલ.-આઈ.ટી.ટી.-જે.વી. હૈદ્રાબાદ | ૧૪૮.૨૬ | ૭-૩-૨૦૧૧ | ૦૩/૨૦૧૩ | ૧૭.૮૧ |

**૪.૦ પિયત વિસ્તાર :**

ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોર વગેરેના આયોજન તથા મોજણીની કામગીરી તથા ટેન્ડરની કામગીરી કેન્દ્ર સરકારના જાહેર ઉપક્રમ ધબ.હફક દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. કચ્છ શાખા નહેરની ૧૧૨.૫થી ૩૬૦ કિ.મી.માં નેટવર્ક પ્લાનીંગ માટેની મોજણી વાપકોસ દ્વારા પ્રગતિમાં છે.

***નોંધ :*** *પ્રગતિના આંકડા ફેબ્રુઆરી-૨૦૧૨ સુધીના છે. ત્યારબાદના ત્રણ મહિનાના પ્રગતિના આંકડાનો આ લેખમાં સમાવેશ કરવામાં આવેલ નથી.*

***"ત્રિશલા", હિંમતલાલ પાર્ક સ્ટ્રીટ, જજીસ કોલોની સામે, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

## સમયને ઓળખીને ચાલો

**તમારું ક્ષેત્ર વિશાળ છે એટલે હરીફો તો હોવાના જ. એટલે જ અવિચારી પગલું ન ભરો. સમયને ઓળખીને ચાલો. જે વ્યક્તિ સમય અનુસાર વર્તે છે એની ગણતરીપૂર્વકની પીછેહઠ પણ લાંબાગાળાની જીતનો જ એક ભાગ હોય છે. થોભો, વિચારો, સમય ઝૂકવાનો છે? તો ઝુકો. સમય લડવાનો છે? તો લડો. સમય અલિપ્ત રહેવાનો છે? તો અલિપ્ત રહો. જો શત્રુ પોતાના કરતાં વધારે શક્તિશાળી હોય તો તેને અનુરૂપ વર્તન કરવામાં જ ભલાઈ છે. નહીં તો માઠાં ફળ ભોગવવા તૈયાર રહેવું જોઈએ. શક્તિશાળી શત્રુને અનુરૂપ વર્તન કરવાથી તે વશ થઈ જાય છે. બસ, સમયને ઓળખો, અમલ તમારી સિદ્ધિનો ઘડવૈયો છે.**

***સાભાર : 'પરિત્રાણ'***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

# કચ્છ શાખા નહેર માટે જમીન સંપાદનની છેલ્લી સ્થિતિ

• રજૂઆત : મૂકેશ ઝવેરી, ડાયરેક્ટર - સરદાર સરોવર નર્મદા નિગમ લિ. •

(૧) કચ્છ શાખા નહેર, કચ્છ જિલ્લામાં રાપર તાલુકામાંથી પ્રવેશ કરે છે. ત્યારબાદ ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા, માંડવી તથા ભુજ તાલુકામાંથી પસાર થાય છે. હાલમાં ભચાઉ તાલુકાના ભચાઉ મુકામે આવેલ પંમ્પિંગ સ્ટેશન – ૩ સુધી વર્ક ઓર્ડર અપાયેલ છે. આમ ભચાઉ તથા રાપર તાલુકામાં ખાનગી જમીનો સંપાદન કરી નહેરના કામ માટે ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે.

(૨) રાપર તથા ભચાઉ તાલુકામાં નીચે મુજબનાં ગામોમાં ખાનગી જમીનો સંપાદન કરવી જરૂરી હતી.

| અનુ.નં. | તાલુકો | ગામ | હેતુ | કુલ ખાતેદારો | કુલ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માંજુવાસ | પંપીંગ-૧ | ૨ | ૨.૫૬૬૦ |
| ૨. | | મોમાયમોરા | નહેર | ૭ | ૧૧.૫૧૨૩ |
| ૩. | | ફતેહગઢ | નહેર | ૧૨૧ | ૭૩.૯૨૯૧ |
| ૪. | | હમીરપર નાની | નહેર | ૨૬ | ૨૨.૮૯૨૧ |
| | | | પંપીંગ-૨ | ૨૭ | ૨૦.૩૪૦૦ |
| ૫. | | નંદાસર | નહેર | ૩૪ | ૩૪.૯૦૦૯ |
| ૬. | | જેસડા | નહેર | ૩૩ | ૨૯.૭૧૬૦ |
| ૭. | | ત્રંબૌ | નહેર | ૩૭ | ૩૩.૨૪૦૬ |
| ૮. | | સૂવઈ | નહેર | ૬ | ૭.૯૯૭૭ |
| ૯. | | ખેંગારપર | નહેર | ૪૫ | ૪૨.૦૪૬૫ |
| ૧૦. | | ગવરીપર | નહેર | ૧ | ૧.૧૭૯૫ |
| ૧૧. | | વજેપર | નહેર | ૧ | ૧.૫૦૧૩ |
| ૧૨. | | રવ નાની | નહેર | ૧૫ | ૧૫.૯૬૮૨ |
| ૧૩. | | કલ્યાણપર (થાનપર) | એપ્રોચ રોડ | ૩ | ૦.૧૫૮૦ |
| ૧૪. | | કલ્યાણપર | એપ્રોચ રોડ | ૪ | ૦.૩૭૭૦ |
| ૧૫. | ભચાઉ | ભરૂડિયા | નહેર | ૪૪ | ૫૩.૩૭૭૩ |
| ૧૬. | | કણખોઈ | નહેર | ૫ | ૬.૨૧૮૦ |
| ૧૭. | | ચોબારી | નહેર | ૮૫ | ૭૬.૧૦૬૦ |
| ૧૮. | | મનફરા | નહેર | ૨૦ | ૧૭.૩૭૯૬ |
| ૧૯. | | ખારોઈ | નહેર | ૩૭ | ૪૩.૯૩૦૬ |
| ૨૦. | | માય | નહેર | ૪૧ | ૪૨.૦૧૪૧ |
| ૨૧. | | મેઘપર - કુંજીસર | નહેર | ૧૩ | ૨૨.૪૧૪૯ |
| ૨૨. | | કરમરીયા | નહેર | ૪૮ | ૫૫.૨૭૭૦ |
| ૨૩. | | ભચાઉ | નહેર | ૩૭ | ૩૨.૨૭૭૬ |
| | | | પંપીંગ-૩ | ૫૧ | ૨૭.૨૫૨૪ |
| | | **કુલ** | | **૭૪૩** | **૬૭૪.૫૭૨૭** |

*કલાકની ચિંતા ન કરો, તમે મિનિટોની ચિંતા કરો. મિનિટોને સાચવો.*

(૩) આ એક ભગીરથ કાર્ય હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને જમીનોનું યોગ્ય વળતર મળી રહે તથા જમીન સંપાદનની પ્રક્રિયા વેળાસર પૂર્ણ થાય તે હેતુથી જે પણ કોઈ ખેડૂત પ્રવર્તમાન જંત્રી ભાવથી જમીન આપવા સંમત થાય તો તે મુજબ જમીન સંપાદન કરવાનું નક્કી કર્યું. આ ઉપરાંત બીજા ૩૦% પણ આપવાનું ઠરાવ્યું. આ માટે રાજ્ય સરકાર દ્વારા દર સોમવારે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠકો કરી જ્યાં પણ મહેસૂલ ખાતા હસ્તક રેકર્ડના પ્રશ્નો હોય તે ત્વરિત દૂર કર્યા. વારસાઈ, વહેંચણી, વેચાણ, હક્ક કમી જેવી બાબતોનો કલેક્ટરશ્રી એમ. થેન્નારસન દ્વારા તત્કાલ નિકાલ કરાયો. માનનીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબહેન પટેલ દ્વારા પણ જિલ્લાની મુલાકાતો લઈ સમીક્ષા કરાઈ. સૂવઈ ખાતે માનનીય મંત્રીશ્રી દ્વારા જે ખેડૂતોએ જંત્રી ભાવથી સંમતિ આપી હતી તેઓનું જાહેર સન્માન કરી તેઓને બિરદાવ્યા. સરદાર સરોવર નર્મદા નિગમના માનનીય વહીવટી સંચાલક શ્રી એસ. જગદીશન દ્વારા જિલ્લાનાં ગામોની મુલાકાત લઈ ખેડૂતોને જંત્રી ભાવથી સંમત થવાના ફાયદા સમજાવવામાં આવ્યા. આ મુલાકાતો દરમ્યાન કચ્છ જિલ્લાના વતની, માજી ધારાસભ્ય શ્રી તથા હાલમાં નિગમના સંચાલકશ્રી મૂકેશભાઈ ઝવેરી અવિરતપણે હાજર રહ્યા. તેઓશ્રીએ તમામ ગામોમાં ખેડૂતો સાથે અંગત રીતે ગોષ્ઠિ કરી. જરૂર જણાયે અગ્રણીઓની મુલાકાત બાદ ફરીથી ગામોની મુલાકાત લઈ ખેડૂતોના પ્રશ્નો દૂર કર્યા. રાપર તથા ભચાઉ વિસ્તાર જે સામાન્ય રીતે વાગડ તરીકે ઓળખાય છે, તે વિસ્તારના ઘણા ખેડૂતો ધંધાર્થે મુંબઈ મુકામે સ્થાયી થયેલ હોઈ તેઓની અનુકૂળતા સચવાય તે માટે સરદાર સરોવર નર્મદા નિગમના માનનીય વહીવટી સંચાલકશ્રી એસ. જગદીશન, સંચાલકશ્રી મૂકેશભાઈ ઝવેરી તથા કચ્છ શાખાના મુખ્ય ઈજનેર શ્રી એસ.ડી. મિસ્ત્રી મુંબઈ મુકામે જઈ વાગડના વિરલાઓને જમીન સંમતિથી આપવા સંમત કર્યા. આ ઉપરાંત સંયુક્ત વહીવટી સંચાલક અને કચ્છ જિલ્લાના પ્રભારી સચિવશ્રી કે. શ્રીનિવાસન, મુખ્ય જનરલ મેનેજર શ્રી એસ.કે. પંડ્યા કે જેઓ પણ ગાંધીનગર મુકામે કાર્યરત છે તેમના દ્વારા પણ ગામોની મુલાકાત લેવાઈ. કે. શ્રીનિવાસન દ્વારા ચોબારી ગામે જ્યાં ખેડૂતો સંમતિ આપવા અવઢવમાં હતા ત્યાં મોડી રાત સુધી રોકાઈ અમુક ખેડૂતોની સંમતિ મેળવવામાં આવી. આ તમામ મુલાકાતો તથા ત્યારબાદ કરવાની કાર્યવાહી જમીન સંપાદન અધિકારીશ્રી એન.વી. ઉપાધ્યાય તથા કાર્યપાલક ઈજનેર શ્રી કચ્છ શાખા નહેરના અધિકારીઓ દ્વારા પૂર્ણ કરવામાં આવી. આમ આ તમામ પ્રયત્નો બાદ હાલમાં આ બે તાલુકામાં સંપાદનની સ્થિતિ ગામવાર નીચે મુજબ છે.

(૪) **સંપાદનની છેલ્લી સ્થિતિ :**

| અનુ. નં. | ગામ | હેતુ | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ | સંમતિથી સંપાદન | | કાયદાથી સંપાદન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ |
| ૧. | માંજુવાસ | પંપીંગ-૧ | ૨ | ૨.૫૬૬ | ૨ | ૨.૫૬૬ | ૦ | ૦ |
| ૨. | મોમાય મોરા | નહેર | ૭ | ૧૧.૫૧૨૩ | ૭ | ૧૧.૫૧૨૩ | ૦ | ૦ |
| ૩. | ફતેહગઢ | નહેર | ૧૨૧ | ૭૩.૯૨૯૧ | ૧૧૮ | ૭૧.૯૩૪૮ | ૩ | ૧.૯૯૪૦ |
| ૪. | હમીરપર નાની | નહેર | ૨૬ | ૨૨.૮૯૨૧ | ૨૫ | ૨૦.૮૪૧૧ | ૧ | ૨.૦૫૧૦ |
| | | પંપીંગ-૨ | ૨૭ | ૨૦.૩૪૦૦ | ૧૫ | ૧૦.૫૬૪૭ | ૧૭ | ૯.૭૭૫૩ |
| ૫. | નંદાસર | નહેર | ૩૪ | ૩૪.૯૦૦૯ | ૩૧ | ૩૦.૩૫૧૬ | ૩ | ૪.૫૪૯૩ |
| ૬. | જેસડા | નહેર | ૩૩ | ૨૯.૭૧૬૦ | ૨૯ | ૨૬.૮૫૨૩ | ૪ | ૨.૮૬૩૭ |
| ૭. | ત્રંબૌ | નહેર | ૩૭ | ૩૩.૨૪૦૬ | ૩૩ | ૩૨.૦૭૮૫ | ૪ | ૧.૧૬૨૧ |
| ૮. | સૂવઈ | નહેર | ૬ | ૭.૯૯૭૭ | ૪ | ૩.૧૬૪૦ | ૨ | ૪.૮૩૩૭ |
| ૯. | ખેંગારપર | નહેર | ૪૫ | ૪૨.૦૪૬૫ | ૧૩ | ૧૦.૦૮૩૧ | ૩૨ | ૩૧.૯૬૩૪ |
| ૧૦. | ગવરીપર | નહેર | ૧ | ૧.૧૭૯૫ | ૧ | ૧.૧૭૯૫ | ૦ | ૦ |
| ૧૧. | વજેપર | નહેર | ૧ | ૧.૫૦૧૩ | ૧ | ૧.૫૦૧૩ | ૦ | ૦ |
| ૧૨. | રવ નાની | નહેર | ૧૫ | ૧૫.૯૬૮૨ | ૧૫ | ૧૫.૯૬૮૨ | ૦ | ૦ |
| ૧૩. | કલ્યાણપર (થાનપર) | રોડ | ૩ | ૦.૧૫૮૦ | ૦ | ૦ | ૩ | ૦.૧૫૮૦ |
| ૧૪. | કલ્યાણપર | રોડ | ૪ | ૦.૩૭૭૦ | ૦ | ૦ | ૪ | ૦.૩૭૭૦ |

*અરીસો મારો શ્રેષ્ઠ મિત્ર છે, કારણકે હું જ્યારે રડું છું ત્યારે તે હસતો નથી.*

| અનુ. નં. | ગામ | હેતુ | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ | સંમતિથી સંપાદન | | કાયદાથી સંપાદન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ | કુલ ખેડૂતો | કુલ ક્ષેત્રફળ |
| ૧૫. | ભરૂડિયા | નહેર | ૪૪ | ૫૩.૩૭૭૩ | ૨૯ | ૩૫.૪૯૦૦ | ૧૫ | ૧૭.૮૮૭૩ |
| ૧૬. | કણખોઈ | નહેર | ૫ | ૬.૨૧૮૦ | ૫ | ૬.૨૧૮૦ | ૦ | ૦ |
| ૧૭. | ચોબારી | નહેર | ૮૫ | ૭૬.૧૦૬૦ | ૨૯ | ૨૨.૭૫૫૦ | ૫૬ | ૫૩.૩૫૧૦ |
| ૧૮. | મનફરા | નહેર | ૨૦ | ૧૭.૩૭૯૬ | ૮ | ૬.૩૭૭૨ | ૧૨ | ૧૧.૦૦૩૪ |
| ૧૯. | ખારોઈ | નહેર | ૩૭ | ૪૩.૯૩૦૬ | ૩૩ | ૩૮.૨૯૨૬ | ૪ | ૫.૬૩૮૦ |
| ૨૦. | માય | નહેર | ૪૧ | ૪૨.૦૧૪૧ | ૩૫ | ૩૬.૨૭૭૬ | ૬ | ૫.૭૩૬૫ |
| ૨૧. | મેઘપર-કુંજીસર | નહેર | ૧૩ | ૨૨.૪૧૪૯ | ૧૩ | ૨૨.૪૧૪૯ | ૦ | ૦ |
| ૨૨. | કરમરીયા | નહેર | ૪૮ | ૫૫.૨૭૭૦ | ૩૭ | ૩૩.૫૮૩૫ | ૧૧ | ૨૧.૬૯૩૫ |
| ૨૩. | ભચાઉ | નહેર | ૩૭ | ૩૨.૨૭૭૬ | ૩૬ | ૩૧.૪૩૯૩ | ૧ | ૦.૮૩૮૩ |
| | | પંપીંગ-૩ | ૫૧ | ૨૭.૨૫૨૪ | ૪૧ | ૨૫.૨૨૮૨ | ૩ | ૨.૦૨૪૨ |
| | કુલ | | ૭૪૩ | ૬૭૪.૫૭૨૭ | ૫૬૦ | ૪૯૬.૬૭૩૭ | ૧૮૧ | ૧૭૭.૮૯૯૭ |

ઉપરોક્ત પત્રમાં ફતેહગઢ તથા હમીપર નાની (નહેર)માં કાયદાકીય કાર્યવાહી પ્રગતિમાં છે. અન્ય તમામ કિસ્સામાં કાર્યવાહી પૂર્ણ થયેલ છે. વિગતો જોતાં લગભગ ૭૪% સંપાદનની કાર્યવાહી ખેડૂતોની સંમતિથી કરવામાં આવેલ છે. સંમતિથી કરવામાં આવેલ ઍવોર્ડમાં ખેડૂતોને કુલ રૂા. ૧૬,૩૧,૨૬,૮૫૫/- વળતર જાહેર કરાયેલ છે. આમાં ઉપરોક્ત બે ગામોનો સમાવેશ કરેલ નથી. આમ, સરેરાશ વળતર ખેડૂત દીઠ રૂા. ૩,૮૬,૫૫૬/- મળેલ છે અને સરેરાશ વળતર હેક્ટર દીઠ રૂા. ૪,૦૩,૮૮૫/- જાહેર થયેલ છે. જે કિસ્સામાં સંમતિ ના મળતાં કાયદા મુજબ સંપાદન કરેલ છે. તેમાં કુલ રૂા. ૮૨,૪૧,૪૩૬/- વળતર કાયદાકીય જોગવાઈ મુજબ જાહેર કરાયેલ છે. આમ, સરેરાશ વળતર ખેડૂત દીઠ રૂા. ૪૬,૮૮૩/- મળેલ છે અને સરેરાશ વળતર હેક્ટર દીઠ રૂા. ૪૭,૫૬૭/- જાહેર થયેલ છે. આમ જોઈએ તો સંમતિથી જાહેર કરાયેલ સરેરાશ વળતર કાયદા મુજબ જાહેર કરાયેલ સરેરાશ વળતર કરતાં લગભગ આઠ ગણું છે. સરકારશ્રી દ્વારા ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે આ એક પ્રશંસનીય પગલું ગણી શકાય અને મોટાભાગના ખેડૂતોએ લાભ લીધેલ છે. જે કિસ્સામાં સંમતિથી જમીન ના મળે તેવા કિસ્સામાં સરકારશ્રી કાયદા મુજબ સંપાદન કરવાની જ છે, જે ઉપરોક્ત માહિતીથી સ્પષ્ટ છે. આમ, સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તકની કચ્છ શાખા નહેરની સંપાદનની પ્રક્રિયા ભચાઉ સુધી પૂર્ણ થયેલ છે. ભચાઉ સુધી નહેરનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. વાગડ વિસ્તાર નર્મદાના પાણીથી રેલમછેલ થાય તે દિવસો હવે દૂર નથી. જાણે કે ૫૦ વર્ષ જૂનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ તમામ યશ ગુજરાત સરકારશ્રીને જ આપવો રહ્યો.

***નોંધ :*** *ઉપરોક્ત અહેવાલમાં જમીન સંપાદનના આંકડા ફેબ્રુઆરી-૨૦૧૨ના છે. ત્યારબાદની માહિતી પ્રમાણે આ વિભાગની કેનાલ માટે ૧૦૦ ટકા જમીન સંપાદિત થઈ ચૂકેલ છે.*

***"ત્રિશલા", હિંમતલાલ પાર્ક સ્ટ્રીટ, જજીસ કોલોની સામે, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

**જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવાં છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી મૃદુ ભાષા એ વાપરે છે.**

***વફાદાર બની હકદાર બનો, બેઈમાન બની લાચાર ન બનશો.***

# ગુજરાત વિધાનસભાના દ્વારેથી
# કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી બાબતે

• અશોક મહેતા •

ગુજરાત વિધાનસભાના ગત સેશનમાં રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે નર્મદા નદીના વધારાના પાણીનાં કાર્યો માટે નીચે મુજબના પ્રશ્નો પૂછેલ હતા કે જેના તેઓને મળેલ સત્તાવાર જવાબની પણ અત્રે રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત જવાબો પરથી એ સ્પષ્ટ થાય છે કે કચ્છ તથા સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ વધારાના પાણી માટે હજુ સુધી માત્ર રૂા. ૭૩.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે જયારે અન્ય તરફ ઉત્તર ગુજરાતમાં અત્યાર સુધી રૂા. ૨,૨૩,૭૪૨.૬૩ લાખનાં કામ થઈ ચૂકેલ છે. એટલે કે રૂા. ૨૨૩૭ કરોડનાં કામ થઈ ચૂકેલ છે.

વધારાના પાણીનાં કાર્યો સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તક નહીં પરંતુ રાજય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના હાથમાં સોંપવામાં આવેલ છે.

લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શનવાળા શ્રી લક્ષ્મણભાઈ (નૈરોબી સ્થિત) આ બાબતે અવારનવાર પ્રયાસ કરતા હોય છે. જે કન્સલ્ટિંગ કંપની મલ્ટી મીડિયાને આ કામના સર્વેનું કામ સોંપાયું છે તેમની તથા જળસંપત્તિ વિભાગના ચીફ એન્જિનિયર શ્રી ઓ.ટી. ગુલાટીની તેઓશ્રી અવારનવાર મુલાકાત લેતા રહે છે. પરંતુ તેનાથી વિશેષ કોઈ ફેરફાર થયેલ હોય તેવું લાગતું નથી. મલ્ટી મીડિયાનું સર્વેનું કામ ખૂબ જ ધીમું એટલે કે ગોકળગાયની પદ્ધતિથી ચાલે છે. શ્રી બાબુભાઈ પણ આ બાબતે અવારનવાર પોતાનો રોષ વ્યક્ત કરતા હોય છે પરંતુ તેઓ તો વિરોધપક્ષના નેતા છે. તેથી તેમની કોઈ પણ વાત ગણકારવામાં આવતી નથી. આ સિવાય કચ્છમાંથી કોઈએ આ બાબતે ગુજરાત સરકાર કે જળસંપત્તિ વિભાગ પાસે પ્રયાસ કર્યા હોય તેવું દેખાતું નથી.

કચ્છમાં રહેતા કચ્છીઓ અને ભારતમાં અન્યત્ર વસવાટ કરતા કચ્છીઓ આ પ્રશ્ને ગુજરાત સરકાર સમક્ષ રૂબરૂમાં અથવા તો પત્રવ્યવહાર દ્વારા રજૂઆત નહીં કરે અને પોતાનો પક્ષ મજબૂત નહીં બનાવે ત્યાં સુધી આ કાર્યો ગોકળગાયની પદ્ધતિથી જ ચાલતાં રહેશે.

દરેક કચ્છીએ પોતાના સ્થળેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવી તે તેઓની નૈતિક જવાબદારી છે તેવું સમજીને આ અપીલ કરવામાં આવી રહેલ છે.

માનનીય શ્રી બાબુભાઈ શાહે પૂછેલા પ્રશ્નો અને તેઓને મળેલા જવાબ અત્રે અક્ષરશઃ રજૂ કરવામાં આવેલ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ***માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે, કે –*** | |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા ડેમના ઑવરફ્લો કે ચોમાસામાં દરિયામાં જતું ૩ મિલિયન એકર ફૂટ પાણી પૈકી ૧ મિલિયન એકર ફીટ પાણી કચ્છ અને ૧ મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં સાચવવાની વ્યવસ્થા / જવાબદારી સિંચાઈ વિભાગ હસ્તક છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચાડવા અને સાચવવા માટેનો વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) છેલ્લા ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચાડવા અને સાચવવા માટે વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો. |

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૯ | ૦.૦૦ |
| ૨. | ૨૦૧૦ | ૨૧.૩૧ |
| ૩. | ૨૦૧૧ | ૫૨.૪૩ |

***સમસ્યાઓ ઉકેલવામાં વિલંબ ન કરવો જોઈએ.***

(૩) નર્મદા ડેમના ઑવરફ્લો કે / અને દરિયામાં વહી જતાં ત્રણ મિલિયન એકર ફીટ પાણી પૈકી ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવા / સાચવવાના ભાગરૂપે તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં કયા કયા હેડે કેટલો ખર્ચ થયો?

(૩) તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં હેડવાઈઝ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| હેડ (ખર્ચનું સદર) (માંગણી ક્રમાંક : ૬૬) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૭૦૧ | ૨૬૧.૭૭ |
| ૨૭૦૨ | ૪૨,૪૪૮.૪૭ |
| ૪૭૦૧ | ૧,૬૪,૮૭૬.૧૩ |
| ૪૭૦૨ | ૧૬,૧૫૬.૨૪ |

ઉપરોક્ત ત્રણ વર્ષના આંકડા એ રજૂઆત કરે છે કે વર્ષ ૨૦૧૧ના અંત ભાગ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ, જ્યાં દરેક સ્થળે એક-એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવાનું છે ત્યાં માત્ર રૂા. ૭૩.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવાનું છે ત્યાં રૂા. ૨૨૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

પાણી, એ કચ્છનો પ્રાણ પ્રશ્ન છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી અને અન્ય મંત્રીશ્રીઓ વારંવાર કચ્છમાં પધારે છે અને કચ્છ પ્રત્યે તેઓશ્રીને વિશેષ લગાવ હોય તેવી વાતો પણ થતી હોય છે. અરે, કચ્છના એક પ્રભારી, ગુજરાત સરકારમાં મંત્રીશ્રી તરીકે બિરાજમાન પણ છે. કચ્છ ભાજપના અનેક અગ્રિમ (અગ્રણી) કાર્યકરો ગુજરાત સરકારશ્રી સાથે નજદીકી ઘરોબો પણ જાળવી શકેલ છે. તેમ છતાં કચ્છના પ્રાણપ્રશ્ને જે કાર્યવાહી અત્યારે ચાલે છે, તે અફસોસ સાથે કહેવું પડે છે કે તેની ઝડપ ગોકળગાય કરતાં પણ ધીમી છે.

વધારાના એક મિલિયન એકર ફૂટ પાણીથી ૬ લાખ એકર જમીનમાં એક પાક લઈ શકાય. એક એકરે ચોખ્ખો નફો રૂા. ૧૫,૦૦૦/- ગણીએ તો દર વર્ષે રૂા. ૯૦૦ કરોડ કચ્છના ખેડૂતોના હાથમાં વધારાના આવે. આ વિભાજિત ઈન્કમ ગણાય. જ્યારે ઉદ્યોગની આવક એક જ વ્યક્તિના હાથમાં આવે. ખેતી એ સમાજવાદ તરફનું પગલું છે જ્યારે મૂડીવાદથી એક જ શહેરમાં એક તરફ ૪ વ્યક્તિના કુટુંબને રહેવા ૨૭ માળનો બંગલો બની શકે જ્યારે બીજી તરફ એજ શહેરમાં એશિયાની મોટામાં મોટી ઝૂંપડપટ્ટી વિકસી શકે.

આપણે મૂડીવાદનો આંધળો વિરોધ ના કરીએ પરંતુ તેનો મતલબ એ તો ન જ થાય કે ખેતી તરફ બિલકુલ દુર્લક્ષ્ય સેવવામાં આવે.

જો આપણે સમજી શકીએ તો માનનીય શ્રી બાબુભાઈના પ્રશ્નોમાં અનેકગણું ઊંડાણ રહેલું દેખાય છે. કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીનાં કાર્યો સત્વરે શરૂ કરવામાં આવે એ દરેક કચ્છીએ — પછી ભલે તે ચાહે કોઈ પણ પક્ષનો હોય — ભારપૂર્વક રજૂઆત કરવી જોઈએ અને તેનાં કાર્યો સત્વરે શરૂ કરાવવાં જોઈએ. ■

## સત્યની શોધ અને સ્વીકાર

**(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)**

મોક્ષ વગેરે એવા વિષય છે જે પરોક્ષ રીતે પણ પુરવાર થયા નથી. માત્ર ધ્યાન ધરવાથી કોઈને બધું જ્ઞાન આવી ગયું કે આવી શકે એ એક પરિકલ્પના છે.

સત્યને કે બ્રહ્મને સમજવા અને પામવા જાતજાતના સાધકો થઇ ગયા છે અને થઇ રહ્યા છે. એમાંથી કેટલાક સંસારની જવાબદારીઓથી ભાગનાર પલાયનવાદીઓ છે, કેટલાક સાધકના નામે મળતા માનમરતબા અને લોકપ્રિયતાથી અંજાઇ સાધક બની બેઠેલા ઢોંગી છે તો કેટલાક વળી ભોળાભાવે આ મૃગજળ પાછળ જીવનભર દોડી આભાસી સંતોષ મેળવે છે. વાસ્તવિકતા એ છે કે આ પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર કોઇ પાસે નથી. એટલે સંસારમાં જન્મેલા આપણે સંસારમાં રહી પ્રામાણિકપણે આપણી જવાબદારીઓ નભાવીએ. એ સાથે માનવ સમાજ અને પ્રકૃતિના ભલા માટે આપણાથી થાય એટલું કરી છૂટીએ એ વધુ અગત્યનું છે.

જેવી રીતે ભાષાનો અર્થ એનો આત્મા ગણાય, પદાર્થોના ગુણધર્મ એમનો આત્મા ગણાય એજ રીતે આપણા શરીરને ટકી રહેવા મળતા જરૂરી સંકેતોને આપણો આત્મા ગણી શકાય. પ્રચલિત માન્યતાઓને બાજુએ રાખી આ નવી શક્યતા પર વિચાર કરનાર સત્યની શોધનો ઉપાસક ગણાશે. વધુ નક્કર પુરાવા ન મળે ત્યાં સુધી એને સ્વીકારવું વધુ રેશનલ હશે. યાદ રહે કે કેટલાક સત્યની શોધ એક ગતિમાન લક્ષ (moving target) હોય છે. ઘણા પ્રયત્નો અને શક્યતાઓ તપાસ્યા પછી ત્યાં પહોંચાય છે.

માનવસર્જિત ભાષા, કળાઓ, વિચારધારાઓ, ઉપકરણો વગેરે બધામાં માનવે 'પ્રાણ' પૂર્યા છે. તો પછી પ્રકૃતિમાં 'પ્રાણ' (વિશિષ્ટ માહિતી) કોણે મૂકી છે? માણસ વિચારતો થયો ત્યારથી આ પ્રશ્ન ચર્ચાઇ રહ્યો પણ હજી અનુત્તર છે. આ સર્જનહાર, જો હોય તો, પ્રચલિત માન્યતા પ્રમાણેનો ઇશ્વર ન હોઇ શકે, બીજું જ કંઇક હોવું જોઇએ, એની વિસ્તૃત ચર્ચા અલગ લેખમાં કરવામાં આવશે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*અજ્ઞાની હોવું એટલી શરમની વાત નથી, જેટલું શીખવા માટે તૈયાર ન રહેવું.*

# સત્યની શોધ અને સ્વીકાર
# ભાષાનો આત્મા અને આત્માની ભાષા

• મુરજી ગડા •

એવું મનાય છે કે માણસની પહેલી શોધ પૈડું હતી. પૈડું યંત્ર છે. યંત્રો પહેલાં બીજી પણ શોધો માનવે કરી છે. યંત્રની જ વાત કરીએ તો સૌ પહેલી શોધ ઉચ્ચાલકની હશે કારણ કે ઉચ્ચાલક (Lever) સૌથી પ્રાથમિક યંત્ર છે.

માનવોની સૌથી અગત્યની પહેલી શોધ છે ભાષાની. એને થોડા ઊંડાણમાં તપાસીએ. આદિ માનવ પોતાના વિચાર વ્યક્ત કરવા જુદા જુદા અવાજ કાઢતો હતો. વધુ વિવિધતાવાળા અવાજ કાઢવાના પ્રયત્ન સાથે એની સ્વરપેટી પણ વિકસતી ગઈ.

માત્ર અવાજોની વિવિધતા પૂરતી નહોતી. વિચારો અને ઈચ્છાઓ વ્યક્ત કરવા એમણે શબ્દો બનાવ્યા. જરૂરત પ્રમાણે શબ્દોના સમૂહ બનાવી વાક્યો રચ્યાં. આ એક વ્યવસ્થિત બોલીની શરૂઆત હતી.

માત્ર બોલીને વિચારો વ્યક્ત કરવાની ઘણી મર્યાદાઓ છે. બોલેલું સાંભળનાર બરાબર ન સમજે તો ગેરસમજ થઈ શકે છે. તેમજ બોલેલું ક્ષણિક છે, નાશવંત છે. ગેરસમજ થઈ હોય ત્યારે કોણ સાચું એ નક્કી કરવું શક્ય નથી.

અગત્યના વ્યવહારો માટે લખવું જરૂરી હતું એટલે પ્રગતિશીલ સમાજે લિપિ બનાવી. આ માટે પહેલાં મૂળાક્ષર બન્યા, પછી શબ્દો બન્યા અને વાક્યો રચાયાં. આ ભાષાની શરૂઆત હતી. ભાષાને સમૃદ્ધ બનાવવા વ્યાકરણની રચના થઈ વગેરે વગેરે.

આજની જેમ કોઈ વૈજ્ઞાનિક ઉપકરણ એક ઠેકાણે શોધાયા પછી ઝડપથી પૂરી દુનિયામાં ફેલાય છે તેમ બોલી કે ભાષાનો ફેલાવો નહોતો થયો. દરેક માનવ સમુદાયે સ્વતંત્ર રીતે પોતાની બોલી વિકસાવી હતી. એટલે જ દુનિયામાં હજારો બોલીઓ છે. આ સમાજોમાંથી બહુ થોડાએ પોતાની લિપિ બનાવી જેની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. એમના આસપાસના સમાજોએ એમની લિપિ અપનાવી જયારે લિપિના અભાવે ઘણી બોલીઓ ભાષા બની શકી નહીં. પોતાની આગવી લિપિ શોધનાર માનવસમાજ વધુ પ્રગતિશીલ હતા.

આજે આપણે ઘણી પ્રગતિ કરી છે. માનવસર્જિત ઉપકરણોથી ઘેરાયેલા છીએ છતાં ભાષાઓ સમજવાની બાબતમાં આપણી મર્યાદા છે. જે ભાષા આપણે શીખ્યા નથી તે આપણા માટે કોયડો માત્ર છે. કાગળ પર દોરેલી આડી અવળી લીટીઓ બધા જોઈ શકે છે પણ આપણી પરિચિત સંજ્ઞાઓના લખાણનો જ અર્થ સમજાય છે. બાકીની બધી સંજ્ઞાઓનો કંઈક અર્થ થાય છે એ જાણવા છતાં તે સમજી શકતા નથી.

કાગળ એક પદાર્થ છે. એના પર લીટીઓ દોરનાર કે સંજ્ઞાઓ બનાવનાર શાહી પણ પદાર્થ છે. કાગળ અને અક્ષરોનું માધ્યમ ભાષાનો એક ભાગ બને છે. ભાષાનો બીજો ભાગ છે લખાણનો મતલબ, જે પદાર્થ નથી કે ઊર્જા નથી. એને રંગ, રૂપ, આકાર નથી. એ વિશિષ્ટ છે, અમૂર્ત છે, એવું કંઈક છે જે લખાણને અર્થ આપે છે. એ માહિતી છે.

આ કાગળ-પેનનું દૃષ્ટાંત હતું. આજના વિકસિત યુગમાં માહિતી ઘણી રીતે ઉપલબ્ધ છે. આવા દરેક પ્રકારમાં પદાર્થરૂપી માધ્યમ અને એનો મતલબ એવા બે ભાગ હોય છે. માધ્યમ વગર માહિતીનું અસ્તિત્વ શક્ય નથી. જો પદાર્થનો (માધ્યમનો) નાશ કરવામાં આવે તો એની સાથે માહિતીનો પણ નાશ થઈ જાય છે.

ભાષાનું માધ્યમ અને માહિતીનું ઉદ્‌ગમ સ્થાન માનવ મગજ છે. એજ પ્રમાણે કળાઓ, વિચારધારાઓ, રોજબરોજનાં ઉપયોગી સાધનો વગેરે આપણી આસપાસ જે પણ માનવસર્જિત છે, એ બધાનું ઉદ્‌ગમ સ્થાન માનવ સમાજ છે. આ સત્ય વિષે કોઈ વિવાદ ન હોઈ શકે.

માણસની જેમ પ્રકૃતિ (કુદરત) પાસે પણ ભાષા છે. ફરક માત્ર એટલો છે કે માનવોની જેમ સેંકડો-હજારો નહીં પણ પ્રકૃતિ પાસે માત્ર એકજ ભાષા છે જેને આપણે પ્રકૃતિના નિયમ કહીએ છીએ. કુદરતની આ ભાષાની જટિલતા જરૂર પ્રમાણે બદલાય છે. એના બે મુખ્ય પ્રકાર છે : નિર્જીવોમાં અંકિત થયેલ માહિતી અને સજીવોમાં અંકિત થયેલ માહિતી. આપણી ભાષાની જેમ પ્રકૃતિની ભાષા પણ ધીરે ધીરે વિકસી છે. અન્ય સમાજોની ભાષા સમજવી આપણા માટે અઘરી છે તો પ્રકૃતિની ભાષા સમજવી એના કરતાં ઘણી અઘરી છે.

અમુક ચોક્કસ તાપમાને પાણી થીજીને બરફ બને છે અને બીજા ચોક્કસ તાપમાને વરાળ બને છે. પાણીના અણુઓમાં આ માહિતી અંકિત થયેલી છે, લખાયેલી છે. આ ઉપરાંત બીજી પણ કેટલીક માહિતી છે. એવી જ રીતે દરેક પદાર્થમાં ઘણી માહિતી સમાયેલી છે જેને આપણે પદાર્થના ગુણધર્મ કહીએ છીએ.

દરેક પદાર્થ પરમાણુઓનો બનેલો છે અને બધાજ પરમાણુ માત્ર ત્રણ ઘટકોના બનેલા છે : પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેક્ટ્રોન. પરમાણુઓમાં એમની વધુ-ઓછી સંખ્યા પ્રમાણે જુદા જુદા પદાર્થો બનેલા છે. આપણા જીવનદાતા ઑક્સિજનના પરમાણુમાં પ્રોટોન-ઈલેક્ટ્રોનની આઠ જોડીઓ છે જયારે નિષ્ક્રિય

*ગઈકાલ એ આજની યાદ છે અને આવતીકાલ આજનું સ્વપ્નું છે.*

ગણાતા નાઇટ્રોજનમાં એમની સાત જોડીઓ છે. એક જોડીના વધવા ઘટવાથી પદાર્થ બદલાઇ જાય છે, એના ગુણધર્મ બદલાય છે, એનો ઉપયોગ બદલાય છે. પરમાણુ અને એના ઘટકો પદાર્થ છે જ્યારે એમની વધતી-ઘટતી સંખ્યા અને વિશિષ્ટ રચના એમાં રહેલ માહિતી છે.

સજીવોમાં અંકિત થયેલ માહિતી નિર્જીવો કરતાં ઘણી વધુ જટિલ છે. માતા-પિતાના માત્ર એક-એક કોષથી શરૂ થયેલ માનવ શરીર, વિકાસ પામતાં અબજો કોષોનું બને છે. એટલું જ નહીં, દરેક અવયવના કોષનું કાર્ય ભિન્ન હોય છે. કોષની નાભિમાં આપણું DNA હોય છે. DNAમાં રહેલ પરમાણુઓની ચોક્કસ પ્રકારની ગોઠવણ જે તે કોષને એના કાર્યની માહિતી પૂરી પાડે છે. (જે રીતે ચોક્કસપણે ગોઠવાયેલ શબ્દોને લીધે વાક્યને એક સ્પષ્ટ અર્થ મળે છે એજ રીતે.) આંખના કોષોને મળતી વિશિષ્ટ સૂચનોને લીધે આપણે જોઇ શકીએ છીએ, જીભના કોષોને મળતા વિશિષ્ટ સૂચનોથી એ સ્વાદ પારખી શકે છે વગેરે. શરીરનો દરેક અવયવ આ રીતે કાર્ય કરે છે.

શરીર પદાર્થ છે, શરીરના કોષ પદાર્થ છે, કોષમાં આવેલ DNA પદાર્થ છે અને DNA રચતા પરમાણુ પણ પદાર્થ છે. આ બધા પદાર્થોમાં એમના પ્રકૃતિદત્ત ગુણધર્મ સચવાયેલા છે. DNAના પરમાણુઓની ચોક્કસ પ્રકારની રચનાને લીધે કોષમાં એક નવો ગુણ ઉમેરાય છે. એ પદાર્થ નથી, ઉર્જા નથી પણ સૂચના છે, માહિતી છે જે અમૂર્ત છે.

આજે માઇક્રોસ્કોપની મદદથી કોષને જોઇ શકાય છે, DNAના પરમાણુઓની ગોઠવણ બદલાતાં એમના કાર્યમાં થતા ફેરફાર જાણી શકાય છે. ભૂતકાળના માનવોને જ્યારે આ બધી ખબર નહોતી ત્યારે સજીવોને નિર્જીવથી અલગ પાડતા તત્ત્વને ત્યારના વિચારકોએ નામ આપ્યું હતું ચેતના, આત્મા, પ્રાણ, જીવ વગેરે. પછી જેને જરૂર પડી એણે એના મનઘડંત અર્થ કરી પોતાનો મતલબ સાધતા આવ્યા છે.

પદાર્થમાં રહેલ આ પ્રકારની વિશિષ્ટ માહિતી માટે પ્રાણ શબ્દ વાપરવો જ હોય તો ભાષાના અર્થને ભાષાનો પ્રાણ કહી શકાય, નિર્જીવોના ગુણધર્મને નિર્જીવોનો પ્રાણ કહી શકાય. એ રીતે આપણો પ્રાણ કે આત્મા, શરીરને જીવંત રાખવા માટેની જરૂરી સૂચનાઓ છે.

આત્મા જેવા સંવેદનશીલ વિષય પર પ્રચલિત માન્યતાથી ભિન્ન દૃષ્ટિકોણ રજૂ કરવો હોય તો આટલી ઝીણવટભરી પ્રસ્તાવના કરવી જરૂરી છે, છતાં કદાચ પૂરતી ન પણ હોય! જીવતા રહેવા માટેની જરૂરી ક્રિયાઓ આપણી જાણ વગર આપોઆપ થાય છે અને મૃત્યુ સુધી ચાલતી રહે છે. આવી થોડી ક્રિયાઓ છે : દરેક અવયવને લોહી પહોંચાડવા માટે ધબકતું હૃદય, લોહીને શુદ્ધ કરતાં ફેફસાં અને કિડની વગેરે. આ બધા મર્મેન્દ્રિયો (Vital Organs) છે. એમને મળતી સૂચનાઓ અટકી જાય એટલે આપણું મૃત્યુ થયું ગણાય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે મૃત્યુ એટલે DNA પરના લખાણનો નાશ થવો. તે સમયના વહેણ સાથે ભૂંસાઇ જાય કે આકસ્મિક રીતે છેકાઇ જાય.

મૃત્યુ સમયે કોષ નિષ્ક્રિય થાય છે, નાશ પામતા નથી. DNAની માહિતી ભૂંસાય છે, બીજે ક્યાંય પણ જતી નથી. એટલે કે કહ્યું છે તેમ માહિતીરૂપી આત્માને હંમેશાં પદાર્થરૂપી શરીરની જરૂર પડે છે. શરીરથી સ્વતંત્ર આત્માનું અસ્તિત્વ શક્ય નથી.

આત્માનો અંશ માત્ર બે રીતે બીજી કોઇ વ્યક્તિને આપી શકાય છે. એક છે રક્તદાન કે અવયવોના દાન દ્વારા. બીજી રીત છે આપણાં સંતાનોને મળતો આપણો જૈવિક વારસો. આ બન્ને કિસ્સાઓમાં માહિતી સાથેનો જીવંત કોષ પોતે ટ્રાન્સફર થાય છે. માતા-પિતાના બે એવા કોષ છે જેમાં જીવનને જરૂરી બધી માહિતી અંકિત થયેલી છે. તે સિવાય આત્મા સ્વતંત્ર રીતે બીજા કોઇ શરીરમાં પ્રવેશતો નથી કારણ કે દરેક સજીવમાં ગર્ભાવસ્થાથી જ આત્મા હોય છે. નહીં તો એની વૃદ્ધિ ન થાય.

ચોરાશી લાખ યોનિમાંથી પસાર થતા આત્માની વાતો પણ એટલી જ પાયા વગરની થઇ જાય છે. નાના જીવજંતુઓના DNA આપણાથી એટલા જુદા હોય છે કે એમની સૂચનાઓ વધુ વિકસિત જીવોને ઉપયોગી ન થઇ શકે. એમનો 'આત્મા' બધે ફરીને માનવ શરીરમાં આવવો અશક્ય છે. હા, એમની ઉત્ક્રાંતિ થઇ કરોડો વરસ પછી માનવ અસ્તિત્વમાં આવ્યો છે, જે આત્માના ફરવા કરતાં સાવ અલગ બાબત છે.

દુનિયાની બહુમતી પ્રજા પુનર્જન્મમાં માનતી નથી. જેઓ માને છે એમની અમર આત્માની માન્યતા પુરાણી સમજ અને ત્યારે ઉપલબ્ધ માહિતી આધારિત હતી. આજે આપણે શરીરની રચના વિષે જેટલું ઝીણવટથી જાણીએ છીએ એના આધારે પ્રચલિત માન્યતાને ત્યજી વાસ્તવિક દૃષ્ટિએ (Pragenatically) વિચારવું જરૂરી છે.

શરીરથી સ્વતંત્ર એવા અમર આત્માના અસ્તિત્વનો ગળે ઉતરે એવો આધાર કે એના અસ્તિત્વને નકારવાના સંગીન પુરાવા કોઇ પાસે નથી. એના પરોક્ષ પુરાવા અહીં આપ્યા છે જે એની તરફેણમાં અપાતા પુરાવાઓ કરતાં ઘણા વિશ્વસનીય છે. તરફેણમાં અપાતા પુરાવાઓની પોકળતાને પડકારતા લેખ અત્રે પ્રસિદ્ધ થઇ ગયા છે. (સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર ૨૦૧૦માં)

આ વાતને બીજી રીતે સમજીએ. આજે અવકાશયાત્રીઓ પૃથ્વીને સંપૂર્ણપણે જોઇ શકે છે. એની પ્રદક્ષિણા કરી પૃથ્વી ગોળ હોવાનું ઠોસ પ્રમાણ આપી શકે છે. ચારસો વરસ પહેલાં પૃથ્વી ગોળ હોવાની વાત જ્યારે વિજ્ઞાનીઓએ કરી ત્યારે અવકાશયાત્રા શક્ય નહોતી. એમણે પરોક્ષ પુરાવા દ્વારા પૃથ્વીનો ગોળ આકાર સાબિત કર્યો હતો જે હવે સર્વસ્વીકૃત છે. એવીજ રીતે અન્ય અવકાશી પદાર્થો, નિયમો અને ઘટનાઓ વિષે પણ પરોક્ષ પુરાવાઓ રજૂ કરાય છે જે સમય જતાં સિદ્ધ થાય છે.

કેટલીક બાબતો એવી હોય છે જેમના નક્કર પુરાવા આપી શકાતા નથી. એમને લોજીક, રીઝનીંગ કે સાંયોગિક પુરાવાને આધારે (by circumstancial evidence) સાબિત કરાય છે. કાયદામાં આ એક ખૂબ પ્રચલિત રીત છે. અમર આત્મા, પુનર્જન્મ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

***મહેનતની કમાણીથી મળતો આનંદ દાનની વસ્તુમાં નથી.***

# પુષ્પનગર

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

ગાંધીનગરને ગાંધી અટકધારી કોઇ પણ નેતા સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી, પણ એમ તો અમદાવાદના ગાંધીપુલ કે ગાંધીમાર્ગને પણ ગાંધીજી સાથે ક્યાં એટલું નજીકનું સગપણ હતું? કચ્છમાં ગાંધીધામ નામનું પ્રસિદ્ધ નગર છે. ગાંધીજીએ દેશના ભાગલા પડશે તો મારા દેહ પર પડશે એવો ખોંખારો ખાધો હતો. પછી ભાગલા તો પડ્યા. પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતોની નગરીનું નામ 'ગાંધીધામ' પડ્યું! ગાંધી નામની ઘેલછાના જ પરિણામ સ્વરૂપે ઓગણીસસો પાંસઠની બીજી ઓગસ્ટે સ્થપાયેલી ગુજરાતની નવી રાજધાનીનું નામ 'ગાંધીનગર' પડ્યું.

ખરું પૂછો તો આવું પાપ મારા જ અનુયાયીઓ મારા જ નામ પર ભવિષ્યમાં કરશે એવો અણસાર સરખો આવ્યો હોત તો ડોસા આમરણ અનશન પર બેસી ગયા હોત!

એને પાટનગર કહેવું કે શાપનગર, એનો નિર્ણય ભવિષ્યની પેઢીઓ પર છોડીએ. પરંતુ આવું કંઇક અહીં, સાબરમતીના કિનારે બનવાનું હતું, એની ગંધ આગોતરી જ બોરીજના દેરાસરમાં ચાતુર્માસ ગાળવા આવેલા એક જૈન મુનિને આવી ગયેલી. હાજતે જવા માટે જૈન શબ્દાવલીમાં 'ઠલ્લે જવું' એવો શબ્દપ્રયોગ મળે છે... ઠલ્લે ગયેલા મુનિને એ ભોમકા ભારે હીરવાળી ભાસી. આવીને એમણે શ્રાવકો સમક્ષ મનમાં જાગેલા આભાસની ઘોષણા કરતાં કહ્યું : માનો ન માનો, આવનારાં વર્ષોમાં અહીં મોટી ઇન્દ્રપુરી આકાર લેશે! એમની એ આગાહી મહુડી જૈનતીર્થના 'આર્કાઇવ્સ'માં સચવાયેલી છે.

પણ વાચકોને ભાગ્યે જ ખબર હશે કે એવી 'ઇંદ્રપુરી' તો ત્યાં વર્ષો પૂર્વે પણ હતી. કાળક્રમે એનું નામ 'ઇંદ્રોડા' થઇ ગયું છે. સાબરમતીના કિનારે વસેલા આ ઐતિહાસિક જનપદના અધિષ્ઠાત્રી દેવીનું નામ 'ઇંદ્રાણી' છે. ગામમાં ઇંદ્રાણી માતનું મંદિર પણ છે અને નદીમાં આજે પણ એવો અખૂટ જળસ્રોત છે, જેને લોકો એમની તળપદી બોલીમાં 'અંદારાજાનો ધરો' કહે છે. આ ઇંદ્રરાજાનો ધરો ગમે તેવા દુકાળિયા વરસમાં પણ લીલો રહે છે!

ગાંધીનગર આજુબાજુનાં ગામડાં ભાંગીને વસાવાયેલું સરકારી નગર છે. ચંડીગઢની નગર રચનાની નકલ કરવાની કોશિશ જરૂર થઇ છે, પણ ચંડીગઢની જેમ અદ્દલ એકસરખી ઇમારતો કે રસ્તાઓ નથી બનાવી શકાયા. જંગલ 'ખાતું' ગુજરાતનાં બીજા સ્થળોએ જંગલોને 'ખાઇ' જાય છે. પણ ગાંધીનગર પૂરતું એ ખરેખર કાબિલે-દાદ કામગીરી બજાવે છે. મોગલ બાદશાહોની માફક દરેક મુખ્યમંત્રી એને નવાં રંગરૂપ આપવાની લોભામણી જાહેરાતો કરતા રહ્યા છે. વર્તમાન મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે ગાંધીનગરની છત્રીસમી જન્મ જયંતી પર એને 'ફૂલોની નગરી'માં ફેરવી નાખવાના સોગંદ ખાધા છે. મહેલોની નગરી તો એ છે જ, વૃક્ષોની નગરી પણ છે, હવે એ 'ફૂલોની નગરી' બનશે.

પરંતુ ફૂલોની પડછે રેલાતાં આંસુ કોઇએ જોયાં છે? કદાચ જોયાં તો હોય પણ એ આંસુ કોઇએ લોહ્યાં છે? ગાંધીનગરનો ઇતિહાસ એ આંસુની લિપિમાં લખાયેલી અસહ્ય કારુણિકા છે. જઇને પૂછો કોક ઇંદ્રોડાવાસીને અથવા બોરીજ, ધોળાકૂવા, આદિવાડા કે ફતેપુરાના અભાગિયા ખેડૂતને. એનું તો સમૂળગું નામું જ લખાઇ ગયું છે. તલાટીના ચોપડે ખાતું જ બંધ થઇ ગયું છે. નુકસાન તો નજીકની રજવાડી નગરી પેથાપુરને પણ થયું છે.

એનું તળાવ પુરાઇ ગયું અને એમાં પંચદેવ મંદિરથી માંડી રંગમંચ લગીનાં ત્રેખડ ફૂટી નીકળ્યાં છે. બોરીજની જમીનમાં મંત્રીઓના બંગલા, રાજભવન અને વિશ્વ પ્રસિદ્ધ અક્ષરધામ પાંગરી ઊઠ્યાં છે. ત્યાં જ ક્યારેક પેલા જૈન મુનિ ઠલ્લે ગયા હશે!

જે ગામડાંનો સત્યાનાશ થઇ ગયો છે અથવા કહો કે જે ગરીબડાં ગામડાંને ગાંધીનગર નામનો વિકરાળ અજગર ગળી ગયો છે, એમની શી વલે થઇ છે, એની તો ક્યારેક ભૂલથી એ ભેખડોમાં અલગારી રખડપટ્ટી કરતાં ભૂલા પડી જઇએ તો જ ખબર પડે. મફતના ભાવે - ખૂબ ચોક્કસ ગણતરી કરીને કહેવું હોય તો વીસ પૈસાના ભાવે પાડાના કાંધ જેવી ઉપજાઉ જમીનો પડાવી લઇને સરકારે એ ધરતીના છોરુંને શું આપ્યું? નરી બેકારી અને બેહાલી.

ક્યારેક એ જ જમીનો જેમના ખાતે બોલતી હતી તેવા ખેડૂતો આજે એ જ ખેતરોમાં બંધાયેલા બંગલાઓની ચોકી કરવાનું કામ શોધતા ફરે છે. એ બંગલાઓની લોન ઉછેરવાનું કે એનું માળીકામ કરવાનું મળે તોય પોતાને નસીબદાર સમજે છે!

એ વખતે તો હોંસમાં ને હોંસમાં અંગૂઠા પાડી આપ્યા. પણ વળતર સ્વરૂપે મળેલી મામૂલી રકમ તો ક્યાંય રફેદફે થઇ ગઇ. કોઇએ દીકરીઓ પરણાવી દીધી, ને કોઇએ માબાપનાં કારજ કર્યાં! એકાદ દુકાન મળી હશે તો એય સસ્તામાં વેચી ખાધી. પ્લોટની કિંમત તો ત્યારે એ ગામડિયા જીવોને આંખમાં જ ક્યાંથી વસે? એમને મળેલા પ્લોટોની પણ એમણે તો ઉદારતાપૂર્વક ખેરાત કરી દીધી! પાંત્રીસ વરસ પહેલાંનો એ નિર્ણય આજે એમને શૂળ થઇને ભોંકાતો હશે, પણ કહે કોને?

ઇંદ્રોડા ગામમાં દરબારો અને ઠાકોરોની વસ્તી છે. એ બધા પાસે ઓછી વત્તી પણ પોતાની માલિકીની જમીનો હતી. એ ગઇ એટલે એમનાં મલાજો પાળતાં બૈરાં ઘરના ઊંડા ઓરડે દારૂ ગાળીને પેટિયું રળે છે. એમને ઝાડે

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૭ ઉપર)

*જીવનનું સૌથી મોટું જોખમ, એ જોખમ ન લેવું તે જ છે.*

# બીક

• નવીન જેઠાભાઈ લાલકા •

ડૉ. વિલિયમ્સ હોલકોમ્બનું એક સરસ ને સમજવા લાયક વિધાન "આપણા શરીર માટે સૌથી હાનિકારક બાબત છે - આપણા જ મનમાં સર્જાતી બીકની લાગણી. કોઈપણ પ્રકારની બીકના કારણે શરીર માનસિક અને શારીરિક બંને પ્રકારે નબળું પડે છે. આ રીતે આપણી પીછેહઠનું એક મહત્ત્વનું કારણ આપણી બીક છે."

મનુષ્યને ડગલે ને પગલે સતાવતી આ ખતરનાક ચીજ - ડર - બીક - ભય - Fear - ધ્રા (કચ્છી) છે શું? જીવનમાં કેટલીય વખત આપણે કારણ - અકારણ સતત ડરતા રહીએ છીએ તે ડર - બીકની લાગણી વિશે શું આપણે ક્યારેય વિચારીએ છીએ ખરા? આ ડર - બીકની લાગણીને દૂર કરીને આપણી માનસિકતાને, આપણા આત્મવિશ્વાસને મજબૂત કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ ખરા? જો ના, તો કેમ ના? અને જો હા, તો શું તમે તમારા પ્રયત્નમાં સફળ થાવ છો ખરા? જો હા, તો સરસ પણ જો ના તો ફરીથી એક સવાલ કે જો તમે નિષ્ફળ થાવ છો તો ફરીથી આ ડર - બીકને નાથવા પ્રયત્ન કરો છો? કે નિષ્ફળ જવાના ડરથી ડરી જાવ છો?

શું તમે એવું ક્યારેય વિચાર્યું છે ખરું કે મનુષ્ય (તમે - હું - આપણે) કેવા કેવા ડર - **બીકની લાગણીનો અનુભવ રોજબરોજના જિંદગીમાં કરતા હોઈએ છીએ?**

કોઈને વંદાની બીક, તો કોઈને બિલાડીનો ડર, તો કોઈને કૂતરાનો ભય — આ બધી વાતો છોડો, જરા વિચારીને કહો... વિચારી લીધું, સારું ત્યારે હવે તમે વિચારેલ એ ડર - ભય - બીકની લાગણીઓને કાગળ ઉપર ટપકાવી દો, ને પછી વાંચો આગળનો લેખ. જોઈએ, આપણા વિચારોમાં કેટલું સામ્ય છે. તો થઈ જાવ તૈયાર....

★ કશું ન મળવાની બીક (નિષ્ફળતાની બીક)
★ કાલ્પનિક ડર (જે બનવાનું નથી તે ના બનવાની બીક)
★ બીમારી (માંદગી)ની બીક
★ પીછેહઠની બીક
★ સંબંધો અંગેની બીક
★ ભૂતકાળની ભૂલોના પુનરાવર્તનની બીક
★ એકલા પડી જવાની બીક (સાથીદારના છુટ્ટા પડી જવાની બીક - એકલતાની બીક)
★ લઘુતાગ્રંથિની બીક અને સૌથી વધારે સૌને સતાવતી બીક એટલે મૃત્યુની બીક.

આ બીક - ડર - ભય - Fear - ધ્રા નાં વિવિધ રૂપો તો આપણે જોયાં (હજી બીજા પણ હોઈ શકે). હવે વિચારીએ આ ડર - બીકનાં કારણો.

મનુષ્યનું મન સતત કલ્પનાઓના ઘોડા ઉપર સવાર થઈને દોડતું રહે છે, ને મગજ નવા નવા તુક્કાઓને સાચા - ખોટા - સારા - ખરાબ તરીકે મૂલવવામાં અટવાઈ જાય છે. પરિણામે શરૂ થાય છે ઉપર દર્શાવેલ વિવિધ પ્રકારના ભય - ડરની હારમાળા. કેમ હસ્યા? લાગે છે કે તમે પણ કાંઈક આવું જ કરો છો.

અરે ભાઈ, શરમાઓ છો કેમ? સાચી વાત સ્વીકારી લો... ને ચાલો મારી સાથે... આ ભય - બીક - ડર - Fear - ધ્રા ને ઉદ્દ્ભવતો રોકવા, તેની માત્રા ઘટાડવા ને આપણી રોજબરોજની જિંદગીમાંથી નાબૂદ કરવા (ઓછી કરવા) આપણે શું કરવું જોઈએ ને શું ન કરવું જોઈએ એ બાબતે થોડું વિચારી લો, સમજી લો, ને એ સમજેલા વિચારોનો અમલ કરવાનું શરૂ કરી દો.

**સફળતા માટે જરૂરી છે તમે તમારી શંકાને નિર્મૂળ કરો, ખોટી બીકને મનમાંથી દૂર કરો ને ઉત્સાહિત થઈને પ્રયત્ન કરો. જરૂર સફળ થશો.**

ફાલતુ નવરા ન બેસો. એકલા ન બેસો કે જેનાથી તમારા મન - મગજને કલ્પનાના ઘોડા દોડાવવાનો અવકાશ મળે. આવા સમયે સારાં પુસ્તકોને મિત્ર સ્થાને બેસાડો. તેમ છતાંય જો કોઈ કાલ્પનિક ભય સતાવે તો એ ભય, મુશ્કેલીથી તમને વધુમાં વધુ કેટલું ને કેવું નુકસાન થઈ શકશે તેનો અંદાજ બાંધો ને તમારા મનને તેનો સામનો કરવા સજ્જ કરો. શક્ય છે કે તમારા સુસજ્જ મનને કારણે તમારો એ ભય - ડર ભાગી જાય.

જે બનવાનું છે તે બનવાનું જ છે. તેને તમે અટકાવી શકવાના નથી. **પણ જીવનને શ્રદ્ધાથી જુઓ, યોગ્ય આયોજન કરો, મુશ્કેલીનો સામનો કરો.**

તમારાથી ભૂતકાળમાં કોઈ ભૂલ થયેલ હોય ને આજે ફરીથી એવા જ સંજોગો ઊભા થવાને કારણે તમારું મન એ જ ભૂલનું પુનરાવર્તન થશે તો, એવો ડર અનુભવે છે?

અરે ભાઈ, ભૂલ તો બધા કરે છે પણ આપણે એ બધાથી કાંઈક અલગ છીએ. આપણે આપણી ભૂલનું યોગ્ય પૃથક્કરણ કરીને આગળ વધીશું, નવેસરથી સારા આયોજન દ્વારા એ ભૂલને ફરીથી આપણા જીવનમાં, આપણા કારોબારમાં પ્રભાવિત થવા નહીં દઈએ. **મનને મક્કમ કરો અને મગજને સતેજ કરો. તમે અચૂક સફળ થશો જ.**

*ઈશ્વરની અપેક્ષા હતી માનવી પ્રેમનું મંદિર બનાવે. પરંતુ માનવી તો પથ્થરના મંદિર બનાવે છે.*

જીવનમાં આગળ વધવા માટે ક્યારેક પીછેહઠ પણ કરવી પડે છે (વાઘ - ચિત્તો પણ શિકાર ઉપર તરાપ મારવા બે ડગલાં પાછળ જાય છે) એટલે વિદ્યાર્થી જીવનમાં કે વ્યવસાયિક ક્ષેત્રમાં (કે પછી જીવનના કોઈ પણ પ્રસંગે) ગયા વર્ષ કરતાં ઓછા માર્કસ આવ્યા કે ઓછો નફો કમાયા એટલે નિરાશ ન થાઓ. કારણો શોધો ને ખામીઓ દૂર કરો. ને ફરીથી થઈ જાવ તૈયાર – ચિત્તા જેવી તરાપ મારવા ને અચૂક ધ્યેય પ્રાપ્ત કરો.

તમારા મિત્રો - સંબંધી - પાડોશી કે તમારી હરીફ કંપની તમારાથી આગળ નીકળી જશે. તેઓ વધારે પ્રગતિ કરશે ને હું નહીં, તેવી કોઈ જ હીન લાગણીને મનમાં પ્રવેશવા જ ન દો. તમે બીજાઓ ઉપર વધારે આધાર રાખો છો કે બીજાની ટીકાઓને કારણે તમે શું કરવા માંગો છો તે કોઈને કહી શકતા નથી ને પછી પીડાઓ છો લઘુતાગ્રંથિથી.

અરે ભાઈ, સફળ થવા માટે સાહસ, હિંમત અને મહેનત તો જોઈશે જ. તમારી કાર્યક્ષમતાને સાબિત કરો. જ્યારે જેને જેવું કહેવાનું છે તે કહો, **તમારી વાતને મુદ્દાસર રજૂ કરો, ડરને દૂર કરો ને ચિંતાને ચિત્ત કરો. તમે જરૂર સફળ થશો.** તમારા બોલવાથી સામેવાળાને કેવું લાગશે, તે તમારો સાથ છોડી દેશે, તો તમે એકલા પડી જશો, એવા કાલ્પનિક ભયને છોડો.

હું પડી જઈશ તો? મને વાગશે, મારા હાથ-પગ ભાંગશે તો? આવા ભયની સાથે સાથે આપણે કાયમ મૃત્યુના ઓથાર નીચે શ્વાસ લઈએ છીએ. જે જન્મે છે તે મરવાનો જ છે. મૃત્યુને સ્વાભાવિક ક્રિયારૂપે સ્વીકારી લો. તમને તેનો ભય નહીં લાગે. જીવનને તો જ તમે જીવી શકશો, માણી શકશો ને જે પામવા માંગો છો, તે પામી શકશો. આવી જ એક વાત હિંદી પિક્ચર "આનંદ"માં કહેવામાં આવી હતી. સુપર સ્ટાર રાજેશ ખન્નાની ઝિંદાદિલ ને હૃદયસ્પર્શી અદાકારી એટલે "આનંદ." યાદ કરો "આનંદ"માં આનંદના પાત્રને. કેવી ઝિંદાદિલી હતી તેમાં. તમે પણ શ્રદ્ધાથી જીવન જીવો.

અકસ્માતને ટાળવા, સ્પીડને કાબૂમાં રાખવા રોડ ઉપર ગતિ અવરોધક (બંપ) બનાવવામાં આવે છે. બંપ આવે એટલે આપણે આપણા વાહનની ગતિને ધીરી પાડીએ છીએ ને બંપ પસાર થયા બાદ ફરીથી ગતિ વધારી દઈએ છીએ. મંઝિલે પહોંચવા માટે કેમ ખરું ને? કોઈપણ પ્રકારના ભય - બીક - ડર - Fear - ધ્રા ને કારણે મનુષ્ય જીવનના વિકાસની ગતિ રૂંધાઈ જાય છે. **આ પ્રકારના સ્પીડ બ્રેકર (બંપ)ને જીવનમાં પ્રવેશવા જ ન દો,** ને કદાચ આવી જાય તો તેમને ઝડપથી દૂર કરીને ફરીથી ગતિ પ્રાપ્ત કરો ને આનંદપૂર્વક - શ્રધ્ધા સાથે આરામથી, મોજથી જીવો ને જીવનમાંથી બીક - ડર - ભય - Fear - ધ્રાનું નામોનિશાન મિટાવી દો.

Good Luck. અસ્તુ.

## સંબંધોની બાયપાસ સર્જરી

*દૂધમાં સાકર ભળે - ઓગળે એને સંબંધ કહેવાય.*

*દૂધમાં તેલ નાખીએ અને એ વિસ્તાર પામે એ સંપર્ક કહેવાય. • દૂધમાં લીંબુ નાખીએ અને એ ફાટી જાય એને સંઘર્ષ કહેવાય.*

વર્તમાનકાળમાં અવનવાં સાધનો મોબાઈલ, ઈન્ટરનેટ, ફેસબુકના કારણે - એ માધ્યમે આપણાં કોન્ટેક્ટ ખૂબ વધ્યા છે પણ જેની સાથે આપણા ખરેખરના સંબંધ છે એનાથી આપણે દૂર થઈ ગયા છીએ અને આનાં કારણો છે અપેક્ષા, આગ્રહ, આક્રોશ. આજે આપણાં સૌની અપેક્ષા વધી છે કપાળ ટૂંકું છે અને જોઈએ છે વધારે... ચા જોઈએ એ અપેક્ષા છે - ચા ગરમ જ જોઈએ એ આગ્રહ છે અને જ્યાં અપેક્ષા અને આગ્રહ ભેગા થાય ત્યાં આક્રોશ આવ્યા વગર રહેતો નથી.

મૂળભૂત રીતે જોઈએ તો સંબંધો ત્રણ પ્રકારના છે :

(૧) લોહીનો સંબંધ : પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન અને આ સંબંધ ટકાવવા સંપ - સહકાર જરૂરી છે.

(૨) લગ્નનો સંબંધ : પતિ-પત્ની. આ સંબંધ ટકાવવા, મજબૂત બનાવવા જરૂર છે પ્રેમ અને વિશ્વાસની.

(૩) લાગણીના સંબંધ : ગુરુ - શિષ્ય – આ સંબંધ ટકાવવા માટે જરૂર છે શ્રદ્ધા, સમર્પણ ભાવની.

**સંબંધો મજબૂત થાય એ માટે :**

★ મન મોટું રાખો.
★ જીભ ટૂંકી રાખો.
★ ઓછું અને મીઠું બોલો.
★ પેટ ઊંડું રાખો. સાગર જેવા ગંભીર બનવું જોઈએ.
★ દીર્ઘદ્રષ્ટા બનો.
★ કાન પાકા રાખો. બંને પક્ષની વાત સાંભળ્યા પછી જ નિર્ણય કરો.
★ જીવન ઊંચું બનાવો. ઊંચી વિચારદષ્ટિ રાખો.

*– ગુલાબચંદ ધારશી રાંભિયા*

*બાહ્ય સ્વરૂપથી કોઈનું મૂલ્યાંકન ન કરવું જોઈએ.*

# યુવા રોજગારી ક્ષેત્રે ગુજરાતની પહેલ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ભારત સરકારના શ્રમ મંત્રાલયના એક અહેવાલ મુજબ રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૦૨થી ૨૦૦૯ દરમ્યાન દેશમાં અગ્રેસર રહેવા પામ્યું છે. વર્ષ ૨૦૦૮માં સમગ્ર દેશમાં ૩,૦૪,૯૦૦ વ્યક્તિઓને પૂરી પાડવામાં આવેલી રોજગારીમાં એકલા ગુજરાત રાજ્યનો ફાળો ૭૧% હતો. એટલે કે ગુજરાતે ૨,૧૭,૭૦૦ને રોજગારી પૂરી પાડી. જ્યારે ૨૦૦૯માં દેશભરની રોજગારીના અડધાથી વધુ એટલે કે ૫૯% રોજગારી ગુજરાતે પૂરી પાડી. ઇ.સ. ૨૦૧૦માં ૨,૦૭,૫૮૬ વ્યક્તિઓને રોજગારી બક્ષી ગુજરાત પુનઃ દેશમાં પ્રથમ રહ્યું.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના કુશળ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ''દરેક હાથને કામ''ના ધ્યેયને સિદ્ધ કરવા કમર કસી છે. રાજ્યના યુવાનો દેશસેવા સાથેની શ્રેષ્ઠ બેવડી તક પ્રાપ્ત કરી શકે તે માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા તેમને તાલીમબદ્ધ કરવા પર ખાસ ભાર મૂક્યો છે. તે અંતર્ગત ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન સંરક્ષણ દળોના ભરતી મેળા અંતર્ગત ૧૧૮ યુવાનોને ભૂમિદળ, નૌકાદળ, હવાઈ દળમાં સેવા પ્રાપ્તિનો સુઅવસર પ્રાપ્ત થયો છે.

ઔદ્યોગિક જગતે અપનાવેલી અતિ અદ્યતન ટેકનોલોજીથી યુવાનોને જ્ઞાત કરવા રાજ્યને 'નોલેજ હબ' તરીકે વિકસાવવા ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા છે. ઇ.સ. ૨૦૧૧માં લગભગ ૧૦ જેટલા નોલેજ સેક્ટર કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. જેમાં આઈ.આઈ.ટી. કોન્કલેવ, હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ, ઇનર્જીંગ જિઓગ્રાફી, એન્ટરપ્રિન્યોર મિટ્સ, સ્કીલ ડેવલપમેન્ટ આદિ ખૂબ સફળ રહ્યા. ખાસ તો આ ક્ષેત્રે યુનિવર્સિટી રાઉન્ડ ટેબલ કાર્યક્રમમાં આપણા દેશના અગ્રેસર ઉપરાંત નવ દેશના ૨૫ જેટલા યુનિવર્સિટી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. દેશ વિદેશમાંથી પધારેલા તજજ્ઞોએ વિવિધ વિષયો પર ખાસ માહિતીસભર વક્તવ્યો આપ્યાં હતાં.

ઈ.સ. ૨૦૦૧માં ગુજરાતમાં માત્ર ૧૧ યુનિવર્સિટીઓ હતી તે હાલે ૪૨ થવા પામી છે. દેશમાં ૨૮ ટકા રોજગારી વધી છે જ્યારે આજે ગુજરાતમાં આ પ્રમાણ ૭૨ ટકા છે. રાજ્યમાં રોજગારી ક્ષેત્રની વ્યાપકતાત માટે વિવિધ સંસ્થાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

'ગુજરાત નોલેજ સોસાયટી'ની રચના કરવામાં આવી છે. રોજગારીના ક્ષેત્રે યુવાનોને વધુ માહિતી અર્પણ કરવાનો આ સોસાયટીનો હેતુ છે. 'નોલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત' એ રોજગારી ક્ષેત્રે જ્ઞાત કરતી સંસ્થા છે. તો બીજી તરફ રાજ્ય સરકારે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશન' નામની સંસ્થાનું નિર્માણ કરવામાં પહેલ કરી છે. ઉત્તમ, નિષ્ઠાવાન, ચારિત્ર્યવાન શિક્ષકો સમાજને પ્રાપ્ત થાય એ માટે 'ગુજરાત ઈનોવેશન એજ્યુકેશન કમિટી'ની રચના કરવામાં આવી છે.

ગુજરાત સરકારે યુવા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની તાલીમ નિઃશુલ્ક મળી રહે તે માટે 'સ્કોપ' નામનો પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૨.૫૬ લાખ યુવક યુવતીઓને તાલીમ આપવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક તથા ખાસ તો ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુવાનોને પ્રાપ્ત થાય તે માટે 'ઈમ્પાવર' પ્રોગ્રામ શરૂ કરેલા છે. આ ઉપરાંત ગુજરાતની યુવા પેઢી માટે 'આઈ ક્રિએટ' સંસ્થા સાથે ગઠન કરવામાં આવેલું છે. રિસર્ચ ક્ષેત્રે રસ ધરાવતા યુવાનોને ખાસ માહિતી જ્ઞાન પ્રદાન કરવામાં આવે છે.

તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ 'ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન'ની રચના કરી છે. રાજ્યમાં લાંબાગાળાના તથા ટૂંકાગાળાના તાલીમી કાર્યક્રમોમાં તે, એકરૂપતા સાધવાનું તથા તાલીમી નીતિ વિષયક બાબતોનું સંકલન કરે છે. આમ, ગુજરાત રાજ્યે યુવાનોને સત્વરે રોજગારી પ્રાપ્ત થાય અને ગુજરાતનો યુવાન રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરે તે માટે સ્તુત્ય પ્રયત્નો આદર્યા છે.

*"સહજાનંદ", ૬-એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## પુષ્પનગર

**(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)**

ફરવા જવાની જગા નથી રહેતી. ઇંદ્રોડાને 'નોટીફાઇડ એરિયા'માં સમાવી લઇ સરકારે 'સિટી'ની ગરિમા તો બક્ષી, પણ સિટીનો કોઇ લાભ આ પુરાતન નગરીને નથી મળ્યો. નથી ગટર કે નથી જાહેર શૌચાલય. બિચારી મહિલાઓ મોઢું નથી બતાડી શકતી! ખાટ્યા છે ગામના ભૂવા. રવિ - મંગળે એમને ત્યાં ભણેલા ગણેલા અંધશ્રદ્ધાળુઓની કતારો લાગે છે!

અત્યારે સચિવાલય છે ત્યાં ક્યારેક નાનકડી દેરી હતી. ગાઢ જંગલમાંથી પસાર થતા વટેમાર્ગુને લૂંટીને કે માણસા - પેથાપુર જેવા સમૃદ્ધ ગામના શેઠિયાનું ઘર કોચીને ચોર આ દેરી આગળ ભેગા થતા. ત્યાં બેસીને માતાજીની સાક્ષીએ લૂંટનો ભાગ પાડતા, ઇંદ્રોડા પાર્કના સર્પનિષ્ણાત કહે છે : અહીંથી માંડીને છેક મિનિસ્ટર બંગલા સુધીનો સાબર કિનારો એ ઝેરી સાપનો પટ્ટો છે! જરા જુદા સંદર્ભે પેલી દેરીવાળી જગાએ - સચિવાલય અને વિધાનસભામાં આજે પણ ભાગ પાડવાનું કામ ચાલુ જ છે અને સાબર કિનારે આજેય ઝેરી સર્પોના રાફડા જામેલા છે. ફક્ત નામ બદલાયાં છે. બાકી બધું એમ ને એમ જ છે.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ નં.-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

*પોતાનાં જ સુખની વિચારણા એ વિકૃતિ છે, સહુના સુખની વિચારણા એ સંસ્કૃતિ છે.*

# કચ્છની ન્યાય અદાલતોની ગઇકાલ અને આજ સાડા છ દાયકા (ઇ.સ. ૧૯૪૮ થી ૨૦૧૨)ની મંઝિલ

• મુકુંદ કે. મહેતા •

કચ્છની ન્યાય અદાલતોનો ૧૯૪૮થી ૨૦૧૨ લગી સાડા છ દાયકાનો અત્યંત રોચક-રસપ્રદ ઇતિહાસ આલેખવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. આશા છે કે કચ્છની યુવાન પેઢીને આ લેખ પરથી કચ્છની ન્યાય અદાલતો અંગે ઘણી બધી માહિતી જાણવા મળશે.

ઇ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું અને રજવાડાઓનાં વિલીનીકરણ સાથે, કચ્છ કેન્દ્ર સરકારની દેખરેખ હેઠળ સી સ્ટેટ તરીકે મૂકાયું.

કચ્છનાં પ્રથમ ચીફ કમિશનર તરીકે શ્રી સી.કે. દેસાઇ નિમાયા અને તેમના પ્રજાના પ્રતિનિધિ તરીકે સલાહકાર તરીકે શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર તથા શ્રી જમિયતભાઇ વૈદ્ય નિયુક્ત થયા.

આ સમય દરમ્યાન કચ્છના ન્યાયતંત્રને લાગે વળગે છે તે અનુસાર, ભુજ સહિત કચ્છના આઠ તાલુકાઓ પૈકી, સુપ્રીમ અદાલતની જગ્યાએ જ્યુડીશિયલ કમિશનર સાહેબની વડી અદાલત, ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની અપીલેટ કોર્ટ અને આઠે તાલુકાઓમાં એક એક સબજજ કમ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટની કોર્ટો કાર્યરત થઇ. ભુજ કચ્છનું પાટનગર હોવાથી જ્યુડીશિયલ કમિશનરની કોર્ટ તથા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, એડી. ડી.જે. તથા એક સબજજ તથા એક જોઇન્ટ જજની કોર્ટો કાર્યરત હતી.

કચ્છના ૧૯૪૮થી ૧૯૫૬ દરમ્યાન ચાર જ્યુડીશિયલ કમિશનર તરીકે શ્રી આર.એસ. ત્રિવેદી, ત્યારબાદ શ્રી જે.એ. બક્ષી, ત્યારબાદ શ્રી એન.સી. વકીલ તથા ચોથા શ્રી એલ.પી. દવે સાહેબ કચ્છમાં ફરજ બજાવી ગયા. શ્રી ત્રિવેદી ૨૮-૧૨-૪૮ થી ૭-૭-૫૦; શ્રી બક્ષી ૮-૭-૫૦ થી ૫-૧૨-૫૧; શ્રી વકીલ ૬-૧૨-૫૧ થી ૬-૮-૫૫; શ્રી દવે ૭-૭-૫૫ થી ૩૧-૧૦-૫૬. તા. ૧-૧૧-૧૯૫૬થી ગુજરાત અને મહારાષ્ટ્ર-બાયલેન્ગ્યુઅલ સ્ટેટ તરીકે (દ્વિભાષી) રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવતાં કચ્છમાંથી જ્યુડીશિયલ કમિશનર સાહેબની કોર્ટ વિલીન થઇ અને વહીવટી સત્તા ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ સાહેબને હસ્તગત થઇ.

કચ્છના પ્રથમ જ્યુડીશિયલ કમિશનર શ્રી ત્રિવેદી સાહેબ અત્યંત બાહોશ, શિષ્ટમાં અત્યંત કડક તથા કાયદાકીય નિપુણતા ધરાવતા અને અત્યંત તેજસ્વી આભા ધરાવતા હતા. શ્રી ત્રિવેદી સાહેબ કચ્છમાંથી બદલાયા બાદ કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે પદે બિરાજતા હતા. આ લખનારને માહિતી છે તે અનુસાર કલકત્તામાં જ એક મોટર એક્સિડન્ટમાં તેમનું નિધન થયેલ હતું.

ઇ.સ. ૧૯૫૬માં દ્વિભાષી રાજ્યનું સર્જન થતાં, ૧-૧૧-૫૬થી જ્યુડીશિયલ કમિશનરની કોર્ટ વિલીન થતાં તે સમયે કચ્છમાં કાર્યરત શ્રી એલ.પી. દવે સાહેબ કચ્છ બહાર બદલાયેલ. જોગાનુંજોગ શ્રી એલ.પી. દવે સાહેબના સુપુત્ર શ્રી એ.એલ. દવે સાહેબ કચ્છમાં ૧૯૯૦થી ૧૯૯૨ લગી ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તરીકે ફરજ બજાવી ગયા અને કચ્છમાંથી પ્રમોશન લઇ ગુજરાત હાઇકોર્ટના જજ તરીકે નિયુક્ત થયા. તાજેતરમાં ૨૦૧૧માં શ્રી એ.એલ. દવે સાહેબ કાર્યકારી ચીફ જસ્ટીસ તરીકે (શ્રી મુખોપાધ્યાય સાહેબ સુપ્રીમ કોર્ટમાં જતાં) લગભગ ૨ માસ સુધી ગુજરાત વડી અદાલતમાં ચાર્જમાં રહેલ હતા. અત્યારે પણ શ્રી એ.એલ. દવે સાહેબ ગુજરાત વડી અદાલતમાં જસ્ટીસ તરીકે બિરાજમાન છે.

ડિસ્ટ્રીક્ટ કોર્ટને લાગે વળગે છે ત્યાં લગી કચ્છી ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ તરીકે શ્રી ઇશ્વરલાલભાઇ અંતાણી તથા શ્રી નૌતમલાલભાઇ માંકડનું યોગદાન ઉલ્લેખનીય છે. ૧૯૪૮થી ૧૯૫૬ લગી કચ્છની સબજજ કમ ફ.ક.મે.જી. તરીકે કચ્છના જ જજો આઠે આઠ તાલુકાઓમાં કાર્યરત હતા. જેમાં શ્રી ઠાકરશી પી. કંસારા, શ્રી વ્રજલાલ ધોળકિયા, શ્રી નવીનભાઇ માંકડ, શ્રી સૂર્યકાંત વૈધ, શ્રી નરોત્તમ મહેતા, શ્રી કીર્તિ કિશોર મહેતા, શ્રી કુંદનલાલ રાણા, શ્રી વ્રજલાલ પુરોહિત, શ્રી પ્રાણલાલ વૈધ તથા શ્રી કરમચંદ ડી. શાહ, શ્રી જીવરામભાઇ ગોર ફરજ પરસ્ત હતા. જે પૈકી આ લખનારને માહિતી છે તે અનુસાર શ્રી ગોર, શ્રી પુરોહિત તથા શ્રી સૂર્યકાંતભાઇ કચ્છી સનદી વકીલની ડિગ્રી ધરાવતા હતા.

૧-૧૧-૫૬થી કચ્છના તમામ કચ્છી જજશ્રીઓની બદલી કચ્છ બહાર થઇ ગયેલ અને બિનકચ્છી જજો કચ્છમાં ટ્રાન્સફર થઇને આવેલ હતા. શ્રી નર્મદાશંકર દામોદર મહેતાને સિનિયર મોસ્ટ હોવાથી તેમની જ્યુડીશિયલ કમિશનર સાહેબની કોર્ટમાં રજિસ્ટ્રાર તરીકે નિયુક્ત કરવામાં આવેલ હતા.

૧-૧૧-૫૬થી જ્યુડીશિયલ કમિશનર સાહેબની કોર્ટ વિલીન થતાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજશ્રી પાસે તમામ વહીવટી સત્તા હસ્તગત થયેલ હતી. કચ્છની વહીવટી સર્વ સત્તા ધરાવતા પ્રથમ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે શ્રી નાનુભાઇ ગૌરીશંકર શેલેટ બિરાજમાન થયા અને શ્રી કુલીનચંદ્ર દેસાઇ આસિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ તરીકે ફરજ પર બિરાજમાન હતા.

જ્યુડીશિયલ કમિશનરના રજિસ્ટ્રાર

*દુનિયાનું સૌથી મોટું તીર્થ માતાનો ખોળો છે.*

તરીકેની ફરજ બજાવતા શ્રી નર્મદાશંકરભાઇ મહેતાની બાકી નોકરીનાં વર્ષો ઓછાં હોવાથી તેમને ભુજમાં સિવિલ જજ સિનિયર ડિવીઝનની પોસ્ટ પર મૂકવામાં આવ્યા.

૧૯૬૦ લગી કચ્છમાં સનદી વકીલોની બોલબાલા હતી અને ડિગ્રીધારી વકીલોની મર્યાદિત હતી, ગુજરાતીનું ચલણ વિશેષ હતું અને કચ્છનો મેટ્રીક કે નોનમેટ્રીક સુધી અભ્યાસ કરેલ ચપળતા અને બુદ્ધિપ્રભાના જોર પર ખાવડા મુકામે લેવાતી વકીલ તરીકે સનદી પરીક્ષામાં બેસી તે પરીક્ષામાં પાસ થતાં સનદ મેળવી કચ્છની કોર્ટોમાં વકીલ તરીકે વકીલાત કરી શકતો. ઇ.સ. ૧૯૫૦માં B.A.D.R. બોમ્બે એગ્રીકલર ડેપ્ટ રીલીફ એક્ટ અમલમાં આવ્યો અને ખેડૂતોને કરજમાં રાહત આપવા માટે સૌરાષ્ટ્ર કચ્છમાં B.A.D.R. કોર્ટોનું ગઠન કરવામાં આવ્યું અને કચ્છના આઠે તાલુકાઓમાં ઋણ રાહત ધારા કોર્ટો ઊભી થઇ. આમાં જે જે તાલુકાઓમાં B.A.D.R. કેસો બહોળા પ્રમાણમાં દાખલ થયા ત્યાં અલાયદા જજ અને સ્ટાફની નિમણૂકો કરવામાં આવી. રાપર તાલુકામાં આવા કેસોનું પ્રમાણ સમગ્ર કચ્છમાં વિશેષ હોવાથી રાપરના પલાંસવા મુકામે અલાયદી B.A.D.R. કોર્ટ સ્થાપવામાં આવી જેમાં શ્રી જે.પી. દેસાઇ તથા શ્રી રમાકાંતભાઇ વોરાને B.A.D.R. જજ તરીકે મૂકવામાં આવેલ. શ્રી જે.પી. દેસાઇ ત્યારબાદ ગુજરાત વડી અદાલતના જજ સુધી પહોંચેલ અને અને શ્રી રમાકાંતભાઇ વોરાના સુપુત્ર જયેન્દ્રભાઇ આર. વોરા પણ હાઇકોર્ટના જજ તરીકે ફરજ બજાવી તાજેતરમાં જ નિવૃત્ત થયેલ છે.

ઇ.સ. ૧૯૬૦માં મહાગુજરાત રાજ્યની અલગ સ્થાપનાં થતાં ન્યાયખાતામાં અદાલતો, વકીલો કામગીરી વગેરેમાં આમૂલ પરિવર્તનનો પવન ફુંકાયો એમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. સમય પ્રવાહની સાથે કચ્છમાં નિર્વાસિત ભાઇઓ થકી નવાં ઊભા થયેલાં શહેરો, ગાંધીધામ-આદિપુર કંડલા, ગોપાલપુરીમાં, દેશ-વિદેશની પચરંગી પ્રજાનો વસવાટ શરૂ થયો અને એ તો બિલકુલ સ્વાભાવિક છે કે જ્યાં આવાં મેગા સીટી ઊભાં થાય ત્યાં ગુનાઓનું, સિવિલ લીટીગેશન્સ અને અન્ય નાની ન્યાયિક સમસ્યાઓ ઊભી થયા વિના ન જ રહે.

એ હિસાબે કંડલા-ગાંધીધામનાં ન્યાયિક સવલતોની તાતી જરૂરિયાત ઊભી થઇ અને એ રીતે ગાંધીધામ મુકામે ફોજદારી-દીવાની કેસો માટેની સીટીંગ કોર્ટ (લીંક કોર્ટ) શરૂ કરવામાં આવી અને લગભગ ત્રણેક વર્ષ સુધી આ રીતે ગાંધીધામમાં જે.એમ. બક્ષી શીપીંગ કંપનીની બાજુમાં માત્ર ત્રણ-ચાર રૂમ ધરાવતું ભાડાનું મકાન એસ.આર.સી. પાસેથી લઇ અંજાર સિવિલ જજ એન્ડ ફ.ક. મેજિસ્ટ્રેટ શ્રી બી.વી. વૈશ્નવ સાહેબ લીંક કોર્ટ તરીકે ગાંધીધામમાં કેસો ચલાવવા જતા હતા. ઇ.સ. ૧૯૬૨ના ઓક્ટોબર માસથી ગાંધીધામને સ્વતંત્ર કોર્ટ મળી અને સીંગલ સ્વતંત્ર જજ તરીકે લગભગ દોઢ દાયકા લગી એજ ભાડાનાં મકાનમાં એ સીંગલ જજ સાહેબની કોર્ટ ચાલતી રહી. ૧૯૭૦ના દાયકાથી આજ લગી ગાંધીધામ-કંડલાનો વિકાસ તો ભારતને અચંબામાં મૂકી દે તે રીતે થયો છે એ ઇતિહાસ તો પ્રવર્તમાન હોવાથી, ગાંધીધામ અદાલતોની પ્રગતિનો ઇતિહાસ હેરત પમાડે તેવો છે.

લાખોને ખર્ચે કોર્ટનું મકાન તૈયાર થયું અને ધરતીકંપમાં સમગ્ર મકાન ધ્વંસ થઇ જતાં ફરી કરોડોને ખર્ચ નવું વિશાળ કોર્ટ સંકુલ ઊભું કરવામાં આવ્યું.

૧૯૭૦ના દાયકામાં જ્યાં માત્ર એકજ સીંગલ જજથી શરૂ થયેલ કોર્ટમાં આજની તારીખમાં અગિયાર કોર્ટો કાર્યરત છે, માત્ર આઠથી દસ ઍડવોકેટોથી શરૂ થયેલ ગાંધીધામ બાર-આજની તારીખમાં ત્રણસો આસપાસ ઍડવોકેટસનું બાર ધરાવે છે.

ઇ.સ. ૧૯૪૮થી ૨૦૧૨ લગીનાં વર્ષો, એટલે સાડા છ દાયકા સમયની સાથે સાથે દરેક ક્ષેત્રમાં પરિવર્તન એ સર્વસામાન્ય નિયમ છે, એ રીતે આજે નજર દોડાવીએ તો આ સાડા છ દાયકાના સમયને બે તબક્કામાં વહેંચી શકાય. જેમાં ૧૯૪૮થી ૧૯૭૦થી પ્રથમ તબક્કો અને ૧૯૭૧થી ૨૦૧૨ સુધીનો બીજો તબક્કો, ન્યાય વિભાગને લાગે વળગે છે ત્યાં લગી અદાલતો અંગે પ્રથમ તબક્કામાં પ્રગતિનો ગ્રાફ ત્રીસ ટકાનો ગણી શકાય જ્યારે બીજા તબક્કાનો પ્રગતિ ગ્રાફ ૭૦% ટકા પર પહોંચ્યો છે એમ માની શકાય.

કચ્છમાં આજની તારીખમાં વિચારીએ તો લગભગ ૩૪ કોર્ટો કાર્યરત છે. જેમાં સંખ્યાની દૃષ્ટિએ ભુજમાં, મુખ્ય ડિસ્ટ્રિક્ટ જજ ૧ એડિશનલ ડી.જે. પાંચ પ્રિન્સિપલ એસ.ડી. ૧, એડિશનલ એસ.ડી. ૪, પ્રિન્સીપલ જે.ડી. ૧, ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ ૧ એ રીતે ભુજમાં કુલ ૧૩ કોર્ટ ગાંધીધામમાં પ્રિન્સીપલ એસ.ડી. ૬, એડિશનલ ડી.જે. ૩ પ્રિન્સીપલ જે.ડી. ૧ એ રીતે ગાંધીધામમાં કુલ ૧૦ થી ૧૧ કોર્ટો, અંજારમાં પ્રિન્સી એસ.ડી. ૧, જોઇન્ટ પ્રિન્સી. એસ.ડી. ૨ એડિ. ડી.જે. ૧ એ રીતે અંજારમાં કુલ ચાર કોર્ટો આ ઉપરાંત માંડવી, મુંદ્રા, નખત્રાણા, નલિયા, ભચાઉ અને રાપર મુકામે ૧ પ્રિન્સિપલ સિવિલ જજ કમ જ્યુડી. મેજિસ્ટ્રેટ કોર્ટો કાર્યરત છે.

આ રીતે જોઇએ તો ૧૯૭૧થી ૨૦૧૨ના દ્વિતીય સમયગાળા દરમ્યાન અદાલતોની સંખ્યાનો ગ્રાફ લગભગ ચાર ઘણો ઊંચે ગયેલ છે એમ માની શકાય.

કચ્છની ન્યાય અદાલતોની સાડા છ દાયકાની મંઝિલની આછેરી ઝલક અત્રે આપવાનો નમ્ર પ્રયાસ આ લેખથી કરેલ છે.

લેખકની ન્યાયખાતાની લગભગ ચાળીસ વર્ષની નોકરી દરમ્યાન સ્મરણીય યાદ શક્તિને આધારે આ માહિતી પ્રસ્તુત કરેલ છે લેખમાં દર્શાવેલ હકીકતમાં કોઇ પણ જગ્યાએ માહિતીદોષ રહી જવા પામેલ હોય તો ક્ષમ્ય ગણવા વિનંતી છે.

*નિવૃત્ત રજિસ્ટ્રાર,*
*સિવિલ જજ એસ.ડી. કોર્ટ - ભુજ*
*(કાર્ય સમય : ૧૯૫૩થી ૧૯૯૨)*

*એસ.બી.એક્સ. ૮૨-૮૩,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*
*ફોન : (૦૨૮૩૬) ૨૬૧૮૮૮, મો. ૯૯૦૯૭ ૨૩૯૮૩*

***ઉપદેશ આપવો જેટલું સરળ છે, આચરણ કરવું એટલું જ અઘરું છે.***

# શિક્ષણનું મૂલ્ય અને મહત્ત્વ

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

**બાળકની જનેતા જ તેની સર્વપ્રથમ શિક્ષક છે અને ઘર તેની સર્વપ્રથમ શાળા.** અર્થાત્ બાળકમાં પાયાના સંસ્કારોનું સિંચન માતા અને ઘર દ્વારા થાય છે. આ ઉપરાંત પ્રત્યેક બાળકને આગળ ઉપર શાળાકીય શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ મળે તે તેના ઘડતર માટે અત્યંત આવશ્યક છે.

મહાત્મા કોન્ફ્યુશિયસે કહ્યું છે કે શિક્ષણ વિનાના વિચારો નિરર્થક છે. વિચાર વિનાનું શિક્ષણ ભયંકર છે. આ અર્થમાં વિચારતાં આજની મોટાભાગની સમસ્યાઓનું મૂળ જો શોધવા જઈએ તો તેનું પગેરું શિક્ષણ અને શિક્ષા સુધી જઈ પહોંચે છે. સામાજિક નૈતિકતા અને સામુદાયિક પ્રામાણિકતાનો જે સ્તરે ધ્વંસ થતો આજે જોવા મળે છે તેમાં સૌથી વિશેષ જવાબદાર તત્ત્વ જો હોય તો તે આજનું શિક્ષણ છે.

ઘરમાં મળેલા સંસ્કારો શાળા કક્ષાએ દ્રઢ થાય છે. બાળક સમૂહમાં રહીને બીજાનું અનુકરણ કરીને કાંઈક શીખે છે. આવા સંજોગોમાં આધુનિક શિક્ષણ બાળકમાં પાયાનાં મૂલ્યો અને માનવતાના સંસ્કારો ખિલવવામાં ઊણું ઊતરે છે અને બાળકના ઘડતરના પાયામાં રહી ગયેલી આ ખામી આગળ જતાં વ્યાપક સામાજિક સમસ્યા બની રહે છે.

**આપણું આધુનિક શિક્ષણ એ દ્રષ્ટિએ જોતાં આમૂલ પરિવર્તન માંગી લે તેમ છે.** શિક્ષણ મૂલ્યનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને જીવનલક્ષી હોવા ઉપરાંત બાળકનું સર્વાંગી ઘડતર કરનારું હોવું જોઈએ. અંગ્રેજી શાસનની વરવી દેણગી ભૂલી નવેસરથી વિચારી, ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાનું શરૂ કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે.

ભારતીય સંસ્કૃતિની શ્રમપ્રધાન જીવનશૈલીની પુનઃ પ્રતિષ્ઠા થાય, સ્વાવલંબન, સાદગી અને માનવતાના સંસ્કારો ખીલે, ચારિત્ર ઘડતર દ્વારા સમાજમાં મૂલ્યનિષ્ઠા વ્યાપક બને તે આપણને શિક્ષણ દ્વારા પ્રાપ્ત થવું જોઈએ. આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષક અત્યંત મહત્ત્વનું પ્રદાન કરી શકે તેમ છે પણ તે માટે શિક્ષણનો સમગ્ર ઢાંચો બદલવો આવશ્યક છે.

સરકાર, શિક્ષકો અને સમગ્ર સમાજ, સૌના સહિયારા પ્રયાસથી જ એ શક્ય છે. માનવીના જીવનમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવતું ઑસ્કર વાઈલ્ડનું એક વિધાન છે : **'જે માણસ એક નિશાળ શરૂ કરે છે તે જગતની એક જેલ બંધ કરે છે.'**

વિદ્યા, વિનય, વિવેક, નમ્રતા, સમભાવ, દયા, શાંતિ, ક્ષમા, સત્ય, ત્યાગ અને પ્રેમ સેવાથી શોભે. દરેકે જીવનધ્યેય નક્કી કરવાથી સાચી દિશામાં જઈ શકાય છે. આપણે બધાએ પ્રાગટ્ય દીવો બનીને અજવાળું પ્રગટ કરી જીવન જીવવાનું છે જે શિક્ષણ પોતાના ઘર, કુટુંબ અને સમાજને સહયોગી ન થાય તે કદાપિ શિક્ષણ ન કહેવાય.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

## પ્રશંસાની આકરી કિંમત

બીજા લોકો તમારાં વખાણ કરે તેમ ઈચ્છતા હો તો કદી જ તમારાં વખાણ જાતે કરતા નહિ. એ પ્રકારે તમારી ટીકા કારણ વગર થતી હોય કે તમે નિર્દોષ હો છતાં ખોટા આક્ષેપ થતા હોય ત્યારે બચાવ કરવાને બદલે ચૂપ રહેજો. જ્યોર્જ બર્નાર્ડ શૉ એ કહેલું કે, 'સાયલન્સઈઝ ધી મોસ્ટ પરફેક્ટ એક્સપ્રેશન ઑફ સ્કોર્ન.' તમે માત્ર ચૂપકીદી ધારણ કરીને શ્રેષ્ઠ વિરોધ નોંધાવી શકો છો.

વખાણની લપેટમાં આવી જવાનું બહુ સહેલું છે. પણ જ્યારે તમે પ્રશંસાના વ્યસની થઈ જશો ત્યારે બાહ્ય વખાણ ઉપર જ તમારું સુખ અવલંબિત રહેશે. તમારા સુખની ચાવી બીજાની પેટીમાં ચાલી જશે. વળી તમે પ્રશંસાને પાત્ર ન હોવા છતાં પ્રશંસા થતી હોય તે તો બહુ ખતરનાક છે. એ તો એક જાતનો કટાક્ષ છે અને જ્યારે તમારે માટે તાળીઓ પડવા માંડે ત્યારે ધ્યાન રાખજો કે એ જ તાળી પાડનારા હાથ કદાચ તમારા ગાલ ઉપર આવશે.

*કામ કર્યા સિવાય ધન મેળવવાની ઈચ્છા રાખનાર મૂર્ખ છે.*

# સાચા ધર્મને પિછાણીએ.... અને તેનો અમલ કરીએ

• શાંતિલાલ સંઘવી •

દર વર્ષે અશ્વિન માસ શરૂ થાય કે નવરાત્રિના ઉત્સવના ઢોલ ઢબુકવા શરૂ થાય અને નાના-મોટા સૌ પોતપોતાની શ્રદ્ધા અને શક્તિ અનુસાર માતાજીની ભક્તિ - ઉપાસનામાં લાગી જાય, માતૃશક્તિનો મહિમા થાય.

વિચારવા લાયક મુદ્દો એ છે કે જે ક્યાંક આકાશમાં વસે છે એવા અંબામા, દુર્ગામા વગેરે વગેરે સૌ માતાજીઓની પૂજા - ઉપાસનામાં જ માતૃ-શક્તિનો મહિમા સમાપ્ત થઈ જાય છે? આપણા પોતાના જ ઘરોમાં જે માતૃશક્તિ વસે છે તેની આપણને કદર છે ખરી?

લિમિટ કરતાં પણ વધુ ગરીબ આદિવાસીઓનાં ઘરોનો મને થોડોક અનુભવ છે પણ તેમના સંસાર વિષયની જાણકારી નથી. શ્રીમંત કુટુંબોના સંસાર વ્યવહારની પણ મને જાણકારી નથી. પરંતુ જે થોડાઘણા મધ્યમવર્ગના કુટુંબો વિશે હું જાણું છું તેમાં એક બાબત અતિ મહત્ત્વની જોવા મળે છે કે તેવા લગભગ કુટુંબોમાં તેમના સંસારની અતિ મહત્ત્વની જવાબદારીઓ તેમના ઘરની ગૃહિણીઓ અત્યંત કુશળતાપૂર્વક નિભાવે છે. ખાસ કરીને ચાલીસ વર્ષ તથા તેથી ઉપરના વયગ્રૂપની સ્ત્રીઓ અત્યંત પ્રશંસનીય રીતે પોતાના ઘર - કુટુંબ - બાળકો વગેરેની જવાબદારી સંભાળે છે. માત્ર ૪-૬ દિવસ પૂરતી પણ જો ઘરમાં તેમની ગેરહાજરી હોય તો આખા ઘરને જાણે લકવા થઈ ગયો હોય એવું બને છે.

આધુનિક તરતનાં થોડાં વર્ષમાં પરણેલી સ્ત્રીઓમાં પણ કુંવારી અવસ્થામાં તરંગી, અવ્યવસ્થિત અને બેજવાબદાર દેખાતી ઘણી છોકરીઓ લગ્ન થતાં ખૂબ ઝડપથી જવાબદારી સમજી જાય છે અને કુશળ સંચાલન કરતા શીખી જાય છે. જોકે કેટલીક છોકરીઓ લગ્ન પછી પણ પોતાનો સ્વભાવ છોડી શકતી નથી અને સંઘર્ષનું નિમિત્ત બની જાય છે.

આવી પૂરેપૂરી જવાબદાર અને કુશળ ગૃહિણીઓ જ શું ધરતી પરની માતાજીઓ નથી? આકાશમાં વસતાં માતાજીઓ તો જે કરવાનાં હશે તે કરશે અને કરવું હશે તો કરશે અથવા કશું જ નહીં કરે પરંતુ આપણા ઘરઘરમાં વસતી આ બધી માતાજીઓ તો રોજે રોજ આપણી અદ્ભુત સેવા કરે છે અને કાળજી લે છે. એમની ગેરહાજરીમાં આપણે લાચાર બની જઈએ છીએ.

આકાશવાળાં માતાજીઓ ભલે પોતપોતાની જગ્યાએ રહ્યાં પરંતુ ખરાં માતાજી કે જેની કદર યોગ્ય રીતે થવી જ જોઈએ તે તો બધી આપણા ઘરોમાં જ વસે છે. મને તો એ બધી જ ગૃહિણીઓમાં અંબા મા દેખાય છે. આકાશવાળાં માતાજીના દર્શને જવાની કદી ઈચ્છા થતી નથી, પણ ઘરમાં જ દર્શન થઈ જાય છે. એ જ બધી આશાપુરાઓ છે અને એજ બધી અન્નપૂર્ણાઓ છે.

આપણે આપણા ઘરની અંબામા અથવા આશાપુરા મા અથવા અન્નપૂર્ણા મા ને બરાબર ઓળખીએ, એમની કદર કરીએ, તેમનું માન જાળવીએ અને તેમને યશ આપીએ એ વધારે જરૂરી છે.

જેવું માતાજીઓ - દેવીઓની બાબતમાં છે તેવું જ દેવોની બાબતમાં છે. મને દેવોનો કોઈ જ અનુભવ નથી. મેં કદી કોઈ દેવને જોયા નથી. પણ આજ સંસારમાં ઝીણી નજરે નિરીક્ષણ કરતાં દેવ જેવાજ તથા દેવ કરતાં પણ સવાયા કહેવાય તેવા માણસો નજરે ચડી જ જાય છે. આવા અરિહંત જેવા લોકોને જોયા - જાણ્યા પછી આકાશના દેવનાં દર્શનની ઈચ્છા જ મરી જાય છે.

આકાશમાં વસતા દેવી - દેવતાઓ અને મોક્ષમાં વસતા ભગવાનો પાછળ ૨૫-૫૦ કરોડ અથવા એથી પણ વધારે રકમ ખર્ચીને તેમનાં મંદિરો બનાવીએ છીએ. એમના નામે જાતજાતના ઉત્સવો અને અનુષ્ઠાનો પાછળ વધુ નાણા ખર્ચીએ છીએ પરંતુ એ વાત આપણે ભૂલી જઈએ છીએ કે તેઓ માનવજાતના ભલા માટે - માનવજાતનાં દુઃખો દૂર કરવા માટે, માનવજાતની સેવા માટે કશું જ કરતા નથી.

બીજી તરફ જે મનુષ્ય દેહધારી દેવી સ્વરૂપ સ્ત્રીઓ અને સતત મનુષ્યના ભલા માટે પોતાના સુખચેનનો ભોગ આપી રાતદિવસ લોકોની સેવામાં જ ડૂબેલા રહેતા પ્રત્યક્ષ દેવો જેવા મનુષ્યો - દેવો કરતાં ઘણાં ઊંચેરા માણસો - આપણી આપસાસમાં જ હોય છે એની આપણે નોંધ લેતા નથી. આવા લોકોની આપણે કદર કરતા નથી. એમના કામમાં જોડાતા નથી, એમને યથાશક્તિ મદદ કરતા નથી.

જે લોકો આપણા સુખ - ભલા માટે પોતે ભૂખ તરસ વેઠે છે, આપણા ભલા માટે જેલમાં જાય છે, આપણા ભલા માટે લાઠી - ગોળી ખાય છે, આપણા ભલા માટે પોતાના સુખી સંસારની ઉપેક્ષા કરે છે, આપણા ભલા માટે સ્વૈચ્છિક ગરીબી વેઠે છે, આજ લોકો આજના ખરા દેવ-દેવીઓ - ભગવાનો છે. આકાશના ભગવાનો આપણને શા કામના?

જે વાસ્તવિક છે, સન્મુખ છે તે દેવી-દેવતાઓને છોડીને આકાશમાં વસતા દેવી દેવતાઓની પાછળ દોડનારા આપણે ગંભીર ભૂલ કરીએ છીએ.

મિત્રો, આકાશમાં ક્યાંય વૈભવ, વિલાસ ને સગવડથી ભરેલી 'સ્વર્ગ' નામની હાઉસિંગ કોલોની નથી.

અને પાતાળમાં ક્યાંય 'નરક' નામનું ટોર્ચર હાઉસ નથી. પાતાળમાં તો છે ધગધગતો લાવારસ.

આપણે જે રકમ ભગવાન અને દેવી દેવતાઓ પાછળ જાતજાતના ઉત્સવો, ક્રિયાકાંડો, અનુષ્ઠાનો વગેરેમાં ખર્ચીએ છીએ તે તમામ રકમ લોકોના કલ્યાણના એકમાત્ર હેતુ સાથે જીવતા પ્રત્યક્ષ દેવ સમાન - દેવી સમાન તથા લોકોની સેવામાં ડૂબેલા એવાં સ્ત્રી પુરુષોને તેમના કામમાં સહાય માટે અર્પીએ એ ઈચ્છવાયોગ્ય છે.

આખરે આ જ તો ખરો ધર્મ છે.

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

*ખુદની ભૂલ સ્વીકારવામાં અહંકાર આડો ન લાવો.*

# દીકરી દામ્પત્યનો દીવડો

• દિનેશ પાંચાલ •

ચર્ચા દરમિયાન મિત્રે કહ્યું : 'હું પત્ની કરતાંય મારી દીકરીને વધારે પ્રેમ કરું છું. જાણો છો કેમ? એ ચાર વર્ષની હતી ત્યારે મારી માતાનું અવસાન થયેલું. હું એ દિવસે ખૂબ રડ્યો હતો. મને યાદ છે મારી દીકરીએ મારાં આંસુ લૂછતાં કહ્યું હતું 'પપ્પા, તમે રડો નહીં... તમે રડો છો તેથી મને પણ રડવું આવે છે!' આજે પણ હું બીમાર હોઉં અને એ સાસરેથી મળવા આવે છે ત્યારે એને જોઇને હું મારાં બધાં દુઃખો ભૂલી જાઉં છું. મને લાગે છે કે પત્ની ઘણીવાર આંસુનું કારણ બની રહે છે પણ દીકરી તો હંમેશાં આંસુનું મારણ બની રહેતી હોય છે. કદાચ એજ કારણે તેની વિદાયવેળાએ મા કરતાં બાપને વધુ વેદના થાય છે. કેમકે મા રડી શકે છે, પુરુષો આસાનીથી રડી શકતા નથી. દીકરી વીસ-બાવીસની થાય ત્યાં સુધીમાં બાપને તેના વાત્સલ્ય પ્રેમની આદત પડી જાય છે. દીકરી ક્યારેક મા બની રહે છે, ક્યારેક દાદી બની જાય છે તો ક્યારેક મિત્ર બની રહે છે. સુખ હોય ત્યારે દીકરી બાપના હોઠનું સ્મિત બની રહે છે અને દુઃખમાં બાપનાં આંસુ લૂછતી હથેળી બની જાય છે. જોતજોતામાં દીકરી મોટી થઇ જાય છે અને એક દિવસ પાનેતર ઓઢી વિદાય થાય છે. જતી વેળા પિતાની છાતીએ વળગીને સજળનેત્રે એ કહે છે : 'પપ્પા, હું જાઉં છું... મારી ચિંતા કરશો નહીં...! તમારી દવા બરાબર લેજો...' અને ત્યારે પોતાની આંખમાં ઊમટી આવતાં આંસુઓને તે રોકી શકતો નથી. કવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલ'માં શકુંતલાને વિદાય કરતાં કણ્વ ઋષિ કહે છે : 'સંસાર છોડીને સંન્યાસી બનેલા અમારા જેવા વનવાસીને પુત્રી વિદાયનું આટલું દુઃખ થતું હોય તો સંસારીઓને કેટલું થતું હશે?'

એકવાર મારે એક લગ્નમાં જવાનું બન્યું હતું. મિત્રની દીકરીનાં લગ્ન હતાં. દીકરીને સાસરે વળાવ્યા બાદ ઘરમાં ઢીલા થઇને બેઠેલા અમારા મિત્રે કહ્યું હતું : 'આજપર્યંત મેં કદી ભગવાનને પ્રાર્થના કરી નથી, પણ આજે સમજાય છે કે દરેક દીકરીના બાપે ભગવાનને એકજ પ્રાર્થના કરવી જોઇએ-પ્રભુ, તું સંસારના સઘળા પુરુષોને ખૂબ સમજુ અને શાણા બનાવજે કેમકે એમાંથી કોક મારી દીકરીનો પતિ બનવાનો છે. સંસારની બધી સ્ત્રીઓને તું ખૂબ પ્રેમાળ બનાવજે કેમકે એમાંથી કોક મારી દીકરીની સાસુ કે નણંદ બનવાની છે. ભગવાન, તારે આખી દુનિયાનું પુનઃનિર્માણ કરવું પડે તો કરજે પણ મારી દીકરીને કોઇ વાતે દુઃખ પડવા દઇશ નહીં!' એક પરિણીત સ્ત્રી પતિ અને પિતા નામના બે કિનારા વચ્ચે વહેતી નદી જેવી હોય છે. એ પતિને કહી શકતી નથી કે તમે મારી સાથે મારા પિયરમાં આવીને વસો, અને પિતાને કહી શકતી નથી કે તમે મારા સાસરામાં આવીને રહો. એથી દીકરી જયારે પોતાના પતિ સાથે પિયરમાં થોડા દિવસ રહેવા આવે છે ત્યારે એક છત તળે પિતા અને પતિના સાંનિધ્યમાં તેને એવી તૃપ્તિ મળે છે, માનો કોઇ શ્રધ્ધાળુને એકીસાથે રામ અને કૃષ્ણનાં દર્શન થયાં હોય!

અમારા એક અન્ય મિત્રને એકની એક દીકરી છે. મિત્રે એને ખૂબ લાડકોડથી ઉછેરી હતી. દુર્ભાગ્યે એને પતિ સારો મળ્યો નથી. નાની નાની વાતમાં હાથ ઉપાડે છે. કોકવાર તો પિતાની હાજરીમાં ય હાથ ઉપાડી બેસે છે. એકવાર એ દૃશ્ય નજરે જોયા પછી મિત્રને એવો આઘાત લાગ્યો કે ઍટેક આવી ગયો. એ દિવસે ડાયરીમાં એમણે લખ્યું : જમાઇના હાથે બાપ પોતાની દીકરીને માર ખાતી જુએ છે ત્યારે ગાય પોતાના વાછરડાને કતલખાને વધેરાઇ જતાં જોતી હોય એવું દુઃખ થાય છે! એમણે એ ઘટના બાદ દીકરીને ત્યાં જવાનું છોડી દીધું. એક દિવસ એમને ત્યાં એમનો ભાણેજ તેની પત્ની જોડે આવ્યો. ભાણેજને પણ એક જ દીકરી હતી, જે તેને ખૂબ વહાલી હતી. બન્યું એવું કે ભાણેજને કંઇક વાંકુ પડતાં તેણે તેની પત્નીને એક તમાચો મારી દીધો. મિત્ર અસ્વસ્થ થઇ ગયા. તેમણે ભાણેજને પાસે બોલાવી કહ્યું : 'ભાઇ, તું તારી દીકરીને પ્રેમ કરતો હોય તો તને તારી દીકરીના સોગંદ છે, તારી પત્ની પર કદી હાથ ઉપાડીશ નહીં. આખરે એ પણ કોકની દીકરી છે. એના મા બાપ, ભાઇ બહેનનો ભર્યો ભાદર્યો પરિવાર છોડી એ તારા ભરોસે આ ઘરમાં આવી છે. એના ચહેરામાં તું તારી દીકરીનો ચહેરો જોજે. તારો બધો ગુસ્સો ઓગળી જશે!'

હમણાં જ નિવૃત્ત થયેલા એક આચાર્યમિત્રે એક વાત કહી : 'અગર તમારા ઘરમાં દીકરી ના હોય તો પિતા-પુત્રીના પ્રેમની ઘનિષ્ટતા તમે કદી જાણી શકવાના નથી. તમે બસ એટલું કરજો, ગમે તેવાં મનદુઃખો જન્મે તો ય પુત્રવધૂને તેના પિતા વિષે કટુ વચનો કદી સંભળાવશો નહીં. દીકરી ભગવાન વિરુદ્ધ સાંભળી લે છે પણ પોતાના પિતા વિરુદ્ધ તે સાંભળી શકતી નથી. એક લગ્ન સમારંભમાં અમે મિત્રો વચ્ચે બેઠા હતા. ત્યાં એક પરિણીત યુવતીએ એક સ્વાનુભવ કહ્યો. એ યુવતીના પિતા મૃત્યુ પામ્યા હતા. પિયરમાં ભાઇ-ભાભી તરફથી ખાસ પ્રેમ મળતો નહોતો. એ યુવતીએ કહ્યું : 'મેં ઘણે ઠેકાણે વાંચ્યું છે- માતા વિનાની દીકરી અને દીકરી વિનાનો બાપ કદી સુખી ના હોઇ શકે. આ સાચું હોય તો પણ મારા અનુભવ પરથી મને એવું લાગે છે કે બાપ વિનાની દીકરી પણ એટલી જ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૪ ઉપર)**

*સારા સંસ્કારથી કુટુંબની સાથે સમાજનુંય કલ્યાણ થાય.*

# સામાજિક જવાબદારી અને મહિલા

• નૂતન મહેતા •

માનવ સંસ્કૃતિના વિકાસની સાથે સમાજરચના અસ્તિત્વમાં આવી, તો બીજી બાજુ એમ પણ કહી શકાય કે માનવસંસ્કૃતિનો વિકાસ સમાજરચનાને આભારી છે. આમ, સંસ્કૃતિ અને સમાજ અરસપરસ ગૂંથાયેલાં છે. સમાજરચનાના પાયામાં કુટુંબસંસ્થા રહેલી છે. સ્ત્રી અને પુરુષનું સહજીવન શરૂ થયું તેના પરિણામે કુટુંબ બન્યું, એટલું જ નહિ, એ સહજીવન માટે કુટુંબ સંસ્થા જરૂરી બની. એને ટકાવી રાખવા માટે જુદા જુદા કુટુંબો વચ્ચેનો વ્યવહાર જરૂરી બન્યો. સહયોગ અને પરસ્પરાવલંબનને લઈને સમાજ વિસ્તરતો અને વિકસતો ચાલ્યો. સમાજના આ વિસ્તાર અને વિકાસે જવાબદારીની ભાવના ઊભી હતી.

જવાબદારી તો સ્ત્રી અને પુરુષ બન્નેની છે, અને જેમ જેમ એ બેઉ વચ્ચે સમાનતાનો ભાવ કેળવાતો ગયો તેમ તેમ આ જવાબદારી સંયુક્તરૂપ લેતી ગઈ, જેમ કે સમાજને સુઘટિત અને સ્વસ્થ રાખવા માટે અર્થવ્યવસ્થા જરૂરી છે. એનું ઉપાર્જન એ હવે પુરુષની સાથે મહિલાની પણ જવાબદારી હોય એમ બનતું આવ્યું છે એ જવાબદારી અદા કરવા એણે ઘરના ઉંબર બહાર પગ મૂક્યો સાથે વ્યવહાર જગતનાં નાનાં મોટાં કેટલાંય કામ એને વળગી પડ્યાં. એમાં ઘરવપરાશની રોજ-બ-રોજની ખરીદીથી માંડીને ભવિષ્યને સ્પર્શતા મોટા નિર્ણયોનો સમાવેશ થાય છે.

સમાનતા અંગેની સભાનતાને લઈને સ્ત્રીએ પોતાના ખભા મજબૂત બનાવ્યા અને જે ક્ષેત્રની જવાબદારી એકલા પુરુષે ઉઠાવવાની અપેક્ષા હતી તેની ધુરા ઊંચકવામાં પણ સાથ આપ્યો. સ્ત્રી અને પુરુષ એ સંસારરથનાં બે પૈડાં છે એમ આપણે કહેતાં અરે સાંભળતાં આવ્યાં છીએ પરંતુ એમ કહેતી વખતે આપણા મનમાં એવો ખ્યાલ ભાગ્યે જ હોય છે કે એ બેઉની ધરી એક જ છે અને એ બે પૈડાં બાજુબાજુમાં જ છે, બલકે એમાંનું એક પૈડું આગળ અને બીજું પાછળ ગતિ કરતું હોય એ પ્રકારની જ આપણી કલ્પના હોય છે અને એટલે જ આજે પણ આપણે જોઈએ છીએ કે ઘરબહારની દુનિયામાં સ્ત્રીનો પ્રવેશ થયો છે એથી બહુ ઓછા પ્રમાણમાં પુરુષનો ઘરની અંદરની દુનિયામાં પ્રવેશ થયો છે.

સ્ત્રી સમાજાભિમુખ બની છે. સમાજની ભિન્ન-ભિન્ન વ્યક્તિઓ સાથેનો એનો સંપર્ક અને પરિચય વધ્યો છે. ટેકનોલોજીના વિસ્ફોટને કારણે પણ તેના માહિતીસ્રોત વધ્યા છે. એ પોતે ટેકનોલોજીની નિતનવી શોધોની જાણકાર બનતી ચાલી છે, એનો લાભ લેતી થઈ છે. આને લઈને એનામાં સામાજિક જાગૃતિ પણ વધતી રહી છે. એની વૈચારિક શક્તિ વિકસતાં સામાજિક જવાબદારી પરત્વે પણ એ પરિપક્વ બની છે. જે સમાજમાં એ જન્મી છે અને જીવી રહી છે, જેની આબોહવા એની ચેતનાને સતત સ્ફૂર્તિવંત રાખી રહી છે એ સમાજના સંમાર્જન માટેની જવાબદારી એની સક્રિયતાને સતત પ્રેરે છે. આમ, એની સામે એકથી વધુ મોરચા ખૂલે છે અને એ દરેક મોરચે એને અવનવા પડકારોનો સામનો કરવાનો પણ આવે છે.

આ પરિસ્થિતિ જટિલ ત્યારે બને છે જ્યારે બે અલગ જીવનમૂલ્યો અને જીવનશૈલીઓ વચ્ચેની સમતુલા ખોરવાય છે. આવી પરિસ્થિતિમાં પુરુષને મુકાબલે સ્ત્રીને શિરે વિશેષ જવાબદારી આવે છે.

આપણી સામાજિક પરંપરા આનું એક કારણ છે. સ્ત્રી ગમે તેટલો વિકાસ સાધે, પ્રગતિ કરે તો પણ એની પરંપરાગત જવાબદારીઓમાંથી મુક્ત થઈ શકતી નથી. જરૂર પડ્યે એણે પોતે હાંસલ કરેલી ગૌરવપ્રદ સિદ્ધિઓને ફગાવી દઈને કે જાહેરક્ષેત્રની કામગીરીને તિલાંજલિ આપીને પણ આ જવાબદારીઓને વળગી રહેવું પડે છે. એની એ કામગીરીથી ભલે એ કૌટુંબિક જરૂરિયાતની પૂર્તિ કરતી હોય, એની ભાગ્યે જ કોઈ નોંધ લેતું હોય છે, એટલું જ નહિ, એ કામગીરીની કદર કરવાને બદલે એની પાસે વધારેને વધારે અપેક્ષાઓ રાખવામાં આવતી રહે છે આ રીતે એની જવાબદારી બેવડાય છે.

આ પરિસ્થિતિમાં મહિલાએ શું કરવાનું છે? આસપાસના સમાજમાં આપણે જોઈએ છીએ તો મુખ્યત્વે એની ચારેક પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળે છે : (૧) એ પરિસ્થિતિને વશ વર્તે છે અને પોતાની પ્રવૃત્તિઓને સીમિત કરી દે છે, જેને પરિણામે એની શક્તિઓ કુંઠિત થઈ જાય છે. આ પ્રતિક્રિયા અંગે હું એમ કહીશ કે અહીં મહિલા પોતાનું સામાજિક કર્તવ્ય ચૂકે છે, કેમ કે એના આવા વલણથી સામાજિક પ્રગતિમાં જાણ્યે-અજાણ્યે પણ રૂકાવટ આવે છે. એની પ્રગતિ રૂંધાય છે અને એ જે સ્થિતિમાં જ્યાં હોય છે તે જ સ્થિતિમાં સમાજ ત્યાંનો ત્યાં ઊભો રહે છે. બીજી રીતે જોઈએ તો આ પરિસ્થિતિને એક સુશિક્ષિત અને સમજદાર સ્ત્રીઓએ સામાજિક પરિવર્તનની પોતાને મળેલી તકરૂપે જોવી જોઈએ. એને પોતાની એક જવાબદારીરૂપે ઘટાવીને ધીરજપૂર્વક ગઈ પેઢીના વડીલોનું માનસ બદલવું જોઈએ. એના દૃષ્ટિકોણમાં પરિવર્તન આણવું જોઈએ. વડીલોનું મહત્ત્વ સમજીને, એની યોગ્ય કદર કરીને, એમની સમક્ષ એમની પણ જે સામાજિક ભૂમિકા છે તે સ્પષ્ટ કરીને, એની સહુનાં ભવિષ્ય પર પડનારી અસરો દર્શાવીને સ્ત્રી આમ કરી શકે.

**(૨)** આમ કરવાને બદલે સ્ત્રી ઘણી વાર વિદ્રોહ કરી બેસતી હોય છે. સ્વાતંત્ર્ય, સ્વાધીનતા, સ્વનિર્ભરતાએ જન્માવેલા આત્મવિશ્વાસને કારણે અને એને લગતા

*આપણું મન અને હૃદય અલગ અલગ વસ્તુ કહે ત્યારે આપણે ફિલોસોફર બની જઈએ છીએ.*

પોતાના ખ્યાલોને લઇને એ એની સામે ઊભી થયેલી પરિસ્થિતિને એકદમ જ બદલી નાખવાના ઉત્સાહમાં, બલકે ઉતાવળમાં તેને તોડીફોડી નાખવા તત્પર બની જતી હોય છે. સ્ત્રીનું આ જવાબદારીભર્યું વર્તન નથી. એની ઘણી દૂરગામી અને વ્યાપક અસરો પડતી હોય છે અને સરવાળે સમાજને સહન કરવું પડતું હોય છે. સમાજની સ્વસ્થતા જળવાઇ રહે, એનાં ઘટકો છિન્ન ભિન્ન ન થઇ જાય એ તેણે ખાસ જોવાનું છે. એક હકીકત યાદ રાખવા જેવી છે કે આપણા જેવી સમાજરચના અને કુટુંબવ્યવસ્થા બીજે ક્યાંય નથી અને તે આપણી પ્રમાણમાં સંતુલિત અને નિયમિત લગ્ન સંસ્થાને આભારી છે, જેમાં મોટો ફાળો જવાબદાર મહિલાનો છે. 'गृहिणी गृहम् उच्यते' એમ જે કહેવાયું છે તેનો મર્મ સમજવા જેવો છે.

**(૩)** અહીં જે બે પ્રતિક્રિયાઓ આપણે જોઇ તે સામસામા છેડાની છે. વળી, એ બે અંતિમો છે એનો પણ બહેનોને ખ્યાલ આવ્યો હશે. એ પણ એની સાથોસાથ સમજવાનું છે કે મક્કમતા એ ઉદ્ધતાઈ નથી અને અસંમતિ એ વિદ્રોહ નથી. કુશળ સ્ત્રી કુનેહપૂર્વક સમાજનું માનસ બદલે છે. એનું લક્ષ સમાજની બીજી સ્ત્રી પર કેન્દ્રિત થયેલું હોય છે, કારણ કે એ જાણે છે કે સમાજવર્તુલના કેન્દ્રમાં પુરુષ છે પરંતુ સ્ત્રી ત્રિજ્યાની જેમ ખેંચાઇને એ વર્તુલના પરિઘને અનેક બિંદુએ સ્પર્શે છે. રોજિંદા જીવન વ્યવહારમાં એક સ્ત્રી કેટલાં કાર્યો કરે છે, અને એ નિમિત્તે કેટલી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે! એના માનસનું જો ઘડતર થયું, એના વિચારો જો કેળવાયા, એની સમજ જો વધી તો એ પોતાનાં સંતાનોથી માંડીને જાહેર ક્ષેત્રના કાર્યવાહકોનાં વલણ અને અભિગમને નિરામય કરી શકશે.

**(૪)** ચોતરફનાં દબાણને લઇને સ્ત્રીને ઘણે ભાગે આપણે મૌન થઇ જતી જોઇએ છીએ. આ પ્રતિક્રિયા યોગ્ય નથી. સ્ત્રીએ બોલવું જોઇએ. એટલું જ નહિ એણે આખા સમાજનો અવાજ બનવું જોઇએ, એ એની જવાબદારી છે. એ દબાયેલી, ચંપાયેલી રહે તે ઠીક નથી.

બહેનો, તમને કદાચ એવો પ્રશ્ન થશે કે શું તમામ જવાબદારી એકલી સ્ત્રીની જ છે? ના, મારા કહેવાનો મતલબ એ નથી પરંતુ સ્ત્રી એ એક એવું અસ્તિત્વ છે જે પોતે જવાબદારી બજાવતાં બજાવતાં અન્યને એની જવાબદારીનો અહેસાસ કરાવી શકશે. એ એકસાથે લાગણીશીલ તેમજ બુદ્ધિશાળી છે. એનામાં અપાર ધૃતિ અને ખમીર છે. કુદરતે એનું બંધારણ જ એવું ઘડ્યું છે. એ જે કોઠાસૂઝથી પ્રશ્નો ઉકેલી શકે છે અને મુસીબતોમાંથી માર્ગ કાઢી શકે છે એવું પુરુષથી થઇ શકતું નથી. એ બોધ કરે છે તે પણ એવી કોમલતાથી કરે છે જે અસરકારક નીવડે છે. તમે જરા એ વાતનો વિચાર કરો કે આખું ભવિષ્ય પોતાના ઉદરમાં સમાવીને એ એની વૃદ્ધિ કરે છે, એનું પોષણ કરે છે અને સમાજને એની ભેટ ધરે છે. એટલે એની મોટામાં મોટી જવાબદારી એ છે કે એની એ ભેટ ઉત્તમ નીવડે સમાજ બીજા અંગરૂપ પુરુષનું સારસર્વસ્વ પણ એમાં સમાયેલું છે. જોવા જેવું એ છે કે આ જેમ એની વિશિષ્ટતા છે તેમ સૌથી મોટી મર્યાદા પણ એ છે એ જોખમથી કેમ બચવું એ સમજવું અને સમજાવવું એ પણ સ્ત્રીની જવાબદારી છે.

હમણાં જ મેં કહ્યું તેમ સ્ત્રી જેમ હૃદયથી સમૃદ્ધ છે તેમ આજની નારી બુદ્ધિથી પણ તેજસ્વી છે. પોતાના અધિકારો, સરકાર અને અન્ય સંસ્થાઓ તેમજ કાયદા કાનૂન અને નીતિનિયમો દ્વારા તેને મળવાપાત્ર લાભોથી, એને લગતી વિવિધ યોજનાઓથી એણે સતત વાકેફ રહેવું જોઇએ અને એને લગતી જાગૃતિ ફેલાવવી જોઇએ. ખાસ કરીને સમાજના અવિકસિત કે અલ્પવિકસિત અને ગ્રામીણવર્ગમાં એમને મદદરૂપ પણ થવું જોઇએ તેને સમાજ પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારી માનીને.

તો, બહેનો, આપણે, એક સ્ત્રી તરીકે, પૂરા સમાજ સાથે જવાબદારીપૂર્વક સંકળાયેલાં છીએ એ સમજીએ અને આપણા જીવન - વ્યવહારને એ પ્રમાણે ગોઠવીએ તો આપણે કૃતાર્થતાની લાગણી અનુભવી શકીશું.

*જીવનછાયા, હોસ્પિટલ રોડ,*
*ભુજ, કચ્છ.*
*ફોન : ૨૨૦૧૬૯*

## દીકરી દાંપત્યનો દીવડો

**(અનુસંધાન : પાના નં.-૭૨ ઉપરથી ચાલુ)**

કમનસીબ ગણાય! દીકરી વિનાનો બાપ લાખોપતિ હોય તોય વાત્સલ્ય વંચિત હોય છે. પણ બાપ વિનાની દીકરી તો કરોડપતિ હોય તો પણ નિરાધાર જ ગણાય. કેમકે સંસારમાં સૌનો પ્રેમ મળી શકે છે પણ બાપના પ્રેમની તોલે તો ભગવાનનો પ્રેમ પણ ના આવી શકે!'

સ્ત્રી જીવનનો પ્રાણવાયુ છે. સંસારનું ચાલક બળ છે. જીવનરથની એ એવી ધરી છે જેના પર દાંપત્ય જીવનની સફળતાનો મુખ્ય આધાર છે. સ્ત્રી - પુત્રી રૂપે, મા કે બહેન રૂપે સંસારમાં છવાયેલી છે. સંસારમાંથી સ્ત્રીની બાદબાકી એટલે બાસુંદીમાંથી ખાંડની બાદબાકી...! દીકરી વિશે એકવાર એક કાલ્પનિક સંવાદ વાંચવા મળ્યો હતો. લગ્નના ફંક્શનમાં રસોડાના પાછળના ભાગે એક કંકોતરી પડી હતી, અને બાજુમાં એંઠી બાજ પડી હતી. તે બન્ને વાતો કરતાં હતાં. પતરાળ (અર્થાત બાજે) કંકોતરીને કહ્યું : 'તું ગમે તેટલી સુંદર હશે તો ય લગ્ન બાદ તારી કોઇ જ કિંમત રહેતી નથી!' કંકોતરીએ વળતો જવાબ આપ્યો : 'તો તારી હાલત પણ મારાથી જુદી ક્યાં છે? તેં લોકોને છત્રીસ પકવાન જમાડ્યાં હશે પણ જમણ પત્યા બાદ તુંય એંઠવાડ ભેગી ઉકરડે જઇ પડે છે.' મિત્રે બન્નેને કહ્યું : 'તમે શીદ લડો છો? મારી હાલત પણ તમારા જેવી થઇ છે. હું આ દેશનો મતદાર છું. લગ્ન પત્યા બાદ કંકોતરીની, જમણવાર પત્યા બાદ પતરાળની અને ચૂંટણી પત્યા બાદ મતદારની કોઇ કિંમત રહેતી નથી. ભાગ્યશાળી તો પેલી પરણી રહેલી દીકરી છે જે પિયરમાં પણ પૂજાય છે અને પતિગૃહે પણ ગૃહલક્ષ્મી બની જીવે છે!' દીકરી વહાલનો દરિયો નહીં માબાપ અને સાસરિયાઓ બન્ને માટે જીવવાનો જરિયો બની રહે છે. ખાંડ વિના કંસાર એટલો મોળો નથી લાગતો જેટલો દીકરી વિના સંસાર મોળો લાગે છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮,*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*મનને હૃદય સાથે જોડી દો. એકલતા આકરી નહીં લાગે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૬

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉદ્‌ઘાટન સમારોહની ફળશ્રુતિ – ઋણ સ્વીકાર

### વર્ષ ૧૯૯૧થી વર્ષ ૧૯૯૯ સુધીના હોદ્દેદારો

| વર્ષ | પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ્ મંત્રી | સહમંત્રી | ખજાનચી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૧ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ખીમજી આણંદજી લોડાયા | અશોકકુમાર સાકરચંદ મહેતા | મહેશ કલ્યાણજી ગાલા | ઉમરશી જેઠાભાઈ કુરુવા |
| ૧૯૯૨ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ઉમરશી જેઠાભાઈ કુરુવા | કાંતિલાલ રામજી શાહ | ભોગીલાલ પ્રેમચંદ શાહ | મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૯૯૩ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | મુરજી નરશી લોડાયા | અશોકકુમાર સાકરચંદ મહેતા | પ્રતાપ નારાણજી દંડ | મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૯૯૪ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | મુરજી નરશી લોડાયા | અશોકકુમાર સાકરચંદ મહેતા | પ્રતાપ નારાણજી દંડ | મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૯૯૫ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | મુરજી નરશી લોડાયા | અશોકકુમાર સાકરચંદ મહેતા | પ્રતાપ નારાણજી દંડ | મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૯૯૬-૯૭ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | મુરજી નરશી લોડાયા | અશોકકુમાર સાકરચંદ મહેતા | પ્રતાપ નારાણજી દંડ | મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૯૯૭-૯૮ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | કાંતિલાલ વેલજી સાવલા | અશોકકુમાર સાકરચંદ મહેતા | વીરેન્દ્ર આસારીયા શાહ | રાજેન્દ્ર મણિલાલ વસા |
| ૧૯૯૮-૯૯ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | કાંતિલાલ વેલજી સાવલા | અશોકકુમાર સાકરચંદ મહેતા | વીરેન્દ્ર આસારીયા શાહ | હસમુખ બાબુભાઈ શાહ |

તા. ૨૫ અને ૨૬-૧-૧૯૯૭ – બંને દિવસના કાર્યક્રમો સુપેરે દબદબાભેર પૂર્ણ થતાં, સમાજના કાર્યકર્તાઓએ હાશકારો અનુભવ્યો હતો. ખાસ કરીને બંને દિવસોએ દાતાશ્રીઓ મન મૂકીને વરસ્યા હતા અને અમદાવાદ સમાજની ઝોળી દાનથી છલકાવી દીધેલ હતી. નીચે મુજબના દાતાશ્રીઓ પાસેથી માતબર દાનો મળ્યાં હતાં. શ્રી બિપિનભાઈ કાનજી જૈન (નાની ખાખર - મુંબઈ), શ્રી સુમતિભાઈ હેમચંદ મહેતા (દેશલપર - મુંબઈ), શ્રી મૂકેશભાઈ બાબુભાઈ ઝવેરી (ભુજ, કચ્છ), શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતા (લાખણિયા - મુંબઈ), શ્રી રતનશીભાઈ પ્રેમજી ગોગરી (નાગલપુર - હૈદ્રાબાદ). તે ઉપરાંત સમારંભના વિશિષ્ટ મહેમાનોએ સંયુક્ત રીતે રૂા. ૧૧.૦૦ લાખના દાનની જાહેરાત કરી હતી. જેમાં શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા (લાયજા - મુંબઈ), શ્રી ટોકરશીભાઈ શિવજી સાવલા (નવા વાસ - મુંબઈ), શ્રી નવીનભાઈ ઉમરશી શાહ (નાગલપુર - મુંબઈ), શ્રી લક્ષ્મીચંદભાઈ વેરશી કારાણી (ડુમરા - મુંબઈ), શ્રી વલ્લભજીભાઈ ખેતશી શાહ (ટોડા - મુંબઈ), શ્રી ભવાનજીભાઈ રામજી દેઢિયા (ગજોડા) તથા શ્રી ભવાનજીભાઈ નરશી છેડા (સુથરી - મુંબઈ)નો સમાવેશ થાય છે.

નીચે મુજબના દાતાશ્રીઓએ જુદા જુદા રૂમ સામે નોંધપાત્ર દાનો જાહેર કરેલ હતાં. શ્રી ચંપકભાઈ ધનજી હરિયા (શેરડી - મુંબઈ), શ્રીમતી તેજબાઈ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર), શ્રી બાબુભાઈ ભગવાનજી માવજી શાહ પરિવાર (અંજાર - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબહેન જે. શેઠિયા ચેરિટેબલ ટ્રસ્ટ હા. શ્રી જે.વી. શેઠિયા (રાજકોટ).

તે ઉપરાંત ઘણા બધા દાતાશ્રીઓએ ૨૫ અથવા વધારે ભેટ કૂપનો લીધેલ હતી. જેમનાં નામો નીચે મુજબ છે.

૧. શ્રી કલ્યાણજીભાઈ રામજી રવજી સોજપાલ (મોટાભાઈ પરિવાર)
૨. કસ્તુરબહેન કેશવજી ચાંપશી ગોસર
૩. શ્રી કાંતિલાલભાઈ વેલજી સાવલા પરિવાર
૪. શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા પરિવાર
૫. શ્રી છગનલાલભાઈ સાકરચંદ શાહ પરિવાર
૬. શ્રી ટોકરશીભાઈ શિવજીભાઈ સાવલા પરિવાર
૭. શ્રી નેણશીભાઈ લધાભાઈ સાંગણ ગાલા તથા ખીરાબાઈ જેઠાભાઈ ખુશિયા પરિવાર

*નીડરતાથી બોલેલું સત્ય સાચું પરિણામ લાવે છે.*

૮. મા. કંકુબહેન કાનજી રવજી પરિવાર
૯. ખેતબાઈ મોરારજી નરશી પરિવાર
૧૦. નાનબાઈ નાનજી રવજી પોલડિયા પરિવાર
૧૧. માવજી ધારશી ફુરિયા પરિવાર
૧૨. રતનબાઈ જેઠાભાઈ પોલડિયા
૧૩. શ્રી રામજીભાઈ તેજશી ગાલા તથા લાખણીબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ (નવનીત)
૧૪. શ્રી રવિલાલભાઈ ઠાકરશી સંગોઈ
૧૫. શ્રી રસિકલાલભાઈ નાનજી શાહ (શાહ એન્જિનિયરિંગ)
૧૬. શ્રી વલ્લભજીભાઈ ખેતશી જાદવજી ગાલા પરિવાર
૧૭. મે. વિજય ટ્રાન્સપોર્ટ પ્રા.લિ. (હા. શ્રી મહેન્દ્રભાઈ)

*જે દાતાશ્રીઓએ ૧૦ કે તેથી વધૂ ભેટ કૂપનો લીધેલ હતી તેમની યાદી નીચે મુજબ છે.*

૧. શ્રી ખેતશી ખીમજી નાગડા પરિવાર (ગોધરા)
૨. શ્રી ગિરીશભાઈ પી. ગાલા ચેરિટેબલ ટ્રસ્ટ (નવી નાર)
૩. શ્રી ગુર્જર સાહિત્ય ભવન (ફતેહગઢ)
૪. શ્રી છગનભાઈ પ્રેમચંદ શાહ પરિવાર (અંજાર)
૫. શ્રી જેઠાભાઈ ડુંગરશી લોડાયા (જખૌ)
૬. શ્રી ઝવેરચંદભાઈ જેઠાલાલ સાવલા (ભીંસરા)
૭. શ્રી ટોકરશીભાઈ આણંદજી લાલકા (લાલા)
૮. શ્રી ધનસુખલાલ વીરજી ચેરિટેબલ ટ્રસ્ટ (મુંદ્રા)
૯. શ્રીમતી નિર્મલાબહેન ઉમરશી લધાભાઈ ગંગર (નાગલપુર)
૧૦. શ્રી ભવાનજીભાઈ રામજી દેઢિયા (ગજોડા)
૧૧. શ્રી ભાઈલાલ મેઘજી છેડા (ગોધરા)
૧૨. શ્રી ભાણજીભાઈ પુનશી ગાલા ચેરિટેબલ ટ્રસ્ટ (દેવપુર)
૧૩. માતુશ્રી મકાબહેન ભીંયશી છેડા ચેરિટેબલ ટ્રસ્ટ (પુનડી)
૧૪. સંઘવી શ્રી મુરજીભાઈ ચાંપશી સાવલા પરિવાર (તુંબડી)
૧૫. શ્રી લખમશીભાઈ ઘેલાભાઈ સાવલા પરિવાર (નવા વાસ)
૧૬. શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી દેવજી મોતા (લાખણિયા)
૧૭. શ્રી વલ્લભજીભાઈ ભાણજી ગડા ચેરી. ટ્રસ્ટ (બાડા)
૧૮. શ્રી વેલજીભાઈ વરસંગ સૈયા (લાયજા)
૧૯. માતુશ્રી હાંસબાઈ હીરજી ગાલા પરિવાર (મેરાઉ)
૨૦. શ્રી સુંદરજી હીરજીભાઈ કારાણી પરિવાર (ડુમરા)
૨૧. શ્રી સોમચંદભાઈ વેલજી લોડાયા (આરીખાણા)
૨૨. શ્રી હરખચંદભાઈ કુંવરજી સાવલા પરિવાર (તલવાણા)
૨૩. શ્રીમતી હાસબાઈ વેરશી લખમશી હરિયા (બાડા)
૨૪. શ્રી કેશવજીભાઈ વેલજી ગડા પરિવાર (ગઢશીશા)

તે ઉપરાંત નાનાં મોટાં ઘણાં દાનોની જાહેરાત દાતાશ્રીઓએ કરી હતી. ઉપરોક્ત બંને દિવસોના કાર્યક્રમો શાનદાર રીતે પૂર્ણ થયા હતા તેનો સઘળો યશ સંસ્થાના હોદ્દેદારો તથા ટ્રસ્ટ મંડળે નીમેલી નીચે મુજબની સમિતિઓને જાય છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક પરંપરા રહી છે કે દરેક કામમાં સમાજના સભ્યોને સહભાગી કરવા. તે પ્રમાણે આ સમારંભમાં પણ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. તેમાં નિમાયેલા સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા રાત દિવસ જોયા વગર તનતોડ મહેનત કરી હતી.

સૌપ્રથમ આમંત્રણ સમિતિએ ૪૦૦૦ વ્યક્તિઓનાં સરનામાં એકઠાં કર્યા હતાં. ત્યારબાદ આમંત્રણ પત્રિકા સુંદર રીતે છપાવીને સ્થાનિક તથા બહારગામ વસતા સભ્યોને સમયસર મોકલાવી આપી હતી.

સ્વાગત સમિતિએ આખી રાત રેલવે સ્ટેશન પર હાજર રહીને બહારગામથી પધારેલા અંદાજિત ૫૦૦ મહેમાનોનું ઉચિત સ્વાગત કરીને જરૂરી સ્વયંસેવકો સાથે નક્કી કર્યા મુજબના ઉતારા પર મોકલાવી આપવાની કામગીરી સારી રીતે બજાવેલ હતી.

ઉતારા વ્યવસ્થા સમિતિની કામગીરી અજોડ રહી હતી. આવનાર દરેક મહેમાનોનાં નામ સાથેની વિગત રેલવે સ્ટેશન ઉપર તૈયાર રાખવામાં આવી હતી. સમિતિ દ્વારા બધા જ મહેમાનોને જે તે સ્થળોએ સમયસર પહોંચાડવામાં આવ્યા હતા.

ટ્રાન્સપોર્ટ સમિતિએ બસ, મેટાડોર, ટેક્ષી વગેરેની પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા કરી હતી. બંને દિવસોએ મહેમાનોને આવવા જવા માટેની જરૂરી તમામ વ્યવસ્થા કરી હતી. સાથે સાથે તા. ૨૬-૧-૯૬ના મુંબઈ તરફ જતી ટ્રેનોમાં કંઈક અવરોધ ઊભો થયેલ હોવાના કારણે અમદાવાદથી વડોદરા અથવા જરૂરત પડે તો મુંબઈ સુધી પહોંચાડવાની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે વિચારી લીધેલ હતી. આ બધી વ્યવસ્થા જોઈને બધા મહેમાનો સુખદ આશ્ચર્યમાં પડી ગયા હતા.

બે દિવસના કાર્યક્રમમાં પધારેલા મહેમાનોને અમદાવાદ શહેરમાં ગાંધી આશ્રમ, તપોવન તથા અડાલજની વાવ જોવા લઈ ગયા હતા. આ રીતે પર્યટન કમિટીની કામગીરી પણ ખૂબ જ સુંદર અને વ્યવસ્થિત જણાઈ હતી.

પ્રોગ્રામ સમિતિ દ્વારા બે દિવસના કાર્યક્રમનું ખૂબજ વ્યવસ્થિત રીતે આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને બહારગામથી પધારેલા મહેમાનોને ભરચક કાર્યક્રમ દરમ્યાન કોઈ જગ્યાએ કંટાળો ન આવે તે તરફ ખાસ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

મનોરંજન સમિતિ દ્વારા ગોઠવાયેલ કાર્યક્રમની સફળતાના કારણે રાતના ૧૨ વાગે પણ કલાકારો અને શ્રોતાગણ, પ્રોગ્રામ પૂરો થાય તેમ ઈચ્છતા જ ન હતા.

જમણવાર સમિતિએ બધા જ મહેમાનો અને સભ્યોને સમયસર ચા-નાસ્તો આપીને તેમજ સ્વાદિષ્ટ ભોજન જમાડીને કાર્યક્રમને ચાર

*શત્રુ નહીં પણ માનવનું મન જ તેને પથભ્રષ્ટ કરે છે.*

ચાંદ લગાડી દીધેલ હતા.

વોલન્ટીયર્સ સમિતિની કામગીરી પણ ઉચ્ચ પ્રકારની જણાઈ હતી. દરેક સ્થળે અને સમયે સતતપણે પોતાની ફરજો ઉત્સાહ સાથે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક બજાવી હતી. કોઈપણ કાર્યક્રમને માણ્યા વિના તેઓ દરેક સમયે ખડે પગે રહ્યા હતા.

શમિયાણા મંડપ સમિતિએ શ્રી કચ્છી જૈન ભવનમાં સુવિધાસભર મંડપ બંધાવેલ. સાથે સ્ટેજની વ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારની રહી હતી. જરૂરત મુજબ જમણવારની જગ્યાએ રાતોરાત સરસ શામિયાણો ઊભો કરી દીધેલ હતો.

સોવેનિયર સમિતિએ માહિતીપૂર્ણ સોવેનિયર છાપીને સમયસર પ્રસિદ્ધ કર્યું હતું. સોવેનિયરનાં લેખો તથા અંદરની માહિતી ઉચ્ચ પ્રકારનાં હતાં.

વસતિ પત્રક સમિતિની મહેનત માંગી લેતી કામગીરી યશસ્વી રીતે સમયસર પૂર્ણ કરી હતી. વસતિપત્રક સમિતિએ પોતાની કામગીરી પૂરી મહેનત અને ખંતથી સમયસર કરી હતી.

કૂપન ડ્રો સમિતિની કામગીરી અજોડ હતી. હોશિયારી પૂર્વક ડ્રો યોજના ઘડી કાઢી હતી અને સફળતાપૂર્વક પાર પાડેલ હતી.

અતિથિ વિશેષ આયોજન સમિતિની કાર્યવાહી ભગીરથ હતી. ભારતભરમાંથી નામાંકિત વ્યક્તિઓને આમંત્રિત કરી આપણી વચ્ચે લાવીને બેસાડ્યા. આના કારણે આપણા સમાજની શોભામાં અનેરો વધારો થયો હતો.

અને છેલ્લે ફંડ કલેક્શન સમિતિએ જે ધ્યેય સાથે આયોજન કર્યું હતું તે સફળતાપૂર્વક પૂર્ણ કરેલ. આ રીતે સમાજની દરેક સમિતિએ પોતાના ક્ષેત્રમાં યશસ્વી કામગીરી બજાવી હતી. સૌ સમિતિઓને અભિનંદન સાથે સલામ.

ઉપર મુજબની સમિતિઓના સૌ કાર્યકર્તાઓનું અભિવાદન કરવા સંસ્થાના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાના પ્રમુખપદે એક સ્નેહ મિલન સમારંભ તા. ૯-૨-૯૭ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં નાના મોટા ૨૧૦ સ્વયં સેવકોને એક પછી એક સ્ટેજ ઉપર બોલાવી, તેમને અભિનંદન આપી, એક સ્મૃતિચિહ્ન આપી તાળીઓના ગડગડાટ વચ્ચે અભિવાદન કરવામાં આવ્યું હતું. 'સંકલ્પ'ના ૬૦ જેટલા સ્વયંસેવકોને તેમના જમણવાર કાર્યક્રમ તથા મનોરંજન કાર્યક્રમની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવવા બદલ અભિનંદવામાં આવ્યા હતા.

ઉપરોક્ત સ્વયંસેવકો સિવાય કારોબારી કે ટ્રસ્ટ મંડળના જે કોઈ સભ્યોએ ખાસ કામગીરી બજાવી હતી તથા સંસ્થામાં વર્ષોથી ફરજ બજાવતા શ્રી અનુપચંદ કેશવજી નાગડાની તથા શ્રી લક્ષ્મીચંદ લાલજી ફુરિયાની કામગીરીને બિરદાવવામાં આવી હતી. વિવિધ કાર્યકર્તાઓનું અભિવાદન સંસ્થાના મે.ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, ઉપપ્રમુખ શ્રી મુરજી નરશી શાહ, માનદ્ મંત્રી શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, સહમંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, ખજાનચી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, ટ્રસ્ટી શ્રી માવજી ધારશી ફુરિયા તથા ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહના હસ્તે કરવામાં આવેલ.

*(ક્રમશઃ)*

# હૂંડી

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

ઇસવીસન ૧૯૯૭ની સાલના એક સોમવારની સવારનો સમય હતો. મારી સોમવારની ઓ.પી.ડી. (બહારના દર્દીઓને તપાસવાનો વિભાગ) હંમેશાં ખૂબ જ ભરચક હોય છે. સોમવારે હંમેશાં એટલું બધું કામ રહેતું કે એ દિવસે મને પોતાને દવાખાને જવું જરાય ગમતું નહીં! સવારથી જ માથાકૂટ ચાલતી હોય. જૂના દર્દીઓ પોતાના વારા માટે ઉતાવળ કરતા હોય, નવા દર્દીઓ અમને જલદી લઇ લો એવી આજીજી કરતા હોય, છોકરાં રોતાં કે મસ્તી કરતાં હોય, રસી મૂકાવવા આવેલાં માબાપ પોતાનાં સાજાં બાળકને કોઇનો ચેપ લાગી ન જાય તે માટે બધાથી દૂર ઊભાં રહેવાની મથામણમાં લાગેલાં હોય. આવાં વૈવિધ્યપૂર્ણ દૃશ્યોની હારમાળા સર્જાયેલી હોય. મારી પ્રેક્ટિસ કરવાની રીત પ્રમાણે હું એક એક દરદીને મારી ચેમ્બરમાં બોલાવવાને બદલે ૩ થી ૪ દર્દીઓને એકસાથે બોલાવી લઉં, પછી એક એક બાળકને જોઇને તપાસતાં તપાસતાં એની સાથે અન્ય બાળકોનાં માબાપને આરોગ્ય અંગેની વાત કરતો જાઉં. હેલ્થ એજ્યુકેશન આપવાનો રસ્તો મને હંમેશાં વધુ અસરકારક લાગ્યો છે. આ પ્રત્યક્ષ + પરોક્ષ હેલ્થ એજ્યુકેશનની ખૂબ જ સરસ અસર થાય છે તેવું મેં અનુભવ્યું છે. તે દિવસે પણ આવી જ ભીડ વચ્ચે હું એક દર્દીને એના દરદ અંગે સમજાવી રહ્યો હતો ત્યાં જ મારો માણસ અંદર આવ્યો.

'સાહેબ! મહુવા પાસેના સથરા ગામેથી એક ભાઇ આવ્યા છે. ચોથાભાઇ નામ છે. એનો છોકરો ખૂબ જ સિરિયસ છે. અંદર મોકલું?'

મેં હા પાડી. કોઇ પણ સિરિયસ દર્દી આવે તો તરત જ મને જાણ કરવી એ મારો કાયમી આદેશ હતો.

બે મિનિટ પછી ચારથી પાંચ જણા બાર વરસના એક છોકરાને ઉપાડીને - એમ કહીએ કે ટીંગાટોળી કરીને મારી ઓફિસમાં દાખલ થયા. આઠથી દસ જણ તો અંદર ઊભાં જ હતાં. એમાં વળી આ છ જણ ભળ્યાં એટલે મારી ઓફિસ ગુજરાત એસ.ટી.ની ભરચક બસ હોય તેવી લાગવા માંડી. મેં પ્રથમથી જ અંદર ઊભેલા બીજા દર્દીઓને થોડીક વાર બહાર જવાનું કહ્યું. પછી ચોથાભાઇ સામે જોયું. સાક્ષાત્ દરિદ્રનારાયણનો અવતાર જ લાગે. એના પહેરણ તેમજ ચોરણીમાં સાચું કપડું કયું હશે તે કહેવું પણ ખૂબ જ મુશ્કેલ બની જાય એવાં કપડાં. મેલોઘેલો પણ અત્યંત ભોળિયો દેખાતો એ ગામડાનો માણસ અત્યારે એકદમ વિષાદગ્રસ્ત ચહેરા સાથે ઊભો હતો.

'શું નામ છે છોકરાનું?' મેં પૂછ્યું.

'ભગવાન!' ચોથાભાઇએ ઉત્તર વાળ્યો.

'કેટલી ઉંમર થઇ છે?'

'બાર કે તેર વરહ હશે' એમને પાકું યાદ નહોતું.

'શું થયું છે? એને શું કામ લાવવો પડ્યો છે?'

'થોડા દિ'થી જાણે લાકડું બની ગ્યો હોય એમ પડ્યો રહે છે. બોલાવીએ તોય જવાબ દેતો નથી.'

'આમેય ભગવાન વળી ક્યાં કોઇ દિ' જવાબ દે જ છે?' હાસ્ય નિષ્પન્ન કરવા માટેનો મેં નિષ્ફળ પ્રયાસ કર્યો. પણ કોઇના ધ્યાનમાં મારો મર્મ આવ્યો નહીં. કદાચ સમય તેમજ સ્થળ એ માટે યોગ્ય નહોતાં. ત્યારબાદ મેં ગંભીરતાપૂર્વક બધી વિગતો લખી.

છોકરાનું નામ હતું ભગવાન ચોથાભાઇ. બારેક વરસની ઉંમર. છેલ્લાં એકાદ બે વરસથી એને ચાલવામાં તકલીફ પડતી હતી. હાથમાં પકડેલી વસ્તુઓ પડી જતી. ક્યારેક તો એ અચાનક જ એટલી બધી ઝડપથી ચાલવા માંડતો હતો કે પછી એનો કાબૂ જ નહોતો રહેતો. એવે વખતે ઘણી વાર એ પડી પણ જતો. અમુક વખત એ દીવાલો સાથે કે વસ્તુઓ સાથે અથડાઇ પણ જતો. હમણાં કેટલાક દિવસથી તો એને બોલવામાં પણ મુશ્કેલી પડતી હતી. એના મોઢામાંથી નીકળતા શબ્દો પણ અસ્પષ્ટ થઇ ગયા હતા. સાવ ગોગા વાળતો હોય તેવું જ લાગે. આઠેક દિવસથી તો ભગવાન સાવ લાકડા જેવો બની ગયો હતો. એના હાથપગ સીસામાંથી બનાવ્યા હોય તેવા અક્કડ થઇ ગયા હતા. એ બોલવા જાય તો મોંમાંથી શબ્દો નીકળવાને બદલે એનું શરીર ખેંચાતું હોય એમ અક્કડ થઇ જતું. ટૂંકમાં જો કહીએ તો એ શ્વાસ લેતું અને અસ્પષ્ટ અવાજો કરતું લાકડું જ બની ગયો હતો.

મેં એને તપાસ્યો. ઉપર જણાવેલાં લક્ષણો ઉપરાંત એને આંખોની કીકીઓના કાળા ભાગની ફરતે એક આછા કથ્થાઇ રંગનું ચક્ર દેખાયું. બસ! આ એક જ લક્ષણ એનું નિદાન કરવા માટે પૂરતું હતું. ભગવાનને વિલ્સન ડિસીસ (Wilson Disease) નામનો એક રોગ હતો. આ રોગમાં મગજના એક ભાગમાં તેમજ લીવર (યકૃત)માં તાંબું જમા થતું જાય છે. જેમ જેમ તાંબાનું પ્રમાણ વધે તેમ તેમ આ બંને અંગોનું કામ બગડતું જાય. જેના મગજમાં તાંબું જમા થાય તેવાં બાળકોમાં ઉપર જે લક્ષણો જોયાં તે પ્રમાણેની પરિસ્થિતિ ઊભી થાય. ધીમે ધીમે આવાં બાળકો લાકડાં જેવાં બની જાય અને મૃત્યુને ભેટે. જેને લીવરમાં તાંબું જમા થાય તેને લીવર નકામું થઇ જવાથી મોતને ભેટવું પડે. આના ઉપાય તરીકે ડી-પેનિસિલામાઇન નામની દવા આપવી પડે છે. આ દવા શરીરમાં જમા થઇ ગયેલા તાંબાને પેશાબ વાટે બહાર કાઢી નાખી શરીરના કોષોનું કામ પૂર્વવત કરી આપે છે.

*સંતાનને ઉછેરવા પિતા જે સંઘર્ષ કરે છે તેની સામે બીજા સંઘર્ષો ક્ષુલ્લક બની જાય છે.*

પણ સૌથી મોટી તકલીફ આ દવાની કિંમત છે. અત્યંત મોંઘી અને મોટે ભાગે બ્લેક માર્કેટમાંથી મળતી આ દવા દર મહિને લગભગ બેથી ત્રણ હજાર જેટલા રૂપિયાની કિંમતની થાય છે. ચોથાભાઇ આ પહેલાં ભગવાનને અમદાવાદની મોટી હોસ્પિટલમાં લઇ ગયેલા, પરંતુ પૈસાના પ્રશ્નના લીધે દવાઓ નહોતી લઇ શક્યા. મને ખાતરી હતી કે આજે પણ આ જ પ્રશ્નનું પુનરાવર્તન થવાનું છે. અને આ બધું જાણવા છતાં દીકરા પ્રત્યેની લાગણીનો માર્યો એ માણસ એને ફરી ફરીને વિધવિધ દવાખાને લઇ જતો હતો. એવી આશામાં કે કદાચ કોઇ સસ્તી ચમત્કારિક દવા મળી આવે!

દરદ અંગે સમજાવ્યા પછી મેં દવાની ચિઠ્ઠી લખીને ચોથાભાઇના હાથમાં મૂકી.

'કેટલા રૂપિયાની થાહે?' મારી ધારણા પ્રમાણે જ ચોથાભાઇએ પૂછ્યું.

'દર મહિનાની દવા લગભગ બે હજાર રૂપિયાની.' મેં જવાબ આપ્યો.

'પછી ભગવાનને સારું થઇ જાહે?'

'હા! જો દવા કાયમી અને નિયમિત રીતે ચાલુ રાખવામાં આવે તો એ ખૂબ લાંબી જિંદગી જીવી શકે, અને એ પણ હાલતાંચાલતાં!' મેં કહ્યું.

'આવો લાકડા જેવો થઇ ગ્યો છે તોય હાલતો થાહે?' ચોથાભાઇના માન્યામાં નહોતું આવતું.

'નિયમિત દવાઓ કરો તો ચોક્કસ હા!' મેં કહ્યું. મારા અવાજમાં રહેલા વિશ્વાસના રણકાથી ચોથાભાઇને અસર થઇ હોય તેવું લાગ્યું. એટલે હવે તેમનું ધ્યાન ભગવાનના સારા થવાની ચિંતામાંથી દવાની કિંમત પર ગયું. એમણે હવે એ મુદ્દાઓ પર આવતાં પૂછ્યું, 'દવા કેટલો વખત કરવી જોહે?'

'આખી જિંદગી!'

'પણ સાયેબ, આટલી બધી મોંઘી દવા અમે ગરીબ માણહ કેમ કરીને કરશું? હું અને ભગવાનની બા મજૂરીએ જાઇ એના પચા પચા રૂપિયા બેય માણહને મળે. એમાં માંડ માંડ ઘરનું પૂરું થાય ને દવા તો આનાથી વધારે મોંઘી થાહેને?' ભગવાન સારો થઇ શકે એ વાતનો એમને થયેલો આનંદ ઓસરી જતો લાગ્યો. ચોથાભાઇના મોઢા પર હાથમાં આવી ગયેલો કપાયેલા પતંગનો દોરો આવી ગયા પછી ફરીથી છટકી જાય અને બાળકના મોં પર આવે તેવો વિષાદનો ભાવ આવી ગયો. હાથમાં આવી ગયેલો ભગવાન પાછો જાણે છટકી રહ્યો હતો.

'બીજાં કોઇ છોકરાં ખરાં? ઘરમાં તમે કુલ કેટલાં જણાં?' મેં સહેજ વાત બદલતાં પૂછ્યું.

'હા! ભગવાનથી મોટી દીકરી અને એનાથી નાનો એક દીકરો. બે માણહ અમે. કુલ પાંચ જણ.'

મારા આ છેલ્લા સવાલનું પ્રયોજન એમના કુટુંબની આર્થિક ભીંસનો બરાબર અંદાજ લગાવવાનું હતું. હવે મને એમની ચિંતા ખૂબ જ વાજબી લાગતી હતી. ચોથાભાઇ જો ભગવાનની દવા કરાવે તો આ પાંચ પેટનો ખાડો શી રીતે પૂરવો એ સવાલ ઊભો થતો હતો અને જો દવા ન કરાવે તો આ દીકરો હવે થોડા દિવસનો જ મહેમાન હતો...

'બોલો ચોથાભાઇ! હવે શું કરવું છે તે કહો. દીકરાને જીવાડવો છે? તો દવા કરવી પડશે અને એ પણ નિયમિત.' મેં પૂછ્યું.

'જીવાડવો તો છે સાયબ! પણ ટૂંકા પડશું એમ લાગે છે.' ચોથાભાઇની આંખોના ખૂણા ભીના થયા, 'હાલો તંઇ રામ રામ!' એટલું કહી, મને બે હાથ જોડી એણે પોતાની સાથેના માણસોને ઇશારો કર્યો કે ભગવાનને ફરીથી ટીંગાટોળી કરીને બહાર લઇ લો.

'ઊભા રહો!' મારાથી કહેવાઇ ગયું. 'ચોથાભાઇ! એક કામ કરીએ. દવા ખરીદી આપવાની જવાબદારી મારી ઉપર. એ આવીને લઇ જવાની જવાબદારી તમારી. તમારે કોઇએ દર ત્રણ મહિને મહુવાથી મને ફોન કરી દવા કેટલી પડી છે તે જણાવવાનું અને પછી હું કહું એ દિવસે આવીને દવા લઇ જવાની. પૈસાના વાંકે એક જિંદગી બચાવવા માટે કોઇ ટૂંકું પડે અને હું જોઇ રહું તો તો આપણી કાઠિયાવાડની ધરતી લાજે!' મને ત્યારે શું થઇ ગયું હતું એ ખબર નહીં, પણ એક વાત નક્કી હતી કે એ ક્ષણે મારું મગજ અને હૃદય બંને અંગો જુદાં નહોતાં રહ્યાં, બંને જાણે એક થઇ ગયાં હતાં.

ચોથાભાઇને ખૂબ જ આનંદ થયો હશે એ સમજી શકાય તેવી વાત છે. પણ તોય ગામડાના એ ભોળા માણસે વિવેક કર્યો કે, 'ના સાયબ! આટલું મોટું ઋણ અમે ગરીબ કે' દાડે ચૂકવશું? એમ કરો, તમે અમને એક મહિનાની દવા લઇ દ્યો, પછી અમે કંઇક કરશું.

પણ એ 'કંઇક' કંઇ જ નહોતું એ હું બરાબર જાણતો હતો. એને છ હજાર રૂપિયાની દવાઓ અને વળતા જવાનું બસનું ટિકિટભાડું આપીને મેં વિદાય કર્યા. મારી ચેમ્બરમાં થોડીક ક્ષણો શાંતિ છવાઇ ગઇ.

ત્યારબાદ દર બે કે ત્રણ મહિને ચોથાભાઇનો ફોન આવે. દવા ક્યારે ખૂટે તેમ છે તેની મને જાણ કરે. એમણે જણાવેલા દિવસ પહેલાં હું દવા મગાવી રાખું. ચોથાભાઇ ટિકિટભાડા માટે ઉછીના પૈસા લઇને ભાવનગર આવે. એમને દવા સાથે બંને વખતનું ભાડું પણ હું આપી દઉં. એટલે એ પાછા પોતાના ગામે જઇ જેમની પાસેથી ઉછીના પૈસા લીધા હોય તેને આપી દે. આમ ભગવાનની દવા ચાલતી રહી. દવા મગાવી ભગવાનને આપવાના આ ખર્ચાળ કામમાં મારા મિત્રો શ્રી ગુણવંતભાઇ શાહ, શ્રી પ્રદીપભાઇ શાહ, પ્રદીપભાઇના સાળા શ્રી નલિનભાઇ દોશી, નીલમબહેન વ્યાસ વગેરેએ પણ ખૂબ જ મદદ કરી છે.

૧૯૯૮ના અંતમાં એક દિવસ ચોથાભાઇ આવ્યા. સાથે બાર-તેર વરસનો એક છોકરો હતો. મોઢા પર આનંદના ભાવ સાથે બોલ્યા, 'સાયેબ! આ ભગવાન! હવે એ હાલતો થઇ ગ્યો. તમે કીધું'તું એમ જ થ્યું! મારો ભગવાન હાલતો ચાલતો થઇ ગ્યો!' આટલું બોલતાં જ એમની આંખોમાંથી આંસુની સરવાણી વહી નીકળી.

'ભગવાન કેટલું ચાલી શકે છે?' મેં પૂછ્યું.

'અરે સાયેબ! તમે નહીં માનો! મારા ગામથી ઊંચા કોટડા સોળ કિલોમીટર થાય.

*મારા પિતા મને ક્યારેય કહેતા નથી કે માટે કેવી રીતે જીવવું, હું તેમને બસ અનુસરું છું.*

એટલું ભગવાને ચાલીને જાતરા કરી. હાલીને એ ચામુંડા માતાજીને પગે લાગી આવ્યો. (ઊંચા કોટડા મહુવાની નજીક આવેલ દરિયાકિનારાનું યાત્રાસ્થાન છે. અને ચામુંડા માતાજીનું એ પ્રાગટ્યસ્થાન મનાય છે.) થાક્યોય નહીં. બસ બાપા! તમે મારા ભગવાનનું બવ ધ્યાન રાખ્યું સે. ભગવાન તમારું ધ્યાન રાખશે.' ચોથાભાઇ બંને હાથ જોડીને મને આશીર્વાદ આપતા હતા. ભગવાનની આંખોમાંથી પણ આંસુ ટપકતાં હતાં.

'કાં ચોથાભાઇ! ભગવાને જવાબ દીધો ને?' મેં શ્લેષ કર્યો.

'દીધો હોં સાયેબ!' જે અર્થ સમજ્યા હોય તે ખરા, પણ ચોથાભાઇએ પણ એવો જ જવાબ દીધો.

તે દિવસ અમારા સૌ માટે ખૂબ જ ખુશીનો દિવસ હતો. સાવ લાકડું થઇ ગયેલો ભગવાન ચાલતો થઇ ગયો હતો. એ લોકોને ૩ મહિનાની દવા અને ટિકિટભાડું લઇ આપી મેં વિદાય કર્યા. ભગવાન સારો થયાનો આનંદ ક્યાંય સુધી મારા મનમાં ઘૂંટાયા કર્યો.

એકાદ મહિના પછી બપોરના બે વાગ્યે મારા માણસે મને ખબર આપ્યા કે ચોથાભાઇ આવ્યા છે અને ક્યારના આવ્યા હોવા છતાં હમણાં નહીં, હમણાં નહીં એમ જ કહ્યા કરે છે. બધા દર્દી પૂરા થઇ જવાની વાટ જુએ છે.

મને ખૂબ જ નવાઇ લાગી. હજુ તો ગયા મહિને જ મેં એમને ૩ મહિનાની દવા લઇ આપી હતી. એટલે દવાઓ ખૂટવાનો તો સવાલ જ નહોતો. ભગવાનને પણ સારું હતું. તો પછી વહેલા આવવાનું કારણ શું હશે? કદાચ ભગવાનના રોગે અમે ન ધાર્યો હોય તેવો વળાંક લીધો હશે? એમના બીજા બાળકને પણ આવાં કોઇ લક્ષણો દેખાયાં હશે? અનેક વિચારો મારા મગજમાં ઘૂમરાઇ રહ્યા. ખેર! જે હોય તે! ચોથાભાઇ અંદર આવે પછી વાત એમ વિચારી મેં જે બેચાર દર્દી બાકી હતા એમને તપાસી લીધા. પછી ચોથાભાઇને અંદર બોલાવ્યા. એમના ચહેરા પર મૂંઝવણ બિલકુલ સ્પષ્ટ દેખાતી હતી. મેં એમને ખુરશી પર બેસવા ઇશારો કર્યો. પછી હકીકત શું હતી તે પૂછ્યું. પણ ચોથાભાઇએ કંઇ પણ જવાબ આપવાની બદલે મારા માણસ સામે વારંવાર જોયા કર્યું. હું સમજી ગયો. મારા માણસને મેં બહાર જવાનો ઇશારો કર્યો. એની હાજરીમાં ચોથાભાઇ કંઇ બોલવા નહોતા માગતા એવું મને લાગ્યું. મારો માણસ બહાર ગયો કે તરત ચોથાભાઇ મારી નજીક આવી નીચે બેસી ગયા. એમણે પોતાના કેડિયા નીચે પહેરેલ બંડીમાંથી લાલ અને ભૂખરા એમ મિશ્ર રંગનું એક લેડીઝ પર્સ કાઢીને મારા ટેબલ પર મૂક્યું.

'આ શું છે ચોથાભાઇ?' મેં આશ્ચર્ય સાથે પૂછ્યું.

'કોક બેન-દીકરીનું પાકીટ છે!' ચોથાભાઇએ ભોળાભાવે જવાબ આપ્યો.

'એ તો મને પણ દેખાય છે! પણ તેનું શું? અને એ પર્સ અહીંયાં મૂકવાનું કારણ શું?' મને હજુ કંઇ ગતાગમ પડતી નહોતી.

'વાત એમ છે સાયેબ!' ચોથાભાઇએ માંડીને વાત શરૂ કરી, 'હું ત્રણ દિ' પહેલાં વેવારિક કામે મહુવાથી સાવરકુંડલા જતો'તો. બસમાં હંધાયથી છેલ્લો હું ઊતર્યો. તે ઊતરતાં ઊતરતાં મારું ધ્યાન આગળની સીટ પર ગ્યું. સીટ પર આ પાકીટ પડ્યું હતું. કોક બેન-દીકરી ઇ ભૂલીને ઊતરી ગઇ હશે. કંડક્ટર-ડ્રાઇવર પણ ઊતરી ગયેલા. બસમાં કોઇ ન મળે. એટલે ઇ મેં લઇ લીધું. હેઠે ઊતરીને હું ઘણી વાર લગણ ઊભો રહ્યો કે જો કોઇ બેન-દીકરી ગોતતી આવે તો આપી દઉં. બસ ડેપોમાં વઇ ગઇ. બસટેંડ ખાલી થઇ ગ્યું, પણ કોઇ નો આવ્યું. પછી મને થ્યું કે પોલીસ સ્ટેશનમાં આપી આવું. પણ ગ્યે મહિને અમારા ગામના એક ભાઇ આવું જડેલું પાકીટ પોલીસને આપવા ગ્યા'તા તો પોલીસવાળાએ એને જ માર્યા હતા. ઉપરથી કીધું કે તમે જ ચોર્યું હશે. સાયેબ! અમે કેવાયીં ગરીબ માણહ, એટલે પોલીસવાળા અમને જ દબડાવે, બે ધોલેય મારી લ્યે અને એમ જ કહે કે તમે જ ચોર્યું હશે પણ હવે બીક લાગી એટલે રાજા હરિચંદના અવતાર થાવા હાલી નીહર્યા સો!' આટલું બોલીને ચોથાભાઇ ઘડીક અટક્યા.

આમ તો ચોથાભાઇનો મેલોઘેલો દેખાવ, ઢગલો એક થીંગડાં દીધેલો પહેરવેશ અને આપણા પોલીસખાતા અંગે સાંભળેલી વાતો પરથી એમ માનવાનું મન થઇ જ આવે કે ચોથાભાઇ સાવ ખોટા તો નથી જ! માળું આવું બની પણ શકે!

આગળ બોલતાં ચોથાભાઇએ કહ્યું, 'હું ને મારી ઘરવાળી આ ત્રણ્ય રાત્યથી ઉજાગરા કરીએ છીએ. અમારો બેયનો જીવ બવ મૂંઝાય સે કે આ પાકીટનું હવે શું કરવું? મનમાં ઘણુંય થાય છે કે અડ્યો જ નો હોત તો સારું થાત. પણ હવે શું? છેલ્લે એમ થ્યું કે સાયબની સલાહ થાહે એમ કરવું. એટલે આંય આવી ગ્યો.'

'આમાં કેટલા પૈસા છે એ ગણ્યા છે ચોથાભાઇ?' મેં પૂછ્યું.

'ઈ ખબર્ય નથી. ખોટું કવ તો માતાજી પોગે, મેં ખાલી થોડુંક ખોલીને જોઇ લીધું હતું કે અંદર પૈસા સે. પણ બારા કાઢીને ગણ્યા નથી.'

'તો સૌથી પહેલાં આપણે પાંચ માણસને ઊભા રાખીને એમની હાજરીમાં પાકીટના પૈસા ગણી લઇએ. જો મોટી રકમ હોય તો આગળ શું કરવું તે વિચારીએ.' મેં કહ્યું.

મેં મારા માણસને અંદર બોલાવ્યો. બીજા ત્રણચાર જણને પણ અંદર બોલાવ્યા. પછી બધાની હાજરીમાં પાકીટ ખોલ્યું. પૈસા ગણ્યા તો પૂરા ત્રણ હજાર અને છસો રૂપિયા થયા. ૩૬૦૦ રૂપિયા એટલે ચોથાભાઇની ૩ મહિનાની મજૂરી, એના ભગવાનની દોઢ મહિનાની દવા! આટલી મોટી રકમ એમણે છેલ્લે ક્યારે એકસાથે જોઇ હશે તે એમને પણ યાદ નહીં હોય છતાં નવાઇ તો એ વાતની લાગતી હતી કે એ માણસે એ પાકીટ ખોલીને જોયું પણ નહોતું.

'ચોથાભાઇ! તમે જ આ પૈસા રાખી લો ને! બીજી કંઇ માથાકૂટ કરવી નહીં.' મેં અમસ્તા જ કહ્યું. પણ જાણે કોઇએ સળગતી સિગારેટ ગાલે અડકાડી દીધી હોય તેમ ચમકીને

*જેની આશા આપણે રાખી હોય તેના કરતાં જેની બીક રાખી હોય તે બનાવ જલદી બને છે.*

ચોથાભાઇ ટટ્ટાર થઇ ગયા.

'જરાય નઈ સાયેબ! ઈ તો અણહક્કનો પૈસો કેવાય. જો મારે જ લેવા હોત તો દેવા શું કામ આવત? અને હું જો ઈ પૈસા રાખું તો મારો રામ રૂઠે.' ચોથાભાઇ કોઇ ગજબ ખુમારીથી પણ સાવ સહજતાથી બોલ્યા.

ત્યાં હાજર રહેલા અમે સૌ સડક થઇ ગયા. પેટનો ખાડો પૂરવા જે માણસ પાઇ પાઇ માટે રાતદિવસ કાળી મજૂરી કરતો હતો એ માણસ નૈતિકતાના કેટલા બધા ઊંચા શિખર પર બેઠેલો હતો! આપણા દેશમાં કહેવાતા મોટા માણસો લાખો રૂપિયા ઘરમાં અને બેંકમાં જમા હોવા છતાં નિવૃત્ત વડીલો, વિધવા બહેનો, ગરીબો અરે નાનકડાં બાળકોના ભોજનના પૈસા પણ નથી છોડતા. થોડાક લાખ રૂપિયામાં આપણા નેતાઓ દેશને નુકસાન કરતા સોદાઓ પણ કરી નાખે છે. એવા અમીરો, કહેવાતા મોટા માણસો તેમજ ભ્રષ્ટ રાજકારણીઓની સરખામણીમાં મને ચોથાભાઈ વધારે અમીર દેખાતા હતા. ભલે, આર્થિક રીતે એ ગરીબાઈની રેખા નીચે જીવતા હોય પણ ઉપર જણાવેલ માણસોની સરખામણીમાં નૈતિકતાની સૌથી ઊંચી રેખાની ઉપર બિરાજમાન હતા. અમે સૌ ચોથાભાઇની મહાનતાનું આંખોથી જ અભિવાદન કરી રહ્યા હતા. પણ એ માણસ તો સાવ નિર્લેપભાવે મારી સામે જોઇ રહ્યો અને હું એને આ પાકીટની પળોજણમાંથી ક્યારે છોડાવું એની રાહમાં હતો.

'એક કામ કરીએ. 'સૌરાષ્ટ્ર સમાચાર' (ભાવનગરથી બહાર પડતું વર્તમાનપત્ર)માં આ પાકીટ પહોંચાડીએ. એ લોકો જાહેર ખબર આપે અને જેનું હશે એ ખાતરી આપીને લઇ જશે.' મેં રસ્તો બતાવ્યો. બધાએ એ માન્ય રાખ્યો. મેં 'સૌરાષ્ટ્ર સમાચાર'માં ફોન કરી એના સંપાદક શ્રી ઉમેશભાઇ સાથે વાત કરીને બધી વિગત સમજાવી. એમણે કોઇ માણસ સાથે પાકીટ પ્રેસ પર પહોંચાડવાનું કહ્યું. હું મારા માણસના હાથમાં પર્સ મૂકીને એને મોકલવાની તૈયારીમાં જ હતો ત્યાં જ ચોથાભાઇ ઊભા થયા.

'ઊભા રો સાયેબ!' ઊભા થતાં એ બોલ્યા. મને નવાઇ લાગી. શું એમનો વિચાર ફર્યો હશે? એવું લાગતું તો નહોતું. તો પછી? હું વધારે વિચારો કરું તે પહેલાં જ પોતાના પહેરણના ખિસ્સામાંથી એમણે થોડાંક મેલાં કાગળિયાં કાઢ્યાં. એ બધા કાગળ ફંફોસીને એની વચમાં રહેલી છેલ્લી પાંચ રૂપિયાની નોટ એણે શોધી કાઢી. પછી મને આપીને કહે કે, 'લ્યો સાયેબ! આ પાંચ રૂપિયા ઈ પાકીટમાં મેલી ઘો. પછી મોકલો!'

'કેમ ચોથાભાઇ! આ પાંચ રૂપિયા વળી શેના? એમાંથી કાઢ્યા હતા?'

'ના સાયેબ!'

'તો પછી એ તમારે આ પાકીટમાં શું કામ મૂકવા છે?' મને આશ્ચર્ય થતું હતું.

'ઈ પાકીટ કોક બેનદીકરીનું છે,' ચોથાભાઇએ ફોડ પાડતાં કહ્યું, 'એટલે એમાં ઉમેરણ કરીને (ઉપરથી થોડુંક ભેળવીને) આપવું પડે. બેનુંને એમ ને એમ પાછું નો અપાય. લ્યો, મારી ઘરવાળી અને મારા તરફથી આ પાંચ રૂપિયા એમાં નાખી ઘો!'

જે માણસને ઘેર પાછા જવા માટેનું ટિકિટભાડું પણ મારે આપવાનું હતું એ માણસ, સવારનો ભૂખ્યો ને તરસ્યો એ માણસ, હવે ખિસ્સામાં કંઇ પણ વધતું નથી તેની ખાતરી હોવા છતાં પણ એ માણસ પોતાના છેલ્લા પાંચ રૂપિયા પણ બહેનદીકરી પ્રત્યેના ધર્મનું પાલન કરવા માટે આપી દેતો હતો. હું થોડીક ક્ષણો માટે લાગણીશીલ બની ગયો. મારું હૈયું ભીનું થઇ ગયું. આવી ઉમદા લાગણીનો અનાદર કરવો મને યોગ્ય ન લાગ્યું. મેં ચૂપચાપ એ પાંચ રૂપિયા લઇને પાકીટમાં મૂકી દીધા. મારો માણસ એ પાકીટ 'સૌરાષ્ટ્ર સમાચાર' દૈનિકમાં આપી આવ્યો. મેં ચોથાભાઇને ચા-નાસ્તો તેમજ પાછા જવાના ટિકિટના પૈસા આપી વિદાય કર્યા. સાથોસાથ એમની નૈતિકતાને તેમજ રોજિંદા જીવનધર્મ પ્રત્યેની ઊંચી નિષ્ઠાને વંદન પણ કરી લીધાં. મનમાં થયું કે એક સામાન્ય - એવરેજ ભારતીય નાગરિક આટલો મહાન છે એટલે જ કદાચ આ દેશ ટકી રહ્યો હશે!

'સૌરાષ્ટ્ર સમાચાર' દૈનિકમાં પાછળના મુખ્ય પાને આ પાકીટ જેનું ખોવાયું હોય તે આવીને લઇ જાય તે મતલબની જાહેરખબર પ્રસિદ્ધ કરવામાં આવી. લગભગ છ મહિનાથી વધારે સમય પસાર થઇ ગયો. કોઇ લેવા ન આવ્યું. એક દિવસ શ્રી ઉમેશભાઇનો ફોન ત્યાંથી આવ્યો કે ...સાહેબ, પેલું પર્સ હવે તમને મોકલી આપું છું. તમે યોગ્ય લાગે તે કરજો અથવા કોઇ ગરીબ દર્દીને દવા વગેરે લઇ આપજો...

અર્ધા કલાક પછી તેમનો માણસ પેલું ૩૬૦૫/- ભરેલું પાકીટ મને પાછું આપી ગયો.

આ ઘટનાને પાંચેક મહિના વીતી ગયા. વચ્ચે બે વખત ચોથાભાઇ આવીને ભગવાનની દવા લઇ ગયા. પણ ન તો એ મને પાકીટ અંગે કંઇ પૂછતા કે ન તો મને એ વિશે કંઇ પણ યાદ આવતું. એક દિવસ અચાનક બપોરે જ એ આવી ગયા. મોટા ભાગે ક્યારેય મને ફોન કર્યા વિના એ ન આવતા. મને ખૂબ નવાઇ લાગી. આ વખતે પણ એ બધા જ દર્દી પૂરા થવાની વાટ જોઇને બહાર બેઠા. મેં એકાદ બે વખત મારા માણસને એમને મોકલવાનું કહ્યું પણ એ ન જ આવ્યા. લગભગ બપોરે અઢી વાગ્યે બધા દર્દી તપાસાઇ રહ્યા પછી એ અંદર આવ્યાં. મને હાથ જોડીને રામ-રામ કરીને પછી નીચે બેસી ગયા. (આગ્રહ કરવા છતાં એ કદી ખુરશી પર ન બેસતા.) એમના મોઢા પર ચિંતાની રેખાઓ અંકિત થયેલી હતી. મારી સાથે કઇ રીતે વાત કરવી એની અવઢવ પણ સ્પષ્ટ દેખાતી હતી. એટલે મેં જ વાત શરૂ કરી :

'કેમ ચોથાભાઇ? શું કામ આવવું પડ્યું? ભગવાનને કંઇ તકલીફ?'

'ના સાયેબ! ભગવાન તો મજામાં છે. પણ...' એ ખચકાયા.

'પણ શું? કંઇ જરૂર છે?' મેં સીધો જ સવાલ કર્યો.

'હા સાયેબ! મોટી દીકરીનું વેહવાળ (વેવિશાળ) નક્કી કરવા પરમ દિ' મેમાન આવવાના છે. પાંચ હજાર રૂપિયાની જરૂર છે. ઘરમાં એક ફદિયુંય નથી. જો અમે સામેવાળાને બરોબર નો સાચવીએ તો દીકરીનું વેહવાળ

*જન્મ અને મરણનો કોઈ ઈલાજ નથી, સિવાય કે વચલા ગાળાને ખૂબ માણી લેવો.*

ન થાય. બીજી કોઇ ફર્ય કે વેંત હમણાં થાય તેમ નથી એટલે તમારી પાંહે આવ્યો છું.' એ નીચું જોઈને બોલતા હતા, પણ એમના અવાજમાં રહેલી ભીનાશ એક બાપના લાગણીભીના હૃદયની આરપાર નીકળીને મારી સુધી પહોંચી શકતી હતી.

મને નવાઇ એક વાતની લાગતી હતી. આ માણસ માટે એના દરેક પ્રશ્નના હલ માટે કેન્દ્રબિંદુ હું જ બની ગયો હતો. પ્રશ્ન ગમે તે હોય, ચોથાભાઇ એના ઉકેલ માટે મારી પાસે જ આવતા હતા. પણ આજ સુધી સામેથી એણે ક્યારેય પૈસા માગ્યા નહોતા. આ પહેલી વખત એમણે પૈસા માગ્યા અને તે પણ પાંચ હજાર રૂપિયા જેવી મોટી રકમ! અચાનક મને મારા ટેબલના ખાનામાં પડેલું પેલું પર્સ યાદ આવી ગયું. એમાં ૩,૬૦૫/- રૂપિયા તો હતા જ. મારે બહુ ઓછા ઉમેરવા પડે તેમ હતું. મેં મારા ખાનામાંથી પર્સ કાઢીને ચોથાભાઇના હાથમાં મૂક્યું. એમના ચહેરા પર આવી ગયેલ ખચકાટ જોઇને મેં કહ્યું, 'જુઓ ચોથાભાઇ! આ પૈસા ભગવાને તમારા માટે જ મોકલેલ છે. જો એવું ન હોત તો આખી બસમાં આ પાકીટ તમને કેમ જડ્યું? વળી છાપામાં જાહેરખબર આપવા છતાં આટલા બધા મહિના પછી પણ કેમ કોઇ એ ન લઇ ગયું? એનો અર્થ એમ જ થાય કે તમારી જરૂરિયાતના વખતે તમને કામ લાગે એટલે જ ઇશ્વરે આ પૈસા તમારા માટે મોકલ્યા હશે.'

આ વખતે મારો તર્ક વજૂદવાળો લાગ્યો હશે. એ પર્સ લઇને ગયા. હું પણ એક જવાબદારીમાંથી મુક્ત થયાનો અને ચોથાભાઇનું કામ થઇ ગયાનો આનંદ અનુભવી રહ્યો હતો.

બીજા દિવસે રાત્રે ૮.૩૦ વાગ્યે મારા માણસે ખબર આપ્યા કે ચોથાભાઇ આવ્યા છે ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું, કારણ કે સાંજના છ પછી એમને પોતાના ગામ પાછા જવા માટેની બસ મળતી નહોતી. એમનું કોઇ સગુંવહાલું પણ ભાવનગરમાં રહેતું નહોતું. તો અત્યારે તેમના આગમનનું કારણ શું હશે. કદાચ વધારે પૈસાની જરૂર પડી હોય તેવું પણ બની શકે. રાત્રે સાડા દસ વાગ્યે બધા જ દર્દી પૂરા થયા પછી અંદર આવીને એ પોતાની આદત પ્રમાણે નીચે બેસી ગયા.

'કેમ ચોથાભાઇ? ધક્કો ખાધો?'

ચોથાભાઇ કંઇ પણ બોલી ન શક્યા. એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મૂંગા મૂંગા જ એમણે ખિસ્સામાંથી પેલું પર્સ કાઢીને મારા ટેબલ પર મૂક્યું. પછી આંસુને પી જઇને શબ્દો માટે માર્ગ કરવા મથતા હોય તેવું લાગ્યું.

'શું થયું દીકરીના વેવિશાળનું? મહેમાન આવી ગયા? પ્રસંગ તો હજુ પરમ દિવસે છે ને?' ચોથાભાઇના બોલવાનો માર્ગ ખુલ્લો કરવા માટે મેં થોડાક સવાલો રજૂ કર્યા.

'હા સાયેબ! પરસંગ તો પરમ દિવસે છે. મેમાન તો હજુ કાલ્ય આવવાના છે.'

'તો આજે તમે કેમ પાછા આવ્યા? અને આ પાકીટ કેમ પાછું લાવ્યા?'

'સાયેબ!', ચોથાભાઇ બોલ્યા, 'કાલ્ય હું આ પાકીટ લઇને ઘરે ગ્યો અને મારી ઘરવાળીને બધી વાત કરી તો એણે તો મને ઘઘલાવી જ નાખ્યો. ઈ તો રોવા જ બેઠી. મને ક્યે કે... ફટ છે તમને! કાંઇ નહીંને બેનદીકરીનું લઇ આવ્યા? તમારો હાથ કેમ ઊપડ્યો ઈ લેતાં? અરે મારી દીકરીનું વેહવાળ નો થાય તો કાંઇ નહીં. પણ બેન-દીકરીના પૈસા મારા ઘરમાં તો નો જ જોઇ. તમે અટાણે જ જાવ, અને સાયેબને આ પાકીટ પાછું આપી આવો... ઈ તો રોતી જાય અને મને સંભળાવતી જાય. ઈ તો મને કાલ્ય રાત્યે જ મોકલતી'તી પણ રાત્યે બાર વાગ્યા સુધી હું પાદર ઊભો'ર્યો તોય કોઇ વાહન નો મળ્યું. આજ સવારની એક મજૂરીનો વદાડ થઇ ગયો હતો એટલે જાવું પડ્યું. મજૂરીએથી આવ્યો કે ચા પણ પાયા વગર મને મારી ઘરવાળીએ ધકેલ્યો છે. સાયેબ! તમનેય એવું લાગતું હોય કે મેં ખોટું કર્યું છે તો બાપા! બે હાથ જોડીને માફી માગું છું!' એમની આંખમાંથી પસ્તાવાનાં આંસુ ટપકી રહ્યાં હતાં અને અવાજમાંથી કંઇક ખોટું કરી નાખ્યાની વેદના ટપકતી હતી.

હું સ્તબ્ધ થઇ ગયો. આજ સુધી હું ચોથાભાઇને જ મહાન ગણતો હતો. પણ એમની પત્ની કે જેને મેં કદી જોઇ નહોતી એ સ્ત્રી તો એમનાથી પણ એક મુઠ્ઠી ઊંચી નીકળી. રોજેરોજ દુઃખોનાં દળણાં દળતી એ બાઇને અણહક્ક અને હક્કનું કેટલું સહજ જ્ઞાન હતું? પોતાના નસીબે આપેલી વસ્તુ જ પોતાની એની આટલી ઊંચી સમજણ? મારી જગ્યાએ કોઇ પણ હોય તો પણ એનું માથું નમી જ જાય. મહેલો અને આલીશાન આવાસોમાંથી અસ્ત થઇ રહેલી ઇમાનદારી, નૈતિકતા અને સંસ્કૃતિ, આપણા દેશનાં આવાં અંતરિયાળ ગામડાંઓનાં ઝૂંપડાંઓમાં અકબંધ સચવાયેલી દેખાઇ.

મેં પાકીટ પાછું લઇ લીધું. એ વગર એ માણસ પાછો જાય તેમ પણ નહોતો. એને રાત્રે જમાડીને અમારી હોસ્પિટલમાં જ સૂવડાવી દીધો. સવારે પૈસાની વ્યવસ્થા કરીને રવાના કર્યો.

ચાર દિવસ પછી આવીને ચોથાભાઇએ મને કહ્યું કે, 'સાયેબ! હવે પૈસાની જરૂર નથી. હું આંયાં પાકીટ પાછું આપવા નહોતો આવ્યો? એ જ દિવસે અમારા ગામના એક શેઠ અટાણે મુંબઇ રહે છે ઈ આવ્યા'તા. મેં એમના ખેતરમાં બવ કામ કર્યું છે. હું તો ઘરે નહોતો. મારી દીકરીનું વેહવાળ સે એવી ખબર્ય પડી એટલે પાંચ હજાર રૂપિયા રોકડા સમ દઇને મારા ઘરે આપતા ગ્યા છે. ઈ રૂપિયા પાછા નથી આપવાના એવું કે'તા ગ્યા છે. મારી દીકરીનું વેહવાળ પણ થઇ ગ્યું. હું તો શેઠને ન મળી શક્યો પણ કામ થઇ ગયું.'

ચોથાભાઇએ હંમેશ માફક હાથ જોડીને વિદાય લીધી. એમના અહીં આવવાના સમયે વરસોથી મુંબઇ રહેતા શેઠ ઘરે આવીને પૈસા આપી જાય એ વાત મને ઊંડાણ સુધી સ્પર્શી ગઇ. સત્ય તો કદાચ એ જ હતું કે નરસિંહ મહેતાની માફક શામળિયાએ ચોથાભાઇની હૂંડી પણ ભરપાઇ કરી આપી હતી. ચીંથરેહાલ એ મહાન માણસને સજળ આંખે હું જતો જોઇ રહ્યો.

(આજે પણ ચોથાભાઇ નિયમિત રીતે ભગવાનની દવા લઇ જાય છે. અને ભગવાન પણ સારો છે.)

***લેખકના પુસ્તક***
***'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર***

***સૌમ્યતા જેટલું શક્તિશાળી બીજું કશું નથી. સાચી શક્તિ જેટલું સૌમ્ય કશું નથી.***

# યાત્રા ધ્યાનસ્થ માનવીને ચેતનાથી ભરી દે છે

• પ્રા. પૃથ્વી શાહ •

માનવી પ્રવાસનું આયોજન કરે છે. રજાઓ લઇ અથવા વેકેશનમાં દેશનાં વિવિધ સ્થળ જોવા પ્રવાસન હેતુથી નીકળે છે. માનવી હિલ સ્ટેશને અથવા ધાર્મિક સ્થળે કે પોતાના ગામથી દૂર અજાણી પ્રસિધ્ધ જગ્યાએ જતો હોય છે. આવી જગ્યાએ તે સવારથી રાત સુધીના પ્રાકૃતિક રંગોને ઉત્સાહપૂર્વક નીરખે છે. સવારમાં ઊગતા સૂરજને-સૂરજના આગમનને પોતાના ગામ કરતાં અલગ નજરથી જુએ છે. રસ્તામાં પક્ષીઓના કલરવને સાંભળવા પણ ઊભો રહી જાય છે. પક્ષીઓના અવાજનો હૃદયથી આનંદ ઉઠાવે છે. ક્યાંક વહેતા પાણીના કલકલ અવાજને ધ્યાનથી સાંભળે છે. ક્યાંક તળાવ અને આસપાસ ઊગેલા વૃક્ષોના સૌંદર્યને જોઇ કુદરતમાં ખોવાઇ જાય છે. ક્યાંક વહેલી સવારે સમુદ્ર તટે પહોંચી જાય છે. ઊગતા સૂરજના સૌંદર્યને નિહાળવાનો લહાવો લે છે. સમુદ્રના પાણી પર વિખરાતા જતા રંગોને ચુપચાપ મૌન બની જોયા કરે છે. આમ સમુદ્ર સાથે તાદાત્મ્ય કેળવે છે. સાંજે સૂર્યાસ્તને જોવા મુકરર જગ્યાએ અગાઉથી બેસી રહે છે. ક્યાંક ચાંદની રાતના તારાઓથી ભરેલા આકાશને માનો આંખમાં સમાવતો હોય છે. ક્યાંક ખીલેલાં ફૂલોના સૌંદર્યને એટલી નજાકતથી જોતો હોય છે જાણે એ ફૂલમાં તેને નિરાકારનાં દર્શન થતાં હોય અને તે જીવનમાં ધન્યતા અનુભવતો હોય. ક્યારેક પહાડી પ્રદેશમાં ગયેલ માનવી પહાડ પરથી વહેતા પાણીને જોવામાં એટલો મશગૂલ બનતો હોય છે કે જાણે તે વહેતા પાણીની સાથે પોતાના બાળપણમાં ખોવાઇ જતો હોય તેમ જ ચિંતામુક્ત જીવનનો આનંદ ઉઠાવતો હોય.

આમ તો દરેક શહેરમાં નિયમિત રીતે સવાર પડે છે. સૂરજ ઊગે છે, ફૂલ ખીલે છે. તડકો અનુભવાય છે. ચહલપહલ જોવાય છે. રોજ જીવાતી જિંદગીનો પ્રારંભ થાય છે ઓફિસ અને નોકરીના વિચારો સાથે માણસની દોડધામ શરૂ થાય છે. સામાજિક પ્રસંગોની ઉજવણી થાય છે. સાંજ ઢળે છે, પરંતુ યાત્રા પર નીકળેલ માનવી ચિંતામુક્ત બની કુદરત વચ્ચે જીવે છે. પોતાની ચિંતાઓ અને દુઃખને ભૂલી, પોતાના પદના કે સત્તાના અહમને ભૂલી પ્રકૃતિની રમણીયતામાં ખોવાય છે. તેથી જ પ્રવાસન સ્થળે માનવીને મનની શાંતિની અનુભૂતિ થાય છે. સામાન્ય રીતે યાત્રાએ જતા માનવી માટે તે જગ્યા અજાણી હોય છે. ત્યાંની પ્રકૃતિ નવી હોય છે. ગામ અજાણ્યું હોય છે. ગામના લોકોને જોવા-મળવાનો અવસર પ્રથમ વખત મળે છે. છતાં એ જગ્યા સાથે તાદાત્મ્ય કેળવાય છે. એકરૂપતા સ્થપાય છે. એ જગ્યા સાથે પોતાપણાનો અહેસાસ થાય છે.

યાત્રા દરમિયાન માણસ તે ગામના મંદિરમાં જાય છે. પરંતુ એવા સમયે વિચારોના વમળ વિના શુદ્ધ ભાવથી મંદિરમાં પ્રવેશે છે. તેથી આરતી સમયે શ્લોક બોલાય અને ઘંટારવ થાય તેને માનવી ધ્યાનપૂર્વક એકાગ્રતાથી સાંભળશે. ધ્વનિનું સાતત્ય જળવાતાં ઉચ્ચ પ્રકારના તરંગો પેદા થાય છે. તેમાંય ખાસ દિવસે અમુક તીર્થ પર અસંખ્ય લોકો એકત્રિત થાય છે. એ સૌની અપેક્ષા-પ્રાર્થના-ભાવ-તરંગો સમાન દિશામાં ભક્તિભાવથી વહે છે એ દિવસે માનો એક ચેતના પ્રસારિત થાય છે. બધા જ લોકો પદ-અહંકાર-નાના મોટાનો ભેદ ભૂલી ભક્તિમાં લીન બનવા એકત્રિત થાય છે. તેથી ચેતનાનો એક પૂલ સર્જાય છે. પરિણામે પરમાત્માનો સાક્ષાત્કાર થતો હોય એટલા ભાવમાં માનવી આવી જાય છે. આવી જગ્યાએ કેટલીક ક્ષણ માટે માનવી સંપૂર્ણ ભાવ દશામાં જીવે છે. મનના તમામ દોષોથી મુક્ત થઇ જીવે છે. મારા-તારાની ભાવનાથી પર થઇ જીવે છે. તમામ સ્મૃતિઓથી છૂટકારો પામી જીવે છે. પરિણામે પરમ શાંતિની અનુભૂતિ સાથે તે ગામ પરત ફરે છે. અલૌકિક શાંતિ મેળવવા ફરી એ જગ્યાએ જવાનું તેને ખેંચાણ-આકર્ષણ રહે છે.

આ દેશમાં એવાં કેટલાંક તીર્થ ઉદય પામ્યાં છે જ્યાં માનવીને પરમ અનુભૂતિ થયાનું સાંભળવા મળે છે. જેમ કે કાશી તીર્થ, કન્યાકુમારીનો વિવેકાનંદ રોક અથવા પૉંડિચેરીની ધરતી, જૈનોનું સમેત શિખર કાશીમાં તો કેટલાક ભગવંતોનાં પગલાં પડ્યાં છે. અવતાર સમી વ્યક્તિઓએ અહીં વસવાટ કર્યો છે. એ સૌની પવિત્રતા એ ધરતીમાં સમાયેલી છે. પુણ્ય અહીં ગોપાયેલ છે. વ્યક્તિત્વના પરમ અંશો અહીં છે. કાશીએ બધું આત્મસાત કર્યું છે. કાશીએ સૌની અંતરધારા પોતાનામાં સમાવી છે, તેથી જ કાશીના ઘાટ પર સ્નાન કરવું, ત્યાં બેસી ધ્યાન ધરવું તેનો અનેરો મહિમા છે. એવી જ લાગણી હરિદ્વારમાં ઘણાને થાય છે. કન્યાકુમારી ખાતે વિવેકાનંદ રોક ખાતે આવેલ ધ્યાનકક્ષમાં ઘણા લોકો અલગ જ પ્રકારનું ખેંચાણ અને મનની શાંતિ અનુભવે છે. કંઇક એવી સ્થિતિ કૈલાસ માન સરોવરની બાબતમાં છે. ત્યાં સામાન્ય વસવાટ ભાગ્યે જ છે છતાં કૈલાસ દર્શન કરનારને ત્યાં નિર્જનતા નથી જણાતી. માનવી પોતાને અટૂલો નથી મહસૂસ કરતો. તેને શબ્દોમાં ન વર્ણવી શકાય એવી અનુભૂતિ થાય છે. કેટલીક ક્ષણ માટે આવી જગ્યાએ માનવી ધ્યાનમાં ખોવાઇ જાય છે. જે મનની શુદ્ધતા સાથે આવી જગ્યાનાં દર્શન કરે છે તેને જ વિશેષ અનુભૂતિ થાય છે. તેથી યાત્રાએ નીકળેલ માનવીએ માત્ર સમય પસાર કરવા ફરવા નીકળવાનો ખ્યાલ ત્યજી અંતઃકરણથી યાત્રાસ્થળ સાથે એકાત્મયતા સાધવાની જરૂર છે. એ વિસ્તારના કુદરતી સૌંદર્યને, કુદરતને માણવાની જરૂર છે. જો દિલ ભાવથી ભરેલું ન હોય તો કાશી જેવા શહેરમાં ય કંઇ હાથ લાગતું નથી. કાશી તેને પોતાના ગામ જેવું કદાચ તેનાથી ય વધુ ગંદુ જણાશે. ત્યાંના છાપામાં પોતાના ગામના સમાચાર છપાયેલા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૬ ઉપર)**

*જેને જોવું નથી એજ ખરેખરો આંધળો છે.*

# મનનાં અવયવોના ન્યુરો ટ્રાન્સમિટર્સ – ૨

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

(ગતાંકથી ચાલુ)

આગળના લેખ "મનના અવયવો"માં આપણે જાણ્યું કે મનના અવયવો (લિમ્બિક સિસ્ટમ તથા એનાં મુખ્ય ઘટકો હિપ્પોકેમ્પસ, ફોર્નિક્ષ, મેમીલરી ગ્રંથિ, થેલામસ, સીન્ગુલેટ જાઈરસ, એમીગડેલા, હાઈપોથેલામસ, સેપ્ટમ) મગજમાં (Brain) રહેલાં છે. મગજના પેટ સ્કેન (PET Scan) તથા ફંકશનલ એમ.આર.આઈ. સ્કેન (FMRI Scan)ના સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે વિચારો, લાગણીઓ, સ્મરણ શક્તિ, ગ્રહણ શક્તિ, નિર્ણય શક્તિ, વર્તણૂક, વાણી જેવાં મનનાં કાર્યો ઉપરોક્ત અવયવો દ્વારા થાય છે. સામાન્ય નોર્મલ વ્યક્તિ જ્યારે મનનાં વિવિધ કાર્યો કરતી હોય છે ત્યારે મનના અવયવોમાં લોહીનું રુધિરાભ્રમણ વધી જાય છે તથા ગ્લુકોઝનો વપરાશ પણ ઉપરોક્ત મનના અવયવોમાં વધી જાય છે. આપણી લાગણીઓ જેવી કે પ્રેમ, માની મમતા, ક્રોધ, મોહ, લોભ, આનંદ, ઉત્સાહ, આશા, નિરાશા, ધિક્કાર, દયા, નિર્દયતા આદિ લાગણીઓનું કેન્દ્ર આ અવયવોમાં રહેલું છે.

**• મગજનાં કાર્યો :**

મગજનો કોઈપણ વિભાગ તથા તેનાં ઘટકો સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવતાં નથી. સમગ્ર મગજના વિભાગો તથા તેનાં ઘટકો એકમેકની સાથે જોડાયેલા છે અને સંકલિત રીતે પોતાનું કાર્ય કરે છે. આ કાર્ય ન્યુરોન (Neuron) જ્ઞાનકોષ દ્વારા કરવામાં આવે છે. મગજમાં ન્યુરોનની સંખ્યાની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯


**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

ન્યુરોનમાં બે પ્રકારે સંદેશાઓ / સંકેતો (Nerve impulse)નું પ્રસારણ (transmission) થાય છે.

૧. વિદ્યુત મોજાંઓ : ન્યુરોનના એક છેડેથી એજ ન્યુરોનના બીજા છેડે સંકેતો / સંદેશાઓ વિદ્યુત મોજાંઓ (Electrical Transmission) દ્વારા મોકલવામાં આવે છે.

૨. ન્યુરોટ્રાન્સમીટર દ્વારા : એક ન્યુરોનથી અને બીજા ન્યુરોન વચ્ચે બહુજ સૂક્ષ્મ જગ્યા હોય છે જેને સાઈનેપ્સ (synapse) કહેવામાં આવે છે. આ સાઈનેપ્સમાં સંદેશાઓ / સંકેતો રસાયણ (chemical transmission) ન્યુરોટ્રાન્સમીટર (neurotransmitter) દ્વારા મોકલાય છે.

**• ન્યુરોનમાં સંદેશાઓનું પ્રસારણ (Transmission) :**




૧. ન્યુરોનના એક છેડેથી એ જ ન્યુરોનના બીજા છેડે સંદેશાઓ વિદ્યુત મોજાંઓ (Electrical transmission) દ્વારા થાય છે.

૨. એક ન્યુરોનથી બીજા ન્યુરોનમાં સંદેશાઓ ન્યુરોટ્રાન્સમિટર (neurotransmitter) ન્યુરોકેમીકલ દ્વારા થાય છે.

ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં વધઘટ થાય તો મગજનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે જેને કારણે મગજની બીમારીઓ થાય છે.

**• મગજની શારીરિક બીમારી તથા ન્યુરોટ્રાન્સમિટર્સ :**

નોર્મલ વ્યક્તિમાં મગજના અવયવ બેઝલ ગેન્ગલિયામાં (Basal Ganglia) ડોપામીન (Dopamine) નામનું ન્યુરોટ્રાન્સમિટર યોગ્ય માત્રામાં હોવાથી એ વ્યક્તિ હલનચલન ધાર્યા પ્રમાણે વ્યવસ્થિત રીતે કરી શકે છે.

***પારકીનસોનિઝમ :*** કંપવા (Parkinsonism) જે મગજની શારીરિક બીમારી છે એમાં ન્યુરોટ્રાન્સમિટર ડોપામીનની માત્રા ઘટી જાય છે. જેને કારણે (૧) ધ્રુજારી (Tremors), (૨) હલનચલનમાં ધીમું થવું (Bradykinesia), (૩) શરીરના સ્નાયુઓ જડ થઈ જવા (Rigidity)નાં લક્ષણો જોવા મળે છે. ડોપામીન ન્યુરોટ્રાન્સમિટર વધારવાની દવાઓ આપવાથી ઉપરોક્ત લક્ષણોમાં ફાયદો થાય છે. દર્દીનું શરીર આ ન્યુરોટ્રાન્સમિટરની માત્રા વધારી શકતું નથી. આથી દવાઓ કાયમી ધોરણે આપવી પડે છે. (દર્દી તથા કુટુંબીજનોએ કાયમી

*કાયરતા એ ક્રૂરતાની માતા છે.*

દવા આ બીમારીમાં આપવાનું સ્વીકારી લીધેલ છે.)

- **મનના અવયવો લિમ્બિક સિસ્ટમ અને ન્યુરોટ્રાન્સમિટર્સ :**

વ્યક્તિના મનમાં ચાલતી વિચાર-પ્રક્રિયા, લાગણી, વાણી, વર્તણૂક, સ્મરણ શક્તિ, ગ્રહણ શક્તિ, એકાગ્રતા વગેરે મનનાં કાર્યો ન્યુરોટ્રાન્સમિટરને આભારી છે. મનોચિકિત્સક તથા ન્યુરોલોજિસ્ટ સંશોધકોએ ન્યુરોટ્રાન્સમિટરની કાર્યવાહી અંગે મહત્ત્વનું ઊંડું સંશોધન કરી તેની રાસાયણિક પ્રક્રિયા વિશે જરૂરી જાણકારી મેળવી છે તથા સંશોધનો આ દિશામાં અવિરત ચાલુ છે.

જ્યારે ન્યુરોટ્રાન્સમિટરની પ્રક્રિયા નિયમિતપણે ચાલ્યા કરે છે ત્યારે વ્યક્તિ સ્વસ્થ અને પ્રસન્ન મુદ્રામાં રહે છે પરંતુ જ્યારે ન્યુરોટ્રાન્સમિટરની રાસાયણિક પ્રક્રિયામાં ગરબડ થાય છે ત્યારે મનની બીમારીઓ લાગુ પડે છે.

સાદી સરળ ભાષામાં મનની અલગ અલગ બીમારીઓમાં થતી ન્યુરોટ્રાન્સમિટરની વધઘટ નીચે પ્રમાણે વર્ણવી શકાય.

| | **મનની બીમારી** | **ન્યુરોટ્રાન્સમિટરની વધઘટ** |
|---|---|---|
| ૧. | મનોભ્રમ (Schizophrenia) | ડોપામીન (Dopamine) |
| ૨. | હતાશાની બીમારી (Depressive Disease) | સીરોટોનિન, નોરએપીનેફ્રીન (Serotonin, Norepinephrine) |
| ૩. | ગભરામણના હુમલા (Panic Disorders) | સીરોટોનિન (Serotonin) |
| ૪. | ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર ઓ.સી.ડી. (Obsessive Compulsive Disorder O.C.D.) | સીરોટોનિન (Serotonin) |
| ૫. | નર્વસપણું (Anxiety Disorder) | ગાબા (GABA) |
| ૬. | માનસિક તાણની બીમારી (Stress Disorder) | કોરટીસોલ (Cortisole) |
| ૭. | સ્મૃતિભ્રંશ - ડિમેન્શિયા (Alzeimer's Disease) | એસીટાઈલ કોલીન (Achetyl Choline) |

છેલ્લા ત્રણ દાયકામાં થયેલ સંશોધનોને લીધે મનની બીમારીઓમાં થતા ન્યુરોટ્રાન્સમિટરના ફેરફારો વિશે અગત્યની જાણકારી મળી છે. આ જાણકારીને લીધે નવી નવી દવાઓ શોધાઈ છે. આ નવી દવાઓ વધારે અસરકારક પુરવાર થયેલ છે તથા મનની બીમારીઓની સારવાર વધુ અસરકારક બની છે અને સારવારનાં પરિણામો બીજી કોઈપણ શારીરિક બીમારી જેવાં જ મળે છે.

- **શારીરિક બીમારીઓ તથા મનની બીમારીઓ :**

મનના અવયવો તથા ન્યુરોટ્રાન્સમિટર વિશેનાં સંશોધનોએ પુરવાર કર્યું છે કે મનની બીમારીઓ શારીરિક બીમારીઓ છે.

| **શારીરિક બીમારીઓ** | **મનની બીમારીઓ** |
|---|---|
| ૧. શારીરિક બીમારીઓ શરીરના અવયવોમાં રચના, કદ, ફેરફાર થાય છે. દા.ત. ડાયાબિટીસમાં પેનક્રિયાસમાં, થાઈરોડમાં થાઈરોઈડની ગ્રંથિમાં. | ૧. મનની બીમારીઓમાં મનના અવયવોમાં રચના, કદ, ફેરફાર થાય છે. દા.ત. પ્રિફ્રન્ટલ કોરટેક્ષમાં, એમીગડેલામાં, હીપોકેમ્પસમાં. |
| ૨. આ ફેરફારથી શરીરના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે. | ૨. આ ફેરફારથી મનના અવયવોનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે. |
| ૩. રસાયણની માત્રામાં વધઘટ થાય છે. ડાયાબિટીસમાં ઈન્સ્યુલીન, થાઈરોઈડની બીમારીમાં થાઈરોક્સીન. | ૩. ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં વધઘટ થાય છે. મનોભ્રમની બીમારીમાં ડોપામીન, હતાશાની બીમારીમાં સીરોટોનિન, નોરએપીનેફ્રીન. |
| ૪. દવાઓ દ્વારા રસાયણની માત્રાના ફેરફારો નોર્મલ કરાય છે. | ૪. દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટરની માત્રાના ફેરફારો નોર્મલ કરાય છે. |
| ૫. રસાયણો નોર્મલ થતાં રોગનાં લક્ષણો પર કાબૂ મેળવાય છે. | ૫. ન્યુરોટ્રાન્સમિટર નોર્મલ થતા રોગનાં લક્ષણો પર કાબૂ મેળવાય છે. |

*ક્રિયાકાંડ એટલે ધર્મનું બાલમંદિર.*

| શારીરિક બીમારીઓ | મનની બીમારીઓ |
| --- | --- |
| ૬. બીમારીમાં વધઘટ થાય છે. ડાયાબિટીસ વધી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. | ૬. બીમારીમાં વધઘટ થાય છે. મનોભ્રમનાં લક્ષણો વધી જાય છે. હતાશાનાં લક્ષણો વધી જાય છે. |
| ૭. રોગ ઊથલો મારે છે. હાર્ટ એટેક બીજી વાર આવે છે. | ૭. રોગ ઊથલો મારે છે. હતાશાની બીમારી ફરીથી થાય છે. |
| ૮. રોગની વધઘટ પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે. | ૮. રોગની વધઘટ પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે. |
| ૯. બીમારીઓ અનુવાંશિક, વારસાગત છે. ડાયાબિટીસ, હૃદયરોગ. | ૯. બીમારીઓ આનુવાંશિક, વારસાગત છે. મનોભ્રમ, હતાશાની બીમારી. |
| ૧૦. દવાઓ યોગ્ય માત્રામાં, યોગ્ય સમય સુધી અપાય છે. | ૧૦. દવાઓ યોગ્ય માત્રામાં, યોગ્ય સમય સુધી અપાય છે. |
| ૧૧. દવાઓ વ્યક્તિગત કિસ્સા પ્રમાણે અપાય છે. (Individual Aspect) | ૧૧. દવાઓ વ્યક્તિગત કિસ્સા પ્રમાણે અપાય છે. (Individual Aspect) |

ઉપરોક્ત માહિતી તથા જાણકારી પરથી સમજાય છે કે મનની બીમારીઓમાં મગજમાંના મનના અવયવો તથા ન્યુરોટ્રાન્સમિટર મહત્ત્વનો ભાગ ભજવે છે. મનની બીમારીઓ શારીરિક બીમારીઓ છે. દર્દીનો દોષ નથી. જરૂર છે દર્દી, કુટુંબના સભ્યો તથા સમાજે મનની બીમારીથી પીડાતા દર્દીઓ પ્રત્યેનું વલણ બદલાવવાની. સહાનુભૂતિપૂર્વકની સમજણ મનની બીમારીના દર્દી માટે આશીર્વાદ સાબિત થશે તથા દર્દી જલદી સારો થશે.

- **સારાંશ :**

૧. શરીરમાં જુદા જુદા અવયવોની જેમ મન (mind)ના અવયવો છે જે મગજ (Brain)માં છે.

૨. મનની બીમારીઓમાં મનના અવયવોમાં શારીરિક ફેરફારો (કદ, રચના વગેરેમાં) થાય છે. આથી ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં ફેરફારો થાય છે.

૩. આ ફેરફારોને લીધે મનની બીમારીઓમાં મનનાં લક્ષણો જોવા મળે છે.

૪. દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટરની માત્રા નોર્મલ કરાય છે.

૫. આથી મનની બીમારીઓ પર કાબૂ મેળવાય છે. વાણી, વિચાર, વર્તણૂક, લાગણીઓ, એકાગ્રતા વગેરે બીમારીનાં લક્ષણો છે. એ પર કાબૂ મેળવાય છે તથા દર્દી નોર્મલ થાય છે.

૬. મનની બીમારીઓમાં દવાઓ, સારવારનો મહત્ત્વનો હિસ્સો છે. કાઉન્સેલિંગ તથા જીવનશૈલીના યોગ્ય ફેરફારો સારવારનાં અન્ય ઘટકો છે.

---

*આંધ્ર પ્રદેશના અલકબીર નામના કતલખાનામાં પહેલા પાંચ વર્ષમાં ૩૭,૭૦,૦૦૦ પશુઓની કતલ કરવામાં આવી હતી, જે માત્ર ૨૦ કરોડ રૂપીયા વિદેશી મુદ્રા મેળવવા માટે કતલ થઈ હતી. જો આ પશુધનનું રક્ષણ થયું હોત તો ૯૧૦ કરોડ રૂપિયા પશુઓના દૂધ, ઊન, છાણ તથા ત્વચા વગેરેથી મેળવી શકત. આ કતલથી દેશમાં ૫૦,૦૦૦ ટન દૂધની ઘટ આવી. માંસને ધોવામાં તથા સાફસફાઈમાં રોજનું ૪૮,૦૦૦ લિટર પાણી વપરાયું. ઊન આપનારાં પશુઓની કતલથી સરકારને રૂા. ૪૦૦ કરોડથી વધારે કિંમતનું ઊન વિદેશોથી આયાત કરવું પડ્યું. વિદેશથી રાસાયણિક ખાતરની આયાતમાં રૂા. ૯૦૦૦ કરોડ ખર્ચાયા. ઉપરાંત સરકારને હજારો ટન દૂધનો પાવડર આયાત કરવો પડ્યો. છાણાં ઓછાં થવાને કારણે દર વર્ષે ઘરેલુ ગેસની આયાત પર હજારો કરોડની રકમ વપરાઈ. ૨૫૦ મિલિયન ઘનમીટર લાકડાં જંગલોમાંથી બળતણ માટે કાપવાં પડે છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે આ કતલથી ૫૫૩૩૯૦ ખેડૂતોની રોજીરોટી છીનવાઈ ગઈ.*

*આ ઉપરથી અનુમાન લગાવી શકાય કે માત્ર એક અલકબીરના કતલખાનામાં થઈ રહેલી પશુઓની કતલથી આટલું મોટું નુકસાન થાય છે, તો દેશના ૩૬,૦૦૦થી વધારે લાઈસન્સવાળા તથા લાખોની સંખ્યામાં ફાલીફૂલી રહેલા બિન લાઈસન્સવાળા કતલખાના દ્વારા કતલ કરાયેલાં પશુઓથી દેશને કેટલી મોટી હાનિ થતી હશે? દેશમાં પાણીની જબરદસ્ત કટોકટી હોવા છતાં રોજનું લાખો લીટર પાણી કતલખાનાંઓની સાફસફાઈ કરવામાં વપરાય છે. પશુઓની લગાતાર કતલથી દેશને દર વર્ષે ૬૨૩ કરોડ વિદેશી મુદ્રાનું નુકસાન થઈ રહ્યું છે.*

***– અખિલેશ આર્યેન્દુ, 'પ્રબુદ્ધ જીવન' એપ્રિલ-૨૦૧૨ના અંકમાંથી***

---

*સત્તા અને શક્તિનો સદુપયોગ થાય તો સમાજમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ જરૂર વધે.*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જુકો કોમ્પ્લેક્સ આય અનમેં બીજે માળે તે હેવર નવી ઑફિસ ખૂલઈ આય ને અનજો માલિક આય લવજીભાઈ લવ એક્સપર્ટ.... ને અનીંજી ઓફિસ મેં માડુ બાઈયેંજી અવરજવર પણ બૉરી આય. સે જરા તપાસ ત કર કી લવજીભાઈ જો કમ કુરો આય?

બચુડો : (તપાસ કે ને ચેં) લવજીભાઈ પ્રેમજી દલાલી કઈયેંતા... અનમેં જુકો શરમાળ વેં ને પંઢજે પ્રેમજી કબુલાત ન કંઈધાવેં તેંકે લવજીભાઈ પ્રેમી અથવા પ્રેમીકા કે ત્રે સવાલ પૂછેજો ચેં. પ્રેમી અથવા પ્રેમીકા ઈ ત્રે સવાલ પુછીયેં ને અનજો જુકો જવાબ અચેં તેમેં પ્રેમી ક પ્રેમીકા પંઢજે પ્રેમજી કબુલાત કે ગને.

સવાલ વેંતા : (૧) મરાઠી મેં માં કે કુરો ચોવાજે? (જવાબ : આઈ (I)) (૨) રામ જે વડે પુત્તર જો નાં કુરો આય? (જવાબ : લવ (LOVE)) (૩) સ્વામિનારાયણ ધર્મ મેં મનીંધલ કેડે આકારજો ટીલો કઢીયેં? (જવાબ : )(YOU))

## ખિલજા મ ભલા

મેજર : સરહદ ઉપર બુલેટપ્રૂફ જેકેટ પહેરવાને બદલે તમે મચ્છરદાની કેમ પહેરી છે મખ્ખનસિંહ?

મખ્ખનસિંહ : અરે આમાં એક મચ્છર પણ ઘૂસી નથી શકતો તો પછી ગોળી તો ક્યાંથી ઘૂસવાની?

☺ ☺ ☺ ☺ ☺

દર્દી (ડૉક્ટર સાહેબને) : સાહેબ, તમે નર્સ ખૂબ સારી રાખી છે. એનો હાથ અડતાં જ હું ઠીક થઈ ગયો.

ડૉક્ટર : ખબર છે... થપ્પડનો અવાજ મેં પણ સાંભળ્યો હતો.

☺ ☺ ☺ ☺ ☺

***પર્યાવરણ રક્ષા માટે ચાલતી ચર્ચામાં***

રાજસ્થાની બોલ્યો : સેવ ટ્રીઝ<br>
મુંબઈવાળો બોલ્યો : સેવ પેટ્રોલ<br>
દિલ્હીવાળો બોલ્યો : સેવ વૉટર.<br>
કાશ્મીરીએ કહ્યું : સેવ ઈકોનોમી.<br>
પણ ગુજરાતીએ કહ્યું : સેવપુરી, સેવગાંઠિયા, સેવ બુંદી.




**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

☺ ☺ ☺ ☺ ☺

અજય : પતિ અને સ્પ્લીટ એ.સી.માં શું ફરક છે?

અભય : બંને સરખા છે.

અજય : એ વળી કઈ રીતે?

અભય : બહાર એનો અવાજ સંભળાય પણ ઘરમાં જરાય નહીં.

☺ ☺ ☺ ☺ ☺

ઈના : તારો પતિ ઘર છોડી ચાલ્યો જાય તો તું શું કરે?

મીના : દરવાજો બંધ કરી અંદરથી સાંકળ વાસી દઉં.

☺ ☺ ☺ ☺ ☺

એક દારૂડિયોઃ આજ તો પાણી પીવું પડશે. તરસ લાગી છે.

બીજો દારૂડિયો : ચલ સામેની હોટલમાં જઈએ.

પહેલો દારૂડિયોઃ ઊંધા પડેલા ગ્લાસને જોઈ કહ્યું, આનું મોં તો બંધ છે.

બીજો દારૂડિયો : હા યાર, અને પાછો નીચેથી તૂટેલો છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ (ફોન પર) : હાય ડાર્લિંગ, તું શું કરે છે?

પત્ની : આઈ એમ ડાઈંગ.

પતિ : (ખૂબ રાજી થઈને) પણ એ તો કહેતી જા હું તારા વગર જીવીશ કેવી રીતે?

પત્ની : અલ્યા ડોબા, આઈ એમ ડાઈંગ માય હેર.

☺ ☺ ☺ ☺ ☺

ગંગાસિંહ : યાર, આ સિંહે મારી પત્નીને મારી નાખી.

જીગાસિંહ :ગાંડા ના કાઢ. આ પૂતળું તારી પત્નીને કેવી રીતે મારી શકે?

ગંગાસિંહ : સિંહનું પૂતળું અભરાઈ પર હતું. મારી પત્ની તે સાફ કરી રહી હતી ત્યારે તે તેના પર પડ્યું. તેથી મારી પત્ની મરી ગઈ.

☺ ☺ ☺ ☺ ☺

ન્યાયાધીશ : તમને શરમ નથી આવતી, પંદર દિવસમાં તમે ત્રીજી વાર કોર્ટમાં આવ્યા...

આરોપી : સાહેબ, તમે તો રોજ આવો છો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : (વિજ્ઞાનની પીરીયડમાં) ઘરમાં ઝેરી ગેસ ફેલાયો હોય તો તમે કેવાં પગલાં ભરશો?

આદિત્ય : લાંબા અને ઝડપી પગલાં.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*શાસ્ત્ર એ ગોખવાની વિદ્યા નથી, પણ સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી છે.*

## પુસ્તકની એક સમીક્ષા

*ગાંધીનગર સ્થિત શ્રી ચિત્રસેન આર. શાહ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય સભ્ય છે. ગુજરાતી હાસ્ય લેખનના ક્ષેત્રે તેમનું નામ જાણીતું છે. તેમના હાસ્ય - કટાક્ષ લેખો અત્રેના મુખપત્ર 'મંગલ મંદિર'માં અવારનવાર પ્રકાશિત થતા રહે છે. તેમના દ્વારા "વરઘોડો – વનેચંદના પુત્રનો" નામે હાસ્ય કટાક્ષ શ્રેણીમાં પ્રગટ થનાર છે. તે પુસ્તકની એક સમીક્ષા અત્રે પુનઃ મુદ્રિત કરી છે.*

*– મુખ્ય તંત્રી*

### હાસ્ય, કટાક્ષ અને હળવા લેખોની ભેળપૂરીનો આસ્વાદ

ગુજરાતી હાસ્ય સાહિત્યમાં જે પોતાનો સિક્કો જમાવતા જાય છે તેમાં ગાંધીનગરના બે હાસ્ય સાહિત્યકારો ભર્ગદેવ ભટ્ટ અને ચિત્રસેન શાહે પોતાનું સ્થાન ખૂબ સરસ રીતે નિશ્ચિત કરી લીધું છે. આજના દોડધામના જમાનામાં માનવ જીવનમાં હાસ્ય જ વ્યક્તિને પ્રફુલ્લિત અને આનંદિત રાખી શકે છે અને માનવીને તેના રોજબરોજના કામમાં હળવો બનાવે છે. આથી જ તો 'હસે તેનું ઘર વસે' એમ કહેવાય છે.

આપણા ગુજરાતના એક સ્ટેજ આર્ટીસ્ટ શાહબુદ્દીન રાઠોડે સર્જેલું વનેચંદનું પાત્ર ખૂબ જ ખ્યાતિ પામેલું છે. તેનો પૂરેપૂરો લાભ ઉઠાવીને વનેચંદ ઉંમરલાયક થાય તો તેના પુત્રનો પરણવાનો વારો આવે. આથી 'વનેચંદના પુત્રનો વરઘોડો' કાઢી ચિત્રસેનભાઈ શાહે હાસ્ય સાહિત્ય ક્ષેત્રે કાલ્પનિક પાત્રોની વંશાવલી આગળ વધારી હળવી શૈલીમાં ૩૦ જેટલા માતબર સંખ્યામાં હાસ્ય લેખોનું પુસ્તક આપ્યું છે. તેના સંદર્ભે વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ કહે છે કે 'આમેય સાઠ પછી જ જીવનના અસલી રોમાંસનો અનુભવ થતો હોય છે. ચીલાચાલુ અંગ્રેજી કહેવત બદલી નાંખવાની તાતી જરૂર છે. લાઈફ બિગિન્સ એટ 'ફોર્ટી' નહિ, 'સિક્સ્ટી', કારણકે હવે પહેલાંની જેમ સાઠ વર્ષે વૃદ્ધ થઈ જવાનું નથી. શાહબુદ્દીન રાઠોડે વનેચંદનો વરઘોડો કાઢ્યો હતો. એટલે ફરજના ભાગરૂપે અનુગામી પેઢીના આ હાસ્યકાર 'વનેચંદના પુત્રનો વરઘોડો' કાઢે છે એમાં એમનો કંઈ વાંક ખરો? વળી, કેશુભાઈ હળવાશના મૂડમાં એક બીજી વાત પણ કરે છે. તેઓ કહે છે કે - હાસ્ય, એ સંજીવની બુટ્ટી છે. હનુમાનજીને એ મેળવવા લંકાથી દ્રોણાચલની લાંબી ખેપ કરવી પડેલી પણ અહીં ગાંધીનગરમાં લક્ષ્મણને મૂર્છા આવી જાય તો રીક્ષા કરીને ગણતરીની મિનિટોમાં ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર નજીક રહેતા ચિત્રસેન શાહને ઊંચકીને લઈ જઈ શકાય! તો આ અંગે જાણીતા હાસ્યલેખક રતિલાલ બોરીસાગર કહે છે કે 'ગુજરાતી હાસ્ય લેખનના ક્ષેત્રે ચિત્રસેન શાહ, હવે એક જાણીતું નામ છે. તેમની હાસ્ય રચનાઓમાં જીવનનું વૈચિત્ર્ય કલાત્મક રીતે પ્રગટ થતું હોય છે. આસપાસ ભજવાતા જીવનનું આકલન કરી એમાં રહેલા વૈચિત્ર્યને પારખવાની દૃષ્ટિ આ લેખક પાસે છે. જેનો વિનિયોગ કરી હાસ્ય રચનાઓ તેઓ સહજ રીતે સર્જે છે. વળી, હાસ્ય નિષ્પન્ન કરવાની યુક્તિ - પ્રયુક્તિઓનો સહજ ઉપયોગ કરવાની કળા એમને સિદ્ધ છે.'

'વરઘોડો વનેચંદના પુત્રનો' પુસ્તકનું શીર્ષક તેમાં લેવાયેલી પ્રથમ લેખ પરથી આપવામાં આવ્યું છે. તો બીજા લેખો વાંચતાં હાસ્યની છોળો ઊડે તેવા લેખો વાચકને જરૂર હાસ્ય તરબોળ કરી દે તેમ છે. તેમ તેનાં શીર્ષકો વાંચતાં લાગ્યા વિના રહેતું નથી. જેમકે 'જા થાય તે કરી લે', 'ડાયલ - કુંભકર્ણ', 'ગાંધી માર્ગે ગોડસેગીરી', 'મંદિર દ્વારે લખપતિ ભિક્ષુક', 'માંદગી - રાજાપાઠમાં', 'કમાલ કે. લાલની', 'માથાભારે મીનાબેન', 'ગેંગટોકમાં ગરમી', 'હાસ્યના પ્રયોગો', 'રાષ્ટ્રપતિ રાષ્ટ્રપિતાના શહેરમાં', 'મોજીલો પ્રવાસ', 'તો કરો કંકુના', 'આ નાટક ફેન્ટાસ્ટીક છે', 'પત્ની જીતો હરીફાઈ (Win A Wife)', 'રેશનકાર્ડ પર પ્યાજ', 'લખે ગુજરાત', 'અમને મળીને આનંદ થયો?', 'રીસેપ્શન છૂટાછેડાનો જાપાનમાં', 'ગુજ્જુબેને ગોવા ગજવ્યું', 'પેપર વેઈટની પડતર કિંમત - રૂપિયા બે કરોડ પ્લસ', 'રામદેવના અનશન પૂરાં થયા - રામદેવ માટે અનશન શરૂ થયા', 'છેલ્લા દિવસો', 'પોલીસ પર લાઠીચાર્જ', 'કૉકપીટમાં કુરુક્ષેત્ર', 'માંગો તે મળશે', 'ફુટપાથ પર ગાય', 'પ્રેમી પંખીડાં', 'અજબ પ્રવાસની ગજબ કહાની' વગેરે.

જો કે આ બધા લેખો 'ગાંધીનગર સમાચાર'ના વાંચકો માટે જાણીતા છે. પણ કામની વ્યસ્તતામાં વાંચવાનું ચૂકાઈ ગયું હોય તો એક સાથે હાસ્યનો આ રસથાળ માણવા જેવો ખરો.

આપણા હાસ્ય સાહિત્ય વિશે એવું કહેવાય છે કે હાસ્ય ક્ષેત્રે આજે નાના મોટા અનરું જ્યોતિ ઝબકે છે પરંતુ જ્યોતીન્દ્ર તો એક જ છે. તેનું કારણ આપતાં આપણાં ખૂબ જાણીતા હાસ્યકાર વિનોદ ભટ્ટ નોંધે છે કે 'એક રીતે જોઈએ તો હાસ્યના પર્યાય એવા જ્યોતીન્દ્રના સદ્‌ભાગ્યની કોઈને પણ ઈર્ષ્યા આવે. કારણકે જ્યોતીન્દ્ર તેમની હયાતીમાં જ પ્રજાના પ્રિય રહ્યા. એટલું જ નહીં વિદ્વાનોમાં માનપાન પામ્યા ને વિવેચકોએ પણ હાસ્ય લેખક તરીકે તેમને ગંભીરતાથી સ્વીકાર્યા, નવાજ્યા. એક અદ્વિતીય હાસ્યકાર તરીકેની પ્રસિદ્ધિ તેમજ પ્રતિષ્ઠા તેમને એક સાથે પ્રાપ્ત થઈ.'

પરંતુ આજના સંદર્ભે જોઈએ તો ચિત્રસેન શાહમાં પણ એવી જ શક્તિઓનાં આપણને દર્શન થાય છે કારણકે તેમનું વિવિધ ક્ષેત્રનું વાંચન, મૌલિક વિચારણા અને જીવાતા જીવન ઉપરાંત વિવિધ શાસ્ત્રો, ઈતિહાસ સહિત અનેક સંદર્ભો તેમના લેખોમાં જોવા મળે છે.

એવું કહેવાય છે કે 'ત્રિકાળ જ્ઞાની' હોય એજ સર્વકાલીન હાસ્યલેખક થઈ શકે જે લક્ષણો આપણે ચિત્રસેન ભાઈનાં લેખોમાં જોઈ શકીએ છીએ. જીવનના અનેક પ્રસંગો, ગલીકુંચીઓ અને વિષમતાઓમાં સમજપૂર્વક બૌધ્ધિક અભિગમ દ્વારા તેઓ હાસ્ય નિષ્પન્ન કરે છે. તેમણે આ પુસ્તક મોરારિ બાપુને અર્પણ કર્યું છે.

આ પુસ્તકના લેખક ચિત્રસેન રવજીભાઈ શાહ મૂળ માંડવી કચ્છના વતની છે પરંતુ વર્ષોથી ગાંધીનગરને પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું છે.

ચિત્રસેનભાઈ બી.ઈ. (ઈલેક્ટ્રીકલ)નો અભ્યાસ ધરાવે છે. તેઓ જી.ઈ.બી.ના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર છે. પણ સાહિત્ય ક્ષેત્રે હાસ્ય સાહિત્યના યુવા પ્રતિભા સમાન લેખક છે. આ પહેલાં તેમનાં પુસ્તકો 'ધણીને ધાકમાં રાખો', 'સ્મશાનમાં સ્વયંવર', 'ધણીને ધાકમાં રાખો પ્લસ' ખૂબ જ જાણીતાં બન્યાં છે કારણકે લેખકમાં ઠાવકા હાસ્યની સાથે તીક્ષ્ણ કટાક્ષો કરવાની શક્તિ પણ છે. જેના દ્વારા ચિત્રસેનભાઈ માત્ર ગાંધીનગરને જ નહીં સમગ્ર ગુજરાતને હસાવતાં રહે તેવી શુભેચ્છા.

***– શ્રી નટવર હેડાઉ ('ગાંધીનગર સમાચાર')***

*કોઈની મહેરબાની મેળવવી એટલે આપણી સ્વતંત્રતા ગુમાવવી.*

# ફ્લેશ ચેનલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

## 'મિસાઈલ વુમન' - ડૉ. ટેસી થોમસ

તાજેતરમાં જ ભારતે પ્રથમ 'ઈન્ટર કોન્ટીનેન્ટલ બેલાસ્ટીક' મિસાઈલ અગ્નિ-૫ નું સફળ લોન્ચિંગ કર્યું. **મિસાઈલ ટેકનોલોજીમાં ભારત પાંચમો દેશ બન્યો.** આ મિસાઈલ ૫૦૦૦ કિ.મી.નો વિસ્તાર કવર કરે છે અને ૬૦૦ ફૂટ ઊંચાઈએ જઈ શકે છે અને દુશ્મનોના વિમાનને તોડી શકે છે.

લશ્કરી ક્ષેત્રમાં આ ખૂબ મોટી હરણફાળ છે અને ખૂબ મોટી સફળતા કહી શકાય છે. આ સફળતા વધારે દેદીપ્યમાન બની છે કારણકે આ અગ્નિ-૫ મિસાઈલના પ્રોજેક્ટ ડાયરેક્ટર એક સ્ત્રી છે. અને તે છે ડૉ. ટેસી થોમસ. ડિફેન્સ રિસર્ચ એક એવું ક્ષેત્ર છે, જ્યાં પુરુષોની હાક વાગે છે. ટેસી થોમસે એ દીવાલ તોડી છે અને **સ્ત્રી તરીકે પુરવાર કરી બતાવ્યું છે કે, કોઈપણ ક્ષેત્રની સફળતા એ દિમાગીય સ્કીલ છે અને તેમાં જાતીય ભેદ હોતો નથી.**

આ લોખંડી 'મિસાઈલ લેડી'નો જન્મ ૧૯૬૪માં કેરાલામાં એલ્લપી ગામે મધ્યમ પરિવારમાં થયો હતો. તેમનું ગામ થુમ્બાની નજીક આવેલું છે. એટલે ડૉ. ટેસી નાનપણથી રોકેટ લોન્ચિંગની પ્રવૃત્તિઓ જોતાં હતાં. તેમણે બારમા ધોરણ બાદ બી.ટેક. કર્યું. ત્યારબાદ પૂનાની આરમેટમેન્ટ ઈન્સ્ટિટ્યૂશનમાંથી 'ગાઈડેડ મિસાઈલ' વિષયમાં એમ.ટેક. કર્યું છે. ત્યારબાદ હૈદ્રાબાદની ડિફેન્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ટેસી થોસમને નોકરી મળી. તેમણે પ્રથમ પ્રોજેક્ટ 'મિસાઈલ મેન' ડૉ. કલામના હાથ નીચે કર્યો. શરૂઆતમાં ટેસી થોમસે મિસાઈલ ડેવલપમેન્ટના ક્ષેત્રમાં મિસાઈલ ડિઝાઈનિંગ અને મિસાઈલ સોલીડ સિસ્ટમ અંગેની કામગીરી સંભાળી. ત્યારબાદ તેમને 'અગ્નિ મિસાઈલ'નો પ્રોજેક્ટ ૧૯૮૫માં સોંપવામાં આવ્યો હતો અને તેમણે રોકેટ મિસાઈલ અગ્નિ-૩ પર કામગીરી શરૂ કરી. વર્ષ ૨૦૦૬માં તે મિસાઈલનું લોન્ચિંગ થયું પણ ધારેલી સફળતા મળી નહીં. ત્યારબાદ તેમણે પૂરા જોશથી કામગીરી કરીને નિષ્ફળતાની ખામી શોધી કાઢી અને વર્ષ ૨૦૦૮માં અગ્નિ-૩ નું ફરી લોન્ચિંગ થયું અને તે સફળ થયું. આ પછી વર્ષ ૨૦૦૪માં અગ્નિ-૪નું અને વર્ષ ૨૦૧૨માં અગ્નિ-૫નું સફળતાપૂર્વ લોન્ચિંગ થયાં. આ રીતે ડૉ. ટેસી થોમસ ભારતનાં 'અગ્નિપુત્રી' કહેવાયાં. ભારતીય ઈતિહાસમાં સ્ત્રીઓના યોગદાનમાં ડૉ. ટેસી થોમસ એક પાનાના રચયિતા બન્યાં. ભારતીય સ્ત્રીઓનો સમાજમાં સીનેરો બદલાઈ રહ્યો છે તેનું ડૉ. ટેસી થોમસ તાદૃશ ઉદાહરણ છે.

જ્યારે ડૉ. ટેસી થોમસે અણું મિસાઈલ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો ત્યારે તેમની ઈન્સ્ટિટ્યૂટમાં માત્ર પાંચ સ્ત્રી વૈજ્ઞાનિક હતી. આજે ત્રીસ સ્ત્રીઓ વૈજ્ઞાનિક છે. ભારતીય સ્ત્રી પ્રગતિના પંથે છે. કોઈપણ ક્ષેત્ર એવું નથી જ્યાં સ્ત્રી પ્રવેશી ના શકે. **ફક્ત દૃઢ મનોબળ અને ચોક્કસ દિશા પકડવાની જરૂર હોય છે. ત્યારબાદ રસ્તા આપોઆપ બનતા જાય છે.**

★

## ગુજરાતમાં વ્યવસાયિક અસ્થમાના પ્રમાણમાં નોંધનીય વધારો

ગુજરાત રાજ્યમાં લોકોમાં વ્યવસાયિક અસ્થમાના પ્રમાણમાં વધારો થતો જોવા મળ્યો છે. વિવિધ નાના-મોટા વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં **અસ્થમાના પ્રમાણમાં ૩૦થી ૪૦ ટકાનો તાજેતરમાં વધારો નોંધાયો છે.** સુથારી, લુહારી, કલર, કાપડ, કેમિકમ કામ વગેરે સાથે સંકળાયેલા લોકો તેમજ કડિયા, મોચી, વાળંદ, કિરાણા જેવા નાના-મોટા વિવિધ વ્યવસાયમાં કામ કરતા લોકોમાં અસ્થમાના રોગોમાં વધારો થતો જોવા મળ્યો હતો. ઉપરાંત ખેતી, પશુપાલન જેવા વ્યવસાયમાં અસ્થમાના દર્દીઓમાં બે ગણો વધારો થયો હોવાનું નિષ્ણાત તબીબી સૂત્રોએ જણાવ્યું હતું.

હવામાં કામ કરતા તેમજ ધૂળના સીધા સંપર્કમાં આવતા લોકોએ મોઢા પર રુમાલ બાંધીને કામ કરવું. આમ નાની બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવાથી અસ્થમાને આગળ વધતો અટકાવી શકાય છે.

★

## બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

ગુજરાત રાજ્યમાં ૬થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની બંધારણીય જોગવાઈ અને આ અંગેના કેન્દ્ર સરકારના કાયદાના પાલન કે અમલવારી માટે ગુજરાત સરકારે અત્યાર સુધીમાં શું પગલાં લીધાં અને કઈ કઈ કામગીરી કરી તેનો વિગતવાર ખુલાસો કરવા ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને તાજેતરમાં આદેશ કર્યો છે.

★

*વિકાસનાં ફળ ચાખવા હોય તો સંપીને રહેતાં શીખો.*

## ડસ્ટબિનની જગ્યા રાખવી જરૂરી

શહેરની સ્વચ્છતા અને સુખાકારી માટે ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની પ્રણાલીમાં હવે સોસાયટી કે ફ્લેટમાં ડસ્ટબિનની વ્યવસ્થા કરવાની બાબત હવે જરૂરી બનશે. અમદાવાદમાં સ્વચ્છતાનું ધોરણ ઊંચું લાવવાના હેતુથી હવે નવા બંધાતા બાંધકામમાં બિલ્ડરે યોગ્ય જગ્યાએ ડસ્ટબિનની ખાસ વ્યવસ્થા કરવી પડશે. ત્યારબાદ બિલ્ડરને બી.યુ.ની મંજૂરી મળશે. અમદાવાદ મ્યુનિસિપાલિટીની તાજેતરમાં મળેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં આ પ્રકારનો નિર્ણય લેવાયો હતો.

★

## એન.આર.આઈ. ઓન લાઈન આર.ટી.આઈ. કરી શકશે

થોડા સમયમાં વિદેશના ભારતીયો તેના પાસપોર્ટના પુરાવાને આધારે ભારતીય પોસ્ટ વિભાગની વેબસાઈટ પર લોગ ઑન કરી શકશે અને પોસ્ટલ ઓર્ડર ખરીદીને પાસપોર્ટના જ પુરાવાની મદદથી ઓનલાઈન માહિતી મેળવવાના અધિકાર - આર.ટી.આઈ. હેઠળ સરકાર પાસે કોઈપણ બાબતની માહિતી માંગી શકશે તેવાં ચક્રો ગતિમાન થયાં છે.

★

## આઈ.એ.એસ. - આઈ.પી.એસ.ની પરીક્ષામાં ગુજરાતના ૯ વિદ્યાર્થીઓ ઝળક્યા

યુ.પી.એસ.સી. દ્વારા ગત ઓક્ટોબર - નવેમ્બરમાં સિવિલ સર્વિસીસની મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી. આઈ.એ.એસ.માં કુલ ૧૭૦ અને આઈ.પી.એસ.માં ૧૫૦ તથા આઈ.એફ.એસ.માં ૪૦ જગ્યા પર ભરતી કરવા માટે આ પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સ્પીપામાં તાલીમ લેતા ૯ ગુજરાતી વિદ્યાર્થીઓ પણ ઝળક્યાં છે.

તેઓએ આ પરીક્ષામાં સફળતા હાંસલ કરી હોવાથી હવે તેઓ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. બનીને પોતાની કારકિર્દી ઘડી શકશે.

સનદી અધિકારીઓ બનવા માટે યુ.પી.એસ.સી.ની પ્રિલિમનરી પરીક્ષામાં દેશભરમાંથી સાડા ચાર લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી મુખ્ય પરીક્ષા માટે ૧૨,૮૦૦ વિદ્યાર્થીઓ લાયક ઠર્યા હતા. જ્યારે મુખ્ય પરીક્ષા બાદના આખરી ઈન્ટરવ્યૂ માટે ૨૪૦૦ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી ૯૧૦ વિદ્યાર્થીઓની સનદી અધિકારી તરીકેની ભરતી કરવા માટે તાજેતરમાં પસંદગી કરવામાં આવી હતી.

★

## આર.ટી.આઈ. હેઠળ માહિતી રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના વિદેશપ્રવાસ અને તેનો ખર્ચ

વર્તમાન કેન્દ્ર સરકારે બીજું જે કંઈ કર્યું હોય કે ન કર્યું હોય પણ જે કેટલાક જનહિતનાં કામ કર્યાં છે એમાંનું એક કામ 'રાઈટ ટુ ઈન્ફોર્મેશન'નો કાયદો ઘડવાનું કામ છે.

આ કાયદા નીચે રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના વિદેશ પ્રવાસોની જે માહિતી પ્રકાશમાં આવી છે, તે આ પ્રમાણે છે.

રાષ્ટ્રપતિએ માર્ચના અંત સુધીમાં જે વિદેશ પ્રવાસો કરેલા તેમાં ૨૨ દેશોની ૧૨ ટૂર કરી છે. જે દરમિયાન તેઓ ૭૯ દિવસ વિદેશની ધરતી ઉપર રહ્યાં છે. આ તમામ ટૂરમાં કોઈને કોઈ સગાંવહાલાં તેમની સાથે હતાં. આર.ટી.આઈ.ના કાયદા હેઠળ કરવામાં આવેલી અરજીના જવાબમાં જાણવા મળ્યું છે કે રાષ્ટ્રપતિની તમામ વિદેશી મુસાફરીઓ તેમના માટે અનામત રાખવામાં આવેલા એર ઈન્ડિયાના ૭૪૭ બોઈંગ વિમાનમાં જ મોટેભાગે કરવામાં આવી હતી. જેની પાછળ એર ઈન્ડિયાએ પાંચ વર્ષમાં ૧૬૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. તેમણે ૨૨ વિદેશ પ્રવાસો કર્યા જેમાં દેશને રૂપિયા ૨૦૫ કરોડનો ખર્ચ થયેલો છે. તાજેતરમાં દક્ષિણ આફ્રિકા અને સિસિલીના પ્રવાસ દરમ્યાન એમણે ૭૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ સાથે રાખ્યું હતું. તે ઉપરાંત ૨૧ પત્રકારો તથા ટી.વી. ચેનલોના સભ્યો હતા. વધારામાં ૪૨ ઉદ્યોગપતિ સભ્યો પણ હતા. માહિતી પ્રમાણે, પ્રતિભા પાટીલ રસોઈયાઓ તેમજ નોકરો પણ સાથે લઈ જાય છે.

પ્રતિભા પાટીલે પાંચ વર્ષમાં બ્રાઝિલ, મેક્સિકો, ચીલી, ભૂતાન, વિયેટનામ, ઈન્ડોનેશિયા, સ્પેન, પોલેન્ડ, રશિયા, તાજિકસ્તાન, બ્રિટન, સાયપ્રસ, ચીન, લાઓસ, કમ્બોડિયા, યુ.એ.ઈ., સિરિયા, મોરેશિયસ, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝરલેન્ડ, ઑસ્ટ્રિયા વગેરે દેશોની મુલાકાત લીધી છે.

સ્વતંત્ર ભારતના કોઈ રાષ્ટ્રપતિએ વિદેશ યાત્રાઓ પાછળ આટલો ખર્ચ કર્યો નથી. તેમના પુરોગામી અબ્દુલ કલામ આઝાદે પાંચ વર્ષ દરમિયાન ૧૭ દેશોની સાત ટૂર કરી હતી. તેમના અગાઉના રાષ્ટ્રપતિ કે.આર. નારાયણને ૧૦ દેશોની છ ટૂરો કરી હતી. રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માએ ચાર ટૂર દરમ્યાન ૧૬ દેશોની મુલાકાત લીધી હતી. જ્યારે વેંટકરામન ૨૧ અને વી.વી. ગિરિ ૨૨ દેશોમાં ગયેલા હતા.

અગાઉના રાષ્ટ્રપતિઓ પોતાની સાથેના પ્રતિનિધિઓમાં સરકારના અમલદારો, સંસદસભ્યો અને જાણીતાં ઉદ્યોગપતિઓને લઈ જતા હતા જ્યારે પ્રતિભા પાટીલ ભારતના ઉદ્યોગોના વિકાસ માટે સાવ અલગ પ્રકારનું પ્રતિનિધિ મંડળ લઈ જતાં હોય છે.

આમ પણ ભારતની લોકશાહીમાં રાષ્ટ્રપતિનો હોદ્દો શોભામાં અભિવૃદ્ધિ સમાન લેખાય છે. નિવૃત્ત થતા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલની આજુબાજુ પાંચ વર્ષમાં જે કાંઈ વિવાદો થયા છે એ રાષ્ટ્રપતિના હોદ્દાની ગરિમા વધારે તેવા નહોતા.

★

*વિનમ્ર થઈ શકે એ જ જિંદગીમાં સફળ થઈ શકે.*

## ભારતીય સિનેમા ઉદ્યોગ - એકસો વર્ષ

ભારતીય સિનેમા ઉદ્યોગે તાજેતરમાં એકસો વર્ષ પૂરાં કર્યાં છે. તા. ૩-૫-૧૯૧૩ના રોજ સંપૂર્ણ રીતે ભારતીય કહી શકાય તેવી સૌપ્રથમ ફિચર ફિલ્મ "રાજા હરિશ્ચંદ્ર" દર્શાવવામાં આવી હતી, અને તે સાથે જ બોલીવુડનો જન્મ થયો હતો. એ સમયે અવાજ વગરની સાઈલન્ટ ફિલ્મોનું નિર્માણ થતું હતું. "રાજા હરિશ્ચંદ્ર" ફિલ્મનું નિર્માણ ધુંદીરાજ ગોવિંદ ફાળકે - દાદા સાહેબ ફાળકેએ કર્યું હતું. જેમને ભારતીય સિનેમા ઉદ્યોગના ભીષ્મ પિતામહ સમાન ગણી શકાય. ભારતીય સિનેમા ઉદ્યોગે તેના રંગબેરંગી એકસો વર્ષ તાજેતરમાં પૂર્ણ કર્યાં છે.

તે સમયે દર વર્ષે માત્ર ૨૫ જેટલી જ ફિલ્મોનું નિર્માણ થતું હતું. ધીરે ધીરે તે સંખ્યામાં વધારો થતો ગયો. આજે દર વર્ષે લગભગ ૧૦૦૦ જેટલી ફિલ્મોનું નિર્માણ થાય છે. સંખ્યાની દૃષ્ટિએ વિશ્વમાં બોલીવુડ સૌપ્રથમ સ્થાને છે. ફિલ્મ નિર્માણના આરંભના સમયે માત્ર એક આનામાં ફિલ્મ નિહાળી શકાતી હતી. જે ફિલ્મો તે જમાનામાં હજારો રૂપિયામાં નિર્માણ થતી હતી, તે ફિલ્મો હવે કરોડો રૂપિયાના બજેટથી થઈ રહી છે.

અગાઉના જમાનામાં ફિલ્મ સિનેમા ગૃહમાં કેટલા સપ્તાહ ચાલી છે, તેના પરથી ફિલ્મની સફળતા આંકવામાં આવતી હતી. આજે બોક્સ ઓફિસ પર ફિલ્મે કેટલી ગ્રોસ આવક કરી છે તેના પરથી સફળતા આંકવામાં આવે છે.

★

## સંસદ સંકલ્પ

૬૦મા વર્ષની ઉજવણી પ્રસંગે દિવસભરની ચર્ચાના અંતે સંસદે તાજેતરમાં ઠરાવ પસાર કર્યો હતો. લોકસભાનાં અધ્યક્ષ મીરાકુમાર અને રાજ્યસભાના અધ્યક્ષ હમીદ અન્સારીએ મૂકેલી દરખાસ્તને સભ્યોએ ધ્વનિમતથી એક અવાજે સ્વીકારી હતી. આ ઠરાવમાં સંસદની ગરિમા, પવિત્રતા અને સર્વોચ્ચતા જાળવી રાખવા, સંસદને લોકતાંત્રિક સિદ્ધાંતો અને મૂલ્યોને સુદ્રઢ કરવાનું અને પરિવર્તનનું પ્રભાવી સાધન બનાવવા, સંસદના માધ્યમ દ્વારા લોકો પ્રત્યેની જવાબદારી વધારવા તથા રાષ્ટ્ર નિર્માણના પવિત્ર લક્ષ્ય પ્રત્યે પોતાની જાતને પુનઃ સમર્પિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

***(સમાચાર પત્રોના વૃત્તાંતમાંથી)***

*દુઃખના સમયમાં તમે મહેનત કરેલી, બુદ્ધિ ચલાવેલી અને મગજને સદા સતેજ રાખ્યું હતું. હવે સુખ આવ્યું એટલે એમ ન માની બેસતા કે મહેનત કરવાની જરૂર નથી. મગજનું કંઈ કામ નથી. સિદ્ધિ પ્રાપ્ત થયા પછી બુદ્ધિની ધારને સદા સતેજ રાખવી પડે છે. કારણકે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એને ધૂળધાણી કરી નાખવા માટે અનેક જાતના દુશ્મનો નવા નવા સ્વાંગમાં હાજર થાય છે. પછી આ સિદ્ધિ આધ્યાત્મિક હોય કે પાર્થિવ. સુખના સમયમાં જેની વિવેકબુદ્ધિ ટકી રહે છે તે જ જીવનના અંત સુધી સુગંધ માણી શકે છે.*

## સુવર્ણ જયંતી સમારોહ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે અમો, આપ સૌ પદાધિકારીઓ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

નાનકડી કૂંપળમાંથી વટવૃક્ષ બનેલી આ સંસ્થા આજે સમાજોપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમે છે, તે બાબત માત્ર અમદાવાદ જ નહીં પરંતુ ભારતમાં અને વિશ્વભરમાં વસતા કચ્છી જૈન સમુદાય માટે ગૌરવાન્વિત કરનાર છે.

આપની સંસ્થાનો વિકાસ વિરાટ ગતિએ આગળ વધે, ને સમાજની સર્વાંગી પ્રગતિના પાયાના પથ્થરનો ભાગ ભજવે એવી મનઃપૂર્વક મહેચ્છા સાથે.

*રતિલાલ ગાંગજી સાવલા, પોપટલાલ છેડા - દાદર (ઈસ્ટ), મુંબઈ*
*(હરકિશનદાસ હોસ્પિટલ, શ્રી લાલજી શ્રીપાલ ભેદા ટ્રસ્ટ)*

• • • • •

## સુવર્ણ જયંતી વર્ષ

આપના તા. ૨૦-૩-૨૦૧૨વાળા પત્રથી સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહમાં હાજર રહેવા માટે આગોતરું આમંત્રણ પત્ર + પાછળથી તેના અનુસંધાને નિમંત્રણ પત્રિકાને માન આપી તા. ૧૪-૪-૨૦૧૨ના અમદાવાદના આંગણે આપે જે ચારે-ચાર અવિસ્મરણીય કાર્યક્રમો ગોઠવેલ હતા તેમાં હાજરી આપેલ હતી.

તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ વડોદરાના અમુક મહેમાનો પધારેલ. તેઓની જોડે જ્યારે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' જોયા પછી, આપણા શ્રી નીતિન ધનજી ગાલાનો સહકાર લઈ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના પહેલા માળ ઉપર અમુક દર્દીઓની મુલાકાત લીધી હતી. જેવી રીતે ટાઉન હોલમાં 'સુવર્ણ જયંતી સમારોહ' વખતે સમાજની મૂવી બતાડેલ હતી તેવી રીતે શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતેના દર્દીઓ અને તેમના સગા સંબંધીઓના પ્રતિભાવવાળી મૂવી તૈયાર કરવી જોઈએ. હાલ આખા વર્ષ દરમ્યાનના કોઈક પ્રસંગમાં આ મૂવી બતાડી શકાય. જેઓ શાહીબાગ વિશ્રામ ગૃહ ઉપર નથી આવતા તેઓને પણ ખ્યાલ આવે કે આ દર્દીઓના તથા તેમના સગાઓના કેટલા બધા આશીર્વાદ આપણા સમાજને મળે છે અને આપણી સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે છે તેનો ખ્યાલ આવે.

તા. ૧૩-૫ તથા તા. ૧૪-૫ માટેના મુંબઈ સુમતિ ગુર્જર ભવનના કાર્યક્રમનું આગોતરું આમંત્રણ મળેલ છે. તેમાં ચોક્કસ હાજરી આપીશું.

*ગિરીશ હીરજી દેઢિયા - સાયન (વેસ્ટ), મુંબઈ*

• • • • •


Heartiest congratulations for 2nd programme of **Golden Jubilee Celebration** of **Sri Kutchchhi Jain Sewa Samaj - Ahmedabad** to be celebrated in Mumbai on 13th and 14th May, 2012.

**I wish the programme a brilliant success and please convey my congratulations to everybody.**

Although due to my preoccupation bodily I am unable to remain present with you **but my mind, my thought and my best wishes are always with you to wish the function every success.**

***Premchand Motta - Kolkata***

• • • • •




## 'મુંબઈ-સેમિનાર'ની પ્રતિક્રિયા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચેમ્બુર, મુંબઈમાં આયોજિત સેમિનાર અત્યંત માર્ગસૂચક એવમ્ હેતુલક્ષી બની રહ્યો. માદરે વતન કચ્છ અને મુંબઈ બહાર સ્થાયી પરિવારોની સંસ્થાઓના પ્રતિનિધિઓને આમંત્રીને 'સંગઠને શક્તિ યુગે યુગે'ના સૂત્રને સાકાર કરેલ છે.

સમાજ પ્રત્યે ઋણ અદા કરતાં કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું જાહેર અને મોટા સમૂહમાં સન્માન એક બહારગામની સંસ્થા દ્વારા મુંબઈમાં સંપન્ન થયો! અદ્‌ભુત. ધન્યવાદ!!

સેમિનારમાં વિવિધ વિષયો પર નિષ્ણાત, અનુભવી અને સેવાભાવી વ્યાખ્યાનકારોએ કરેલ છણાવટ ખૂબ જ માહિતીપૂર્ણ એવમ્ માર્ગદર્શક રહી.

સેમિનારમાં રજૂ થયેલ બે સૂચનો (૧) કચ્છની સમસ્યાઓના ઉકેલ અર્થે કેન્દ્રિય સંસ્થાનું સ્થાપન અને (૨) અખિલ ભારત કચ્છી જૈન ફેડરેશન સ્થાપન. આ કામગીરી અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજના નેજા હેઠળ જરૂર શક્ય બનશે એ જ શુભેચ્છા. અમારા તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી.

નંદકભાઈ પંડ્યાનાં વહેતા વાણી પ્રવાહમાં સૌ શ્રોતાઓ તણાઈ ગયા. એમનાં બે સૂત્રો 'ખભ્ભો અને પેરેશુટ' અમને ખૂબ સ્પર્શી ગયાં. એમના જ્ઞાનનો લાભ દક્ષિણ ભારત સ્થાયી પરિવારોમાં ફેલાય

*એકાગ્રતાથી લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો, સફળતા મળશે.*

તે માટે એકમ સક્રિય થયેલ છે.

સફળ સેમિનારમાં અમને ભાગીદાર બનાવી દેશભરની વિવિધ કચ્છી સંસ્થાઓના સન્નિષ્ઠ કાર્યકરોને રૂબરૂ મળવાની, વિવિધ નિષ્ણાતોને સાંભળવાની એવમ દ.ભા.ક.વી.ઓ. જૈન એકમનાં કાર્યોની રજૂઆત કરવા મને આપેલ મંચ બદલ હાર્દિક આભાર. આપની સમસ્ત ટીમને આ દીર્ઘદષ્ટિભર્યા સેમિનારની સફળતા બદલ ખૂબ અભિનંદન.

*કલ્યાણજી કુંવરજી સૈયા - ચેન્નાઈ*

• • • • •

## ૭૨ જિનાલયમાં આદિનાથ ભગવાનને સાચા ગુલાબોનું બલિદાન....

એક મુસ્લિમ મિત્રે 'સંદેશ' અને 'ગુજરાત સમાચાર'ના અહેવાલના કટીંગ્સ મને મોકલ્યા જેમાં કચ્છનાં ૭૨ જિનાલયમાં આદિશ્વર ભગવાનને સાચા ગુલાબોનાં બલિદાન વડે અભિષેક કરાયો હતો અને હજારો ગુલાબોના ફૂલો, અભિષેક બાદ માણસોનાં પગ તળે કચડાયા હતા.

એમની દલીલ હતી કે અમે અલ્લાહને બકરાનું બલિદાન આપીએ છીએ અને તમારા સાચા ગુલાબોનાં બલિદાન વચ્ચે શું ફરક છે? કારણકે જૈન સંપ્રદાય વનસ્પતિમાં પણ જીવ છે એમ માને છે.

મને લાગે છે કે ધાર્મિક ક્રિયાકાંડો વખતે વપરાતાં ફૂલો અંગે ફેરવિચારણા કરવી જરૂરી છે.

એક માતાના ખોળામાંથી માસુમ બાળકને ઝૂંટવીને પથ્થર પર પછાડી બલિદાન આપવા જેવું પાપ આ કૂમળા છોડ પરથી ફૂલો ચૂંટીને ભગવાનની મૂર્તિ પર ચડાવવામાં છે.

*એલ.ડી. શાહ*
*કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન, કોટી વૃક્ષ અભિયાન - બિદડા, કચ્છ*

***નોંધ : ઉપરોક્ત વિષયની પ્રતિક્રિયા શ્રી પન્નાલાલભાઈ કે. છેડા - મુંબઈએ તેમના તા. ૯-૫-૨૦૧૨વાળા પત્રથી શ્રી એલ.ડી. શાહને આપી છે. અને તે પત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા શ્રી એલ.ડી. શાહે અત્રે મોકલાવેલ છે. જે અત્રે પ્રસિદ્ધ કરેલ છે.***

*– મંગલ મંદિર*

---

*પ્રિય એલ.ડી.*

નમસ્કાર સંપ્રસન્ન હશો.

તા. ૨૮-૪-૧૨નો લખેલો તમારો પત્ર ગઈકાલે મળ્યો. તમારા પ્રશ્નના ઉત્તરની મને થોડી સમજ હતી. સદીઓથી આ પ્રશ્ન મૂર્તિપૂજા (બુતપરસ્તી)ની સામે ઊભો રહ્યો છે. ગીતાર્થ જ્ઞાનીઓએ આ પ્રશ્નનો ઉત્તર યોગ્ય રીતે વાળ્યો છે.

ફૂલ એ એકેન્દ્રિય જીવ છે, મનુષ્ય પંચેન્દ્રિય જીવ છે. બંનેમાં જીવ ખરો પણ આયુષ્યના સમયમાં જબરદસ્ત ફરક છે. દીવાની આસપાસ ફરતાં ફૂદાં હોય કે બાગમાં ઊગેલાં પુષ્પો હોય આ બંનેમાં ચેતન છે પણ એમનું આયુષ્ય મર્યાદિત ઘડીઓમાં ગણાય છે, જ્યારે મનુષ્ય સંપૂર્ણપણે સર્વાધિક ચેતના ધરાવતો જીવ છે.

શાસ્ત્રોમાં વિધાન એવું છે કે, તીર્થંકર ભગવંતોની પ્રતિમા પર ચડાવવામાં આવતાં ફૂલ ચૂંટવામાં નથી આવતાં, વીણવામાં આવે છે. પુષ્પાચ્છાદિત વૃક્ષોની નીચે વસ્ત્ર બિછાવેલું હોય અને કાળક્રમે પુષ્પ તેમાં વિલાયાં પહેલાં એ વસ્ત્ર કે ચાદર પર પડે ત્યારે એ ફૂલોની પાંખડીને સ્પર્શ્યા વિના, તેમાં કોઈ પણ પ્રકારનો છેદ પાડ્યા વિના કે દોરો બાંધ્યા વિના માત્ર ફૂલની ટોચની દાંડીને કોમળતાથી ઝાલી, પ્રભુજીના મસ્તકે કે ચરણે ધરવામાં આવે એ સાચી ફૂલપૂજા ગણાય.

પ્રાકૃતિક રીતે મળતાં આવાં ફૂલ અને પાણી આ બંને એટલે કે ફૂલપૂજા અને જળપૂજા દરેક શ્રાવકે કરવી જોઈએ એવું વિધાન છે.

આપણાં જિનાલયો હંમેશાં એવા ઉપવનોમાં નિર્માણ થતાં જ્યાં આ શુદ્ધ પેયજળ અને પુષ્પ સૃષ્ટિ પ્રાપ્ત થતાં, અન્યથા જ્યાં પણ જિનાલયનું નિર્માણ થવાનું હોય ત્યાં ઉદ્યાન બનાવવામાં આવતાં.

આજે પણ આપણા દેરાસરોના પરિસરમાં નાના નાના ફૂલોના છોડ, વેલ આદિ ઉછેરવામાં આવે છે. જેઓ શાસ્ત્રોને સમજે છે તેઓ આવી રીતે મળતાં એકાદ બે ફૂલ પ્રભુજીનાં અંગો પર ચડાવી પ્રભુ ભક્તિનો આનંદ અને સંતોષ મેળવે છે.

હવે આ સંદર્ભમાં કદાચ શાસ્ત્રીય નહિ હોય એવી વાત કરું. મારા ઘરની નાનકડી અગાસીમાં ફૂલના બે ત્રણ કુંડાઓ છે. એનાં પર સરસ મજાનાં રંગીન ફૂલો ઊગે છે. નાના બાળકને ઉછરતો જોઈએ તેમ આ ફૂલને ખીલતું જોઈ આપણું મન પ્રસન્ન થઈ ઊઠે છે. ત્યાંજ એક પ્રશ્ન જાગે છે કે આ પુષ્પો હવે કેટલી વાર? એનું આયુષ્ય કેટલું?

બચપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા જેમ આપણા જીવનના ત્રણ તબક્કા આવે છે, ગણધર ભગવંત ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછેલો પ્રશ્ન 'કિં તત્તમ?' એ પ્રશ્નના જવાબમાં તત્ત્વનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું હતું 'ઉપ્પને હ વા, વિગમેઈ વા, ધુવે હવા ।' સર્જન, સંવર્ધન અને વિસર્જન આ ત્રણેય ક્રિયાઓ નિયમિતપણે જગતમાં ચાલે છે એવા સમયે ઉદ્યાનમાં ખીલેલું ફૂલ જે માત્ર થોડી ઘડીઓમાં વિલાઈ જશે, નીચે પડશે, પગની એડીઓ નીચે કચડાશે, છેલ્લે કચરા સાથે ગટરમાં જશે એવું ફૂલ ચૂંટીને કોઈ પ્રભુજીના ચરણે ચડાવે તો ઘડીમાં વિલય પામનાર આ એકેન્દ્રિય જીવ ઘડીભર પણ પ્રભુજીના ચરણે રહેશે તો શાતા નહિ અનુભવે? વિચારજો.

અહિંસાના સંદર્ભમાં આ વાતને કઈ રીતે મૂલવીશું? આત્મશુદ્ધિ અને તેના સાધન અહિંસા, સંયમ તથા તપ માટે મહાવીર સ્વામીનો મુખ્ય આગ્રહ અને ઉદ્દેશ હતો. તે માટેના બાહ્ય કર્મકાંડો વિશે તો તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને વર્તવાની ભલામણ કરી ગયા છે.

*જિંદગી તરફ પીઠ ફેરવીને બેસવાથી કંઈ નહીં વળે, સામનો કરો.*

અહિંસાની સાધના માટે તેમણે બનાવેલા બે માર્ગ સર્વ વિરતિ અને અંશ વિરતિ છે. સર્વ વિરતિ એટલે સાધુમય જીવન જે તમામ પ્રકારની પ્રવૃત્તિઓથી દૂર રહે, જ્યારે અંશ વિરતિ એટલે અમુક મર્યાદાઓ સ્વીકારીને હિંસામય પ્રવૃત્તિઓથી અટકી જવું. આંતર પરિગ્રહનો જેટલે અંશે ત્યાગ તેટલે અંશે જીવન અહિંસામય. અહીં 'અહિંસા' એટલે 'હિંસા નહિ' એ રીતે તેનો અર્થ નિષેધાત્મક છે.

આ વાતને સમજવા પ્રભુજી એક દૃષ્ટાંત આપે છે કે જેમ ભમરો વૃક્ષના વિવિધ ફૂલોમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે તેમ છતાં તે ભમરો ફૂલોનો વિનાશ નથી કરતો. ફૂલોને દુ:ખ કે ત્રાસ થાય તેવું નથી કરતો. તેવી રીતે મનુષ્યે ભમરાની પેઠે પોતાની જાતને નભાવવી જોઈએ. જીવન નિર્વાહ માટે જે કંઈ મેળવવું હોય તે અહિંસા ધર્મને છાજે તે રીતે મેળવવું જોઈએ.

આપશ્રીએ ઉપસ્થિત કરેલ પ્રશ્ન બાબત મને જે ખ્યાલ હતો તે મેં લખ્યું છે. પ્રશ્નની આસપાસના સંદર્ભોનો વિચાર કરી લખ્યું છે. સાંપ્રત સમયમાં યુવાવર્ગના મહાન પથદર્શક, જ્ઞાતા અને જીવદયાના પ્રખર સમર્થક - ધોળકા રહેતા શ્રી કુમારપાળભાઈ વી. શાહ અને 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન તંત્રી શ્રી ધનવંતભાઈ શાહ સાથે પણ આ પ્રશ્નની ચર્ચા કરી હતી. લખાણમાં કોઈ દોષ હોય તો તેનો હું જરૂર સ્વીકાર કરીશ.

*પન્નાલાલ કે. છેડા - મુંબઈ*

• • • • •

## માતૃભૂમિ કચ્છમાં પરત ફરવા ત્યાંની હાલે ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો

આપણે જ્યારે ૨૧મી સદીમાં વિકાસની તકો જોવા જઈએ ત્યારે એક વાતનો ખ્યાલ આવશે જ. ૨૦મી સદીમાં વિકાસને નામે આ ધરતીના બધા સંસાધનો ખોદીને વાપરતા ગયા. ઠીક ઠીક ઓછા થઈ ગયા, બહુ મોંઘા થઈ ગયા અને સાથે સાથે મોટે પાયે પ્રદૂષણ પેદા થયું અને સૌથી દુ:ખદ કહીએ તો શ્રીમંતો અને આમ આદમી વચ્ચે ખૂબ જ મોટો તફાવત પેદા થયો.

આપણે મહાજન પરંપરામાં ઉછર્યા છીએ. એમ કહેવાય કે મહાજન ૧૮ વરણોને સાચવે અને એ દૃષ્ટિએ મહાજન ભાવથી કચ્છમાં વિકાસની તકો જોવાય તો અદ્‌ભુત તકો દેખાય. કચ્છમાંથી કેરળ જેટલા મોટા રણને બાદ કરીએ તો ૨૦ લાખ હેક્ટરથી વધારે જમીન વિસ્તાર થાય. તેમાં ૯૭ નદીઓ અને ૧૬૮ સિંચાઈના ડેમમાં હવે દર વરસે ૧૨ ઈંચથી વધારે વરસાદ આવે છે એટલે ૨૨ લાખ હેક્ટર ફૂટ પાણી પડે છે.

અમે ૭૪ની સાલથી કચ્છમાં કામ કરીએ છીએ. શરૂઆતમાં વરસાદના પાણીને સાચવતાં શીખતા હતા. ખેતી અને પશુપાલન પર પણ સંશોધનો કરતા હતા. એને માટે શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ. સંશોધન અને કેળવણી સમાજને પહોંચાડતા હતા એમાંથી મહાજનપણાનો અર્થ સારી રીતે સમજ્યા.

કેટલીક સરકારી યોજનાઓમાં પણ ભાગીદારી કરી શક્યા. મુખ્ય તો વોટર શેડના પ્રોગ્રામોમાંથી ગામના લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુદ્રઢ થતી જતી હતી. એમાંથી વધારે મોટા વ્યાપ પર જવાબદારી સ્વીકારતા ગયા.

ત્રણ વર્ષથી અનિશ્ચિત હવામાનની અસરો કચ્છમાં પણ દેખાતી ગઈ. અમને એવી પરિસ્થિતિ વચ્ચે જણાયું કે, લોકોને સંગઠિત કરીએ તો કામ સરસ થાય. વર્ષોથી એમની સાથે કામ તો કરતા જ હતા. હવે એમના વિચારો માંગ્યા. ખૂબ સરસ પ્રતિભાવ આવ્યો "તેમાં રૂકમાવતી નદી વિસ્તારમાં સાથે મળીને કામ કરીએ." બહેનોનો એનાથી પણ સરસ પ્રતિસાદ હતો. આ વિષય પર ત્યાંના યુવાનોને વિવિધ અભ્યાસો માટે કેળવણી આપી. ત્રણ મહિના ત્યાંના ભૂસ્તર જમીન, ખેતી, પશુપાલન, કૂવાઓ, તળાવો, બીજી વનસ્પતિ, સામાજિક સ્થિતિ વગેરેનો સરસ અભ્યાસ થયો.

સરદાર જળસંચય યોજનાના પ્રમુખ અનંતભાઈ દવેને આ યોજના બતાવી ત્યારે બહુ ખુશ થયા. આ નદી પર જ બીજા ૫૧ ડેમો બાંધવાનું સોંપ્યું હતું. તે કામ પણ શરૂ કરાવ્યું. ચોમાસું આવે એની પહેલાં ૨૩ ડેમ તૈયાર થઈ ગયા. આ વર્ષે બધા મળી ૪૪ ડેમ તૈયાર થઈ ગયા. જૂના ડેમમાં કાંપ કાઢવાનું ગામલોકોએ શરૂ કર્યું. આ બધાં કામોથી કૂવામાં પાણી ઉપર આવ્યું. પાક ઉત્પાદન વધ્યું. હવે એમાંથી આ ૪૬ ગામોના લોકોની એક પ્રોડ્યુસર કંપની બની ગઈ છે.

૨૫મી ફેબ્રુઆરીએ સરસ સંમેલન ગોઠવ્યું હતું. લગભગ ૨૦૦૦ ભાઈઓ અને બહેનો ભેગા મળ્યાં. ભવિષ્યનું એક સુંદર ચિત્ર ઊભું થઈ રહ્યું. હવે ભવિષ્ય કેવું બનશે એના પર વિચારો આવવા લાગ્યા.

એક સરસ ચિત્ર, અને સરખામણી પણ કરવા મળી. અહીં આ ૪૫ ગામોના લગભગ ૭,૦૦,૦૦૦ હેક્ટર જમીન પર સંકલિત રીતે પાણી સાચવીએ છીએ. એની જ પેદાશમાં સુરક્ષિત છીએ. અહીંની યુવા પેઢીના ભવિષ્ય માટે કેવી કેળવણી આપીશું એ દેખાય છે. રહેણાંકના પ્રશ્નો નથી. આખો સક્ષમ, જવાબદાર અને સંગઠિત

**KUTCHI JAINS**

The Kutchis in general and the Kutchi Jains in particular have always been pillars of our readership throughout the history of the Bombay Samachar and I sincerely hope that their activities will continue to multiply and we shall be delighted to carry such reports in the Bombay Samachar.

I look forward to receiving a copy of the Seminar Report of your Golden Jubilee Conference and I take this opportunity of wishing you and through you the conference every success.

***Muncherji N M Cama***
***Managing Director – "Mumbai Samachar"***

*જ્ઞાન કરતાં કલ્પનાશક્તિ વધુ શક્તિશાળી છે.*

સમાજ બની રહ્યો છે.

એની સામે જો આજના કોઈપણ શહેરને જોઈએ તો પાણી બહારથી આવે છે અને એનું ૮૦ ટકા પાણી ગંદું બનાવી બહાર ફેંકી દેવાય છે. અનાજ બહારથી આવે છે અને એની સામે કચરાના ઢગલા થાય છે. યુવા પેઢી માટે નિશ્ચિત ભાવિ માટેના શિક્ષણનો પણ અભાવ છે. સમાજ સંગઠિત તો પૂરો છે જ નહિ. પ્રદૂષણ અને મોંઘવારી વધતાં જાય છે.

અમારો તો આ નાનકડો પ્રયોગ છે. પણ એક દેખાય છે. અહીં સમાજને જોડી શકીએ છીએ. હવેના દાયકા માટે તો વિકાસ કરવાનો છે. તે તો પંચ તત્ત્વ અવકાશ, સૂર્ય, વાયુ, જળ અને જમીનના સંકલિત સહયોગથી જ થઈ શકે. સારે નસીબે આપણું ભારતીય વિજ્ઞાન અને પ્રગતિ બ્રિટિશરો આવ્યા ત્યાં સુધી એને આધારિત જ હતા. એને આધારે જ સરસ સામાજિક સુવ્યવસ્થા હતી. દેશ એ રીતે સાંસ્કૃતિક એકતાથી ઊભો હતો.

આવો વિકાસ કચ્છમાં તો કરીએ જ. પણ સંભવ છે કે આ કેળવણી દ્વારા આપણે અત્યારે જ્યાં છીએ ત્યાં પણ એનો વ્યાપ વધારીએ.

એવું લાગ્યા જ કરે છે આપણી જૂની મહાજન પરંપરાને આધારીત જ સાચો વિકાસ શક્ય છે.

*કાંતિસેન શ્રોફ*

• • • • •

## સંચાલન - સરાહનીય

'મંગલ મંદિર'ના સુવર્ણ જયંતી વર્ષનો અંક અતિ સુંદર, સુમાહિતી સભર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ૪૯ વર્ષની મંજિલને ઉજાગર કરતો અંક છે. મંગલ મંદિરે ઉચ્ચ મટીરીયલ, પાનાં વગેરે તથા ક્ષતિરહિત પ્રિન્ટીંગની સભરતા સતત જાળવી રાખેલ છે એ આનંદની વાત છે.

અતિ ઉપયોગી, વધારેમાં વધારે વાંચન સામગ્રી મંગલ મંદિરના વાચક વર્ગને મળી રહે તેની તકેદારી સરાહનીય છે.

મે માસના અંકમાં સમાવિષ્ટ લેખોમાં, કચ્છ શિક્ષણના છ દાયકા - શ્રી હરેશ ધોળકિયા, કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ - શ્રી એલ.ડી. શાહ, ધાર્યું ધણીનું થાય - શ્રી વીજળીવાલા, સિલેક્ટિવ મોરાલિટી - શ્રી મુરજી ગડા, હું તારો દોસ્ત છું, દુશ્મન નથી, જીવન સુરભિ — આ બધા લેખો અત્યંત મનનીય, ઉપયોગી અને આમ વાચકને ઘણું જ્ઞાન, માહિતી અને મનન કરવાની સામગ્રી પૂરી પાડે છે.

'મંગલ મંદિર'ની સંપાદક ટીમ 'મંગલ મંદિર'ને પોતાનું જ પત્ર માની જે ઉત્સાહ અને ધગશથી સંચાલન કરી રહેલ છે તે ખરેખર સરાહનીય અને અભિનંદનને પાત્ર છે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

• • • • •

## મેડિકલ સેન્ટરની પ્રશંસનીય કામગીરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરે આયોજિત કરેલ આંખના મોતિયા સંબંધી તા. ૨૨-૪-૨૦૧૨ના કેમ્પ દ્વારા મેં મારી આંખના મોતિયાનું ઑપરેશન આપને ત્યાં કરાવેલ હતું, જે ઘણું સફળ નીવડેલ છે. મેડિકલ સેન્ટરનાં ડૉક્ટર અને સ્ટાફે આંખના નિદાન અને ઑપરેશનમાં ઘણી સારી રીતે કામગીરી કરીને ખૂબ સાથ - સહકાર આપેલ છે. તે સર્વેનો ખૂબ આભાર. આપની આ બધી પ્રવૃત્તિઓ ઘણી પ્રશંસનીય અને લોકોને હંમેશાં આશીર્વાદરૂપ રહી છે.

*ચંદુભાઈ વી. ગજ્જર - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૧૫૦૬૭*

• • • • •

'મંગલ મંદિર' મે ના અંકમાં શ્રી મુરજીભાઈ ગડાએ અસ્પૃશ્યતા વિશે પણ વિસ્તારથી લખેલ છે. એમાં થોડું ઉમેરણ રૂપે જણાવવાનું કે વેદમાં વર્ણવાદ છે પણ અસ્પૃશ્યતા નથી. ઉપનિષદોમાં અને વાલ્મીકિ રામાયણમાં પણ નથી. વા.રા.માં ઉત્તરકાંડમાં એક શુદ્ર નામે શંબુક તપસ્યા કરે છે. શુદ્ર તપસ્યા કરે એ ઘોર પાપ ગણાય એટલે રામ શંબૂકનો વધ કરે છે. રામના આ કૃત્યની દલિતો દ્વારા ખૂબ ટીકા થયેલી છે. પરંતુ આ આખોયે ઉત્તરકાંડ વાલ્મીકિનો લખેલ જ નથી / કોઈક બીજા આચાર્યે પાછળથી વા.રા.માં ઘુસાડેલ છે. આ ઉત્તરકાંડ એટલે સીતા ત્યાગ, લવકુશ જન્મ, અશ્વમેઘ યજ્ઞ, છેવટે સીતાનું જમીનમાં સમાઈ જવું વગેરે વગેરે. અને એટલે જ તુલસીદાસજીએ પોતાના માનસ રામાયણમાં ઉત્તરકાંડનો ત્યાગ કરેલ છે.

વેદ અનુસાર બ્રાહ્મણોનો ધર્મ પઠન - પાઠન, અધ્યયન - અધ્યાપન. ક્ષત્રિયનો ધર્મ રાજ્ય વ્યવસ્થા અને સંરક્ષણ, વૈશ્યો એટલે તમામ પ્રકારનો વ્યાપારી વર્ગ ઉપરાંત તમામ પ્રકારનો કારીગર અને કલાકાર વર્ગ તથા ખેડૂત વર્ગ અને સાફસફાઈ અને સેવાકાર્ય એ શુદ્રોનો ધર્મ એવી વ્યવસ્થા ગોઠવાયેલી.

સાફસફાઈ અને સેવા કાર્યમાં રોકાયેલો વર્ગ શુદ્ર જરૂર હતો પણ તેમને અસ્પૃશ્ય ગણવામાં આવતા ન હતા.

શુદ્રોને અસ્પૃશ્ય ગણવાની પ્રથા પાછળથી દાખલ થઈ અને મનુ સ્મૃતિથી એને સમાજ માન્યતા મળે એવો જોરદાર પ્રયાસ થયો. નવાઈ એ વાતની છે કે વર્ધમાન મહાવીરે તો વર્ણ વ્યવસ્થાનો જ અસ્વીકાર કરેલો. એટલે શુદ્ર શબ્દનો જ અસ્વીકાર કરેલો. અસ્પૃશ્યતા જૈન માર્ગમાં છે જ નહીં.

પરંતુ વૈદિકોના પ્રભાવમાં આવીને જૈનોએ પણ તત્ત્વજ્ઞાનમાં નહીં પરંતુ વ્યવહારમાં - વર્ણ વ્યવસ્થા સ્વીકારી લીધી એ શુદ્રોને વ્યવહારમાં અસ્પૃશ્ય ગણવાનું પણ કબૂલ રાખ્યું. આપણા દેશના પતનમાં જ્ઞાતિવાદ અને જાતિવાદનો સૌથી મોટો ફાળો છે. જો કે સંપ્રદાયવાદનો ફાળો પણ જરાય ઓછો નથી.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

*જ્ઞાન આપણાં મગજમાં નહિ, બલકે એ અત્યંત વિસ્તૃત પર્યાવરણમાં રહેલું છે.*

## 'મંગલ મંદિર' આલોચના

'મંગલ મંદિર' મે-૨૦૧૨ના મુખપૃષ્ઠ અને તંત્રીલેખમાં મનનીય ભાવનાઓનું મનનીય વિચારબીજ માણ્યું. 'સાદડી' અને વરઘોડાની પરંપરામાં સમાજમાં સમાવિષ્ટ વિચારસરણીને રાષ્ટ્રીય વિચારસરણીમાં નિઃસ્વાર્થ ભાવનામાં પલોટવાની આપની વાત ક્રાંતિકારી છે. દેશ સેવકોમાં આનો સંદેશ વિરાટ બનશે જ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનું સુવર્ણ જયંતી વર્ષ યાદગાર, સમાજોપયોગી અને દેશોપયોગી કામોથી ભરપૂર છે. નવા જમાનાને અનુરૂપ આપના વિચારો સાચા માનવધર્મના દર્શન કરાવે છે.

'મંજુલ હરખ ધામ'થી શરૂ થયેલ વિકાસયાત્રા અવર્ણનીય છે. 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' ફોર્માલિટી વગરનાં પ્રવચનોની વાત, સુંદર સ્મરણીય ફોટોગ્રાફ્સ, ફુટનોટના સુવિચારો, લેખો વગેરે ગમ્યા.

વર્તમાન સમયની કાળી કાળી વાદળીમાં શિક્ષણ, સમાજ, ધર્મ અને આવતીકાલની આશા સમા સપનાંઓની વીજના ચમકારા હૃદયસ્પર્શી છે. પરિવારની ભાવનામાં અનોખા માનવ સર્જન તરફ જવાનું જ છે.

નીર માટે તલસતી જનતા, ખાડા ટેકરાઓથી ભરપૂર રસ્તા, કાર્ય નિષ્ઠાના અભાવમાં ગંધાતી વહીવટી ગટરો, વીજ ધાંધિયા, આરોગ્ય સેવાઓને નિષ્પ્રાણ બનાવતો વહીવટ અનેક વિકાસ કાર્યોનાં બણગાં ફુંકતા સમારંભોના ઝળહળાટને ખાઈ જાય છે. જ્ઞાતિવાદ અને રાજકારણના ડખાઓ વચ્ચે જનતાની દબાતી ચીસ ઓતરાદા વાયરા ઊઠો ઊઠોની યાદ અપાવે છે. આવા સમયમાં આપના જેવાઓનાં કાર્યો ઉજ્જવળ આવતીકાલ માટે જાણે વિવેકાનંદજીનો સંદેશ આપે છે. 'ઊઠો જાગો.....'

*રમેશ છબીલાલ દવે - ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૫૧૨૦૦*

# અન્ય સંસ્થા સમાચાર

## શ્રી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - અમદાવાદનું

### સ્તુત્ય કાર્ય

શ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કલાપ્રભ સૂરીશ્વરજી મ.સાહેબની પ્રેરણાથી શ્રી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - અમદાવાદ તરફથી રૂા. ૨૧,૦૦૦/- પૂ. સાધુ - સાધ્વીજી માટેના વૈયાવૃત્ય ખાતામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ભેટ આપેલ છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

પૂ. સાધુ - સાધ્વીજી પ્રત્યેના આવા ઉત્કૃષ્ટ કાર્ય માટે શ્રી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - અમદાવાદ અને તેના હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અબોલ જીવોને અભયદાન બક્ષવા ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ અને તેના સંચાલક શ્રી બચુભાઈ રાંભિયાની ઉત્કૃષ્ટ કામગીરી

કઠલાલ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાંથી તા. ૧૮-૫-૨૦૧૨ના રોજ વહેલી સવારે ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા કુલ સાત અબોલ જીવો સાથેની એક ગાડીને ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના મુખ્ય સંચાલક શ્રી બચુભાઈ પી. રાંભિયાની સમયસર અને ચોક્કસ માહિતીના આધારે કઠલાલ પોલીસ મથકના અધિકારી અને સ્ટાફવર્ગની મદદથી બચાવી લેવામાં આવેલ હતા. તમામ અબોલ જીવોને પાંજરાપોળમાં દાખલ કરીને અભયદાન અપાયું હતું તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ■

## યાત્રા ધ્યાનસ્થ માનવીને ચેતનાથી ભરી દે છે

**(અનુસંધાન : પાના નં.-૮૩ ઉપરથી ચાલુ)**

જણાશે. એવા કાશીને જોવાથી કાશીની મૂળ પવિત્રતાથી અછૂતા જ પરત ફરવાનું થશે. એ ધરતીમાં છુપાયેલાં પરમ તત્ત્વોની અનુભૂતિ પ્રાપ્ત નહિં થઇ શકે.

આજના જમાનામાં માનવી માત્ર ફરવા - રજાઓ ગાળવા બહારગામ નથી જતો. તે અજાણ્યા ગામનાં મકાનો - તળાવો - બગીચા જ જોવા નથી જતો. પ્રવાસથી તે જ્ઞાનપ્રાપ્તિની પણ અપેક્ષા રાખે છે. માનવી જે પ્રદેશમાં જાય છે ત્યાંની પ્રકૃતિ-સંસ્કૃતિ-સંગીત-કળા-ઈતિહાસ-રીતરિવાજ-પહેરવેશ અને વિશિષ્ટતાથી પરિચિત થવા ઈચ્છે છે. સવારથી સાંજના પ્રકૃતિના રંગો જાણવા ચાહે છે. પોતાના શ્વાસમાં એ વિસ્તારની ખૂબીઓ ભરવા ચાહે છે. એ સ્થળની અનુભૂતિઓ આત્મસાત કરવા ચાહે છે. તેથી જ પ્રવાસમાંથી પરત ફરતાં થાકને બદલે વધુ તાજગી સાથે પોતાની સામાન્ય જિંદગીમાં ઓતપ્રોત થાય છે. મનની પવિત્રતા સાથે-પ્રવાસન સ્થળની અનુભૂતિ તેમજ પ્રાકૃતિક સૌંદર્ય માણવા સાથે દેશની મૂળ સંસ્કૃતિને પોતાની અંદર સમાવી પોતાના જીવનને અલગ જ સૌંદર્યથી ભરી શકે છે.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૧૫૭૫*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*મે – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યૂ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- કાંતિલાલ એસ. ફોફરિયા — કોઈમ્બતુર
- અમર ઉમરશી રાંભિયા — નડિયાદ.

### ૫ વર્ષનું લવાજમ

- પોપટલાલ ખીમજી દેઢિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- જયંત કે. શાહ — કલીકટ (કેરાલા)
- હરીશ જવેરચંદ ગાલા — સોલાપુર (મહારાષ્ટ્ર)
- નરેશ જવેરચંદ ગાલા — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- પ્રસન્ન એન. આસર — પ્રભાદેવી, મુંબઈ
- નરેશ બી. શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- મંજુબહેન ગંગર — પાર્લા (ઈસ્ટ), મુંબઈ
- જાસ્મીન જી. વીસરિયા — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- રાજેશ મેઘજી શાહ — ચેમ્બુર, મુંબઈ
- તલકચંદ વેલજી શાહ — ભાંડુપ (વેસ્ટ), મુંબઈ
- ભરત રમેશભાઈ શાહ — વાસણા રોડ, વડોદરા
- નિકુંજ દામજી શાહ — નાગપુર (મહારાષ્ટ્ર)
- હસમુખભાઈ ચંપકલાલ મહેતા — પાલડી, અમદાવાદ
- હંસરાજ વી. શાહ — કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ
- વિમલ જી. મહેતા — ગાંધીધામ (કચ્છ)

### ૩ વર્ષનું લવાજમ

- જિતેન ખીમજી લાલન — જબલપુર (મ.પ્ર.)
- વિજય અમરશી વોરા — જામનગર

### ૫ વર્ષનું લવાજમ

- વલ્લભજી કેશવજી વોરા — દાણાબંદર, મુંબઈ
- પંકજ માવજી રાંભિયા — નાયગાંવ, મુંબઈ.
- શાહ મણિલાલ ગાંગજી એન્ડ કું. — દાદર (ઈસ્ટ), મુંબઈ
- અરવિંદ તુળજાશંકર સોમપુરા — દહીંસર (ઈસ્ટ), મુંબઈ

### આજીવન લવાજમ

- ભૂપેન્દ્ર ઠાકરશી શાહ — વડાલા, મુંબઈ
- ઉમેશ ખેતશી મહેતા — મલાડ (વેસ્ટ), મુંબઈ
- અમૃત ગાંગજી ગોસર — ઈંદોર (એમ.પી.)
- કિરણ વી. શાહ — ચેન્નાઈ

# ‘મંગલ મંદિર’ના પૂરા થતાં લવાજમની વિગત

## જૂન-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | સુધીર જયચંદ શાહ | રાજકોટ |
| ૨. | જયસુખભાઈ પારેખ | ભુજ |
| ૩. | રાકેશ શાહ | સામખિયાળી, કચ્છ |
| ૪. | નેમીચંદ એસ. જૈન | ગાંધીધામ, કચ્છ |
| ૫. | હરેશ પ્રવીણચંદ્ર શાહ | માંડવી, કચ્છ |
| ૬. | શિવજી દામજી લોડાયા | રાપરગઢ, કચ્છ |
| ૭. | સીમ્યાક વુમન્સ ક્લબ | પાલડી, અમદાવાદ |
| ૮. | અરવિંદ મણિલાલ શાહ | સેટેલાઈટ, અમદાવાદ |
| ૯. | પ્રો. સુધીર મુખરજી | વિદ્યાનગર |
| ૧૦. | વર્ધમાન એમ. શાહ | વડોદરા |
| ૧૧. | અશ્વિન એસ. શેઠ | પ્રાર્થના સમાજ, મુંબઈ |
| ૧૨. | ભાવના નરેશ તોલિયા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | વશનજી આર. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કુંવરજી જેઠાભાઈ ખોના | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | કેતન દામજી ફુરિયા | ઘાટકોપર, મુંબઈ |
| ૧૬. | મનોજ લક્ષ્મીકાંત શાહ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | દીપેશ ભરત શાહ | ધુલીયા (મહારાષ્ટ્ર) |
| ૧૮. | નીલેશ રવિલાલ શાહ | ઇંદોર (એમ.પી.) |
| ૧૯. | પોપટલાલ તેજશી છેડા | હૈદ્રાબાદ |
| ૨૦. | પંકજ એજન્સીઝ | કોચીન (કેરાલા) |

## વાંધા વચકા

સ્વભાવની વાત છે, ભાઈ. કોઈનો સ્વભાવ કામ કરવાનો હોય તો કોઈનો સ્વભાવ વળી વાંધા ઊભા કરવાનો હોય. કાર્ય કરવાનો નિર્ણય કરીને બેઠેલો માણસ જાતે તો ક્યાંય વાંધો પાડતો નથી પણ કોઈ આદતને પરવશ બનીને વાંધા વચકા ઊભા કરે તેને પણ હળવેકથી બાજુએ મૂકી પોતાનું કાર્ય આગળ ધપાવે છે. આજનો કાળ એવો છે કે સરળતાથી તમારું કોઈ કામ આગળ વધી શકે જ નહીં. વાંધા અરજીઓ કરનારી જમાત તૈયાર જ બેઠી હોય.

આ જમાતમાં કામ કરવાની ત્રેવડ હોતી નથી પણ કોઈના પણ કામમાં કાંકરીચાળો કરવાની તાકાત કે કુટેવ જે કહો તે, હોય છે. સાહિત્યની દુનિયામાં એવું કહેવાય છે કે લેખક તરીકેનું નામ બનાવવામાં જે લેખક નિષ્ફળ જાય છે તે વિવેચક બને છે અને પછી લેખકના લખાણમાંથી વાંધા કાઢી સંતોષ માને છે.

ઘણા બધા લોકો આવી તાસીરવાળા હોય છે. પણ કામ કરનારા લોકો તો એ લોકોની ચિંતા કર્યા વિના આગળ વધે છે અને આગળ વધવું જ રહ્યું. સારા કામ ઝાઝા અને સમય ઓછો - થોડો હોય છે.

***ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

# સાર સમાચાર

***સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી***

૧. ચીનમાં કેટલાંક ભૂતિયાં નગરો બાંધવામાં આવ્યા છે. ત્યાં કોઈ રહેતું નથી. પરંતુ બાંધકામ થયું હોવાથી જી.ડી.પી.માં વધારો થતો બતાવવા તે તૈયાર કરવામાં આવ્યા છે. ***(ભૂમિપુત્ર, તા. ૧-૪-૨૦૧૨)***

૨. ઈન્ટરનેટ પર હિંદના શહેરોનાં ૭૫૦૦ માર્ગોનાં તથા સંસ્થાઓનાં નામ જવાહરલાલ નહેરુ તથા રાજીવ ગાંધી સાથે જોડાયેલાં છે. ***(નયા માર્ગ, તા. ૧-૪-૨૦૧૨)***

૩. હિંદની લોકસભાના સ્પીકર મીરાકુમારે તેમની હમણાં યોજાયેલ પાકિસ્તાનની મુલાકાત દરમ્યાન શુદ્ધ ઉર્દૂમાં ભાષણ આપ્યું હતું. જ્યારે પાકિસ્તાન સંસદના સ્પીકર ફતેમિદા મિર્ઝાએ અંગ્રેજીમાં ભાષણ કર્યું. ***(નયા માર્ગ, તા. ૧-૪-૨૦૧૨)***

૪. યુ.એસ. સિક્યુરિટી એન્ડ એક્ષચેન્જ કમિશનના જણાવ્યા મુજબ અમેરિકાની મોન્સેન્ટો કંપનીએ ઈન્ડોનેશિયાના ઓછામાં ઓછા ૧૪૦ અધિકારીઓને 'પર્યાવરણીય અસર મૂલ્યાંકન' તપાસ્યા સિવાય બી.ટી. કપાસને મંજૂર કરાવવા માટે લાંચ આપી. ***(નયા માર્ગ, તા. ૧-૪-૨૦૧૨)***

૫. સ્પેનમાં ૨૫ ટકા યુવાનો બેકાર છે. ઈંગ્લેન્ડમાં દરેક વહીવટી વિભાગના બજેટમાં ૨૦ ટકાનો કાપ મૂકવામાં આવેલ છે. ગ્રીસમાં ધનવાનો કરવેરા ભરતા નથી. અમેરિકામાં પણ ઘણા ધનવાનો કરવેરા ભરતા નથી. જગતનો ત્રીજા નંબરનો ધનિક માણસ વૉરન બફેટ કહે છે કે 'મારા કરતાં ઘણું ઓછું કમાનાર માણસ મારા કરતાં વધારે કરવેરા ભરે છે.' ***(નયા માર્ગ, તા. ૧-૪-૨૦૧૨)***

૬. બાબા રામદેવના દર્શન અને યોગ શિક્ષણમાં ધનના આધારે સ્થાન નક્કી થાય છે. એક લાખથી પચાસ હજારનું દાન દેનારા રેડ કાર્પેટ પર પ્રથમ હરોળમાં બેસે છે અને પાંચ હજારથી ઓછી રકમ આપનારા સૌથી છેલ્લે સાદડી પર બેસે છે. ***(દલિત અધિકાર, તા. ૫-૪-૨૦૧૨)***

૭. ગુજરાત એટ્રોસીટી એક્ટ હેઠળ માત્ર એટ્રોસીટીના જ કેસો ચાલે, તેવી દરેક જિલ્લા દીઠ એક, એમ ખાસ અલગ કોર્ટો બનાવવા માટે કેન્દ્ર સરકાર પાસેથી દર વર્ષે પટાવાળાથી જજ સુધીના સંપૂર્ણ સ્ટાફના પગારની રકમ નિયમિત રીતે વર્ષોથી ગુજરાત સરકાર વસૂલે છે. પરંતુ આ કાયદા હેઠળ આજ સુધી એક પણ કોર્ટની રચના કરવામાં આવી નથી. ***(દલિત અધિકાર, તા. ૫-૪-૨૦૧૨)***

૮. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૧ દરમ્યાન લગભગ ૪૬,૦૦૦ જેટલા તાલીમબદ્ધ લશ્કરી જવાનોએ નોકરી છોડી દીધી છે. ઉપરાંત સી.એ.પી.એફ.ના સશસ્ત્ર દળોના પાંચ હજાર બસ્સો જેટલા તાલીમબદ્ધ અફસરોએ આ ગાળા દરમ્યાન વહેલી નિવૃત્તિ લઈ લીધી છે. ***(સાધના, તા. ૭-૪-૨૦૧૨)***

૯. વર્ષ ૧૯૫૦ સુધી ચીનમાં છ હજાર બૌદ્ધ મઠ અને મંદિર હતાં. તેમાં લગભગ છ લાખ જેટલા ભિક્ષુ - ભિક્ષુણીઓ હતા. વર્ષ ૧૯૭૯ સુધીમાં માત્ર ૬૦ મઠ બચ્યા હતા અને મોટાભાગના ભિખ્ખુ - ભિખ્ખુણીઓની હત્યા થઈ ચૂકી હતી. ***(સાધના, તા. ૭-૪-૨૦૧૨)***

૧૦. સાઉદી અરબસ્તાનમાં કેટલાક ખ્રિસ્તીઓ પોતાના ઘરમાં છૂપી રીતે પ્રાર્થના કરતા હતા. આ વાતની જાણ થતાં જિદ્દાહના સૈન્યના અધિકારીઓએ ઘર પર છાપો મારી સૌની ધરપકડ કરી. ત્યારબાદ ૩ મહિલાઓ સહિત આ તમામ ૩૫ ખ્રિસ્તીઓને ખૂબ માર મારી દેશમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. ***(સાધના, તા. ૭-૪-૨૦૧૨)***

૧૧. મુંબઈની શિવસેનાએ જાહેરાત કરી છે કે જો કોઈ વ્યક્તિ વડાપ્રધાન મનમોહનસિંહના હસતા ચહેરાનો ફોટો લાવી આપશે તેને ઈનામ આપવામાં આવશે! ***(સાધના, તા. ૭-૪-૨૦૧૨)***

૧૨. જેમ્સ પીટરશન નામના અમેરિકન લેખકે પોતે કરાવેલા સર્વેના પરિણામ જાહેર કરતાં જણાવેલ છે કે 'અમારા સર્વેમાં ૨૫ ટકા અમેરિકનોએ જણાવેલ છે કે જો અમને એક કરોડ ડોલર (આશરે રૂપિયા ૫૦ કરોડ) મળી જાય તો અમે કાયમ માટે માતા-પિતા, ભાઈ-બહેન અને સગાંઓને ત્યજી દેવા તૈયાર છીએ. ***(હલચલ, તા. ૨૫-૧૧-૨૦૧૧)***

૧૩. ફ્રાન્સના એફિલ ટાવર પર ૬ લાખ વૃક્ષો રોપવામાં આવશે એમ ત્યાંના 'જિંજર' નામની સંસ્થાએ જાહેર કર્યું છે. ***(સાંવરી, તા. ૧-૧-૨૦૧૨)***

૧૪. અમેરિકાના લોકોએ ૬૪.૪ કિ.મી. રોડ પર સિક્કાઓ પાથરવાનો વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો. હવે મનીલાના લોકોએ ૭૦ કિલોમીટરના રોડ પર ત્રીસ લાખ સિક્કા પાથરી નવો રેકોર્ડ કર્યો છે. ***(સાંવરી, તા. ૧-૧-૨૦૧૨)***

૧૫. જાપાનના એક પહાડી વિસ્તારમાં થયેલા એક મોટરકાર અકસ્માત જગતનો સૌથી ખર્ચાળ અકસ્માત બની ગયો છે. એક ફેરારી કારના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતાં પાછળ આવતી વીસ ગાડીઓ એકબીજા સાથે અથડાઈને ભૂક્કો બની ગઈ. ***(સાંવરી, તા. ૧-૧-૨૦૧૨)***

૧૬. મૂળ કચ્છના માધાપર ગામના પોપટલાલ વાઘજીયાણી (પટેલ)ની દીકરી, ૨૮ વર્ષની સપના, ઈંગ્લેન્ડના પોલીસ ફોર્સમાં સેન્ટ્રલ કોમ્યુનિકેશન કમાન્ડમાં છેલ્લાં ત્રણ વર્ષથી ફરજ બજાવી રહેલ છે. ક્રાઈમનો ભોગ બનનાર લોકોને ત્વરિત મદદ પહોંચાડવી એ એનું મુખ્ય કામ છે. ***(સાંવરી, તા. ૧૬-૨-૨૦૧૨)***

૧૭. છેલ્લાં પાંચ વરસથી પેર સેલ્સટ્રોમ નામના સજ્જન સ્વીડનથી ગોંડલ આવે છે. ગોંડલની 'ઉદ્યોગ ભારતી'માંથી ખાદી ખરીદી

***સંસ્કૃતિ માનવીનું ચારિત્ર્ય ઘડતર કરે છે.***

ત્યાં જ શર્ટ, કુર્તા, ટોપ-દુપટ્ટા બનાવડાવી સ્વીડન લઈ જાય છે. ત્યાં નાસ્કેર શહેરમાં તેમણે ખાદી ભંડાર શરૂ કરેલ છે અને સ્વીડનના લોકોને આ ખાદી ખૂબ ગમે છે. મિ. પેરને કચ્છની બનેલી ચીજો પણ ગમે છે. તે કચ્છ પણ જાય છે અને ત્યાંની ચીજો પણ સ્વીડન લઈ જાય છે.

*(હલચલ, તા. ૨-૩-૨૦૧૨)*

૧૮. બંગાળના મુખ્યમંત્રી મમતા દીદીએ જાહેર કર્યું છે કે રાજ્યની તમામ મસ્જિદોના તમામ ઈમામને રૂા. ૨૫૦૦/-નું માનદ્ વેતન આપવામાં આવશે. ઉપરાંત રાજ્યના દસ હજાર જેટલા મદરેસાઓને સત્તાવાર માન્યતા પ્રદાન કરવામાં આવશે. ઈમામોના સંતાનોને પણ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે. ઈમામોને વગર વ્યાજની લોન આપવામાં આવશે અને સસ્તા ભાવે સરકાર દ્વારા મકાન આપવાની હાઉસિંગ સ્કીમ પણ જાહેર કરવામાં આવશે. *(સાધના, તા. ૧૪-૪-૨૦૧૨)*

૧૯. મધ્ય પ્રદેશ સરકારે જાહેર કર્યું છે કે તે હવે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વયસ્કોને તીર્થયાત્રા કરાવશે. ચારધામ, તિરૂપતિ બાલાજી, શિરડી, સુવર્ણ મંદિર, અજમેર વગેરે સ્થળો માટે રેલવે ટિકિટ અને બસની વ્યવસ્થા કરશે.*(સાધના, તા. ૧૪-૪-૨૦૧૨)*

૨૦. કચ્છમાં પાકિસ્તાન બોર્ડર પરથી 'મુશર્રફ' નામના ઊંટ પર આર.ડી.એક્સ. તથા ગન અને પિસ્તોલ લાવતા ત્રણ ઘૂસણખોરો પર પોલીસે રેડ પાડી. ઘૂસણખોરો ભાગી ગયા. ઊંટ પકડાઈ ગયો. ઊંટ ઉપર કોર્ટમાં કેસ ચાલ્યો. ચુકાદો ન આવે ત્યાં સુધી મુદ્દામાલ તરીકે ઊંટને સાચવી રાખવાનો કોર્ટે હુકમ કર્યો. ૧૯૯૮થી ૨૦૧૨ સુધી – આજ દિન સુધી – લગભગ તેર વર્ષ ઊંટને સરકારે સાચવ્યો. એ ઊંટનું તાજેતરમાં કુદરતી મૃત્યુ થયું છે. *(સાધના, તા. ૧૪-૪-૨૦૧૨)*

૨૧. જૈનોની વસતિ દુનિયાના તેત્રીસ દેશોમાં છે. ઉપરાંત બાવીસ દેશોમાં જૈન મંદિરો છે – અફઘાનિસ્તાન અને પાકિસ્તા સહિત.

*(ચિત્રલેખા, તા. ૩૦-૪-૨૦૧૨)*

૨૨. દારૂલ ઉલુમ દેવબંદે એક ફતવો બહાર પાડી એવી સલાહ આપેલ છે કે મુસલમાનોએ બીજાં લગ્ન કરવાં જોઈએ નહીં.

*(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૨૩. ઈરાકની ધાર્મિક પોલીસે ત્યાંના કિશોરોમાં પ્રિય એવી 'ઈમો' હેર સ્ટાઈલને ગેરઈસ્લામી ગણાવીને આ પ્રકારની હેર સ્ટાઈલ રાખનારા ૯૦ જેટલા કિશોરોને પથ્થરો મારીને મોતને ઘાટ ઉતાર્યા છે અને એમના મૃતદેહોને કચરાની પેટીઓમાં ફેંકી દીધા છે. *(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૨૪. કલકત્તામાં 'અગ્નિવીર' નામના એક સમારોહમાં ૭૫ જેટલા કટ્ટર ગણાતા મુસ્લિમોએ કટ્ટરતા છોડી વૈદિક મંત્રોચ્ચાર કરી જનોઈ પણ ધારણ કરી હતી. *(સાધના, તા. ૨૧-૪-૧૨)*

૨૫. બંગાળના હાવરા ખાતે યોજાયેલા એક સમારંભમાં રાજ્યના અન્ન પુરવઠા ખાતાના મંત્રી જ્યોતિપ્રિયાએ તૃણમૂલના સભ્યોએ સી.પી.એમ.ના કોઈપણ સભ્ય સાથે લગ્ન વગેરે તો શું પણ બોલવાનો સંબંધ પણ ન રાખવાનું સૂચન કર્યું છે.

*(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૨૬. ઉત્તર પ્રદેશ રાજ્યના મુખ્યમંત્રી અખિલેશ યાદવે રાજ્યના બે ખતરનાક આતંકવાદીઓ તારીક કાશ્મી અને ખાલિદ મુજાહિદ જે આતંકવાદી સંસ્થા 'હુજી'ના સભ્ય છે તેમની વિરુદ્ધના કેસ પરત ખેંચવાની જાહેરાત કરી છે. *(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૨૭. ગુજરાતના માણાવદરમાં ગમે ત્યાં સાપ નીકળે તો લોકો માજીદખાન બેલીમને બોલાવી સાપ પકડાવે છે. અત્યાર સુધીમાં માજીદખાને સાત હજાર જેટલા સાપ પકડીને જંગલમાં છોડી આવેલ છે. લોકો તેને સાપ પકડવાના પૈસા આપે છે. આ રકમ માજીદખાન ઘેર ન લઈ જતાં પૂરી રકમ ધર્માદાના કામમાં વાપરે છે. માજીદખાન નમાજ પણ અદા કરે છે, ને મંદિરમાં જઈ શ્રીફળ પણ વધેરે છે. *(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૨૮. ગુજરાત સરકારનાં રોકાણો ઉપર માત્ર ૦.૨૫% જ વ્યાજની ઉપજ છે પણ સામે સરકારે લીધેલા દેવા ઉપર ૭.૬૯% વ્યાજ ચૂકવાય છે એમ કૅગનો રિપોર્ટ જણાવે છે.

*(નિરીક્ષક, તા. ૧૬-૪-૨૦૧૨)*

૨૯. તાજેતરમાં બૅંગ્લોરમાં ચાલી રહેલ આઈ.પી.એલ. ક્રિકેટ મેચ વખતે સ્ટેડિયમ બહાર ગેટ પાસે ખૂબ કચરો પડેલો હતો. સ્ટેડિયમ આયોજકોએ મ્યુનિ. કોર્પોરેશનને કચરો હટાવવા માટે ફોન કર્યો. કોર્પોરેશનના અધિકારીઓએ જવાબમાં જણાવ્યું કે મેચની એક્ઝિક્યુટિવ ક્લાસની ફ્રી ટિકિટો મળશે તો તરત કચરો સાફ કરવામાં આવશે. *(સાધના, તા. ૨૧-૪-૨૦૧૨)*

૩૦. ગુજરાત રાજ્યના હિસાબોમાં રહેલી વિચિત્રતા તરફ કૅગના અહેવાલમાં ધ્યાન દોરવામાં આવેલ છે તે મુજબ ગ્રાંટની વણવપરાયેલ રકમ રૂા. ૧૪૪૪.૦૫ કરોડ જેટલી છે. પરંતુ આ વિભાગોએ રૂા. ૨૦૦૫.૭૪ કરોડ પાછા વાળ્યા છે! આ વિભાગો પાસે બચેલી રકમ કરતાં વધુ નાણાં ક્યાંથી આવ્યા?!

*(નિરીક્ષક, તા. ૧૬-૪-૨૦૧૨)*

૩૧. ગુજરાત રાજ્યના હિસાબોમાં કૅગના રિપોર્ટ મુજબ રૂા. ૮૦૫૮.૧૧ કરોડની રકમમાંથી છેલ્લા ત્રિમાસિક ગાળામાં (જાન્યુ.-માર્ચના ગાળામાં) ૬૨.૯૦% રકમ ખર્ચવામાં આવી. માત્ર એક જ માસ માર્ચમાં ૪૦.૫૬% રકમ ઝટપટ અને એક સામટી ઉતાવળે ખર્ચવામાં આવી.*(નિરીક્ષક, તા. ૧૬-૪-૨૦૧૨)*


૩૨. 'ગોલ્ડમેન સાક્સ' એ વિશ્વની મોટામાં મોટી મહત્ત્વની રોકાણ બેંક છે. તેના એક એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર ગ્રેગ સ્મિથે હમણાં રાજીનામું આપી જણાવ્યું છે કે હવે અગાઉની જેમ બેંક સાચી સલાહ આપતી નથી પણ પોતાને જેમાં વધુને વધુ લાભ થતો હોય એવા, પરંતુ નબળા, શેરોમાં રોકાણ કરવાની પોતાના અસીલોને સલાહ આપે છે. *(નિરીક્ષક, તા. ૧૬-૪-૨૦૧૨)*

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હૉલની પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

*વિદ્યા મનુષ્યનું વિશેષરૂપ છે. તે ઉપભોગ, યશ અને સુખ આપનારી છે.*

## શબ્દ રમત-૭૧

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૬-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. કોઈ વસ્તુના મૂળ વિશે વિચાર કરવો (૫)
૫. કોપેલું, રૂઠેલું (૫)
૯. કંકણ, કડું (૩)
૧૦. તંદુરસ્તીમાં બગાડો, વ્યાધિ (૨)
૧૩. ઊણપ, ઓછપ (૨)
૧૪. મડદું, પાયમાલ (૨)
૧૬. એકાએક નિષ્ફળ જવું, છબરડો વાળવો (૪)
૧૮. ડાક, પોસ્ટ (૩)
૨૦. એક માતા-પિતાની દીકરી (૩)
૨૧. રહી રહીને ડંખ જેવી વેદના થવી (૪)
૨૩. માથાફોડ, મગજને શ્રમ આપવો (૫)
૨૫. ક્રીડા, ખેલ (૨)
૨૭. નગારાં પર ચામડાં મઢનારો (૪)
૨૯. વજનદાર, ખૂબ (૨)
૩૦. ખાણ ખોદનારો, ઘર ફાડનારો (૩)
૩૩. પાત્ર, ઠામ (૩)
૩૪. રસ્તામાં મુસાફરને પાણી પાવાની જગ્યા (૩)
૩૬. કાપડની પહોળાઈ (૨)
૩૮. ઉમેદ, ઈચ્છા, ધારણા (૨)
૪૦. આદિ માનવ, માનવકુળના ઉત્પાદક (૨)
૪૧. માતા, બા (૧)
૪૨. ઈચ્છા, ખુશી (૩)
૪૩. ચામડી ઉપર બાઝેલી ગોળ ગાંઠ (૨)
૪૫. આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા (૨)
૪૭. કર્પટ, કોરું કપડું (૩)
૫૨. એક ચોપગું પાલતુ પ્રાણી, બકરાની માદા (૩)
૫૪. રમતિયાળ, રમતમાં ચિત્તવાળું (૪)
૫૭. પરોઢિયું (૨)
૫૯. પવિત્ર, શીલવાન (૫)
૬૨. ઝાડનો મૂળ જાડો ભાગ (૨)
૬૩. નુકસાન, ધોકો, સાહસ (૩)
૬૪. આયુષ્ય, જિંદગી (૩)
૬૫. એક વનસ્પતિ તેનાં મૂળનું અથાણું થાય (૪)
૬૭. સૂર્ય (૨)
૬૯. નાસિકા, ઘ્રાણેન્દ્રિય (૨)
૭૦. પડ, પોપડો, સ્તર (૨)
૭૩. કૃપાળુ, પરમેશ્વર (૩)
૭૬. વિસામો લીધા વિનાની મજલ (૫)
૭૭. જેના પાન મુખવાસ તરીકે વપરાય છે એવી એક વેલ (૫)

### ઊભી ચાવીઓ

૧. તાપ, ધખારો, ગરમી (૩)
૨. ફિકર, વિચાર (૨)
૩. ચોક્કસ, ખાતરીવાળું (૨)
૪. નોમ તિથિ (૩)
૫. ઠારેલા કોલસા, અંગારા (૩)
૬. એક વેદોક્ત કર્મ, યાગ (૨)
૭. સૂબો, મુસલમાન રાજા (૩)
૮. કોયલ કે મોરનો અવાજ, હુંકારો (૩)
૧૧. ઘોંઘાટ, ગોટાળો (૪)
૧૨. કજિયો, અણબનાવ, કડાકૂટ (૪)
૧૩. લેખણ, કરારની શરત (૩)
૧૫. રામભક્ત એક ભીલડી (૩)
૧૬. ધનવાળું, ધનાઢ્ય (૪)
૧૭. નગારા પ્રકારનું વાદ્ય (૩)
૧૯. જઠર, પેટ (૩)
૨૨. કાળું માથું કથ્થાઈ શરીરવાળું પક્ષી (૩)
૨૪. ઢોરના નીરણ માટેની જગ્યા, ગોચરની જમીન (૩)
૨૬. હસાવી-ખેલાવી રાજી રાખવું (૨)
૨૮. અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)
૩૦. હોશિયાર, સાવધ (૫)
૩૧. પ્યાલો (૨)
૩૨. આશીર્વાદ (૨)
૩૫. વિદેશી દારૂની જાત (૨)
૩૭. નવમી તિથિ (૨)
૩૯. ખાદ્ય લીલોતરી કંદ વગેરે (૨)
૪૪. ચંદ્રમા, એકવાર (૨)
૪૬. ભરડકું, કાંજી, ઘેંસ (૨)
૪૮. સિંહની ગર્જના (૩)
૪૯. તમાકુ પીવાનું માટીનું પાત્ર (૩)
૫૦. લીન, આસક્ત (૨)
૫૧. આંકો, ચીરો, છેકો (૨)
૫૩. દુર્બળ, અશક્ત (૪)
૫૫. શ્રમ, તકલીફ (૪)
૫૬. એકબીજાને જોરથી વળગ્યા હોય એમ (૪)
૫૮. ૧૦૦ ગુણ્યા ૧૦, સહસ્ર (૩)
૫૯. કંગાલ, રાંક, તુચ્છ (૩)
૬૦. સેવક, નોકર (૨)
૬૧. પાસે, પડખે, આગળ (૩)
૬૫. ખપ, જરૂર, સ્વાર્થ (૩)
૬૬. સહાય, વહાર (૩)
૬૮. દુર્લભ, અલ્પ (૩)
૬૯. કીર્તિ, ખ્યાતિ (૩)
૭૧. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૭૨. સંજ્ઞા, વસ્તુની સંજ્ઞારૂપ શબ્દ (૨)
૭૪. વગર, સિવાય (૨)
૭૫. બોરડીનું ફળ (૨)

*વિદ્યા વિદેશમાં ભાઈની જેમ સહાય કરનારી છે.*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

- અમદાવાદથી નજદીક ગાંધીનગર માર્ગ ઉપર આવેલા કોબા - મહાવીર સ્વામી જૈન દેરાસરમાં જૈન પંચાંગ, ગણિતશાસ્ત્ર, સ્થાપત્ય કળા અને ખગોળશાસ્ત્રના સમન્વયથી જિનાલયની એવી અદ્‌ભુત રચના કરવામાં આવેલી છે કે જેથી દર વર્ષે આ મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં ૨૨મી મે ના રોજ છેલ્લાં ૨૫ વર્ષથી ભગવાન મહાવીરની પ્રતિમાના લલાટે બપોરે ૨.૦૭ કલાકે સૂર્ય તિલકની અલૌકિક ઘટના જોવા મળે છે. આશરે પાંચ મિનિટ સુધી ભગવાનના મુખારવિંદને શોભાવતાં સૂર્યના કિરણો અહીં પડે છે.
- સરસ્વતી નદી શોધ સંસ્થાન ગુજરાતના મતે કપિલા તથા હરિણી નદી ઉત્તર ગુજરાતમાંથી સૌરાષ્ટ્રમાં જતી હતી. સરસ્વતી નદી સિદ્ધપુર, પાટણ પાસે વહેતી હતી જે ત્યાંથી કચ્છના નાના રણમાં દાખલ થતી. વ્યકુ નદી કચ્છમાં આડેસર પાસે વહી સૌરાષ્ટ્રમાં દાખલ થતી. આમ ગુજરાતમાં સરસ્વતી નદીના પાંચ ફાંટા વહેતા હતા. પરંતુ અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રના નિયામક અને વૈજ્ઞાનિકોના મતે હિમાલયમાંથી નીકળતી સરસ્વતી રાજસ્થાનના થોરના રણમાં સમાઈ જતી હોવાથી કુંવારિકા તરીકે જાણીતી હતી.
- બોસ્ટન ટી પાર્ટી : ૧૬મી ડિસેમ્બરે ૧૭૭૩ના રોજ બોસ્ટનમાં અમેરિકન રાષ્ટ્રવાદીઓએ બોસ્ટન બંદર પર ઊભેલા ત્રણ બ્રિટિશ જહાજો પર હુમલો કરી તેના પર રહેલા ચાના ૩૪૨ બોક્સ દરિયામાં ફેંકી દીધા હતા. આ બનાવને બોસ્ટન ટી પાર્ટી તરીકે ઇતિહાસમાં ઓળખવામાં આવે છે. બ્રિટિશ આધિપત્ય હેઠળના લોકોનું માનવું હતું કે તેમના પર માત્ર ચૂંટેલી સરકાર જ કર લગાવી શકે. આગળ જતાં આ કાર્યવાહીએ ૧૭૭૫માં 'અમેરિકન ક્રાંતિ'નું સ્વરૂપ ધારણ કરી લીધું.
- સુરતના તપી કાંઠે સિંચાઈ વિભાગને ખોદકામ કરતાં ૨૦૦૦ કિલોની તોતીંગ તોપ મળી આવી હતી. આ તોપ ઇ.સ. ૧૫૪૦માં ખુદાવંદ ખાને સુરતનો કિલ્લો બનાવ્યો ત્યારે જુનાગઢથી મંગાવીને શહેરની ફરતે કિલ્લા ઉપર ગોઠવી હતી. આ તોપ સુરત નગર પાલિકાને મ્યુઝિયમમાં મૂકવા માટે વિધિવત્ સોંપવામાં આવેલ છે.
- પંદરમી સદીના પૂર્વાર્ધમાં ફ્રાન્સીસી અને બ્રિટિશ સામ્રાજ્ય વચ્ચે એક મહત્ત્વની સંધિ થઈ હતી. જેના આધારે ફ્રાન્સીસી સમ્રાટ ચાર્લ્સ (છઠ્ઠો) પોતાના મૃત્યુ પછી ફ્રાન્સ પર શાસનના બધા જ અધિકારો ઇંગ્લેન્ડના શાસક હેન્રી (પાંચમા)ને અને તેના ઉત્તરાધિકારીને સોંપી દીધા હતા.
- સજીવ ખેતી : કૃષિ ઉત્પાદન વધારવાની લ્હાયમાં રાસાયણિક ખાતર તરફ આપણે વળી ગયા અને તેનાં ખરાબ ફળ ભોગવવા પડ્યાં. પરંતુ આંધ્રપ્રદેશમાં ગ્રામજનો દ્વારા ચાલતા ચિરંજીવી કૃષિ કાર્યક્રમ CM SA 1987-88માં ખેડૂતોના આપઘાત શરૂ થયા. તેથી આંધ્રપ્રદેશની સ્વૈચ્છિક સંસ્થાઓએ જંતુનાશક મુક્ત ખેતીનો કાર્યક્રમ ઉપાડ્યો. જેના પરિણામે ખેતીના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાથી ખેડૂતો દેવુ પરત ચૂકવવા માંડ્યા અને આપઘાતો બંધ થઈ ગયા. આ સફળતા જોવા દેશભરમાંથી આયોજન પંચના સભ્યો, મુખ્યમંત્રીઓ વગેરેએ આ ગામોની મુલાકાત લીધી. આ પ્રોજેક્ટની આજે સમગ્ર વિશ્વમાં ખેતી તરફની દિશાની સૌથી સફળ કાર્યક્રમમાં ગણતરી થાય છે.
- પુસ્તકનો મોલ : પુસ્તકોના ચાહકો માટે જલસો પડી જાય તેવો પુસ્તકોનો આખેઆખો મોલ બેંગ્લોરના હાર્દસમા વિસ્તાર રેસીડન્સી રોડ પર ભારતનો સૌથી મોટો સપના પ્રીમિયર બુક સ્ટોર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુસ્તકોના ખજાના સાથે ખૂલી ગયેલ છે. ઉલ્લેખનીય છે કે સપના બુક શો રૂમનો ઉલ્લેખ ભારતના સૌથી મોટા પુસ્તક શો રૂમ તરીકે લીમ્કા બુક ઑફ રેકોર્ડઝમાં પણ થયો છે.
- આજે જેને આપણે પશ્ચિમ ભારતીય લઘુચિત્ર શૈલી તરીકે ઓળખીએ છીએ તેમાં મહદ્ અંશે જૈન પરંપરાઓની કથાવસ્તુ પર આધારિત ચિત્રોનો સમાવેશ થાય છે. તાડપત્ર, કાગળ, કાષ્ઠ કે કાપડ પર તૈયાર થયેલી હસ્તપ્રતોમાં છેક ૧૦મીથી ૧૫મી સદી સુધીની સામાજિક પરંપરાઓને ખૂબ સુંદર રીતે ચિત્રિત કરવામાં આવેલ છે. તેમાં જૈન ધર્મ આધારિત કલ્પસુત્ર, કાલ્કાચાર્ય કથા, નેમિનાથ ચરિત્ર, સંગ્રહણી સૂત્ર અને શ્રીપાલ રાસ જેવા વિજ્ઞપ્તિ પત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- કલાત્મક કારો : અમેરિકાના ચોથા સૌથી મોટા શહેર હ્યુસ્ટનમાં દુનિયાનું સૌથી મોટું ૩૦૦ કલાત્મક કારનું સરઘસ નીકળ્યું હતું. જેને ત્રણ લાખથી વધારે લોકોએ નિહાળ્યું હતું. આ કારો કેળા, ડ્રેગન જેવાં વિવિધ રૂપોમાં જોવા મળી હતી.
- બાયોકેમિસ્ટ્રી : આ વિજ્ઞાનની એક એવી શાખા છે કે જેમાં જીવવિજ્ઞાન એટલે કે બાયોલોજી અને કેમેસ્ટ્રી બંનેના અભ્યાસનું મિશ્રણ છે. બાયોકેમેસ્ટ્રી એક એવી ટેકનોલોજી છે જે બાયોલોજીકલ પ્રોસેસ જેવી કે વિકાસ (ગ્રોથ), મેટાબોલીઝમ, રીપ્રોડક્શન, હેરિડિટી વગેરે પર પણ આધાર રાખે છે. આ સિવાય વાતાવરણની જીવિત સૃષ્ટિ પર અસર, પ્રોટીન, વિટામિન, ફેટ અને જીન્સ — આ સર્વે પણ બાયોકેમિસ્ટ્રીના પ્રકાર જ છે. ડી.એન.એ. અને તેનો અભ્યાસ એ બાયોકેમિસ્ટ્રીની અત્યારની સૌથી એડવાન્સ બ્રાંચ છે.
- સ્કાય ટ્રી ટોકિયો : ટોકિયો ખાતે વિશ્વના સૌથી ઊંચા ટાવર સ્કાય ટ્રીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ૬૩૪ મીટર ઊંચાઈ ધરાવતો આ ટાવર ટોકિયો ટાવરથી પણ ઊંચો છે. આ ટાવરની ખાસ વાત એ છે કે એ જમીનથી ૪૫૦ મીટર ઊંચાઈ પર છે તે પેરિસના ઍફિલ ટાવર કરતાં પણ ઊંચો છે. જો કે દુબઈમાં ૮૨૮ મીટર ઊંચો બુર્જ ખલીફા આજે પણ દુનિયાના સૌથી ઊંચા ટાવરના નામથી ઓળખાય છે.
- ગ્લોબલ વોર્મિંગ : માનવસર્જિત ગ્લોબલ વોર્મિંગનો ભોગ ભારતના કેટલાય લોકો ભોગવી રહ્યા છે. આ ઉનાળામાં આખા

*વિદ્યા રાજાઓમાં પૂજાય છે, ધન નહિ. વિદ્યા વગરનો નર પશુ સમાન છે.*

મહારાષ્ટ્રમાં કાળઝાળ ગરમી પડી રહી છે. મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં ગરમીનો પારો ૪૭.૫ ડિગ્રી સુધી પહોંચી ગયેલ છે અને આ ગરમીના પ્રકોપથી ઓરિસ્સામાં ૨૫ જણનાં મૃત્યુ નોંધાયાં છે.

- મોબાઈલના કારણે ખોયો પોતાનો જીવ : મુંબઈના વિરાર નિવાસી નીલમ પવાર અંધેરીની આઈ.ટી. કંપનીમાં નોકરી કરતી હતી. બોરીવલીથી રવાના થયેલી ટ્રેનમાં દરવાજા પર ઊભા રહીને ફોન પર વાત કરતી વખતે સંતુલન ગુમાવતાં તે ટ્રેનમાંથી નીચે પડી જતાં સામેથી આવતી ટ્રેન નીચે ચગદાઈ જતાં પોતાનો જીવ ખોયો હતો.
- ૧૫મી ઓગસ્ટ : ભારતની આઝાદી સિવાય ઘણી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ ૧૫મી ઓગસ્ટના દિવસે ઇતિહાસના પાના પર અંકિત થયેલી છે. જે આ પ્રમાણે છે :

  ૧૭૬૯ : મહાન સેનાપતિ નેપોલિયન બોનાપાર્ટનો જન્મ થયો.
  ૧૮૭૨ : ભારતમાં મહર્ષિ અરવિંદનો જન્મ થયો.
  ૧૯૧૪ : બે ખંડોને જોડતી અને બે મહાસાગરોને જોડતી પનામા નહેર ખુલ્લી મૂકાઈ.
  ૧૯૪૫ : બીજા વિશ્વયુદ્ધમાં જાપાને શરણાગતિ સ્વીકારી.
  ૧૯૪૮ : દક્ષિણ કોરિયા આઝાદ થયું.
  ૧૯૬૮ : સંયુક્ત રશિયાએ પરમાણું પરીક્ષણ કર્યું.
  ૧૯૭૫ : બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબર રહેમાન તથા તેના કુટુંબીજનોની હત્યા થઈ.
- ગુજરાતમાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ : જુનાગઢની જીવન જ્યોત કેન્દ્ર સંસ્થાના સભ્યો ૨૦૦૯થી દર વર્ષે બંને રાષ્ટ્રીય તહેવારો વખતે ગિરનારના સૌથી ઊંચા સ્થળે રાષ્ટ્રધ્વજ ફરકાવી અનોખો વિક્રમ સર્જે છે. દત્તાત્રેયથી પણ ઉપર સિદ્ધના ધરા નામના સ્થળે પર્વતારોહક યુવાનો ૩૩૭૩ ફીટ ઊંચે ત્રિરંગો લહેરાવે છે કે જ્યાં ઉપર જવા સીડી કે પગથિયાં નથી. ■

## શબ્દ રમત-૭૦નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | ર | કી | આ | શ | સ | દા | નિ | રા | શ | | વ્યા | સ | | વા |
| ખં | જ | ર | | | લા | ળ | | જા | | હા | જ | ર | | સી |
| ડી | | ત | ન | તો | ડ | | અ | ધિ | કા | ર | | સ | ભા | |
| | દા | ન | | તા | | ભ | | રા | ય | | હ | | મ | પ્રે |
| શો | ખ | | સા | પુ | તા | રા | | જ | મ | ણ | વા | ર | | મ |
| ભા | લો | | | રી | | વ | દ | | | | લ | | ચો | પ |
| ચા | | સ | ગા | | ઉ | દા | ર | તા | | અં | દા | જ | પ | ત્ર |
| ત્રા | સ | દા | ય | ક | | ર | | કા | | | ર | ગ | ડો | |
| | મ | | ન | મા | જ | | સ | ત | લ | જ | | ત | | સ |
| રો | જ | | વા | લ | મ | | ર | | ઘુ | વ | ડ | | | વ્ય |
| કા | ણ | | દ | | | રા | ગ | | ત | | ખે | ર | ખાં | |
| ણ | | મા | ન | ભં | ગ | | મ | લ | મ | લ | | | ડા | ટ |
| | ધા | ન | | ગા | મ | ડું | | ખ | | | ધ | મ | ની | |
| છા | | વ | ગ | ર | | ગ | | લૂ | ગ | દી | | | ધા | મ |
| સ | ર | તા | જ | | ભ | ર | પે | ટ | | ન | વ | કા | ર | |

એક વખત સ્વર્ગમાં દરબાર ભરાયો હતો. દરવાજા પાસે બે માણસો આવીને ઊભા રહ્યા. દરવાને એક માણસને દાખલ કર્યો કે તરત જ બીજા માણસે વાંધો ઊઠાવ્યો. તેણે કહ્યું : 'આ માણસ ભિખારી છે. અમારી દુનિયામાં તે ભીખ માગતો હતો.'

દરવાને પૂછ્યુ : 'ત્યારે તમે શું કરતા હતા?'

જવાબ મળ્યો : 'હું તો મોટો કરોડપતિ છું.'

દરવાને જવાબ આપ્યો : 'માફ કરજો સાહેબ, અહીંના ચોપડામાં તમારા નામે જમા થયેલી એક પાઈ પણ નથી. આ ભિખારીએ બહુ જ દુઃખી સ્થિતિમાં બીજા એક ભિખારીને બે આનાની મદદ કરી હતી. એના બે આના અહીં જમા કરવામાં આવ્યા છે. માફ કરજો, હું તમને દરબારમાં દાખલ નહીં કરી શકું.'

★

ઘણા માણસો એવા જોવામાં આવે છે કે જેઓ કામ ઓછું કરતા હોય છે અને પોતે ઘણું કામ કરી રહ્યા છે એવી જાતનો ઢંઢેરો પીટતા જોવામાં આવે છે. આવી મનોવૃત્તિવાળા માણસો જીવનમાં જલદી સફળતા પ્રાપ્ત કરી શકતા નથી અને એક ઠેકાણે કદી લાંબો સમય ટકી શકતા નથી.

★

હાથમાં લીધેલું કાર્ય તો ત્યારે જ ખીલી ઊઠે છે કે જ્યારે માણસની વાણી મર્યાદિત બને છે અને શક્તિઓ બધી કામે લાગે છે. માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં કાર્ય પોતે જ બોલી ઊઠે છે એમાં જ સિદ્ધિનાં દર્શન આપણને થાય છે.

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૨૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૬-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

**શરતો :** 
૧. *૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
૨. *૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

**ક્રમાંક - ૧૦૨૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૮ | ૫ | | | | ૬ | |
| | | ૫ | ૩ | ૬ | ૧ | | | ૮ |
| | | | | ૪ | ૯ | | | ૩ |
| ૪ | ૭ | ૯ | | | ૩ | | | |
| ૨ | | | ૭ | | ૬ | | | ૪ |
| | | | ૧ | | | ૨ | ૩ | ૭ |
| ૫ | | | ૪ | ૩ | | | | ૧ |
| ૬ | | | | ૭ | ૫ | ૩ | | |
| | ૩ | | | | ૨ | ૮ | ૭ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૬ | | | ૮ | | | ૩ |
| ૫ | | ૨ | | | ૬ | ૭ | | |
| ૭ | | | | ૨ | | ૫ | ૧ | |
| ૬ | | | ૩ | ૮ | | ૧ | ૫ | |
| | | | | ૬ | | | | |
| | ૫ | ૭ | | ૧ | ૪ | | | ૨ |
| | ૮ | ૩ | | ૪ | | | | ૫ |
| | | ૯ | ૮ | | | ૨ | | ૧ |
| ૨ | | | ૭ | | | ૮ | | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૨ | | | ૫ | | ૪ |
| | | | | | ૩ | | | |
| ૫ | ૩ | | ૯ | ૭ | | ૨ | | |
| ૩ | | ૮ | ૬ | | ૭ | | | ૧ |
| ૨ | ૯ | | | ૧ | | | ૮ | ૩ |
| ૬ | | | ૮ | | ૨ | ૭ | | ૫ |
| | | ૫ | | ૪ | ૮ | | ૭ | ૨ |
| | | | ૫ | | | | | |
| ૮ | | ૪ | | | ૯ | | ૫ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | ૩ | | | ૭ | ૮ |
| ૩ | | ૨ | | | ૪ | | ૬ | ૧ |
| | | | | | ૨ | ૩ | | |
| ૫ | | | | ૨ | | ૬ | | ૩ |
| | | ૯ | ૩ | | ૧ | ૮ | | |
| ૨ | | ૧ | | ૫ | | | | ૭ |
| | | ૭ | ૪ | | | ૧ | | |
| ૬ | ૫ | | ૧ | | | ૪ | | ૯ |
| ૧ | ૮ | | | ૯ | ૫ | | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૨૬**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ | ૬ |
| ૮ | ૯ | ૩ | ૧ | ૬ | ૫ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૯ | ૮ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૯ | ૨ | ૫ | ૧ | ૬ | ૪ | ૮ |
| ૧ | ૨ | ૮ | ૪ | ૭ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૯ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ |
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૪ | ૬ | ૩ |
| ૭ | ૩ | ૧ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ |
| ૫ | ૪ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ | ૭ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ | ૧ |
| ૪ | ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૮ | ૪ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૫ | ૮ |
| ૫ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ | ૨ | ૪ | ૯ |
| ૭ | ૪ | ૨ | ૫ | ૮ | ૯ | ૧ | ૬ | ૩ |
| ૧ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ | ૬ | ૭ | ૨ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૭ | ૧ | ૮ | ૯ | ૫ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૯ | ૨ | ૩ | ૧ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૬ | ૪ | ૧ | ૨ | ૯ | ૩ | ૫ |
| ૪ | ૯ | ૨ | ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૬ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૯ | ૬ | ૪ | ૭ | ૨ |
| ૯ | ૭ | ૩ | ૧ | ૫ | ૪ | ૨ | ૬ | ૮ |
| ૨ | ૧ | ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૩ |
| ૬ | ૪ | ૮ | ૨ | ૩ | ૭ | ૧ | ૫ | ૯ |
| ૫ | ૨ | ૭ | ૩ | ૪ | ૮ | ૬ | ૯ | ૧ |
| ૧ | ૬ | ૯ | ૭ | ૨ | ૫ | ૩ | ૮ | ૪ |
| ૮ | ૩ | ૪ | ૯ | ૬ | ૧ | ૫ | ૨ | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૮ | ૫ | ૩ | ૧ | ૪ | ૭ | ૬ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ |
| ૩ | ૭ | ૧ | ૬ | ૨ | ૪ | ૮ | ૯ | ૫ |
| ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૭ | ૨ | ૯ | ૬ | ૩ |
| ૨ | ૯ | ૭ | ૩ | ૬ | ૫ | ૧ | ૮ | ૪ |
| ૧ | ૬ | ૪ | ૮ | ૫ | ૩ | ૭ | ૨ | ૯ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૧ | ૬ | ૫ | ૪ | ૮ |

*તક આવે ત્યારે જાગી જાય એજ તાકાતવાન બની જાય છે.*

★ **સેટેલાઈટ ફોન ઝડપાયો :** મુંબઈના આતંકી હુમલામાં એકમાત્ર જીવિત ઝડપાયેલા ખુંખાર આતંકવાદીએ જે સેટેલાઈટ ફોનનો ઉપયોગ કર્યો હતો તેવો જ સેટેલાઈટ ફોન માલવાહક જહાજમાંથી તાજેતરમાં માંડવી બંદરેથી પોલીસે ઝડપી લેતાં ચકચાર મચી ગઈ હતી. ભારતમાં આ પ્રકારના ફોન પ્રતિબંધિત છે.

★ **પાંચ એકરમાં કેળાં અને તાઈવાન પપૈયાં :** કૃષિનું વૈજ્ઞાનિક જ્ઞાન, ખેતીનું માર્કેટિંગ અને ખેડૂતમાં રહેલી કોઠાસૂઝને લીધે ઉત્તમ પાક થાય છે, તેવી રીતે માંડવીના રત્નાપર ગામના એક ખેડૂત ભાઈએ માત્ર પાંચ એકર પૈકી બે એકરમાં ૧૮૦૦ મણ (૪૦ કિલો) કેળાં અને એ જ પ્રકારે તાઈવાન પપૈયા સાથે મગફળીનો આંતર પાક લે છે.

★ **મુંદ્રા 'સેઝ' - હાઈકોર્ટનો મનાઈ હુકમ :** કચ્છમાં મુંદ્રા તાલુકામાં આવેલા ભારતના સૌથી મોટા ખાનગી એન્ટરપ્રાઈઝના ૧૮ હજાર હેક્ટરમાં પથરાયેલા અને ૧૪ ગામોને આવરી લેતા મુંદ્રા પોર્ટ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં થઈ રહેલા બાંધકામ સાથે ગુજરાત હાઈકોર્ટમાં થયેલ જાહેર હિતની એક અરજી અંગે તાજેતરમાં એવો ચુકાદો આવ્યો હતો કે, પર્યાવરણ વિભાગની મંજૂરી વિના કોઈપણ પ્રકારનું બાંધકામ કે વિકાસનાં કોઈપણ કામો નહીં થઈ શકે.



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ
દિનેશ આર. મહેતા

★ **કચ્છનું કૃષિ ઉત્પાદન :** ગુજરાત રાજ્યના કચ્છી રાજ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અંજાર તાલુકાના વરસામેડી ગામે અંદાજે ૧૫૦૦ કૃષિપુત્રોની હાજરીમાં આયોજિત કૃષિ મહોત્સવમાં વિવિધ કૃષિ તજજ્ઞો દ્વારા તાજેતરમાં અપાયેલી માહિતી અનુસાર કચ્છમાં છેલ્લા દાયકામાં કૃષિનું ઉત્પાદન ૭૦૦ કરોડથી લઈને આજે ૨૧૦૦ કરોડ સુધી પહોંચ્યું છે.

★ **'ખલમસ્તી - ધિલમસ્તી' :** કચ્છી ભાષાના સાહિત્ય સ્વરૂપોના સથવારે મુંબઈથી કચ્છ દર્શન માટે આવેલ સાડા ત્રણથી એકવીસ વરસ સુધીનાં બાળકો, યુવાનોના માધ્યમથી કચ્છી લોક સંસ્કૃતિનું શિક્ષણ સમાજને આપવાના ઉમદા આશય સાથે ભુજ ખાતેના ટાઉનહોલમાં તાજેતરમાં યોજાઈ ગયેલા 'ખલમસ્તી - ધિલમસ્તી'ને કચ્છના કલા રસિક સાહિત્યના શોખીન લોકો તરફથી જબરો પ્રતિસાદ મળ્યો હતો. 'કચ્છ યુવક સંઘ'ની રજત જયંતી વર્ષ ઉજવણી નિમિત્તે મુંબઈ વસતા કચ્છી સર્જક ડૉ. વિશન નાગડા તેમજ નીમૂ નાગડાની પરિકલ્પના આ રીતે સાકાર થઈ હતી.

★ **ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ :** સળંગ બીજા વર્ષે ગ્રેડિંગ પદ્ધતિની નવી પ્રથા પાળતાં તાજેતરમાં જાહેર કરાયેલા ગુજરાત રાજ્યના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૬૭.૭% પરિણામમાં કચ્છ જિલ્લાના ૬૮.૮૦% એટલે કે ૭૭૪ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર પ્રાપ્ત કરવામાં સફળ થયા છે. કચ્છનું પરિણામ ગત વર્ષ કરતાં દોઢ ટકા ઘટ્યું છે.

★ **પુરુષમાંથી સ્ત્રી :** આદિપુરના પ્રાધ્યાપક સુરેશ એટલે કે શ્રેયા રાયચંદ લાલવાણીના મુંબઈની એક હોસ્પિટલમાં ગત માર્ચમાં શસ્ત્રક્રિયા દ્વારા જાતિ પરિવર્તન કરીને પુરુષમાંથી સ્ત્રી બનેલ શ્રેયા હાલે ખાસ્સી ચર્ચામાં છે. સમાજનો એક સંકુચિત વિચારસરણીવાળો વર્ગ તેને કદાચ નવી નવાઈથી જોતો હશે પરંતુ મોટા વર્ગે તેને આવકાર આપ્યો છે.

★ **જી. કે. જનરલ :** ભુજમાં ૧૭૦ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત જી.કે. જનરલ હોસ્પિટલ અવારનવાર વિવાદોમાં રહેતી આવી છે. ખાનગી સિક્યુરીટી એજન્સીને અપાયેલ ઠેકા સંદર્ભે તાજેતરમાં ગેરરીતિના આક્ષેપો પુરાવા સાથે રજૂ કરાતાં નવી એજન્સીને અપાનારો કોન્ટ્રાક્ટ જ સ્થગિત કરી નાખવાની સત્તાવાળાઓને ફરજ પડી છે અને એક નવો વિવાદ સામે આવ્યો છે.

★ **ભથ્થાની રકમ વડીલોના આશ્રમને :** કચ્છ રોહાના વૃદ્ધોને આશરો આપતા 'જીવન સંધ્યા' આશ્રમની મુલાકાતે ગયેલા કચ્છ જિલ્લા પેન્શનર્સ એસો.ના હોદ્દેદારોએ તાજેતરમાં વધેલા મોંઘવારી ભથ્થાંની રકમ આશ્રમને અર્પણ કરી દીધી હતી.

★ **બાર કાઉન્સિલ ઑફ ગુજરાતમાં કચ્છીનો દબદબો :** બાર કાઉન્સિલ ઑફ ગુજરાતની પ્રતિષ્ઠાભરી તાજેતરની ચૂંટણીમાં ધારણા મુજબ કચ્છના વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી બહાદુરસિંહભાઈ શિવુભા જાડેજા વિધિવત રીતે બહોળા મતથી વિજેતા બન્યા છે.

★ **કચ્છી મહાજનોનો મુંબઈમાં ધબકાર :** કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન બોરીવલી આયોજિત આનંદપર્વ સમારોહમાં મધ્ય પ્રદેશના નાણાપ્રધાન શ્રી રાઘવજીભાઈ સાવલાએ વિશાળ હાજરીથી પ્રભાવિત થઈ કહ્યું કે, લોકોનો ઉત્સાહ દર્શાવે છે કે, અહીં જે કેન્દ્ર બનશે તે ઐતિહાસિક હશે અને સમગ્ર દેશના કચ્છીઓ માટે ગૌરવરૂપ થવાનું છે. સમારોહ પ્રમુખ શ્રી દામજીભાઈ એન્કરવાલાએ રિમોટ વડે બોરીવલી જ્ઞાતિજનોના વસતિપત્રક અને વેબસાઈટનું લોકાર્પણ કર્યું હતું. શ્રી એન્કરવાલાએ જણાવ્યું હતું કે, કચ્છના મહાજનોની પરંપરા સાચા અર્થમાં અહીં ઊભી થઈ છે. અહીં જ્ઞાતિભેદ વિના સમગ્ર કચ્છી સમાજના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ વિચારાયેલ છે.

★ **અમરસન્સ મહાજનનું મામેરું :** ભુજ ખાતે મેઘવંશી ગુર્જર

*જ્યારે તમે સાચા હો ત્યારે ગુસ્સે થવાની જરૂર નથી, જ્યારે તમે ખોટા હો ત્યારે ગુસ્સે થવાનો તમને અધિકાર નથી.*

પાવર બત્રીસી સમાજ આયોજિત સમૂહ લગ્નમાં જોડાયેલી સાત કન્યાઓને ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ દ્વારા અમરસન્સ મહાજનનું મામેરું અંતર્ગત રૂપિયા અગિયાર હજારના બોન્ડ તથા લક્ષ્મીબહેન જગશી ચાંપશી છેડા અને જયશ્રીબહેન સુભાષભાઈ આઈયા પરિવાર તરફથી વસ્ત્રો કન્યાદાન સ્વરૂપે અપાયાં હતાં.

★ **કચ્છમાં પર્યટન ક્ષેત્ર :** ગત વર્ષે કચ્છમાં પ્રવાસીઓનું જાણે કીડિયારું ઊભરાયું હતું. પણ આ બાબત જાણે ચાર દિન કી ચાંદની જેવી બની રહી હોય તેમ આ વખતે ઉનાળુ વેકેશન દરમ્યાન કચ્છમાં બહારથી આવનાર પર્યટકોનો દુષ્કાળ વરતાઈ રહ્યો છે. પ્રવાસન ક્ષેત્રે વિકસી રહેલા કચ્છ જિલ્લામાં પ્રવાસીઓની ઘટતી આ સંખ્યા ભવિષ્યમાં ચિંતાજનક બની રહે તેવું લાગે છે.

★ **કચ્છના અખાતમાં 'પથ્થરનું લંગર' :** સમુદ્રી વિજ્ઞાનની રાષ્ટ્રીય સંસ્થા (એન.આઈ.ઓ.)ના વિજ્ઞાનીઓ દ્વારા કચ્છના દરિયાતટ પાસેથી અતિ પ્રાચીન એવું પથ્થરનું બનેલું લંગર (સ્ટોન એન્કર) શોધી કઢાતાં ઈસુ પૂર્વેની પહેલી અને બીજી સદી દરમિયાનના ભારત - અરેબિક અને ભારત - પર્શિયન વ્યાપાર અંગે મહત્ત્વની કડી પર પ્રકાશ ફેંકાયો છે. આ લંગર ૫૦ મીટરથી વધુ ઊંડાઈએ મળી આવ્યું હતું.

આ નવીન શોધનો ખુલાસો વૈજ્ઞાનિક જર્નલ 'કરન્ટ સાયન્સ'ના મે મહિનાના તાજા અંકમાં કરવામાં આવ્યો છે.

★ **ભુજમાં સિટી બસ સ્ટેશનનું ભૂમિ પૂજન :** ભુજ સુધરાઈ સંચાલિત સિટી બસ સેવાના બસ સ્ટેશનનું તાજેતરમાં રાજ્યમંત્રી દ્વારા ભૂમિપૂજન કરાયું હતું. શહેરીજનોની સુવિધા માટે સિટી બસના મુખ્ય પોઈન્ટ ઑપન એર થિયેટર નજીક આ પ્રકારનું બસ સ્ટેશન ઊભું થશે.

★ **ભચાઉના વેપારીઓની જમીનનું દબાણ :** ભચાઉ શહેરના નવી પોસ્ટ ઓફિસથી જૈન ધર્મશાળા સુધીના વિસ્તારના ધંધાર્થીઓએ તેમને જમીન દબાણના નામે પરેશાન કરાતા હોવા અંગે રાજ્યના મુખ્યમંત્રી તથા જિલ્લાના અધિકારીઓને રજૂઆત કરી ધંધાના સ્થળો ન ઝૂંટવી લેવા વિનંતી કરી છે.

★ **નર્મદાનું શુદ્ધિકરણ પ્લાન્ટ ઠપ્પ :** રૂપિયા ૨૩ કરોડના ખર્ચે કુકમા પાસે તૈયાર કરાયેલા નર્મદા પેયજળનો શુદ્ધિકરણ પ્રકલ્પ પાંચ વર્ષ પૂર્વે તૈયાર થયા પછી ભુજ સુધરાઈને સોંપાયા બાદ તેના સંચાલન માટે ત્રણેક વખત ટેન્ડર બહાર પડાયા, પરંતુ કોઈ એજન્સી આગળ આવી નથી. પરિણામે ફિલ્ટ્રેશન પ્લાન્ટ ઠપ્પ પડ્યો છે.

★ **અંજારમાં આરંગેત્રમ કાર્યક્રમ :** શહેરના સામાજિક - રાજકીય અગ્રણી રાજુભાઈ કોડરાણીના પુત્રી કુ. કરિશ્માએ ગાયન વાદન અને નૃત્યની તાલીમ ગુજરાત સંગીત સમિતિની સંસ્થાઓ 'સ્વર સંગમ', 'નાટ્યાલય'માંથી મેળવી પ્રથમ વખત આરંગેત્રમ્ સ્વરૂપે રજૂઆત કરી હતી. દક્ષિણ ભારતથી આવેલા વાદ્યવૃંદના કલાકારોએ સાથ પૂરાવ્યો હતો. અનેક રાજકીય સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરિશ્માએ ગીત પુષ્પાંજલિ, રાગ અપર અડીગલ, ગણેશ સ્તુતિ, અલારિપુ (નાટૈરાગ), શિવ ઈશ્વરના વૈવિધ્ય સ્વરૂપો તથા મહાવીર સ્વામીની આરાધના શાસ્ત્રીય નૃત્ય સ્તુતિ સહ રજૂ કર્યા હતા. કલા સાધ્ય કરવી કઠિન તપ જરૂર છે પરંતુ નિષ્ઠાથી તે સાધ્ય અવશ્યપણે હાંસલ કરી શકાય છે. આ રીતે ભારતીય સંસ્કૃતિના જતન સાથે તેની સાચી ઓળખ પ્રગટ કરી શકાય છે.

★ **આવકવેરા તંત્રની ધોંસ :** તાજેતરમાં આવકવેરા તંત્રએ ચારેકોરથી ત્રાટકીને સર્વે હાથ ધરતાં ફફડાટ ફેલાયો હતો. કચ્છ જિલ્લાની અંદાજે ૬૦ જેટલી પેઢી, ઉદ્યોગ, કચેરીઓમાં પહોંચેલા અધિકારીઓએ તપાસ આદરતાં સમગ્ર ગાંધીધામ અને અન્ય સંકુલમાં ચકચાર મચી હતી.

★ **ભુજની જનરલ હોસ્પિટલની ઊણપો :** જિલ્લા મથક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલની ઊણપો દૂર કરવા વલસાડ સુધરાઈના કચ્છી સદસ્યે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. મૂળ અબડાસા તાલુકાના ભાચુંડા ગામના અને હાલે વલસાડ સુધરાઈના સભ્ય શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી દ્વારા મુખ્યમંત્રીને પત્રમાં જણાવાયું છે કે જિલ્લા મથક ભુજની જનરલ હોસ્પિટલમાં દર્દીઓને સારવાર સુદ્રઢપણે મળી રહે તેવી વ્યવસ્થા કરવા તેમણે માંગ કરી છે.

★ **કચ્છી કસબ 'ખરકી'ને એવોર્ડ :** કચ્છી હસ્તકલા કારીગરી ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત પાવરપટ્ટી પંથકના કસબ 'ખરકી' (ઘંટડી)માં સમયના બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવી સમયાનુસાર યોગ્ય ફેરફારો સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ઝુરા (તા. ભુજ)ના યુવા કારીગર જાનમામદ સાલેમામદ લુહારની વર્ષ ૨૦૧૦ના રાજ્યકક્ષાના ઍવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

★ **ભુજ - અમદાવાદનો માર્ગ ટ્રાવેલ્સ કંપનીઓ માટે 'કમાઉ' રૂટ :** ભુજ અને અમદાવાદ વચ્ચે એક નગર અને મહાનગર જેટલો તફાવત છે પરંતુ આ બંને સ્થળે જતો માર્ગ રોજના આશરે રૂપિયા પચ્ચીસ લાખથીય વધુની આવક રળી આપતો 'કમાઉ માર્ગ' સાબિત થઈ રહ્યો છે. માત્ર ભુજથી અમદાવાદને જોડતી એસ.ટી. અને ખાનગી લક્ઝરી બસની કમાણીની આ વાત છે અને ખાનગી ટેક્ષી કે અન્ય વાહનો તેમાં જોડીએ તો આ આંક ઘણો ઊંચો જાય.

એક સાદા અંદાજ મુજબ અમદાવાદને સાંકળતી ૮૫થી ૯૦ બસ છે. જેમાં સ્લીપર / સીટરનો સમાવેશ છે. એક ગણતરીએ બધી બસોમાં અંદાજે દસ હજાર મુસાફરોનું પરિવહન થાય છે.


કચ્છને અન્ય સ્થળ સાથે જોડવાના 'ધંધા'માં રહેલો 'કસ' ખાનગી બસોની નોંધણીમાં પણ જોવા મળે છે. આર.ટી.ઓ.માં અત્યાર સુધી કુલ ૮૩૪ ખાનગી બસ એટલે કે કોન્ટ્રાક્ટ કેરેજ શ્રેણી હેઠળ નોંધાયેલા વાહનોની સંખ્યા છે. તેમાં પણ ગત નાણાંકીય વર્ષ એટલે એપ્રિલ-૨૦૧૧થી માર્ચ-૨૦૧૨ સુધી આર.ટી.ઓ.ના ચોપડે ૧૬૦ નવી બસ નોંધાઈ છે, જે બસ વ્યવહારમાં જોવા મળતી ભરતીની સાક્ષીરૂપ છે. ■

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **કુ. નિધિ** | **કુ. નીકિતા** | **ચિરાગ** |
| (૨) પિતાશ્રીનું નામ : | નીતિનકુમાર | હરિલાલ | મૂકેશ |
| (3) માતાશ્રીનું નામ : | કાશ્મીરા | | દીપા |
| (૪) અટક : | શાહ | ખત્રી | સંઘવી |
| (૫) જ્ઞાતિ : | બત્રીસી જૈન સમાજ | હિંદુ વૈષ્ણવ | કચ્છી ગુર્જર |
| (૬) સંપ્રદાય : | દેરાવાસી | | સ્થાનકવાસી |
| (૭) મૂળ વતન : | હરસોલી | તીથલ રોડ, વલસાડ | મુંદ્રા |
| (૮) જન્મ તારીખ : | ૫-૩-૧૯૮૩ | ૦૯-૧૨-૧૯૮૮ | ૧૬-૧૦-૧૯૮૬ |
| (૯) ઉંમર વર્ષ : | ૨૯ | ૨૪ | ૨૬ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૩" | ૫'૦" | ૫'૭" |
| (૧૧) વજન : | — | — | ૬૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ : | ફેર લુકીંગ | ફેર લુકીંગ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | B.A. (Home Sc.) | P.T.C. | MBA (Finance) |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | — | સ્કૂલમાં શિક્ષિકા | ફેમિલી બિઝનેસ |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | — | ૧,૦૦,૦૦૦/- | — |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | કાપડના વેપારી | નોકરી | ઈલેક્ટ્રિક સામાનના વેપારી |
| (૧૭) સરનામું : | ૬, પ્રણય એપાર્ટમેન્ટ, કૈલાસનગર સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ. | બી-૨૧૧, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, પ્રેરણા સોસાયટી, તીથલ, વલસાડ. | જે-૩, સિવિલ ટાઉનશીપ, રૂરકેલા. |
| (૧૮) ફોન નંબર : | ૨૬૪૬૧૨૫૩ | | ૦૬૬૧-૨૪૦૦૦૬૫ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૮૯૮૯ ૯૮૮૪૬ | ૯૭૨૬૦ ૮૮૯૯૯ | |
| (૨૦) ભાઈ – બહેન : | ૨ – ૦ | ૦ – ૨ | ૦ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | — | — | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  | | |
| (૧) ઉમેદવારનું નામ | : | **ધવલ** | **રોહન** | **પારસ** |
| (૨) પિતાશ્રીનું નામ | : | પ્રદીપ | ધીરજલાલ | પ્રભુલાલ |
| (૩) માતાશ્રીનું નામ | : | પ્રીતિ | રસીલાબહેન | વિમળાબહેન |
| (૪) અટક | : | સંઘવી | રાંભિયા | કોરડિયા |
| (૫) જ્ઞાતિ | : | ગુર્જર (કચ્છી) | કચ્છી વીસા ઓસવાળ | વાગડ સાત ચોવિસી |
| (૬) સંપ્રદાય | : | | દેરાવાસી | દેરાવાસી |
| (૭) મૂળ વતન | : | મુંદ્રા | નાંગલપુર | ફતેહગઢ |
| (૮) જન્મ તારીખ | : | ૩૦-૦૭-૧૯૮૫ | ૦૩-૧૧-૧૯૮૬ | ૧૯-૦૮-૧૯૮૫ |
| (૯) ઉંમર વર્ષ | : | ૨૭ | ૨૬ | ૨૭ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૫" | ૫'૬" | ૫'૧૦" |
| (૧૧) વજન | : | ૪૮ કિ.ગ્રા. | | ૭૯ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | ઘઉંવર્ણ | | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ | : | B.E. (E.C.E.) | H.S.C. | H.S.C. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | — | ફેમિલી બિઝનેસ | વ્યવસાય |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | — | – | ૫,૦૦,૦૦૦/- |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | | પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ | નિવૃત્ત સરકારી ઓફિસર |
| (૧૭) સરનામું | : | ચિત્રકુટ એપાર્ટમેન્ટ, ૨૬, બાનબી રોડ, કિલપૌક, ચેન્નાઈ. | રત્નકુંજ, બી/૧૬૪૫, પ્રકાશ સોસાયટી, નિઝામપુરા, વડોદરા. | ૭, ગાયત્રી પાર્ક સોસાયટી, કે.પી. ગર્લ્સ હાયર સ્કુલ, ૬૦ ફીટ રોડ, વઢવાણ સીટી, જિ. સુરેન્દ્રનગર. |
| (૧૮) ફોન નંબર | : | ૦૪૪-૨૬૪૨૦૦૭૬ | | ૯૯૭૯૦ ૭૧૪૧૯ |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૦૯૮૮૪૨ ૦૩૮૧૫ | ૯૫૧૦૭ ૦૭૩૭૭ | ૯૭૨૫૮ ૫૪૬૩૧ |
| (૨૦) ભાઈ – બહેન | : | ૧ – ૧ | ૨ – ૦ | ૧ – ૨ |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | — | — | — |




## પુત્ર જન્મ

- **તા. ૧૧-૫-૨૦૧૨**
  **જેનિલ પારસ હરખચંદ ગોસર (સુરેન્દ્રનગર)**
  માતુશ્રી : **કોમલબહેન**

## સગપણ

- **તા. ૨૭-૫-૨૦૧૨**
  **પરીન હિતેશ લક્ષ્મીચંદ શાહ (ભુજ - અમદાવાદ)**
  **મયુરી પ્રકાશ કાંતિલાલ મહેતા (અંગીયા - અમદાવાદ)**

## અવસાન નોંધ

- **તા. ૧૧-૫-૨૦૧૨**
  **દેવકુંવરબહેન માણેકજી જેઠાભાઈ દંડ (કચ્છ - વરાડિયા) અમદાવાદ** (ઉ.વ.-૮૩) રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયાં છે.
  સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## અભિનંદન

### અમદાવાદ જિલ્લા ટેલિકોમ - ટેલિફોન સલાહકાર સમિતિમાં શ્રી કીર્તિભાઈ મોરારજી વોરાની નિમણૂક

ભારત સરકારના ટેલી કોમ્યુનિકેશન ખાતા, ન્યુ દિલ્હીના પરિપત્ર ક્રમાંક ૮-૫૬/૧૧-પીએચપી, તા. ૧-૫-૨૦૧૨ દ્વારા અમદાવાદ સ્થિત ભારતીય જનતા પાર્ટી - સરખેજ વોર્ડના પ્રમુખશ્રી કીર્તિભાઈ મોરારજી વોરાની અમદાવાદ જિલ્લાની ટેલિકોમ - ટેલિફોનની સલાહકાર સમિતિના સભ્યપદે તા. ૨૨-૧૨-૨૦૧૩ સુધી નિમણૂક કરવામાં આવી છે. આ કારણે તેમને અનેક સ્થળેથી અભિનંદન મળી રહ્યાં છે, તેમ તેમના તરફથી એક નોંધમાં જણાવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કીર્તિભાઈ વોરા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છે.

## સાભાર સ્વીકાર

### વૈયાવૃત્ત્ય વિભાગ

શ્રી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - અમદાવાદ તરફથી — રૂા. ૨૧,૦૦૦/-

*સંસ્થા, દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.*

### ખુશી ભેટ

★ ચિ. પરીનની સગાઈ નિમિત્તે શ્રી હિતેશ લક્ષ્મીચંદ શાહ તરફથી સમાજને રૂા. ૧૦૦૧/- ભેટ મળેલ છે.

★ ચિ. મયુરીની સગાઈ નિમિત્તે શ્રી પ્રકાશ કાંતિલાલ મહેતા તરફથી સમાજને રૂા. ૧૦૦૧/- ભેટ મળેલ છે.

*સમાજ ઉપરોક્ત ભેટોનો સાભાર સ્વીકાર કરે છે અને તેઓશ્રીને અભિનંદન પાઠવે છે.*

## આત્મસુખ

એક રસ્તાને કિનારે એક આંબો હતો. જ્યારે એમાં કેરીઓ બેસવાની શરૂઆત તતી ત્યારે છોકરાઓ ઈંટ - પથ્થર મારી એને તોડવાનું શરૂ કરી દેતા. કેરી પાકે એની સાથે ઈંટ - પથ્થરની સંખ્યા પણ વધી જતી. આંબાની બાજુમાં એક આસોપાલવનું વૃક્ષ હતું. છોકરાઓ જ્યારે આંબા પર પથ્થરો મારતા ત્યારે આસોપાલવને બહુ મજા પડતી. આંબાનું વૃક્ષ માર ખાય ત્યારે એ પોતાને બહુ નસીબદાર માનતું. એક દિવસ એણે આંબાને કહ્યું, 'જ્યારે જુઓ ત્યારે કોઈને કોઈ પથ્થરો મારીને કેરીઓ તોડતું રહે છે. તને બહુ પીડા થતી હશેને? એના કરતાં કેરીઓ ઊગતી જ ન હોય તો સારું પડે નહીં?' એ સાંભળીને આંબાના વૃક્ષે કહ્યું, 'એવું ન કહે. મારી ડાળીઓ પર કેરીઓ ઊગે છે. એનાથી મને બહુ ખુશી થાય છે. આ જ કેરીઓને કારણે તો છોકરાઓ તેના ઉગવાની રાહ જુએ છે. અને ઊગે ત્યારે મારી પાસે આવે છે. મને તો એમાં બહુ સંતોષ મળે છે.'

પણ આસોપાલવ એમ જલદી હાર માને એવું નહોતું. એણે ફરી પૂછ્યું, 'પણ એમાં તને શું ફાયદો થાય છે? કાયમ માર ખાતો રહે છે. મને તો કોઈ એક કાંકરી પણ ન મારે. તારા કરતાં તો હું ક્યાંય વધુ ખુશ છું.' એ સાંભળીને આંબાએ કહ્યું, 'તારી ડાળીઓ પર કોઈ ફળ ઊગતાં નથી એટલે તને એનો આનંદ નહીં સમજાય. જેની પાસે કંઈક હોય, એ જ બીજાને કંઈક આપી શકે અને એ જ એનો ધર્મ પણ છે. કંઈક આપવાથી આત્મસુખ મળે છે. એમાં કોઈ પ્રકારની પીડા કે દુઃખ થતાં નથી.' આ વખતે આસોપાલવ પાસે કોઈ જવાબ નહોતો. એ નિરુત્તર જ રહ્યું.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*વાસ્તવિકતાઓ ઘણી છે પણ સત્ય તો એક જ છે.*

## ભાવભર્યું નિમંત્રણ

# અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ નિમિત્તે

## કચ્છી ડાયરો

અત્યાર સુધી ક્યારેય પણ ન જોયેલ હોય – ન સાંભળેલ હોય
તેવા કચ્છી / ગુજરાતી ગીતોની જમાવટ કરતો સૂરીલો ડાયરો

- ★ **પ્રસ્તુતકર્તા : શ્રી લાલ રાંભિયા અને સાથીઓ**
- ★ **સંચાલન : શ્રી ગુલાબ દેઢિયા**
- ★ **સંગીત : શ્રી વિક્રમ નિઝામા**
- ★ **ગાયકવૃંદ : શ્રી લાલ રાંભિયા, શ્રી વિશનજી શાહ, શ્રી વિક્રમ**
- ★ **સ્થળ : ટાઉન હોલ, એલિસબ્રિજ, અમદાવાદ.**
- ★ **દિવસ : ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨**
- ★ **સમય : રાત્રે ૯.૦૦ વાગ્યાથી**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવના તૃતીય કાર્યક્રમ સ્વરૂપે, અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષના પર્વે, ગુરૂવાર તા. ૨૧-૬-૨૦૧૨ના રાત્રે ૯.૦૦ વાગે ટાઉનહોલ ખાતે એક ડાયરાનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

અત્યાર સુધી જેમની જમાવટ અદ્‌ભુત અને અદ્વિતીય રહેવા પામેલ છે તે શ્રી લાલ રાંભિયા, તેમના સાથી કલાકારો સાથે ભુજથી પધારીને ડાયરાની ધમાકેદાર રજૂઆત કરવાના છે. તેવી જ રીતે જેમને સાંભળતા હોઈએ ત્યારે ઊઠવાનું મન ના થાય તેવી મીઠી અને મઘમઘતી જબાનથી આ ડાયરાનું સંચાલન કરવા શ્રી ગુલાબ દેઢિયા મુંબઈથી ખાસ અમદાવાદ પધારવાના છે.

આપશ્રીને આ ડાયરામાં પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

ડાયરામાં ઉપસ્થિત રહેવા ત્રણ પ્રકારના પાસો રાખવામાં આવેલ છે, જે ઓફિસ સમય દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પરથી મળી શકશે.

આપશ્રીની અનુકૂળતા મુજબના પાસ વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકશો.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી પાસ મેળવીને કોઈપણ વ્યક્તિને આ ડાયરામાં ઉપસ્થિત રહેવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

એક પાસ દીઠ માત્ર એક જ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે.

કાર્યક્રમના અંતે લક્કી ડ્રો રાખવામાં આવેલ છે. નસીબ સાથ આપશે તો લક્કી ડ્રોના પાંચ ભાગ્યશાળી વિજેતાઓમાંથી આપશ્રી પણ એક વિજેતા બની શકશો.

કચ્છના દૂર-સુદૂર ગામડાંઓમાં રહેતા પરંતુ જેઓની ગળથૂથીમાં જ આ કલાનો વાસ થયેલ છે તેવા કલાકારોને જોવા, સાંભળવા, માણવા આપશ્રીને આપના પાસ વહેલી તકે બુક કરાવી લેવા અમારી અપીલ છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જીવનને સમૃદ્ધ કરવા માટે અધ્યયન સહુથી સસ્તો અને સરળ રસ્તો છે.*

# સમાજની સુવર્ણ જયંતી નિમિત્તે

## રાજકોટની પ્રસિદ્ધ સંસ્થા "જાથા" આયોજિત 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ

**એક ખૂબ જ વિશિષ્ટ પ્રકારનો કાર્યક્રમ એટલે 'ચમત્કારોથી ચેતો.'**

સમાજના દરેક વર્ગમાં વિભિન્ન સ્વરૂપે અંધશ્રદ્ધા વ્યાપક પ્રમાણમાં જોવા મળતી હોય છે. કોઈ પ્રશ્ને અથવા તો કોઈ પ્રસંગે ચમત્કાર સર્જાય તેમ ઘણાં ઈચ્છતા હોય છે. પ્રથમ દૃષ્ટિએ તેમાં ન માનવાવાળી વ્યક્તિ પણ ક્યારેક તેની અસર નીચે આવી જાય છે. બીજી રીતે જોઈએ તો ચમત્કારો સર્જાય તે માટે કોઈ પ્રકારના ક્રિયાકાંડ કરવા પણ પ્રેરાય છે.

હવે અગત્યનો પ્રશ્ન એ છે કે, આ બધું શું છે? તેની પાછળની ભૂમિકા કેવી છે અને તેમાં સત્ય કેટલું છે?

આ સમગ્ર વિષયે વિગતવાર માહિતી અને વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરશે રાજકોટની વર્ષો જૂની અને જાણીતી સંસ્થા 'જાથા.' સ્થાનિકે કોઈ આમંત્રણથી તે સંસ્થા દ્વારા ગુજરાતમાં તેમજ દેશ-વિદેશમાં આવી રજૂઆતના કાર્યક્રમો અવારનવાર ગોઠવાતા હોય છે અને પોતાની જોરદાર રજૂઆત કરતા હોય છે.

વાસ્તવમાં ચમત્કાર જેવી કોઈ વસ્તુ હોતી નથી પરંતુ તે માત્ર કોઈ પ્રકારની ટ્રીક - ચાલાકી હોય છે. તેમની રજૂઆત વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા અનેક પ્રયોગ અને દાખલા પર આધારિત હોય છે અને સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધા સામે લાલબત્તી કરતા હોય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત ઉપરોક્ત કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે.

**રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ • સમય : રાત્રિના ૯.૦૦થી**
**સ્થળ : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ.**

ઉપરોક્ત કાર્યક્રમમાં સૌ પરિવારજનો હાજર રહીને સત્યને સમજે તેવી ખાસ અપીલ છે.

***પ્રવેશ પાસ માટે સમાજ કાર્યાલયનો સંપર્ક કરવો.***

*— સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન**
*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*

## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૨૫મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ ના રોજ સવારે ૯.૩૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને અચૂક પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

### કાર્યસૂચિ

૧. ગત તા. ૧૭-૭-૨૦૧૧ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી.
૨. બંધારણની કલમ ૬(ખ)(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા કલમ-૬(ખ)(૩) મુજબ નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવા બાબત. તથા બંધારણની કલમ-૫(ગ) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવા બાબત.
૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તે અંગે ચર્ચા - વિચારણા કરવા બાબત.
૪. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઓડિટ થયેલ હિસાબો અંગે ચર્ચા-વિચારણા કરી બહાલી આપવા બાબત.
૫. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.
૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**પ્રતાપ નારાણજી દંડ - *માનદ્ મંત્રી***

***તા.ક.*** : *(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં. (૨) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૧૫-૭-૨૦૧૨ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓએ અગાઉથી જાણ કરી, ઓફિસ સમય દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે. (૩) વાર્ષિક સામાન્ય સભા પૂરી થયા બાદ સમૂહભોજનનો સહુ સભ્યોએ લાભ લેવા વિનંતી છે. આ અંગે પોતાની હાજરીની નોંધ હાજર રહેનાર સભ્યોએ તા. ૨૦-૭-૨૦૧૨ સુધી પાલડી ઓફિસે જણાવવા વિનંતી છે. (૪) તા. ૧૫-૧-૨૦૧૨ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચૂંટણી પંચની રચના

*તા. ૨૭-૫-૨૦૧૨*

ગત **તા. ૧૦-૫-૨૦૦૯** ના રોજ સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના બે સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

- **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**
  ત્રિવેણી બંગલો, એચ.પી. પેટ્રોલ પંપ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૮૭૧૯૨૫
- **શ્રી આણંદજી વેલજી વીરા**
  ૧૦૧, પ્રાંગણ, સાધના સ્કૂલ પાસે, પ્રીતમ નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : (રહે.) ૨૬૫૭૫૩૪૨, (વ્ય) ૨૬૫૭૫૩૮૪

*ટ્રસ્ટ મંડળ વતી,*
**અશોક મહેતા**
*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની ચૂંટણી વર્ષ ૨૦૧૨-૧૩ માટે કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી અને પેટ્રન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
૨. શ્રી મણિલાલ કુંવરજી ગોસર
૩. શ્રી નવીન વેરશી હરિયા

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રૂપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૩) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી કલ્યાણજી રવજી રાંભિયા
૨. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રૂપ) (૧ જગ્યા)**

આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

*સ્ત્રીઓનું સન્માન કરો. તે આપણા પાર્થિવ જીવનને સુગંધિત અને સુંદર બનાવે છે.*

- **નિવૃત્ત થતા કારોબારી સભ્યો (છ જગ્યા)**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ૨. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ |
| ૩. | શ્રી નીતિન ધનજી ગાલા | ૪. | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ |
| ૫. | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ (કોરડિયા) | ૬. | શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશભાઈ શાહ |

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.

૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.

૩. કોઈપણ સભ્ય એકથી વધારે જગ્યા ઉપર તેમજ એક જગ્યાએ ચાલુ રહીને અન્ય જગ્યા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં. એક જગ્યાએ રાજીનામું આપીને જ અન્ય જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.

૪. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.

૫. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**

૧. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૧૧-૬-૧૨થી તા. ૨૦-૬-૧૨ દરમ્યાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.

૨. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૨૧-૬-૧૨ના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૨૨-૬-૧૨, શુક્રવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૪. તા. ૨૭-૬-૧૨, બુધવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.

૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૨૮-૬-૧૨, ગુરુવારથી સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૨૨-૭-૧૨, રવિવારની સામાન્ય સભામાં કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.

૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : ચૂંટણી અંગેના એજન્ડાના સમયે હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)

૮. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

- **નોંધ :**

૧. તા. ૧૫-૧-૨૦૧૨ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.

૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

**મગનલાલ મોતીચંદ સંઘવી**
**સભ્ય – ચૂંટણી પંચ**

**આણંદજી વેલજી વીરા**
**સભ્ય – ચૂંટણી પંચ**

## પુરસ્કાર સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સુવર્ણ જયંતી વર્ષ ચાલી રહ્યું છે. આ યાદગાર વર્ષમાં સમાજ પરિવારજનોના ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને સમાજ વતી હાર્દિક અભિનંદન.

આપણા સમાજમાં ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને દર વર્ષે પુરસ્કૃત કરવામાં આવે છે. એ રીતે આ વર્ષે પુરસ્કાર મેળવવા માટેનાં ફોર્મ 'મંગલ મંદિર'ના આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલ છે, જે ફોર્મ ભરીને તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં સમાજના પાલડી ભવન કાર્યાલય પર મોકલી આપવા વિનંતી. ફોર્મ ભરતી વખતે ફોર્મની પાછળ આપેલી સૂચનાઓ અવશ્ય વાંચવી.

- આપનાં બાળકો પુરસ્કારથી વંચિત ન રહે તેના માટે વાલીઓને વિનંતી કે ફોર્મ સમયસર પૂરતી માહિતી સાથે મોકલાવી આપશો.
- બાળવર્ગથી ધોરણ-૭ સુધીના ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીને પુરસ્કાર મળશે. મેળવેલ માર્કસની ટકાવારી કે ગ્રેડનો કોઈ બાધ નથી.
- ધોરણ-૫ અને તેથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓની માર્કશીટ બીડવાની તકેદારી જરૂરથી લેશો.
- ઉચ્ચ કક્ષામાં ભણનાર વિદ્યાર્થીઓની માર્કશીટ પછીથી આવે એમ હોય તો તેની નોંધ સાથે ફોર્મ ભરીને મોકલાવી આપવું.
- જેનાં ફોર્મ અમોને મળેલ નહીં હોય તેઓનો પુરસ્કાર સંબંધી કોઈ જ વાદવિવાદ સાંભળવામાં ન આવે તો અમને દરગુજર કરશો.
- ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગને "સરસ્વતી સન્માન"ના દિવસે અને બાળ વર્ગથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને સમાજના સ્વામીવાત્સલ્યના કાર્યક્રમના દિવસે પુરસ્કાર આપવામાં આવશે.
- પુરસ્કારપાત્ર વિદ્યાર્થીઓના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર જે તે દિવસે મેળવી લેવા. ત્યાર પછી ક્ષમા.

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

## સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન દર વર્ષની જેમ સમાજમાં ધોરણ-૮ અને તેનાથી ઉપર ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓને "સરસ્વતી સન્માન"ના કાર્યક્રમમાં પુરસ્કૃત કરવામાં આવશે. એ સિવાયના વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર આપીને પુરસ્કૃત કરે જ છે.

"સરસ્વતી સન્માન" કાર્યક્રમ બુધવાર, તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સવારે ૯.૩૦ વાગે યોજવામાં આવેલ છે.

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

## લાઈબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરી સમિતિએ અગાઉ એ નિર્ણય લીધેલ હતો કે સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન, સમાજના દરેક ઘેર ભવન પરની લાઈબ્રેરીની વિવિધ બુક્સ વિના મૂલ્યે વાંચનાર્થે પહોંચતી કરવી અને જે-તે ઘરે તે બુક વાંચી લીધા બાદ આ બુક્સ તેઓને ત્યાંથી પરત મેળવી ભવન પરની લાઈબ્રેરીમાં પરત જમા કરાવવી. આ રીતે આપણા સમાજમાં વાંચન પ્રત્યે અત્યારે જે શિથિલતા દેખાય છે તે દૂર કરવા પ્રયાસ કરવો.

આ માટે ભવન પરની લાઈબ્રેરીમાં હાલે જે અંદાજિત ૨૦૦૦ જેટલી બુક્સ છે તેનું વિભાગવાર વર્ગીકરણ કરવામાં આવી રહેલ છે. વર્ગીકરણ બાદ આ લિસ્ટને પ્રિન્ટ કરવામાં આવશે અને ત્યારબાદ આ લિસ્ટને સમાજના દરેક ઘેર પહોંચતું કરવામાં આવશે.

અન્ય તરફ આ બાબતે પૃચ્છા કરવા દરેક ઘરનો ફોન પર સંપર્ક સાધવામાં આવી રહેલ છે. જેઓ આ બુક્સ નિયમિતપણે વાંચવા માટે તૈયારી દાખવશે તેવા પરિવારોનું એક લિસ્ટ બનાવવામાં આવી રહેલ છે. આ લિસ્ટ અમદાવાદના વિવિધ વિસ્તારો પ્રમાણે બનાવવામાં આવશે અને દરેક વિસ્તારમાં વસવાટ કરતાં કુટુંબોને ત્યાં તેમની રુચિ પ્રમાણેની બુક્સ દર અઠવાડિયે કે દર પંદર દિવસે વિના મૂલ્યે પહોંચતી કરવામાં આવશે અને તે જ રીતે પરત પણ લઈ જવામાં આવશે.

ભવન પરની લાઈબ્રેરીના સભ્ય બનવા માટે દરેક ઘેર એક નાનકડું ફોર્મ મોકલી આપવામાં આવશે. જેઓને શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરીની બુક્સ વાંચવામાં રસ હોય, તેઓએ આ ફોર્મ ભરીને સત્વરે ભવન પર પરત મોકલવા અપીલ કરવામાં આવે છે.

ઘેર ઘેર વાંચવા લાયક બુક્સ મોકલવાની પ્રક્રિયા હાલે ચાલુ છે અને આ યોજનાનો અમલ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ એટલે કે ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨થી ચાલુ કરવામાં આવશે.

સમાજનો દરેક સભ્ય લાઈબ્રેરીની બુક પોતાને ત્યાં વાંચવા માટે મંગાવી તે કુટુંબ પોતાના જ્ઞાનમાં અગાઢ વધારો કરે, મૌલિક તર્કશક્તિ ખીલવે અને પોતાના માનસિક સ્તરને વધુને વધુ ખીલવતો જાય તે જ આ યોજના પાછળની ભાવના છે.

અમને આશા છે કે આવતા દિવસોમાં સમાજના મોટાભાગનાં કુટુંબોમાં વાંચન પ્રક્રિયા યોગ્ય રીતે સુધરી શકશે.

જે કુટુંબ આ યોજનામાં સ્વેચ્છાથી જોડાવા તૈયાર થાય તેઓએ પોતાનાં નામ વહેલી તકે ભવન પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**મનુભાઈ શાહ**
**કન્વીનર - લાઈબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કાંઈ પણ ન મેળવવાની ઈચ્છા રાખનાર જ બધું પામે છે.*

## સુવર્ણ જયંતી સમારંભના સંદર્ભમાં અભિવાદન કાર્યક્રમ યોજાયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષની ઊજવણી નિમિત્તેનો ઉદ્‌ઘાટન સમારંભ તથા અન્ય કાર્યક્રમ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ દબદબાભેર ઊજવાઈ ગયા. અત્યંત વ્યસ્ત સમયપત્રક અનુસાર ગોઠવેલ વિવિધ કાર્યક્રમ દરમ્યાન વોલન્ટીયર્સ, સ્ટાફ, વિશેષ સમિતિઓ વગેરેના કન્વીનર્સ તથા સભ્યોએ કરેલ તનતોડ મહેનત તથા કાર્યક્રમને સફળ બનાવવા ઉઠાવેલ જહેમત બદલ અનુમોદન કરવા એક અભિવાદન કાર્યક્રમનું આયોજન તા. ૨૯-૪-૨૦૧૨ના રોજ સંસ્થાના પાલડી ભવન ખાતે સાંજે ૪ થી ૭ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૮૦ વ્યક્તિ તથા સમાજના હોદ્દેદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા તથા માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે સૌના યોગદાન તથા પ્રયાસોની સરાહના કરી હતી અને એવી અપેક્ષા વ્યક્ત કરી હતી કે આ સંદર્ભમાં અન્ય કાર્યક્રમોમાં પણ આ રીતે સૌનો સાથ-સહકાર પ્રાપ્ત થશે. આ નિમિત્તે સૌને અભિવાદન પત્ર તથા યાદગીરી રૂપે ભેટ આપવામાં આવેલ.

***વિમેશ શાહ, કન્વીનર - વોલન્ટીયર્સ સમિતિ***

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### "જીવન કૌશલ્ય" વિષયે શિબિર સંપન્ન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતે શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા "જીવન કૌશલ્ય" એટલે કે જીવન જીવવાની કળા મેળવવા માટેની એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૬-૫-૨૦૧૨ના રોજ ૧૧થી ૧૭ વર્ષનાં બાળકોને જીવન કૌશલ્ય પ્રત્યેની સમજણ આપવામાં આવી અને જીવનમાં જરૂરી આવડત કેવી રીતે કેળવવી તેની સમજ સાઈકોલોજિસ્ટ શ્રી નંદક પંડ્યા દ્વારા તબક્કાવાર સમજાવવામાં આવી. ઉચ્ચકોટિના વિચારો અને જીવનમાં તેની ઉપયોગિતા ક્યાં છે તે સમજાવ્યું. કાર્યશૈલીમાં, સામાજિક કર્તવ્યોમાં, આદાન-પ્રદાન અને જીવનમાં આવતા અનેક તબક્કાઓ અને ક્ષણોને સારી રીતે યાદ રાખવા ઉપરાંત જીવનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનાં નિરાકરણ કેવી રીતે કરવા તે સમગ્ર બાબતની સમજ વીડિયો દ્વારા સમાજના ૩૦ બાળકોને આપવામાં આવી હતી.

ઉપરોક્ત વિષયની એક અન્ય શિબિર તા. ૨૦-૫-૨૦૧૨ના રોજ સમાજના ૧૮થી ૨૪ વયના યુવાવર્ગ માટે થઈ હતી. જેમાં ૨૭ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

***કન્વીનર***

## યુવા વિકાસ સમિતિ

### કેરમ અને ચેસ સ્પર્ધાઓના વિજેતાઓ

### શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ કેરમ સ્પર્ધા

સમિતિ દ્વારા તાજેતરમાં આયોજિત સ્પર્ધાના વિજેતાઓ....

**કેરમ સ્પર્ધા**

*(અ) ૧૯ વર્ષ સુધીના ગ્રૂપમાં :*

*પ્રથમ વિજેતા :* પાર્થ સંદીપ મોતા, ચિંતન એ. શાહ

*દ્વિતીય વિજેતા :* ખુશબૂ પીયૂષ પારેખ, પરીન નીતિન શાહ

*(બ) ૨૦ વર્ષથી ઉપરના ગ્રૂપમાં*

*પ્રથમ વિજેતા :* ભરતભાઈ શાહ, રાજેશ તલકશી મહેતા

*દ્વિતીય વિજેતા :* પીયૂષ હીરજી સાવલા, મનીષ છાડવા.

### શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ ચેસ સ્પર્ધા

*(અ) ૧૪ વર્ષ સુધીના ગ્રૂપમાં :*

*પ્રથમ વિજેતા :* બિનોય ગોગરી

*દ્વિતીય વિજેતા :* જય મનીષ છાડવા

*(બ) ૧૪ વર્ષથી ઉપરના ગ્રૂપમાં*

*પ્રથમ વિજેતા :* પારશદ એસ. શાહ

*દ્વિતીય વિજેતા :* પાર્થ સંદીપ મોતા.

સ્પર્ધામાં ભાગ લેનાર અને સ્પર્ધાના વિજેતાઓને અભિનંદન.

***– કન્વીનર***

### શ્રી બિપિનચંદ્ર કાનજી રવજી જૈન (નાની ખાખરવાળા)

### શૈક્ષણિક લોન યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોનાં બાળકો વર્ષ ૨૦૧૨ દરમ્યાન અભ્યાસ કરતાં હોય અને તેમના માટે શિક્ષણ સંબંધી લોન લેવા ઈચ્છતા હોય તેઓએ પાલડી ખાતેના સમાજ કાર્યાલયમાંથી જરૂરી ફોર્મ મેળવીને તા. ૧૫-૭-૨૦૧૨ સુધીમાં વિદ્યાર્થી દીઠ સંપૂર્ણ વિગત સાથેનું ફોર્મ તે જ સ્થળે પરત કરવા વિનંતી છે.

આ શૈક્ષણિક લોન અમદાવાદ - ગાંધીનગર સ્થિત આર્થિક રીતે જરૂરતમંદ સભ્ય પરિવારનાં અભ્યાસ કરતાં બાળકો માટે જ છે.

અવ્યવસ્થિત અને અધૂરી વિગતવાળાં ફોર્મ માન્ય કરવામાં આવશે નહીં. લોન માટેના ફોર્મમાં આપણા સમાજના ટ્રસ્ટીની સહી હોવી જરૂરી છે.

***કન્વીનર - આણંદજી વીરા, શૈક્ષણિક સમિતિ***

*આપણે જીવનની દિશા ન બદલી શકીએ પણ તે મુજબ આપણી નાવ ફેરવી શકીએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપિનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી લોન ફંડ

### શૈક્ષણિક લોન અરજી ફોર્મ

વાલીનું પૂરું નામ અટક સાથે : ........................................................................................

વાલીનું પૂરું સરનામું : ........................................................................................

........................................................................................

પરિવારની વાર્ષિક આવક : ટે.નંબર : .............................. મો. નંબર : ...................................

લોન લેનાર બાળકનું નામ : ........................................................... ધોરણ : ....................

સ્કૂલનું નામ : ........................................................................................

સ્કૂલ ફી પેટે ભરેલ રકમ : ................................ સ્કૂલ બુક્સ માટે થયેલ ખર્ચ : ........................

ઈતર ખર્ચ : ................................ કુલ ખર્ચ : .............................................

***વાલીની સહી :*** ____________________

હું ઉપરોક્ત કુટુંબ ........................................................................................ ને જાણું છું. જે શૈક્ષણિક લોન માટે જરૂરિયાતમંદ છે. તેઓશ્રીને સમાજનાં નિયમાનુસાર લોન આપવાની ભલામણ કરું છું.

***ટ્રસ્ટીની સહી :*** ____________________

**મારા પાલ્ય પગભર થયા પછી અમોશ્રી સમાજે આપેલ લોન પરત કરવા બંધાયેલા છીએ.**

**વાલીની સહી :** ____________________ **બાળકની સહી :** ____________________

**• વિદ્યાર્થી એકલા અથવા વાલી સાથેના સંયુક્ત ખાતાની વિગત •**

બેંકનું નામ : ____________________ ખાતા નંબર : ____________________

***બીડાણ*** **: પાસ કરેલ ધોરણની માર્કશીટની ઝેરોક્ષ, સ્કૂલમાં ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ, ખરીદેલ બુક્સનું બિલ, ઇતર ખર્ચનું બિલ.**

**• કાર્યાલયના ઉપયોગ માટે •**

લોન પેટે માંગેલી રકમ : ........................................................................................

મંજૂર કરેલ લોનની રકમ : ........................................................................................

કુલ ચૂકવવાપાત્ર લોનની રકમ : ........................................................................................

**કન્વીનર**

*સફળ થવા માટે મહાન કાર્ય કરો, મહાન વિચારો અને મહત્ત્વનું બોલો.*

# વયસ્ક સમિતિ દ્વારા 'સંગીત સંધ્યા'નો ઝમકાર

સંગીત અને સુમધુર શબ્દોથી તન-મનને ડોલાવતો સંગીત સંધ્યાનો એક કાર્યક્રમ તા. ૧૮-૫-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ૮૦ જેટલા વડીલ સદસ્યોએ આનંદપૂર્વક ભાગ લીધો હતો.

સૂર અને તાલના સંગમથી મહાન ગાયક સ્વ. મૂકેશજીનાં સંખ્યાબંધ રંગબેરંગી ગીતોની શ્રી જયવંત ઠાકરે અદ્‌ભુત રજૂઆત કરીને સર્વે શ્રોતાજનોને પ્રભાવિત કર્યા હતા. બીજી તરફ, શ્રી મનોહર શિંદેએ સૂરના બાદશાહ સ્વ. મહમદ રફી સાહેબનાં યાદગાર ગીતો ગાઈને સૌના દિલ-દિમાગને આનંદથી ઝુમતાં કરી દીધાં હતાં. જ્યારે શ્રી યોગેન્દ્ર ધૂપકર ગ્રૂપે દિલધડક સંગીતથી ઉન્માદકભર્યો માહોલ ઊભો કર્યો હતો.

શ્રોતાઓની ફરમાઈશથી શ્રેણીબંધ અવનવાં ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. સમગ્ર રજૂઆતના અંતે ગાયકવૃંદ અને સંગીત પાર્ટીના દરેક કલાકારોનું સમાજના હોદ્દેદારો દ્વારા ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સ્પોન્સર શ્રી ભોગીલાલભાઈ પ્રેમચંદ શાહ અને શ્રીમતી કોકિલાબહેન ભોગીલાલ શાહે પોતાના મધુરમય લગ્નની ૪૫મી વર્ષગાંઠ નિમિત્તે કેક કાપી ત્યારે સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી અભિનંદન સાથે શુભેચ્છા પ્રદર્શિત કરી હતી. શ્રી આણંદજીભાઈ વીરા અને શ્રીમતી લક્ષ્મીબહેન વીરાએ ઉપસ્થિત સૌ સભ્યો વતી પ્રસંગની ખુશીના પ્રતીકરૂપે પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમને સન્માનિત કર્યા હતા.

અંતે સૌ વડીલ મિત્રોએ ભોજનની લિજ્જત માણતાં પરસ્પર જણાવતાં હતાં કે, ઘણાં વર્ષો બાદ 'બીજા મુકેશ'ને સન્મુખ સાંભળવાની ઉત્તક તક પ્રાપ્ત થઈ અને તે માટે શ્રી રજનીભાઈ પારેખને અભિનંદન આપ્યાં હતાં.

*કન્વીનર - વયસ્ક સમિતિ*



**લગ્નની વર્ષગાંઠની કેક કાપતા શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ અને શ્રીમતી કોકિલાબહેન શાહ**



**ગાયક શ્રી જયવંત ઠાકરનું બહુમાન કરતા પ્રમુખ શ્રી અશોકકુમાર મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ અને સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખ**



**સંગીત સંધ્યા માણતું નારી વૃંદ**



**સંગીત સંધ્યાના તાલે ડોલતું શ્રોતાગણ**

## ઊડતી નજરે....

### એપ્રિલ-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી – | ૮,૧૬૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૩૫૬ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૬૯ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .......... ૧૮ | |
| | (ગ) | સોનોગ્રાફી .......... ૭૨૬ | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... ૨૭ | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... ૩૪૪ | |
| | (છ) | અન્ય .......... ૬,૬૨૬ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૦૯૦<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... ૪,૪૫૬<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૫૫૬<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૩૯૩ | ૯,૪૯૫ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૮૮૦<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... ૩,૪૦૬ | ૪,૨૮૬ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૫૯૨ | ૫૯૨ |
| | | એપ્રિલ - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૨,૫૩૯ |

*પૃથ્વીના પછેડા ઉપર કુદરતે એવા રંગ પૂર્યા છે કે એક જુઓ અને એક ભૂલો. દરેક ક્ષેત્રમાં ઝીણામાં ઝીણી વસ્તુઓમાં તેણે નવીનતાની નકશી કરી છે અને માણસના હૃદયમાં તેણે એવો ખજાનો ભર્યો છે કે જેમાંથી શું નથી નીકળતું એ જ એક પ્રશ્ન છે. એમાં દેવનાં દર્શન થાય છે તો એમાંથી દાનવ પણ પ્રગટે છે. કોઈ ઠેકાણે દયા, કોઈ ઠેકાણે ભરપૂર પ્રેમ, તો કોઈ ઠેકાણે તિરસ્કાર! નાનકડા એવા હૃદયમાં કુદરતે આખું વિશ્વ ભરી દીધું છે અને અનેક પ્રકારની ઊર્મિઓના તાર ત્યાં સદા ઝણઝણતા રહે છે. દરેક વ્યક્તિમાં કુદરતે કંઈ ને કંઈ નવીનતા મૂકી છે.*

*ધર્મનું કામ લોકોને માલેતુજાર નહીં પરંતુ માણસ બનાવવવાનું છે.*

## છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લેનાર વ્યક્તિઓની

| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૩૭૯૫ | ૪૫૭૬ | ૪૫૧૩ | ૪૮૫૫ | ૪૬૭૯ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૯૯૨ | ૧૨૭૦ | ૯૧૬ | ૭૯૮ | ૬૭૩ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૧૯૬ | ૨૧૩ | ૨૦૪ | ૨૨૨ | ૨૩૧ |
| | (ખ) સોનોગ્રાફી | ૪૬૪૯ | ૫૩૫૩ | ૫૮૩૯ | ૬૯૨૫ | ૭૮૪૭ |
| | (ગ) ટી.એમ.ટી. | ૩૧૮ | ૧૬૧ | ૧૪૧ | ૧૦૯ | ૧૬૫ |
| | (ઘ) બોડી ચેક-અપ | – | – | ૨૭૮૫ | ૩૧૮૨ | ૩૫૦૧ |
| | (ધ) અન્ય | ૭૫૦૫૬ | ૮૪૦૬૫ | ૭૮૯૨૭ | ૮૪૭૫૮ | ૮૦૨૧૫ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૫૦૦૬ | ૯૫૬૩૮ | ૧૦૨૩૨૫ | ૧૦૦૮૪૯ | ૯૭૩૧૧ |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૨૭૫૫ | ૨૧૭૩૪ | ૨૪૭૪૧ | ૨૬૦૦૩ | ૨૯૭૮૯ |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૨૭૩૪ | ૧૦૭૯૩ | ૧૦૬૭૦ | ૧૦૫૫૪ | ૧૧૧૬૬ |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૬૭૯ | ૬૫૩૦ | ૭૩૦૯ | ૬૮૮૬ | ૭૬૭૮ |
| ૫. | જલારામ અન્નક્ષેત્ર, શાહીબાગ, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | — | — | — | ૭૨૮૬ | ૨૬૬૪૨ |
| ૬. | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | — | — | — | ૭૨૮૬ | ૨૬૬૪૨ |
| | **પ્રત્યેક વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૧૨૨૧૭૪** | **૧૩૪૬૯૫** | **૧૪૫૦૪૫** | **૧૮૨૨૧૭** | **૨૩૮૯૧૧** |

જીવનમાં છાકડું નથી પણ તે છાકડું તોડવા માટે સક્ષમ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ / મે - ૨૦૧૨

- **શુક્રવાર, તા. ૧૬-૩-૨૦૧૨**

  આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કે.આર. શાહ એકત્રિત થઈ સુવર્ણ જયંતી મહોત્સવના નક્કી કરવામાં આવેલ નકરાઓના અનુસંધાને પ્રથમ ડૉ. મધુભાઈ પાસે ગયેલ હતા અને ત્યારબાદ ડૉ. હિમાંશુ શાહને ત્યાં ગયેલ હતા. આવતા દિવસોમાં યોગ્ય જવાબ આપશે તેવું આ મહાનુભાવોએ જણાવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૦-૩-૨૦૧૨**

  આજરોજ ભવન પર એક ઔપચારિક મિટિંગ મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમો વિશે ચર્ચા કરવામાં આવી.

★

તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમોના પાસ આજે પ્રિન્ટીંગ થઈને આવી જતાં, એ પાસોના ઍલોકેશનનું કાર્ય આજે જ સંપન્ન કરવામાં આવ્યું.

- **શનિવાર, તા. ૨૪-૩-૨૦૧૨**

  આજરોજ કે.કે. (ઈમ્પેક્ટ ફી કન્સલ્ટન્ટ) શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. અત્યારના ઈમ્પેક્ટ ફીના માળખા પ્રમાણે ત્રણે ભવનના ઈમ્પેક્ટના કારણે વપરાશમાં ફેરફાર કરવાથી ભરવાના થતા એમાઉન્ટની ગણના કરવામાં આવી. આ એમાઉન્ટ બહુ જ મોટા પ્રમાણમાં થતી હોવાથી હાલે ઈમ્પેક્ટનાં ફોર્મ ન ભરી શકાય તેવી પરિસ્થિતિ દેખાઈ આવી.

- **સોમવાર, તા. ૨૬-૩-૨૦૧૨**

  આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ સુવર્ણ જયંતી મહોત્સવના દ્વિતીય કાર્યક્રમ - મુંબઈ ખાતેના સેમિનારની વ્યવસ્થા ગોઠવવા ભુજ પહોંચેલ હતા. તેઓએ પ્રથમ શ્રી વિનોદભાઈ ગાલા તથા શ્રી લાલ રાંભિયા સાથે મુલાકાત કરી સેમિનારના વિવિધ વિષયોના કુશળ વક્તાઓ માટે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ આ જ પ્રકારની ચર્ચા શ્રી કીર્તિભાઈ ખત્રી સાથે પણ કરવામાં આવેલ હતી. શ્રી કીર્તિભાઈ ખત્રીએ ગાઈડ તથા ડેઝર્ટ ઍકોલોજીના વિષયના નિષ્ણાતો બાબત પણ સૂચન કરેલ હતાં. ત્યારબાદ શ્રી મૂકેશભાઈ ઝવેરીને મળી નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૨૭-૩-૨૦૧૨**

  આજરોજ ભુજ ખાતે શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રીમતી લતાબહેન સચદે તથા શ્રી કીર્તિભાઈ ખત્રી સાથે અલગ અલગ મિટિંગો કરવામાં આવેલ હતી. શ્રી કીર્તિભાઈ ખત્રી સાથેની ચર્ચાના સમયે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેઝર્ટ ઈકોલોજી - ગાઈડના શ્રી વિનયકુમાર તથા કાજરીના શ્રી ડૉ. દેવીદયાલ પણ ઉપસ્થિત રહેલ હતા. ડૉ. દેવીદયાલ વનસ્પતિ ઔષધ વિશે સારું જ્ઞાન ધરાવતા હતા. ત્યારબાદ શ્રી તારાચંદ છેડાને મળી તેઓશ્રીને પણ અમદાવાદ તથા મુંબઈના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપેલ હતું.

- **બુધવાર, તા. ૨૮-૩-૨૦૧૨**

  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૦થી ૨૫ મિનિટની ડોક્યુમેન્ટરી સી.ડી. બનાવવા આજરોજ અરિહંત બિઝનેસ લિંક (એ.બી. લિંક)ના શ્રી હિમાંશુ શાહ સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એક મિટિંગ કરવામાં આવી. અંદાજિત રૂા. ૩૫,૦૦૦/- + ટેક્ષના ભાવથી તેમને ડોક્યુમેન્ટરી બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો. કેટલીક વિગતો, બ્રોચર્સ, પેપર્સ, ફોટાઓ વગેરે તેમને સુપરત કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન ઉપસ્થિત રહેલ હતાં.

- **ગુરુવાર, તા. ૨૯-૩-૨૦૧૨**

  આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગ મળેલ હતી. વર્ષ ૨૦૧૨-૧૩માં શૈક્ષણિક સહાય નહીં પણ શૈક્ષણિક લૉન આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ વર્ષે લોનનો આંકડો રૂા. ૧૦ લાખથી વધુ જવાની શક્યતા રહેલ છે. આ મિટિંગમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી પોપટલાલ નેણશી ધરોડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★

આજરોજ કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓને આપવામાં આવનાર ટ્રોફી નંગ-૨૦નો ઓર્ડર આપવામાં આવેલ હતો.

- **શુક્રવાર, તા. ૩૦-૩-૨૦૧૨**

  'જીતો' દ્વારા મહાવીર જન્મ કલ્યાણકના દિવસે જે વરઘોડો કાઢવામાં આવનાર છે તે સમયે શ્રી કચ્છી જૈન ભવન પર

*ખુશ મિજાજ અને હસતા રહો તો તમારી રોગ પ્રતિકાર શક્તિ પણ વધશે.*

કરવામાં આવનાર વ્યવસ્થાના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્રભાઈ છ. શાહે વિગતે ચર્ચા કરેલ હતી. આ સમયે વરિયાળીના પાણીની ૫૦૦૦ બોટલનું વિતરણ કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

★

મેડિકલ સેન્ટરના રીનોવેશનનો પ્લાન શ્રી ગુણવંતભાઈ પોતાની રીતે બનાવીને લાવેલ હતા.

- **રવિવાર, તા. ૩૧-૩-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ કારોબારી સમિતિ તથા તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમમાં વ્યસ્ત અલગ અલગ ૫ સમિતિની સંયુક્ત મિટિંગ રાખવામાં આવેલ હતી અને તા. ૧૪-૪-૨૦૧૨ના યોજવામાં આવનાર સુવર્ણ જયંતી મહોત્સવના પ્રથમ કાર્યક્રમ અંગે વિગતે આયોજન કરવામાં આવેલ હતાં.

- **સોમવાર, તા. ૧-૪-૨૦૧૨**

સ્ટાફના સભ્યોને વધી રહેલ મોંઘવારીની સામે ઍડહોક ધોરણે પગાર વધારો આપવા અંગે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી કે.ડી. શાહે સાથે બેસીને જરૂરી ચર્ચા-વિચારણા કરેલ હતી. શ્રી કિશોરભાઈ ઠક્કરનાં સૂચનો અંગે પણ તેમની સાથે બેસીને ચર્ચા કરવામાં આવેલ હતી.

★

શ્રી ગુણવંતભાઈ શાહ સાથે આજે મેડિકલના રીનોવેશન, નવા ડોનેશન તથા ૧૩૫ સીસી મેળવવા અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૪-૪-૨૦૧૨**

'જીતો' આયોજિત મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો આજે જ્યારે ભવન પાસેથી પસાર થયો ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા બનાવાયેલ મંચ પર શેઠશ્રી કસ્તુરભાઈ, જીતોના અનેક આગેવાનો, પાલડી વિભાગના ધારાસભ્યો તથા ઈસાઈ, ઓજી, પારસી તેમજ જગન્નાથજી મંદિરના મહંત તેમજ શ્રી ક.જૈ.સે.સ.ના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. બધા જ વિવિધ ધર્મગુરુઓનું શ્રી ક.જૈ.સે.સ. દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૫-૪-૨૦૧૨**

વર્ષ ૨૦૧૨-૧૩ માટે શ્રી કે.ડી. શાહ સાથે રહી સ્ટાફને આપવાના ઍડહોક પગાર વધારા માટે આજે ફાઈનલ નિર્ણય લેવામાં આવ્યા.

- **શુક્રવાર, તા. ૬-૪-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન ભવન પર આજે રાત્રે મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. કે જેમાં ૯ જેટલી વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. રૂટીન વર્ક માટે જે નિર્ણયો લેવાના હતા તે જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા.

- **સોમવાર, તા. ૯-૪-૨૦૧૨**

વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓને આપવાના સન્માનપત્રની ફ્રેઈમો ફાઈનલ કરી, તેનો ઓર્ડર આપવામાં આવ્યો.

- **ગુરુવાર, તા. ૧૨-૪-૨૦૧૨**

આજરોજ માંડવીના શ્રી કનકશીભાઈ શેઠ વતી શ્રી ભરતભાઈ વેદ વગેરે મુંબઈથી જૈન ભવન પર આવેલ હતા. તા. ૧૩-૫-૨૦૧૨ના મુંબઈમાં શ્રી કનકશીભાઈના સન્માન અંગેની જે વિગતો જોઈતી હતી તે જરૂરી વિગતો તેમને આપવામાં આવેલ હતી.

★

આજરોજ શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી વિમેશભાઈ શાહ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ આવનાર મહેમાનોને રૂમ ફાળવણી, કાર ફાળવણી વગેરે કાર્યોમાં વ્યસ્ત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૩-૪-૨૦૧૨**

સુવર્ણ જયંતી મહોત્સવના તા. ૧૪-૪-૨૦૧૨ના પ્રારંભિક મહોત્સવમાં ઉપસ્થિત રહેવા બહારગામથી મહેમાનો પધારવાના આજરોજ ચાલુ થઈ ગયેલ છે.

- **શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨**

આજરોજ સવારમાં ૯.૦૦ વાગે ગાંધીનગર ખાતે સિનિયર સિટિઝન હોમનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અગાઉથી નક્કી કરવામાં આવેલ શ્રી રાઘવજીભાઈ સાવલા, શ્રી મૂકેશભાઈ ઝવેરી કે શ્રી તારાચંદભાઈ છેડા ઉપસ્થિત રહી શકેલ ન હતા. મંચ પર શ્રી સુંદરજીભાઈ એમ. શાહ, શ્રી પન્નાલાલ છેડા, શ્રી વાડીલાલભાઈ સાવલા, શ્રી નયન ભેદા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

★

બપોરના ૧૧ વાગે શ્રી સુંદરજીભાઈ એમ. શાહના વરદ્ હસ્તે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે કચ્છથી પધારેલ શ્રી કાંતિભાઈ ગોર, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહેલ હતા. અતિથિ વિશેષ શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા વગેરે પણ આવી ગયેલ હતા.

★

બપોરના ૧.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર ઉપસ્થિત બધા મહેમાનો તથા અમદાવાદના સભ્યો જમવા માટે એકત્રિત થયેલ હતા. આ સમયે શ્રી

*તમે ધર્મમાં ભલે શ્રદ્ધા રાખો પણ આનંદી રહેવું એ તો વધુ મોટો ધર્મ છે.*

ચંદ્રકાંતભાઈ ગોગરીએ દરમિયાનગીરી કરી, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમના લગભગ બધા જ નકરા ફાઈનલ કરાવી આપેલ હતા. શ્રી સુંદરજીભાઈ એમ. શાહ તરફથી મુખ્ય નામની સામે રૂા. ૨૫.૦૦ લાખના દાનની જાહેરાત કરવામાં આવેલ હતી.

★

બપોરના ૩ વાગે ટાઉન હોલ પર સુવર્ણ જયંતી સમોરાહની શરૂઆત કરવામાં આવેલ હતી. શ્રી ગુલાબ દેઢિયા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે એન્કર તરીકેની સફળ કામગીરી બજાવેલ હતી. મનોરંજન ક્ષેત્રની વિશિષ્ટ કચ્છી વ્યક્તિ તરીકે શ્રી આણંદજીભાઈ શાહ, શ્રી હરીશભાઈ ભીમાણી, શ્રી વિનોદ ગણાત્રા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહનું સન્માન કરવામાં આવેલ હતું. વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓએ લાગણીસભર સંબોધન કરેલ હતું.

★

સાંજનું જમણ શ્રી કચ્છી જૈન ભવન પર લીધા બાદ રાત્રે સહુ જયશંકર સુંદરી હોલ પર મનોરંજન કાર્યક્રમ માટે એકત્રિત થયેલ હતા. સમગ્ર કાર્યક્રમની કોરિયોગ્રાફી શ્રીમતી ફાલ્ગુનીએ સંભાળેલ હતી. 'વ્રજવાણીનો ઢોલ' કાર્યક્રમને શ્રોતાઓએ એક અવાજે વખાણેલ હતો.

★

સુવર્ણ જયંતી મહોત્સવના પ્રથમ દિવસના કાર્યક્રમો આ રીતે સંપન્ન કરવામાં આવેલ હતા.

- **રવિવાર, તા. ૧૫-૪-૨૦૧૨**

શ્રીમતી સુલુબહેન 'અભિયાન'માંથી તેમના પ્રતિનિધિશ્રીને બોલાવી લાવેલ હતાં. તેઓએ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ દંડનો ઈન્ટરવ્યૂ લીધેલ કે જેની વિગતો 'અભિયાન'ના આવતા અંકમાં આવનાર છે.

- **મંગળવાર, તા. ૧૭-૪-૨૦૧૨**

શ્રી કચ્છી વીસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિ સંસ્થા - ચેમ્બુરના એક કારોબારી સભ્ય શ્રી ચીમનભાઈ શાહ આજે ભવન પર પધારેલ હતા. તેમની સાથે અનેકવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૦-૪-૨૦૧૨**

મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રશ્નો અંગે આજે યોજવામાં આવેલ એક અનૌપચારિક મિટિંગમાં ચર્ચા કરવામાં આવેલ હતી. તેના અંગે ભવિષ્યની કાર્યવાહીની પણ ચર્ચા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી બંસીલાલભાઈ ગડા ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર, તા. ૨૨-૪-૨૦૧૨**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આંખ તથા આયુર્વેદના કેમ્પો યોજવામાં આવેલ હતા. ૫૦થી વધુની સંખ્યામાં દરેક કેમ્પનો લોકોએ લાભ લીધો હતો. આઈ કેમ્પના અનસુંધાને મોતિયાનાં ૧૩ ઑપરેશન રાહત દરે કરી આપવામાં આવશે.

★

આજરોજ રાત્રે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મુંબઈના અતિથિ ભવનની આગળની કાર્યવાહી કરવા પૂનમચંદભાઈ, શ્રી પારસ તથા શ્રી શશાંકને મળવા મુંબઈ જવા નીકળેલ હતા.

- **સોમવાર, તા. ૨૩-૪-૨૦૧૨**

આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે તા. ૧૩-૫-૨૦૧૨ તથા તા. ૧૪-૫-૨૦૧૨ના બે દિવસના સુમતિ ગુર્જર ભવન પરના સુવર્ણ જયંતી મહોત્સવના દ્વિતીય કાર્યક્રમની તૈયારી કરવા સુમતિ ગુર્જર ભવનની મુલાકાત લીધેલ હતી. ઘાટકોપર સ્થિત શ્રી પ્રભુભાઈ સંઘવી પણ સાથે જોડાયેલ હતા. ત્યાંના ડેકોરેટર્સ શ્રી જયેશભાઈ સાથે તથા કેટરર્સ શ્રી માધુભાઈ સાથે તેઓના ભાવો મેળવી જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૨૪-૪-૨૦૧૨**

આજરોજ સોલીસીટર શ્રી શશાંક સાથે શિવાજી પાર્ક ખાતેની તેમની ઓફિસે મિટિંગ કરવામાં આવેલ કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. મુંબઈના બાનાખત કરેલ અતિથિ ભવનના ડેવલપર તરફથી આવેલ એગ્રીમેન્ટના ડ્રાફ્ટ વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૨૫-૪-૨૦૧૨**

મુંબઈ ખાતેના અતિથિ ભવનના મુખ્ય ડેવલપર શ્રી પૂનમચંદભાઈ બાબરિયા સાથે તેમના સાયન ખાતેના નિવાસ સ્થાને આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મિટિંગ કરેલ હતી. અત્યાર સુધીના ગૂંચવાયેલા કોકડા અંગે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૭-૪-૨૦૧૨**

મુંબઈ ખાતેના અતિથિ ભવનના અનુસંધાને શ્રી શશાંકે સિનિયર ઍડવોકેટ શ્રી સંજય જૈન સાથે મિટિંગ ગોઠવેલ હોવાથી શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી શશાંક સવારમાં ૯ વાગે તેમના કેમ્પ્સ કોર્નર પરના નિવાસ સ્થાને પહોંચી ગયેલ હતા. તેઓ સાથે અતિથિ ભવન બાબતે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨૮-૪-૨૦૧૨**

આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન

*ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગત વિશેષ શીતળ હોય છે.*

ભવન પર મેડિકલ સેન્ટરના ડોક્ટર્સ સાથે એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. બપોરના લંચ અગાઉ મેડિકલ સેન્ટરના વિકાસ માટે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી. ઉપસ્થિત ડોક્ટર્સ તરફથી રચનાત્મક સૂચનો કરવામાં આવેલ હતાં. ડોક્ટર્સ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજની કમિટીના સભ્યો મળીને અંદાજિત ૭૦-૮૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી.

★

તા. ૧૪-૪-૨૦૧૨ના સુવર્ણ જયંતી મહોત્સવના પ્રથમ સમારોહના અનુસંધાને જે વોલન્ટિયર ગ્રૂપે સુંદર કામગીરી બજાવેલ હતી તેઓ સાથે આજરોજ સાંજના એક અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. અંદાજિત ૭૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી.

- **સોમવાર, તા. ૩૦-૪-૨૦૧૨**

સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોનું રીવીઝન કરવા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર એક અનૌપચારિક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર, તા. ૬-૫-૨૦૧૨**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિની એક સંયુક્ત મિટિંગ મળેલ હતી. અંદાજિત ૨૫ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમનું વિહંગાવલોકન કરવામાં આવ્યું. મુંબઈ ખાતેના દ્વિતીય કાર્યક્રમના પ્લાનિંગ અંગે ચર્ચા કરવામાં આવી. દ્વિતીય કાર્યક્રમનો અત્યાર સુધીનો રિપોર્ટ ટ્રસ્ટ મંડળ તથા કારોબારીની સંયુક્ત મિટિંગ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

- **સોમવાર, તા. ૭-૫-૨૦૧૨**

આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. અંદાજે ૧૦ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરને રીન્યૂ કરાવવા અંગે ચર્ચા કરવામાં આવેલ. અંદાજિત ખર્ચ રૂા. ૫૦ લાખથી વધુ થાય તેવી ધારણા રજૂ કરવામાં આવેલ. એક નવીન અદ્યતન મેડિકલ સેન્ટર ઊભું કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ.

- **ગુરુવાર, તા. ૧૦-૫-૧૨**

મુંબઈ ખાતેના તા. ૧૩-૫-૧૨ અને ૧૪-૫-૧૨ એમ સુવર્ણ જયંતી મહોત્સવના દ્વિતીય કાર્યક્રમ માટે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મુંબઈ જવા અમદાવાદથી નીકળેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૧-૫-૧૨**

આજરોજ સવારમાં ૧૧ વાગે સુમતિ ગુર્જર ભવન પર જઈ ડેકોરેટર્સ શ્રી જયેશભાઈ, કેટરર્સ શ્રી માધવભાઈ, સાઉન્ડ સિસ્ટમ તથા પ્રોજેક્ટર માટે શ્રી સંજયભાઈ વગેરે સાથે ચર્ચા કરી ફાઈનલ નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

બપોરના ૩ વાગે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સાથે રૂબરૂ જઈ અનેકવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી. મુલુંડ ખાતે જીવરાજ ભાણજી સેનેટોરિયમનું નિરીક્ષણ કરેલ. સાંજના શ્રી પ્રવીણભાઈ ભીમશી છેડાની મુલાકાત લીધેલ હતી.

- **શનિવાર, તા. ૧૨-૫-૧૨**

આજરોજ અમદાવાદથી બાકી રહેતા પંદરેક જણા મુંબઈ આવી ગયેલ હતા.

★

આજરોજ મુંબઈમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી શશાંક સાથે અતિથિ ભવનના એગ્રીમેન્ટના ડ્રાફ્ટ બાબતે ચર્ચા કરી હતી.

★

આજે સાંજના સહુએ સુમતિ ગુર્જર ભવન પર એકત્રિત થઈ આવતીકાલના કાર્યક્રમની તૈયારી કરેલ હતી.

- **રવિવાર, તા. ૧૩-૫-૧૨**

સુમતિ ગુર્જર ભવન પર ૧૦.૩૦ વાગે સુવર્ણ જયંતી મહોત્સવનો દ્વિતીય ફંકશન શરૂ કરવામાં આવેલ. લગભગ ૪૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા કે જેમાંથી ૧૦૦ જેટલા બહારગામથી મુંબઈ આ કાર્યક્રમ માટે આવી ગયેલ હતા. વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું આ કાર્યક્રમ દરમ્યાન સન્માન કરવામાં આવેલ હતું. અતિથિ વિશેષશ્રીઓનું પણ બુકેથી સ્વાગત કરવામાં આવેલ હતું. એન્કર તરીકેની જવાબદારી શ્રી ગુલાબ દેઢિયા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેને સંભાળી હતી.

★

બપોરના લંચ બાદ સેમિનારનું પ્રથમ સેશન શરૂ કરવામાં આવ્યું. કન્વીનરપદે શ્રી નિમેષ ફડકે તથા વક્તાઓ તરીકે શ્રી અનિલકુમાર જૈન, શ્રી તુષાર દેઢિયા, શ્રી લાલ રાંભિયા તથા શ્રી એલ.પી. શાહ ઉપસ્થિત રહેલ હતા.

★

સાંજના ભોજન બાદ સહુ છૂટા પડેલ હતા.

- **સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨**

સુમતિ ગુર્જર ભવન ખાતેના કાર્યક્રમનો આજે બીજો દિવસ હતો. આખા દિવસ દરમ્યાન બાકીના ત્રણ વિષયે સેમિનારમાં ચર્ચા કરવામાં આવેલ હતી. દરેક વક્તાશ્રીઓએ ખૂબ જ અભ્યાસપ્રદ વક્તવ્ય આપેલ હતું.

★

*સફળ થનારનાં દુઃખ કોઈ જાણતું નથી હોતું, ફક્ત એની સફળતા જ જોવાય છે.*

સાંજના કન્ક્લુડિંગ સેશનની ફરજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી લીલાધર ગડાએ બજાવેલ હતી.

★

બે દિવસનો કાર્યક્રમ અહીં પૂરો થયેલ જાહેર કરવામાં આવેલ હતો.

- **મંગળવાર, તા. ૧૫-૫-૨૦૧૨**

મુંબઈ ખાતેના બે દિવસના કાર્યક્રમના ડેકોરેટર્સ, કેટરર્સ વગેરેના હિસાબો પરિપૂર્ણ કરવામાં આવેલ હતા.

- **સોમવાર, તા. ૨૧-૫-૨૦૧૨**

આજરોજ રાત્રે મેડિકલ સમિતિની મિટિંગ મળેલ હતી. ૧૧ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. મેડિકલ સેન્ટરને રીનોવેટ કરવાના વિગતવાર એસ્ટીમેટ તૈયાર કરવામાં આવેલ હતા. ખર્ચ લગભગ રૂા. ૯૦ લાખ સુધી પહોંચી શકે તેવી શક્યતા વિચારવામાં આવી. તદુપરાંત ભવન પરની અન્ય પ્રવૃત્તિઓ પણ છ મહિના સુધી ડિસ્ટર્બ રહે તેવી ગણના કરવામાં આવી. ચર્ચા વિચારણાના અંતે આટલા મોટા રીનોવેશનમાં ના જવું તેવું નક્કી કરવામાં આવ્યું.

- **બુધવાર, તા. ૨૩-૫-૨૦૧૨**

આજરોજ શ્રી અમિત શાહ (આવાસ યોજના પરના અગાઉના એન્જિનિયર) તથા શ્રી હીરેનભાઈ ભવન પર આવેલ હતા અને ઈમ્પેક્ટ વિશે વિવિધ ચર્ચાઓ કરેલ. ઈમ્પેક્ટમાં ફેરફાર આવતા હોવાથી એક અઠવાડિયા સુધી રાહ જોવાનું નક્કી કરવામાં આવ્યું.

★

સુવર્ણ જયંતી મહોત્સવના તૃતીય કાર્યક્રમ ડાયરાના પાસ છપાઈને આવી ગયેલ હોવાથી ભવન પર શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી અશોકભાઈ મહેતાએ એકત્રિત થઈ પાસોના ડિસ્ટ્રીબ્યુશન વિશે વિગતે ચર્ચા કરેલ હતી.

★

આજરોજ રાત્રે શ્રી લાઈબ્રેરી સમિતિ તથા યલો પેજીસ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી હીરેન કે. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી પંકજ ગોગરી, શ્રી પીયૂષ પારેખ, શ્રી પીયૂષ સાવલા, શ્રી ભાવેશ ગડા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★

તા. ૨૧-૬-૨૦૧૨, અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષથી લાઈબ્રેરીની બુકો વાંચન માટે ઘરે ઘરે પહોંચાડવાની શરૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું. દરેક પાસ પર નંબર ના લખવા, પરંતુ માત્ર રૉ લખવાનું નક્કી કરવામાં આવ્યું.

★

યલો પેજીસના આયોજન વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

## વસતિ પત્રક વિમોચન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના અમદાવાદ - ગાંધીનગર સ્થિત પરિવારોનું વસતિ પત્રક, વર્ષ ૨૦૦૪માં બહાર પાડેલ હતું. આઠ વર્ષના વહાણા વહાઈ ગયા બાદ તેમાં અનેક ફેરફારો થઈ ગયેલા છે અને આજે તે કેટલાક સભ્યોના અનુસંધાને કામ લાગી શકતું નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી વર્ષમાં નવું "વસતિ પત્રક ૨૦૧૨" બહાર પાડવાનું નક્કી કરેલ કે જેની પ્રક્રિયા છેલ્લા છ મહિનાથી ચાલી રહેલ છે.

આ વસતિ પત્રક લગભગ તૈયાર થઈ ગયેલ હોવાથી તેનું વિમોચન તા. ૨૧-૬-૨૦૧૨ — કચ્છી નૂતન વર્ષના "ડાયરા"ના કાર્યક્રમના સમયે કરવામાં આવનાર છે.

આ વસતિ પત્રકનું સૌજન્ય **નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ** તરફથી સાંપડેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

આ વસતિ પત્રકમાં જાહેરાત આપી સહકાર આપનાર સહુ સહૃદયીઓનો પણ આભાર.

### વસતિપત્રક - ૨૦૧૨ના વિમોચનની વિગત

**દિવસ : ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨ ● સમય : રાત્રે ૯.૦૦ વાગે**

**સ્થળ : ટાઉન હોલ, એલિસબ્રિજ, અમદાવાદ.**

**વિમોચનકાર : શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા.**

*સહુને સમયસર ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવે છે.*

**પ્રતાપ નારાણજી દંડ - માનદ્ મંત્રી**
**તથા વસતિ પત્રક સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

- - - - - - - - - - ✂ - - - - - - - - - - CUT FROM HERE - - - - - - - - - - ✂ - - - - -

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૨ની વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ____________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________ પીન ____________ ફોન ____________

તા. – – ૨૦૧૨ વાલીની સહી ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કૉલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

***પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.***

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૦-૬-૨૦૧૨**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૦-૬-૨૦૧૨** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) નર્સરી/બાલમંદિર/કે.જી. થી ધો ૭ સુધીના વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે. ઉત્તીર્ણ થયેલ ધોરણ-૫ થી ઉપરના વિદ્યાર્થીએ માર્કશીટ મોકલવી જરૂરી છે.

(ખ) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ગ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પુરસ્કાર સમિતિ*** **: પંકજ ગોગરી (કન્વીનર), મનીષ વીરા, વિજય દેઢિયા, શ્રીમતી સ્મિતા શાહ, શશીકાંત ગાલા, વિમેશ શાહ, પૂજન ગોરજી.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*